ઉત્તરાધ્યયન સૂત્ર

૩૮

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

સંશોધન ગ્રન્થમાલા—ગ્રન્થાંક ૩૮ મો
શેઠ પૂનમચંદ કરમચંદ કોટાવાળા-ગ્રંથમાળા અં. ૩
શેઠ ભોળાભાઇ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

ઉત્તરાધ્યયન સૂત્ર

[મૂળ અને ગુજરાતી અનુવાદ-સટિપ્પણ]

અધ્યયન ૧–૧૮

અનુવાદક અને ટિપ્પણકાર
ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ., પીએચ. ડી.
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય-વડોદરા;
ગુજરાતી અને અર્ધમાગધીના ભૂતપૂર્વ અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન,
ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

પ્રકાશક :
રસિકલાલ છો. પરીખ,
અધ્યક્ષ, ભો. જે. અધ્યયન-
સંશોધન વિદ્યાભવન,
ગુજરાત વિદ્યાસભા, ભદ્ર,
અમદાવાદ

આવૃત્તિ પહેલી
પ્રત ૫૦૦

વિ. સં. ૨૦૦૮
ઈ. સ. ૧૯૫૨

કી. રૂ. ત્રણ

મુદ્રક :
જયંતી ઘેલાભાઈ દલાલ
વસંત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

નિવેદન

ગુજરાત વિદ્યાસભાના ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવનમાં જે સંશોધનગ્રંથો તૈયાર કરી પ્રકટ કરવામાં આવે છે તેનું એક અંગ જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોનું સાહિત્ય સંશોધનની શાસ્ત્રીય દૃષ્ટિએ તૈયાર કરાવવાનું છે. આ કાર્યમાં **શેઠ પૂનમચંદ કરમચંદ કોટવાળા ટ્રસ્ટના** વહીવટદારો શેઠશ્રી પ્રેમચંદ ક. કોટાવાળા અને શેઠશ્રી ભોળાભાઈ જેશિંગભાઇ એમણે આ સંસ્થાને નીચે જણાવેલી શરતે જૈન સાહિત્યના ગ્રંથો તૈયાર કરી પ્રકટ કરવા દાન કર્યું છે. એ માટે ભો. જે. વિદ્યાભવન ટ્રસ્ટ એમનું આભારી છે.

શરત

" જૈન સંસ્કૃતિનાં તમામ અંગોનું–જેમકે દ્રવ્યાનુયોગ આદિ
" ચાર અનુયોગોનું, તેમજ કાવ્ય શિલ્પ કળા ઇતિહાસ આદિનું
" સાહિત્ય તૈયાર કરાવી પ્રકટ કરવું. આમાં મૂળ સંસ્કૃત
" પ્રાકૃતાદિ ગ્રંથોનો, શિલ્પ આદિના સચિત્ર ઇતિહાસ વગેરેનો
" સમાવેશ કરવો."

જૈન આગમસાહિત્યમાં મહત્ત્વ ધરાવતા **ઉત્તરાધ્યયન સૂત્ર**નાં ૧૮ અધ્યયનોનો સટિપ્પણ ગુજ. અનુવાદ પ્રો. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ તૈયાર કરી આપેલો તે આ શ્રેણીમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

તા. ૧–૫–'૫૨
ભદ્ર, અમદાવાદ

રસિકલાલ છો. પરીખ
અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન,
ગુજરાત વિદ્યાસભા

પ્રાસ્તાવિક

'**ઉત્તરાધ્યયન સૂત્ર**' એ જૈન આગમસાહિત્યના સૌથી સંમાન્ય, પ્રાચીન અને લોકપ્રિય ગ્રન્થો પૈકી એક છે તથા ચાર મૂલસૂત્રો ('આવશ્યક સૂત્ર' 'દશવૈકાલિક સૂત્ર' 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'પિંડનિર્યુક્તિ' 'અથવા 'ઓઘનિર્યુક્તિ')માં એનો સમાવેશ થાય છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'નાં ૩૬ અધ્યયન છે. એમાંનાં છેવટનાં થોડાંક અધ્યયનોને બાદ કરતાં બાકીનાં ભાષા છંદોરચના અને વિષયનિરૂપણની દૃષ્ટિએ આગમસાહિત્યના પ્રાચીનતમ સ્તરમાં સ્થાન પામે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની નિર્યુક્તિમાં ભદ્રબાહુસ્વામી કહે છે કે એનાં ૩૬ અધ્યયનોમાંનાં કેટલાંક અંગસાહિત્યમાંથી (ટીકાકાર શાન્તિસૂરિએ આપેલી સમજૂતી મુજબ, પ્રાચીનતમ બારમું અંગ દૃષ્ટિવાદ, જે નાશ પામી ગયું છે તેમાંથી) ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.[1] બીજી એક પરંપરા પ્રમાણે, ભગવાન મહાવીરે નિર્વાણ પહેલાં સોળ પહોરની દેશના આપી, એમાં ૫૫ અધ્યયન પુણ્યફળના વિપાકનાં તથા ૫૫ પાપફળના વિપાકનાં કહ્યાં. ત્યાર પછી તેમણે, પૂછ્યા વિના, 'ઉત્તરાધ્યયન સૂત્ર'નાં ૩૬ અધ્યયન કહ્યાં. આથી આ ગ્રન્થને 'અપૃષ્ટ વ્યાકરણ' પણ કહેવામાં આવે છે.

'ઉત્તરાધ્યયન સૂત્ર'નાં ૩૬ અધ્યયનોમાં કોઈ એક વિષયનું સળંગ, તર્કબદ્ધ નિરૂપણ નથી; બલકે, એમ કહી શકાય કે જૈન ધાર્મિક વિષયો સાથે એક અથવા બીજી રીતે સંબંધ ધરાવતી ૩૬ વિભિન્ન કૃતિઓનો એમાં સંગ્રહ છે. એ કૃતિઓ મોટે ભાગે પદ્યમાં છે, પણ થોડીક ગદ્યમાં છે. આ સર્વ રચનાઓને વિદ્વાનો એક સમયની કે એક લેખકની ગણતા નથી. એમાં જૂનામાં જૂનો અંશ શ્રમણોને ઉદ્દેશાયેલાં ઉપદેશવાક્યોનાં,

---

૧. બીજું અધ્યયન 'પરીષહ' દૃષ્ટિવાદમાંથી ઉદ્ધરેલું છે, એમ ટીકાકાર શાન્તિસૂરિ લખે છે.

દૃષ્ટાન્તકથાઓનાં, ઇતિહાસસંવાદોનાં અને પ્રાચીન આખ્યાયિકાઓને લગતાં અધ્યયનોનો છે, જે પ્રાચીન ભારતના શ્રમણકાવ્યનાં ઉત્તમ ઉદાહરણો ગણાય છે. એ પ્રકારની વૈરાગ્યપ્રધાન કવિતા જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ એ ત્રણેય પરંપરાઓનો સમાન વારસો હતી.

'ઉત્તરાધ્યયન સૂત્ર'નાં પહેલાં ૧૮ અધ્યયનોનો સટિપ્પણ અનુવાદ આ ગ્રન્થમાં આપ્યો છે. આ પહેલાં 'ઉત્તરાધ્યયન'ના કેટલાક અનુવાદો થયા છે. મૅક્સમૂલર–સંપાદિત 'સૅક્રેડ બુક્સ ઑફ ધી ઇસ્ટ' એ ગ્રન્થ-માળાનો ૪૫ મો ગ્રન્થ જે ઑક્સફર્ડમાં ઈ. સ. ૧૮૯૫ માં પ્રસિદ્ધ થયો છે, એમાં જૈન વિદ્યાના સુવિખ્યાત જર્મન અભ્યાસી ડૉ. હર્મન યાકોબીએ કરેલા 'ઉત્તરાધ્યયન સૂત્ર' અને 'સૂત્રકૃતાંગ સૂત્ર'ના અંગ્રેજી અનુવાદો છે. ગુજરાતીમાં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ (સંતબાલજીએ) કરેલો અનુવાદ અમદાવાદથી સં. ૧૯૯૧ માં બહાર પડેલો છે, તથા શ્રી. ગોપાલદાસ જીવાભાઈ પટેલે કરેલા એના છાયાનુવાદની પહેલી આવૃત્તિ સને ૧૯૩૭ માં ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રકટ થઈ હતી, અને ત્યાર પછી એની બીજી બે આવૃત્તિઓ થવા પામી છે. આ સિવાય પણ ગુજરાતી અને હિન્દીમાં સાંપ્રદાયિક દૃષ્ટિએ થયેલાં 'ઉત્તરાધ્યયન'ના કેટલાંક ભાષાન્તરો છે.

આમ હોવા છતાં આ પ્રમાણભૂત આગમગ્રન્થનો એક નવો અનુવાદ તૈયાર કરવાનું સાહસ કર્યું છે. આ વિષયનો સંશોધનની દૃષ્ટિએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથેના કેટલાંક વર્ષોના નિકટના સંપર્કને પરિણામે માત્ર 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના જ નહિ, પણ બીજાં કેટલાક આગમોના પણ એવા અનુવાદોની જરૂર લાગે છે, જેમાં મૂળનો શબ્દશઃ અનુવાદ હોય, જે અનુવાદ કરવામાં આગમોની જૂની ટીકાઓની સહાય લેવામાં આવી હોય અને તે સાથે ભાષા અને ઇતિહાસની નવી શોધોના પ્રકાશમાં પણ અર્થોનો વિચાર કરવામાં આવ્યો હોય. આવા અનુવાદની સાથે મૂળ સૂત્રનો પાઠ અપાય તો અભ્યાસીને માટે ઘણું અનુકૂળ થઈ પડે.

'ઉત્તરાધ્યયન સૂત્ર'નો આ અનુવાદ ડૉ. યાકોબીએ સંપાદિત કરેલા એ ગ્રન્થની ડૉ. જીવરાજ ઘેલાભાઈ દોશીએ અમદાવાદથી ઈ. સ. ૧૯૨૫ માં બહાર પાડેલી બીજી આવૃત્તિ ઉપરથી કર્યો છે. મૂળ સૂત્રપાઠ પણ એ ગ્રન્થનો છે. એમાં **આ૦** વડે સૂચિત પાઠાન્તરો આગમોદય સમિતિની વાચનાનાં અને **શા૦** વડે સૂચિત પાઠાન્તરો ઇટાલિયન વિદ્વાન ડૉ. શાર્પેન્ટિયરની વાચનાનાં છે. મૂળના પ્રત્યેક પદ્યનો અનુવાદ કરતાં 'ઉત્તરાધ્યયન

સૂત્ર ' ચૂર્ણિ (પ્રકાશક ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, સં. ૧૯૯૮), શાન્તિસૂરિની ટીકા જે સામાન્ય રીતે ' પાઇઅ ટીકા ' નામથી ઓળખાય છે તે (સમય ઈ. સ. નો ૧૧ મો સૈકો : દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ દ્વારા પ્રકાશક આગમોદય સમિતિ, ભાગ ૧ અને ૨, સં. ૧૯૭૨; ભાગ ૩, સં. ૧૯૭૩) તથા નેમિચન્દ્રની ટીકા (સમય ઈ. સ. ૧૦૭૩, સંપાદક વિજયઉમંગસૂરિ, સં. ૧૯૯૩)માં આપેલા અર્થોનો વિચાર કર્યો છે; જરૂર જણાઈ ત્યાં ટિપ્પણોમાં એ ટીકાકારોએ આપેલા અર્થોની અથવા તેમણે નોંધેલા પાઠાન્તરોની ચર્ચા કરી છે, યાકોબી વગેરે અન્ય વિદ્વાનોએ આપેલા અર્થોનો ટીકાકારોએ આપેલા પરંપરાગત અર્થોના સન્દર્ભમાં વિચાર કર્યો છે, આવશ્યક સ્થળોએ જૈન પારિભાષિક શબ્દોની સમજૂતી આપી છે, મૂળમાંના શબ્દો ઉપર વ્યુત્પત્તિ, વાગ્વ્યાપાર કે અર્થસંક્રાન્તિની દૃષ્ટિએ નોંધો લખી છે, તથા મૂળ કૃતિના વિવરણ સાથે સંબંધ ધરાવતા અન્ય પ્રાસંગિક વિષયો પરત્વે ટિપ્પણ લખ્યાં છે. આગમસાહિત્યના અને ખાસ કરીને ' ઉત્તરાધ્યયન સૂત્ર 'ના વિદ્યાર્થીઓને આ બધી સામગ્રી સુવિધાકારક તેમજ ઉપયોગી થશે એવી આશા છે.

આ અનુવાદ ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગોમાં (પછી ભો. જે. વિદ્યાભવનમાં) અધ્યાપક તરીકેનું કામ કરતાં તૈયાર કર્યો હતો. વિદ્યાભવ ના અધ્યક્ષ શ્રી. રસિકલાલ છો. પરીખે આ અનુવાદ કાળજીપૂર્વક જોઈને ઘણાં ઉપયોગી સૂચનો કર્યાં હતાં, એ માટે એમનો તથા મુદ્રણની યોજના તથા પ્રૂફવાચનમાં સહાય માટે ગુજરાત વિદ્યાસભાના ક્યુરેટર અને ગુજરાતીના અધ્યાપક શ્રી. કેશવરામ શાસ્ત્રીનો ઋણી છું. વડોદરા યુનિવર્સિટીમાં મારા સહકાર્યકર શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ દવેએ આની સૂચિ તૈયાર કરી આપી છે, એ માટે એમનો પણ હું આભારી છું.

' અધ્યાપક નિવાસ '
પ્રતાપગંજ, વડોદરા
તા. ૧૮-૪-૧૯૫૨

ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા

અનુક્રમણિકા

નિવેદન	...	...	...	...	૩
પ્રાસ્તાવિક	...	...	...	...	૪
ઉત્તરાધ્યયન સૂત્ર		...	...	...	**૧-૧૬૧**
અધ્યયન ૧ : વિનય		...	...	...	૩
,, ૨ : પરીષહ		...	...	...	૧૫
,, ૩ : ચતુરંગીય		...	...	...	૨૮
,, ૪ : અસંસ્કૃત		...	...	...	૩૩
,, ૫ : અકામમરણીય		...	...	...	૩૮
,, ૬ : ક્ષુલ્લકનિર્ગ્રન્થીય			...	...	૪૫
,, ૭ : એલક		...	...	...	૫૦
,, ૮ : કાપિલીય		...	...	...	૫૮
,, ૯ : નમિપ્રવ્રજ્યા		...	...	...	૬૫
,, ૧૦ : દ્રુમપત્રક		...	...	...	૭૯
,, ૧૧ : બહુશ્રુત		...	...	...	૮૮
,, ૧૨ : હરિકેશીય		...	...	...	૯૫
,, ૧૩ : ચિત્રસંભૂતીય		...	...	...	૧૦૬
,, ૧૪ : ઇષુકારીય		...	...	...	૧૧૪
,, ૧૫ : તે ભિક્ષુ		...	...	...	૧૨૬
,, ૧૬ : બ્રહ્મચર્યસમાધિનાં સ્થાનો			...	...	૧૩૨
,, ૧૭ : પાપશ્રમણીય		...	...	...	૧૪૪
,, ૧૮ : સંજયીય		...	...	...	૧૪૯
સૂચિ	...	...	...	...	૧૬૨
શુદ્ધિપત્રક	...	...	...	...	૧૭૨

ઉત્તરાધ્યયન સૂત્ર

[મૂળ અને ગુજરાતી-અનુવાદ સટિપ્પણ]

પુરવણી

'ઉત્તરાધ્યયન સૂત્ર'ના મુદ્રણમાં રહેવા પામેલા મુદ્રણદોષો આ પુરવણીમાં સુધારવામાં આવ્યા છે. ઘસાયેલાં બીબાંના અનુસ્વાર કે માત્રા ઊડી જતાં અમુક મુદ્રણદોષ થયા છે. આ ઉપરાંત મૂળ ગ્રન્થ અને અનુવાદના અભ્યાસની દૃષ્ટિએ કેટલાંક નવાં ટિપ્પણો અને સુધારા પણ ઉમેર્યાં છે. આ સંબંધમાં સૂચનો માટે પં. સુખલાલજીનો અત્રે આભાર માનવામાં આવે છે.

પૃ. **૩**, **પં. ૬** : 'કરું છું.' ને બદલે આ પ્રમાણે જોઈએ—'કહું છું. મને સાંભળો.'

પૃ. **૪**, **પં. ૧** : 'મોક્ષથી'ને બદલે 'મોક્ષાર્થી.'

પૃ. **૫**, **પં. ૧૪** : **पराक्यं** શબ્દ ઉપર ટિપ્પણ—

पराक्यंનો અર્થ 'પરકીય' છે; **पराक्यं**ને બદલે **परकीयं** એવો શુદ્ધ સંસ્કૃત પાઠ મૂકવા લાલચ થવી સ્વાભાવિક છે. પણ ચૂર્ણિમાં **पराक्यं** છે, અને જૈન સંસ્કૃતમાં દેશી ભાષાની ગાઢ અસરવાળા પ્રયોગો થાય છે. તેવો જ આને પણ ગણવો જોઈએ. એને મળતો પ્રાકૃત શબ્દ **पारक्क** અને ગુજરાતી શબ્દ 'પારકું' છે.

પૃ. **૫**, **પં**, **૨૧** : **निद्दराणि** ને બદલે **निरद्दाणि**.

પૃ. **૫**, **પં. ૨૩** : ગાથાંક '૧' ને બદલે '૯' જોઈએ.

પૃ. **૬**, **પં. ૧૨** : '૧૫' ને બદલે '૧૪'

પૃ. **૬**, **પં. ૧૯** : **आइण्णे** શબ્દ માટે જુઓ પૃ. ૯૧, ટિ. ૨.

પૃ. **૬**, **પં. ૨૪** : **अप्पा दन्तो**થી શરૂ થતી પંક્તિની પૂર્વે નીચે પ્રમાણે અર્ધી ગાથા રહી ગઈ છે તે ઉમેરવી :

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो ।

પૃ. **૭**, **પં. ૨૩** : **समणे** ને બદલે **सयणे**.

પૃ. **૮**, **પં. ૧૯** : **जनं** ને બદલે **जओ**.

પૃ. ૮, પં. ૨૦ : सेज्जागआ ને બદલે सेज्जागओ.

પૃ. ૧૨, પં. ૪ : 'પામ્યા છતાં' ને બદલે 'આપનારને.'

પૃ. ૧૩, પં. ૨૦ : वित्ते अचोइए० એ ગાથાના वित्ते શબ્દ ઉપર ટિપ્પણ—

પ્રાકૃત वित्ते સંસ્કૃત वृत्तः ઉપરથી છે. वृत्त એટલે સુવૃત્ત અથવા વિનીત એવો અર્થ કરવામાં આવ્યો છે.

પૃ. ૨૭, પં. ૧ : 'આશ્વાસન આપવું'ને બદલે 'આશ્વાસન આપું છું.'

પૃ. ૩૦, પં. ૨૪ : तद्दवसी ને બદલે तवस्सी.

પૃ. ૩૩, પં. ૨૬ : पासपयट्टिए ને બદલે पास पयट्टिए.

પૃ. ૪૧, પં. ૨૪ : वुसीमओ શબ્દ ઉપર ટિપ્પણ—

ટીકાકારોએ પ્રાકૃત वुसीमओને આર્ષ રૂપ કહ્યું છે, અને તેની સમજૂતી સંસ્કૃત वश्यवतां શબ્દથી આપી છે. આથી वुसीमओનો અર્થ 'ઇન્દ્રિયોને વશ રાખનાર' એટલે કે 'જિતેન્દ્રિય' થાય.

પૃ. ૪૨, પં. ૨૪ : पिएडोलए ને બદલે पिण्डोलए.

પૃ. ૫૧, પં. ૨૧ : कडूके ને બદલે कङ्के.

પૃ. ૫૫, પં. ૨૩ : जिच्चमेलिक्खं ઉપર ટિપ્પણ—

આ શબ્દપ્રયોગની સંસ્કૃત છાયા ટીકાકારોએ ज्ञेयं दृदक्षम् એવી આપી છે. એને અનુસરીને અનુવાદ કર્યો છે.

પૃ. ૬૨, પં. ૨૪ : मंघु શબ્દ ઉપર ટિપ્પણ—

मंघु શબ્દનું मंथु એવું રૂપ પ્રાકૃત સાહિત્યમાં વિશેષ પ્રચલિત છે. એનો અર્થ 'બદરાદિ ચૂર્ણ'—બોરકૂટો એવો આપવામાં આવ્યો છે. જુઓ પં. હરગોવિન્દદાસના પ્રાકૃત શબ્દકોષમાં मंथु શબ્દ.

પૃ. ૬૯, પં. ૧૯ : म ને બદલે भद्दं

પૃ. ૬૯, પં. ૨૦ : सव्वअ ને બદલે सव्वओ

પૃ. ૭૬, પં. ૮ : 'અદ્દભુત ભોગોનો'ને બદલે 'અભ્યુદય અને ભોગોનો.'

પૃ. ૭૮, પં. ૧૬ : ૬૦મી ગાથામાંનો तिरीडी શબ્દ સંસ્કૃત किरीटिन् ઉપરથી છે. किरीटમાંના कનો અહીં त થઈ જાય છે એ દૃષ્ટિએ પ્રયોગ નોંધપાત્ર છે. પ્રાકૃત સાહિત્યમાં અન્યત્ર પણ तिरीड શબ્દ વપરાયેલો છે.

પૃ. ૮૯, પં. ૧૯ : मज्जइ ને બદલે मज्जइ.

પૃ. ૯૧, પં. ૧૯ : नन्दिसेघोणं ને બદલે नन्दिघोसेणं.

પૃ. ૯૩, પં. ૧૯ : संहस्सक्खे ને બદલે सहस्सक्खे.

પૃ. ૯૬, પં. ૬ : 'તેઓને જોઈને' ને બદલે 'તેઓને આવતા જોઈને.'

પૃ. ૧૦૧, પં. ૨૩ : निज्झेरियच्छेरुहिरं ને બદલે निज्झेरियच्छे रुहिरं.

પૃ. ૧૦૪, પં. ૨૬ : होम ને બદલે होमं.

પૃ. ૧૦૫, પં. ૨૬ : जहिं सिणाओ થી શરૂ થતી પંક્તિની પૂર્વે નીચે પ્રમાણે અર્ધી ગાથા રહી ગઈ છે તે ઉમેરવી :

धम्मे हरए बम्भे सन्तितित्थे अणाविले अत्तपसन्नलेसे ।

પૃ. ૧૨૧, પં. ૨૬ : ससुमं ને બદલે ससुयं.

પૃ. ૧૨૧, પં. ૨૭ : विउलत्तरां ને બદલે विउलुत्तमं.

પૃ. ૧૨૪, પં. ૪ : 'ગારુડીથી' ને બદલે 'ગરુડથી'.

પૃ. ૧૨૬, પં ૨૩ : सहियासए ને બદલે अहियासए.

પૃ. ૧૨૬, પં. ૨૫ : खिक्खू ને બદલે भिक्खू.

પૃ. ૧૩૫, પં. ૨૨ : मणारमाइं ને બદલે मणोरमाइं.

પૃ. ૧૩૭, પં. ૨૨ : पणायं ને બદલે पणीयं.

પૃ. ૧૪૫, પં. ૨૪ : अवउज्लइ ને બદલે अवउज्झइ.

પૃ. ૧૪૬, પં. ૨૮ : आणउत्ते ને બદલે अणाउत्ते.

પૃ. ૧૪૭, પં. ૨૪ : ववरहइ ને બદલે ववहरइ.

પૃ. ૧૫૧, પં. ૨૮ : नरारायं ને બદલે नरा रायं.

અધ્યયન ૧

વિનય

['આચાર']

સંયોગ–આસક્તિથી વિશેષપણે મુક્ત અને અનગાર–જે ગૃહીમાંથી અગૃહી બન્યો છે એવા ભિક્ષુનો વિનય [1] હું પરિપાટી-પૂર્વક કરું છું. ૧

આજ્ઞા પાળનાર, ગુરુની પાસે રહેનાર, તથા ઇંગિત અને આકારથી સંપન્ન[2] હોય તે (શિષ્ય) વિનીત કહેવાય છે. ૨

આજ્ઞા નહિ પાળનાર, ગુરુની પાસે નહિ રહેનાર, પ્રતિકૂલ, અને જેણે તત્ત્વ જાણ્યું નથી એવો (શિષ્ય) અવિનીત કહેવાય છે. ૩

જેમ સડેલા કાનવાળી કૂતરીને સર્વ સ્થળેથી હાંકી કાઢવામાં આવે છે તેમ દુઃશીલ, પ્રતિકૂલ અને વાચાળ (શિષ્ય)ને દૂર કરવામાં આવે છે. ૪

---

૧. વિનય એટલે આચાર. બૌદ્ધ ત્રિપિટકો પૈકી 'વિનયપિટક'માં ભિક્ષુઓના આચારધર્મનું નિરૂપણ છે.

૨. મૂળના इंगियागारसंपन्ने નો અર્થ ટીકાકારો 'ગુરુના સૂક્ષ્મ તેમજ સ્થૂલ હાવભાવનો અર્થ સમજનાર' એવો કરે છે.

संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।
विणयं पाउकरिस्सामि आणुपुव्विं सुणेह मे ॥ १

आणानिद्देसकरे गुरूणमुववायकारए ।
इङ्गियागारसंपन्ने से विणीए त्ति वुच्चई ॥ २

आणानिद्देसगरे[1] गुरूणमणुववायकारए ।
पडिणीए असंबुद्धे अविणीए त्ति वुच्चई ॥ ३

जहा सुणी पूइकण्णी निक्कसिज्जइ सव्वसो ।
एवं दुस्सीलपडिणीए मुहरी निक्कसिज्जइ ॥ ४

---

१. करे शा०

ચોખાની કૂસકીનો[1] ત્યાગ કરીને સુવર વિષ્ઠા ખાય છે, તે પ્રમાણે પશુ[2] (પશુવત્ અજ્ઞાની) શીલનો ત્યાગ કરીને દુઃશીલમાં આનંદ માને છે. ૫

શ્વાન, સુવર અને મનુષ્યનો ભાવ (દૃષ્ટાન્ત) સાંભળીને પોતાનું હિત ઇચ્છનારાએ વિનયમાં પોતાની જાતને સ્થાપિત કરવી. ૬

માટે વિનય આચરવો અને શીલ પ્રાપ્ત કરવું. બુદ્ધપુત્ર[4]

---

૧. મૂળમાં कणकुण्डगं શબ્દ છે. ટીકાકારોએ એનો અર્થ 'ચોખાની કૂસકી' એવો કર્યો છે. ચૂર્ણિકાર (પત્ર ૨૭) લખે છે-कणा नाम तन्दुलाः कुंडक कुक्कसाः, कणानां कुंडगाः कणकुंडगाः, कणमिस्सो वा कुंडकः कणकुंडकः । શાન્તિસૂરિ અને નેમિચન્દ્રે પણ ચૂર્ણિને અનુસરીને અર્થ કર્યો છે.

૨. મૂળમાં मिए (સં. मृगः 'પશુ') શબ્દ છે, પણ એનો અર્થ 'પશુવત્ અજ્ઞાની મનુષ્ય' કરવાનો છે, એ શ્લોકના સન્દર્ભ ઉપરથી સ્પષ્ટ છે.

૩. મૂળમાં सुणिया भावं એ પ્રમાણે છે. ટીકાકારો सुणियाभावं એમ એક શબ્દ લે છે, એનો અર્થ 'અભાવ એટલે કે અશોભન ભાવ સાંભળીને' એવો કરે છે.

૪. ટીકાકારો 'બુદ્ધ'નો અર્થ 'આચાર્યાદિ' કરે છે; 'પુત્ર' એટલે પ્રીતિપાત્ર; અર્થાત 'બુદ્ધપુત્ર' એટલે 'જ્ઞાનીઓનો પ્રીતિપાત્ર.' નેમિચન્દ્ર લખે છે-बुद्धानां आचार्यादीनां पुत्र इव पुत्रो बुद्धपुत्रः, "पुत्ता य सीसा य समं विभत्ता" इति वचनात् (પત્ર ૩). 'બુદ્ધ'નો વ્યુત્પત્ત્યર્થ 'જાગેલો', 'બોધ પામેલો' એટલો જ છે, અને બૌદ્ધ તેમજ જૈન પરિભાષામાં એ શબ્દ પ્રયોજાયેલો છે; જો કે બૌદ્ધ પરિભાષામાં એનો પ્રયોગ વધુ વ્યાપક છે. શ્રમણપરંપરામાં 'બુદ્ધ' શબ્દનો આ પ્રકારનો પ્રયોગ બુદ્ધ અને મહાવીર બન્ને કરતાં પ્રાચીનતર હેવો જોઈએ એ કહેવાની ભાગ્યેજ જરૂર છે.

कणकुण्डगं चइत्ताणं विट्ठं भुञ्जइ सूयरे ।
एवं सीलं चइत्ताणं दुस्सीले रमई मिए ५

सुणिया भावं साणस्स सूयरस्स नरस्स य ।
विणए ठवेज्ज अप्पाणमिच्छन्तो हियमप्पणो ६

तम्हा विणयमेसिज्जा सीलं पडिलभेज्जए ।
बुद्धपुत्त नियागट्ठी न निक्कसिज्जइ कण्हुई ७

અને મોક્ષથી[1] ક્યાંયથી બહિષ્કૃત થશે નહિ. ૭

જ્ઞાની જનોની સમક્ષ સદા શાન્ત અને અવાચાલ રહેવું. અર્થયુક્ત વસ્તુઓ શીખવી અને નિરર્થક વસ્તુઓનો ત્યાગ જ કરવો. ૮

શિખામણ આપવામાં આવે ત્યારે ડાહ્યા માણસે કોપ કરવો નહિ, પણ સહનશીલતા રાખવી. હલકાઓની સંગતિ તથા તેમની સાથે હાસ્ય અને ક્રીડાનો ત્યાગ કરવો. ૯

ચાંડાલના જેવું કર્મ[2] કરવું નહિ અને ઘણો પ્રલાપ કરવો નહિ. યોગ્ય સમયે અભ્યાસ કરીને પછી એકાન્તમાં એનું ચિન્તન કરવું. ૧૦

કદાપિ ચાંડાલના જેવું કર્મ કર્યું હોય તો તે કદી છુપાવવું નહિ.

૧. મૂળમાં नियागट्ठी છે. એનો અર્થ नियागार्थी–મોક્ષાર્થી કે આત્માર્થી કરવામાં આવે છે. ચૂર્ણિકાર એ શબ્દ આ પ્રમાણે સમજાવે છે नियाकं निजकमात्मीयं, शेषं शरीरादि सर्वं पराक्य,...नियाके यस्यार्थः स भवति णियागट्ठी (પત્ર ૨૮, વળી જુઓ આગળ પત્ર ૩૫). बुद्धपुत्त (કે बुद्धपुत्ते) नियागट्ठीને સ્થાને ચૂર્ણિકાર અને શાન્તિસૂરિ बुद्धवुत्ते (કે बुद्धउत्ते) नीयागट्ठी પાઠ સ્વીકારે છે, અને તેનો અર્થ 'જ્ઞાનીએ કહેલા જ્ઞાનનો અર્થી' એવો કરે છે.

૨. મૂળમાં चंडालियं શબ્દ છે. શાન્તિસૂરિ અને નેમિચન્દ્ર એનો અર્થ 'चंड અને अलीक' (ક્રોધ અને અસત્ય) એ પ્રમાણે સમજાવે છે.

निसन्ते सियाऽमुहरी बुद्धाणं अन्तिए सया ।
अट्ठजुत्ताणि सिक्खिज्जा निरट्ठाणि उ वज्जए ८
अणुसासिओ न कुप्पिज्जा खन्तिं सेविज्ज पण्डिए ।
खुड्डेहिं सह संसग्गिं हासं कीलं[1] च वज्जए ९
मा य चण्डालियं कासी बहुयं मा य आलवे ।
कालेण य अहिज्जित्ता तओ झाइज्ज एगगो १०
आहच्च चण्डालियं कट्टु न निण्हविज्ज कयाइ वि ।
कडं कडे त्ति भासेज्जा अकडं नो कडे त्ति य ११

१. कीडं शा० ।

જો (પોતે) કર્યું હોય તો 'કર્યું છે' એમ કહેવું, અને (પોતે) ન કર્યું હોય તો ' નથી કર્યું ' એમ કહેવું. ૧૧

ગળિયેલ ઘોડો જેમ ચાબૂકની અપેક્ષા રાખે છે તેમ વારંવાર (ગુરુના) વચનની અપેક્ષા ન રાખવી. પરન્તુ જાતવાન ઘોડો ચાબૂક જોઈને (બરાબર ચાલે છે) તેમ પાપનો ત્યાગ કરવો. ૧૨

(ગુરુનું) વચન નહિ સાંભળનાર અને કઠોર વાણીવાળા દુ:શીલ શિષ્યો મૃદુને પણ ક્રોધી બનાવી શકે છે; (ગુરુના) ચિત્તને અનુસરીને ચાલતા અને દક્ષતાવાળા શિષ્યો દુરાશય ક્રોધીને પણ શીઘ્ર પ્રસન્ન કરે છે. ૧૩

પૂછયા સિવાય કાંઇ બોલવું નહિ; પૂછવામાં આવે તો ખોટું બોલવું નહિ. ક્રોધને મિટાવવો, અને પ્રિય તથા અપ્રિય વસ્તુને (સમતાપૂર્વક) ધારણ કરવી. ૧૫

પોતાની જાતનું જ દમન કરવું જોઈએ; પોતાની જાત જ ખરેખર દુર્દમ છે. જેણે પોતાની જાતને દમી છે તે આ લોકમાં અને પરલોકમાં સુખી થાય છે. ૧૫

मा गलियस्से व कसं वयणमिच्छे पुणो पुणो ।
कसं व दुट्ठमाइण्णे पावगं परिवज्जए ॥ १२

अणासवा थूलवया कुसीला
मिउं पि चण्डं पकरिन्ति सीसा ।
चित्ताणुया लहु दक्खोववेया
पसादए[1] ते हु दुरासयं पि ॥ १३

नापुट्ठो वागरे किंचि पुट्ठो वा नालियं वए ।
कोहं असच्चं कुव्वेज्जा धारेज्जा पियमप्पियं ॥ १४

अप्पा दन्तो सुही होइ अस्सिं लोए परत्थ य ॥ १५

---

१. पसायए. शा० ।

સંયમ અને તપથી મારી જાતને દમું એ સારું છે, જેથી હું પર વડે (અર્થાત્ અનાત્મીય તત્ત્વો વડે) થતાં બંધન અને વધથી ન દમાઉં. ૧૬

વાણીથી અથવા કર્મથી, ગુપ્તપણે અથવા પ્રકટપણે કદી પણ જ્ઞાનીઓથી વિરુદ્ધ આચરણ ન કરવું. ૧૭

ગુરુઓની બાજૂમાં, સામે અથવા એમની પાછળ (બેસવું) નહિ; એમની સાથળની સાથે પોતાની સાથળ અડાડવી નહિ, તથા શય્યામાં બેસીને એમને પ્રત્યુત્તર આપવો નહિ. ૧૮

ગુરુની સમક્ષ યતિએ પર્યસ્તિકા[1] અથવા પક્ષપિંડ[2] કરીને અથવા પગ લાંબા કરીને ન બેસવું. ૧૯

---

૧. મૂળમાં पल्हत्थियं (સં. पर्यस्तिकां)–કમર અને પગ ઉપર પછેડી બાંધીને ડાયરાઓમાં આરામથી બેસવામાં આવે છે એ આસન. શાન્તિસૂરિ એ વિશે લખે છે : 'पर्यस्तिकां जानुजङ्घोपरिवस्त्रवेष्टनात्मिकां (પત્ર ૫૪). કદાચ पल्हत्थियं શબ્દ વડે 'પલાંઠી' ઉદ્દિષ્ટ ન હોય ?

૨. મૂળમાં पक्खपिंडं (સં. पक्षपिण्डं)–છાતી ઉપર હાથની અદબ વાળી બેસવું એ. શાન્તિસૂરી એ સમજાવતાં લખે છે–'पक्षपिण्डं वा' बाहुद्वयकायपिण्डात्मकं (પત્ર ૫૪).

---

[1]वरं मे अप्पा दन्तो संजमेण तवेण य।
माहं परेहि दम्मन्तो बन्धणेहि वहेहि य १६
पडणीयं च बुद्धाणं वाया अदुव कम्मुणा।
आवी वा जइ वा रहस्सि नेव कुज्जा कयाइ वि १७
न पक्खओ न पुरओ नेव किच्चाण पिट्ठओ।
न जुञ्जे ऊरुणा ऊरुं सयणे नो पडिस्सुणे १८
नेव पल्हत्थियं कुज्जा पक्खपिण्डं च संजए।
पाए पसारीए वावि न चिट्ठे गुरुणन्तिए १९

---

१. वरि शा०; वर आ०।

આચાર્યો શબ્દ કરે ત્યારે કદી મૂંગા ન રહેવું. કૃપાકાંક્ષી અને મોક્ષાર્થીએ સદા ગુરુની પાસે વિનયપૂર્વક ઊભા રહેવું. ૨૦

(આચાર્ય) ધીરે કે ઉતાવળે બોલાવે ત્યારે કદી બેસી રહેવું નહિ, પણ ધીર પુરુષે આસનનો ત્યાગ કરીને જે તે વસ્તુનો યત્નપૂર્વક ઉત્તર આપવો. ૨૧

શય્યા ઉપર બેસીને અથવા આસન ઉપર બેસીને કદી પૂછવું નહિ. (ગુરુ) પાસે આવીને, અધ્ધર પગે બેસીને[1] હાથ જોડીને પૂછવું. ૨૨

આ પ્રમાણે પૃચ્છા કરતા વિનયશાળી શિષ્યને સૂત્ર, અર્થ અથવા તે બન્ને (ગુરુએ) પરંપરાનુસાર સમજાવવાં. ૨૩

ભિક્ષુએ અસત્યનો ત્યાગ કરવો તથા (ભવિષ્યનાં કાર્યો વિશે) નિશ્ચયાત્મક વાણી બોલવી નહિ, ભાષાદોષનો[2] પરિહાર કરવો,

---

૧. उक्कुडुओ (ટીકાકાર પ્રમાણે, સં. उत्कुटुकः ગુ. અધૂકડો). ટીકાકારો એનો અર્થ मुक्ताऽऽसनः (જેણે આસન છોડયું છે એવો) કરે છે.

૨. અસત્યભાષણ, સાવદ્યઅનુમોદન આદિ ભાષાદોષ.

आयरिएहिं वाहित्तो तुसिणीओ न कयाइ वि ।
पसायपेही नियागट्ठी उवचिट्ठे गुरुं सया ॥ २०

आलवन्ते लवन्ते वा न निसीएज्ज कयाइ वि
चइऊणमासणं धीरो जओ जत्तं[1] पडिस्सुणे ॥ २१

आसणगओ न पुच्छेज्जा नेव सेज्जागओ कया[2] ।
आगम्मुक्कुडुओ सन्तो पुच्छिज्जा पञ्जलीउडो ॥ २२

एवं विणयजुत्तस्स सुयं[3] अत्थं च तदुभयं ।
पुच्छमाणस्स सीसस्स वागरिज्ज जहासुयं ॥ २३

मुसं परिहरे भिक्खू न य ओहारिणिं वए ।
भासादोसं परिहरे मायं च वज्जए सया ॥ २४

---

१. जुत्तं. आ० । २. आ० मां वधारे-इवि. ३. सुत्तं. शा० ।

અને કપટને સદા વર્જવું. ૨૪

પૂછવામાં આવે તો દોષયુક્ત, નિરર્થક[1] અથવા મર્મયુક્ત (કોઈને હાનિ કરે એવું) વચન પોતાને માટે, બીજાને માટે અથવા એ બન્ને પ્રકારના હેતુ વિના પણ ન બોલવું. ૨૫

નીચ સ્થાનોમાં,[2] એકાન્ત ઘરમાં અથવા બે ઘરની વચમાં તથા રાજમાર્ગ ઉપર એકલા(યતિ)એ એકલી સ્ત્રી સાથે ઊભા રહેવું નહિ કે વાર્તાલાપ કરવો નહિ. ૨૬

'જ્ઞાનીઓ મૃદુ અથવા કઠોર રીતે મને જે ઉપદેશ કરે છે તેમાં મારો લાભ છે' એમ ચિંતવીને પ્રયત્નપૂર્વક તે અંગીકાર કરવો. ૨૭

(ગુરુનું) અનુશાસન, તેમણે બતાવેલા ઉપાયો અને દુષ્કૃત્યનો એમણે કરેલો તિરસ્કાર–એ વસ્તુઓને પ્રાજ્ઞ પુરુષ હિતકારી માને છે, પણ અસાધુ એનો દ્વેષ કરે છે. ૨૮

---

૧. નિરર્થક વચનના ઉદાહરણ તરીકે નેમિચન્દ્રે નીચેનો સુપ્રસિદ્ધ શ્લોક ટાંક્યો છે–एष वन्ध्यासुतो याति खपुष्पकृतशेखरः । मृगतृष्णाम्भसि स्नातः शशशृङ्गधनुर्धरः ॥

૧. મૂળમાં समरेसु શબ્દ છે. समरनो અર્થ ટીકાકારો 'વાળંદની દુકાન અથવા લુહારની કોઢ અને ઉપલક્ષણથી અન્ય નીચ સ્થાનો' એવો આપે છે. समर એટલે 'લોકસમૂહનું એકત્ર થવું' એ મૂળ અર્થ પણ અહીં ન હોય ?

न लवेज्ज पुट्ठो सावज्जं न निरट्ठं न मम्मयं ।
अप्पणट्ठा परट्ठा वा उभयस्सऽन्तरेण वा ॥ २५

समरेसु [1]आगारेसु सन्धीसु य महापहे ।
एगो एगत्थिए सद्धिं नेव चिट्ठे न संलवे ॥ २६

जम्मे वुद्धा[2]ऽणुसासन्ति सीएण फरुसेण वा ।
मम लाभो त्ति पेहाए पयओ तं पडिस्सुणे ॥ २७

अणुसासणमोवायं दुक्कडस्स य चोयणं ।
हियं तं मण्णई पण्णो वेसं होइ असाहुणो ॥ २८

---

१. अगारेसु. शा० । २. बूद्धा. आ० ।

નિર્ભય જ્ઞાનીઓ[1] કઠોર અનુશાસનને પણ હિતકારી ગણે છે, પણ શાન્તિ અને શુદ્ધિ કરનાર એ વચનનો મૂઢો દ્વેષ કરે છે. ૨૯

(ગુરુથી) ઊંચા નહિ એવા, તથા હાલે નહિ એવા સ્થિર આસન ઉપર બેસવું. વારંવાર ઊઠ્યા સિવાય, સ્થિરતાપૂર્વક, ચંચળ બન્યા વિના બેસવું. ૩૦

ભિક્ષુએ યોગ્ય સમયે બહાર નીકળવું તથા યોગ્ય સમયે પાછા ફરવું. અયોગ્ય સમય છોડીને યોગ્ય સમયે એ સમયને યોગ્ય કાર્યો કરવાં. ૩૧

પંગતમાં ભિક્ષુએ ઊભા ન રહેવું, આપેલો આહાર લેવો. નિયમાનુસાર ભિક્ષા સ્વીકાર્યા પછી એણે એ યોગ્ય સમયે પરિમિત પ્રમાણમાં ખાવી. ૩૨

ઘણે દૂર નહિ અને ઘણે પાસે નહિ, તથા બીજા (ભિક્ષુઓ)-ની નજર પડે નહિ તેમ એકલાએ ભિક્ષા માટે ઊભા રહેવું. એને

૧. કેટલીક પ્રતોમાં वुड्ढा (વૃદ્ધો) પાઠ છે, પણ ચૂર્ણિકાર, શાન્તિસૂરિ અને નેમિચન્દ્રને बुद्धा (જ્ઞાનીઓ) પાઠ ઉદ્દિષ્ટ છે, તે ડૉ યાકોબીએ અહીં સ્વીકાર્યો જણાય છે.

हियं विगयभया बुद्धा फरुसं पि अणुसासणं ।
वेसं[1] तं होइ मूढाणं खन्तिसोहिकरं पयं ॥ २९
आसणे उवचिट्ठेज्जा अणुच्चे अकुए थिरे ।
अप्पुट्ठाई निरुट्ठाई निसीएज्जऽप्पकुक्कुए ॥ ३०
कालेण निक्खमे भिक्खू कालेण य पडिक्कमे ।
अकालं च विवज्जेत्ता काले कालं समायरे ॥ ३१
परिवाडीए न चिट्ठेज्जा भिक्खू दत्तेसणं चरे ।
पडिरूवेण एसित्ता मियं कालेण भक्खए ॥ ३२
नाइदूरमणासन्ने नऽन्नेसिं चक्खुफासओ ।
एगो चिट्ठेज्ज भत्तट्ठा लङ्घिया तं न[2]ऽइक्कमे ॥ ३३

१. वेसं. शा० । २. नइक्कमे. शा० ।

(બીજા ભિક્ષુને) ઓળંગીને આગળ વધવું નહિ. ૩૩

બહુ ટટ્ટાર ઊભા રહી કે બહુ નીચા નમી, બહુ દૂર કે બહુ પાસે નહિ ઊભા રહેતાં, બીજાને માટે તૈયાર કરેલી નિર્દોષ ભિક્ષા યતિએ ગ્રહણ કરવી. ૩૪

જીવજંતુ વિનાના, બીજ વિનાના તથા ઉપરથી છાયેલા અને બાજૂએથી ઢાંકેલા સ્થાનમાં ઉપરનું વસ્ત્ર દૂર મૂકીને સંયમી ભિક્ષુએ બીજાઓની સાથે[1] યતનાપૂર્વક[2] આહાર કરવો. ૩૫

'સારું કરેલું છે, સારું રાંધેલું છે, સારું છેદેલું છે, સારું લાવેલું છે, મારેલું (ઘી વગેરેમાં તળેલું) છે, સારું બનાવ્યું છે, સારું મળ્યું છે'–એવાં દૂષિત વચનોનો મુનિએ ત્યાગ કરવો. ૩૬

ઉત્તમ ઘોડાને હાંકતાં જેમ સારથિ આનંદ પામે છે તેમ

---

૧. મૂળમાં समयं (સં. समकं) –'બીજા સાધુઓની સાથે.' શાન્તિસૂરિએ એનો અર્થ 'સરસ અને વિરસ વસ્તુઓમાં આસક્તિ આદિનો ભેદ રાખ્યા સિવાય' એવો કર્યો છે. ચૂર્ણિકારે 'રાગદ્વેષ રહિત એકાકી' એવો વૈકલ્પિક અર્થ આપ્યો છે. જુઓ–'समयं संजए भुंजे' समतं नाम सम्यग् रागद्वेषवियुतः एकाकी भुंक्ते, यस्तु मंडलीए भुंक्त सोऽवि समगं संजएहिं भुंजेज्ज, सहान्यैः साधुभिरिति (ચૂર્ણિ, પત્ર ૪૦).

૨. મૂળમાં जयं (સં. यतमानः). નેમિચન્દ્ર એનો અર્થ સમજાવે છે કે 'આહાર લેતાં સુરસુર, ચબચબ, કસુરુહુક, કુરુહુક, ભુરુહુક આદિ શબ્દ કર્યા સિવાય'.

नाइउच्चे व[1] नीए वा नासन्ने नाइदूरओ ।
फासुयं परकडं पिण्डं पडिगाहेज्ज संजए ॥ ३४

अप्पपाणेऽप्पबीयंमि पडिच्छन्नंमि संवुडे ।
समयं संजए भुञ्जे जयं अपरिसाडियं ॥ ३५

सुकडि त्ति सुपक्कि त्ति सुच्छिन्ने सुहडे मडे ।
सुणिट्ठिए सुलट्ठि त्ति सावज्जं वज्जए मुणी ॥ ३६

रमए पण्डिए सासं हयं भद्दं व वाहए ।
बालं सम्मइ सासन्तो गलियस्सं व वाहए ॥ ३७

---

१ न. शा० ।

શાણા શિષ્યને ઉપદેશ આપતાં (ગુરુ) આનંદ પામે છે. ગળિયા ઘોડાને હાંકતાં જેમ સારથિ શ્રમ પામે છે તેમ મૂર્ખ શિષ્યને ઉપદેશ આપતાં (ગુરુ) શ્રમિત થાય છે. ૩૭

કલ્યાણકારી ઉપદેશ પામ્યા છતાં, 'આ મારે માટે ધક્કા, તમાચા, આક્રોશ અને વધરૂપ છે' એમ પાપદૃષ્ટિ (શિષ્ય) માને છે. ૩૮

'(ગુરુ) મને પોતાનો પુત્ર, ભાઈ અને સ્વજન ગણે છે' એમ (સમજીને) સારો શિષ્ય એમનો ઉપદેશ કલ્યાણદાયી માને છે, પણ પાપદૃષ્ટિને ઉપદેશ આપતાં તે પોતાને દાસ માને છે. (અર્થાત્ ગુરુ પોતાને દાસ તરીકે ગણે છે એમ માની તે દુ:ખી થાય છે.) ૩૯

આચાર્યને કોપ ન કરાવવો તથા પોતાની જાતને પણ કુપિત ન કરવી. જ્ઞાનીઓનું અપમાન ન કરવું તથા છિદ્રાન્વેષી ન બનવું. ૪૦

આચાર્યને કુપિત થયેલા જાણીને એમને પ્રીતિથી[1] પ્રસન્ન

---

૧. મૂળમાં पत्तिएण. એનો 'શપથ આદિ વડે પ્રતીતિ કરાવીને' એવો વૈકલ્પિક અર્થ શાન્તિસૂરિએ આપ્યો છે.

खड्डुया मे चवेडा मे अक्कोसा य वहा य मे ।
कल्लाणमणुसासन्तं[1] पावदिट्ठि त्ति मन्नई ३८

पुत्तो मे भाय नाइ त्ति साहू कल्लाण मन्नई ।
पावदिट्ठि उ अप्पाणं सासं दासि[2] त्ति मन्नई ३९

न कोवए आयरियं अप्पाणं पि न कोवए ।
बुद्धोवघाई न सिया न सिया तोत्तगवेसए ४०

आयरियं कुवियं नच्चा पत्तिएण पसायए ।
विज्झवेज्ज पञ्जलिउडो[3] वएज्ज न पुणु त्ति य ४१

---

१. सासन्तो (जुओ ३७). शा० । २. दासु. शा० । ३. पंजली० शा०।

કરવા, હાથ જોડીને શાન્ત કરવા, તથા 'ફરી નહિ કરું' એમ કહેવું. ૪૧

જ્ઞાનીઓએ જે વ્યવહારને ધર્મ વડે ઉપાર્જિત કરેલો છે તથા સદા આચરેલો છે તે વ્યવહારને આચરનાર નિન્દાને પામતો નથી. ૪૨

આચાર્યનું મનોગત તથા વાક્યગત જાણી લઈને, અને વાણીથી એનો સ્વીકાર કરીને કર્મથી એનું સંપાદન કરવું. ૪૩

વિનીત શિષ્ય (ગુરુએ) નહિ પ્રેરવા છતાં નિત્ય શીઘ્ર પ્રેરિત થાય છે. યથોપદિષ્ટ કાર્યો એ સદા સારી રીતે કરે છે ૪૪

(આમ) જાણીને મેધાવી શિષ્ય નમે છે. લોકમાં એની કીર્તિ થાય છે. પૃથ્વી જેમ પ્રાણીઓનું આશ્રયસ્થાન છે તેમ એ ઉચિત ધર્મકાર્યોનું આશ્રયસ્થાન બને છે. ૪૫

સાચા જ્ઞાની અને પૂર્વકાળથી પ્રસિદ્ધ એવા પૂજ્યો જેના ઉપર પ્રસન્ન થાય છે તેને કૃપા કરીને વિપુલ અને (મોક્ષરૂપી) અર્થવાળું જ્ઞાન પ્રાપ્ત કરાવશે. ૪૬

धम्मज्जियं च ववहारं बुद्धेहायरियं सया ।
तमायरन्तो ववहारं गरहं नाभिगच्छई ४२
मणोगयं वक्कगयं जाणित्तायरियस्स उ ।
तं परिगिज्झ वायाए कम्मुणा उववायए ४३
वित्ते अचोइए निच्चं खिप्पं हवइ सुचोइए ।
जहोवइट्ठं सुकयं किच्चाइं कुव्वाई सया ४४
नच्चा नमइ[1] मेहावी लोए कित्ती से जायए ।
हवई किच्चाणं सरणं भूयाणं जगई जहा ४५
पुज्जा जस्स पसीयन्ति संबुद्धा पुव्वसंथुया ।
पसन्ना लाभइस्सन्ति विउलं अट्ठियं सुयं ४६

---

१. नयइ. शा० ।

જેનું શાસ્ત્રજ્ઞાન પૂજાયેલું છે તથા જેના સંશય સારી રીતે દૂર થયેલા છે તેવો એ પોતાની કર્મસંપદાથી (ગુરુના) ચિત્તને આનંદ પમાડી રહે છે, અને તપ સામાચારી અને સમાધિ વડે સંવરાયેલો (જેણે આસ્રવને રોકયા છે તેવો) તથા મહાતેજસ્વી એવો તે પાંચ વ્રતો પાળીને દેવ ગન્ધર્વ અને મનુષ્ય વડે પૂજિત થઇને, મલપંકમાંથી ઉત્પન્ન થયેલા દેહનો ત્યાગ કરીને શાશ્વત સિદ્ધ થાય છે અથવા જેનાં કર્મ પાતળાં પડી ગયાં છે તેવો મહર્દ્ધિક દેવ થાય છે. ૪૭–૪૮

એ પ્રમાણે હું કહું છું.

स पुज्जसत्थे सुविणीयसंसए मणोरुई चिट्ठइ कम्मसंपया ।
तवोसमायारिसमाहिसंवुडे महाज्जुई पञ्च वयाइं पालिया ४७
स देवगन्धव्वमणुस्सपूइए चइत्तु देहं[1] मलपङ्कपुव्वयं ।
सिद्धे वा हवइ सासए देवे वा अप्परए महड्डिए[2] ॥ ४८ ॥

त्ति बेमि

॥ विणयसुयमज्झयणं ॥

---

१. मल पंक°. शा०। २. महि°. शा०।

અધ્યયન ૨

પરીષહ

['સહન કરવાનાં વિઘ્ન']

હે આયુષ્મન્! મેં (સુધર્માસ્વામીએ) સાંભળ્યું હતું. તે ભગવાને (મહાવીરસ્વામીએ) આ પ્રમાણે કહ્યું હતું.

એમાં બાવીસ પરીષહો–વિઘ્નો શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે વર્ણવ્યાં છે, જે સાંભળીને, જાણીને, જીતીને તથા પરાજિત કરીને ભિક્ષાચર્યામાં ભ્રમણ કરતો ભિક્ષુ (પરીષહોથી) સ્પર્શાવા છતાં હણાતો નથી (સંયમથી ભ્રષ્ટ થતો નથી).

શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે વર્ણવેલા એ બાવીસ પરીષહો કયા, જે સાંભળીને, જાણીને, જીતીને તથા પરાજિત કરીને ભિક્ષાચર્યામાં પરિભ્રમણ કરતો ભિક્ષુ (પરીષહોથી) સ્પર્શાવા છતાં હણાતો નથી (સંયમથી ભ્રષ્ટ થતો નથી)?

શ્રમણ ભગવાન કાશ્યપ મહાવીરે આ બાવીસ પરીષહો વર્ણવ્યા છે, જે સાંભળીને, જાણીને, જીતીને તથા પરાજિત કરીને

सुयं मे आउसं तेणं भगवया एवमक्खायं । इह खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सोच्चा नच्चा जिच्चा अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहण्णेज्जा । कयरे[1] खलु ते बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सुच्चा नच्चा जिच्चा अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहण्णेज्जा[2] ॥ इमे खलु ते बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सुच्चा नच्चा जिच्चा अभिभूय भिक्खायरियाए

---

१ कं ते ख. शा० । २ निण्हवेज्जा. शा० ।

ભિક્ષાચર્યામાં પરિભ્રમણ કરતો ભિક્ષુ (પરીષહોથી) સ્પર્શાવા છતાં હણાતો નથી (સંયમથી ભ્રષ્ટ થતો નથી). તે આ પ્રમાણે :

૧. બુભુક્ષા પરીષહ, ભૂખ;
૨. પિપાસા પરીષહ, તરસ;
૩. શીત પરીષહ, ટાઢ;
૪. ઉષ્ણ પરીષહ, તાપ;
૫. દંશમશક પરીષહ, ડાંસ અને મચ્છર;
૬. અચેલ પરીષહ, નગ્નતા;[૧]
૭. અરતિ પરીષહ, કંટાળો;
૮. સ્ત્રી પરીષહ;
૯. ચર્યા પરીષહ, પગપાળા ફર્યા કરવું એ;
૧૦. નૈષેધિકી પરીષહ, સ્વાધ્યાયસ્થાન;
૧૧. શય્યા પરીષહ, નિવાસસ્થાન;
૧૨. આક્રોશ પરીષહ, તિરસ્કાર;
૧૩. વધ પરીષહ, માર;
૧૪. યાચના પરીષહ;
૧૫. અલાભ પરીષહ, ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિ;
૧૬. રોગ પરીષહ;
૧૭. તૃણસ્પર્શ પરીષહ;

૧. ટીકાકાર નેમિચન્દ્ર લખે છે કે–વસ્ત્રનો તદ્દન અભાવ જિનકલ્પિક આદિને માટે છે, બીજાઓને માટે તો ફાટેલું અથવા અલ્પ મૂલ્યવાળું વસ્ત્ર એ અવસ્ત્ર બરાબર છે (પત્ર ૧૭)

परिव्वयन्तो पुट्ठो नो विहणेज्जा। तं जहा। दिगिच्छा[१]परीसहे १ पिवासापरीसहे २ सीयपरीसहे ३ उसिणपरीसहे ४ दंसमसयपरीसहे ५ अचेलपरीसहे ६ अरइपरीसहे ७ इत्थीपरीसहे ८ चरियापरीसहे ९ निसीहियापरीसहे १० सेज्जापरीसहे ११ अक्कोसपरीसहे १२ वहपरीसहे १३ जायणापरीसहे १४ अलाभपरीसहे १५ रोगपरीसहे १६ तणफासपरीसहे १७ जल्ल-

१ दिगिंछा. शा० ।

૧૮. જલ્લ પરીષહ, મેલ;

૧૯. સત્કારપુરસ્કાર પરીષહ, માનાપમાન;

૨૦ પ્રજ્ઞા પરીષહ, જ્ઞાન;

૨૧. અજ્ઞાન પરીષહ;

૨૨. દર્શન પરીષહ.[૧]

પરીષહોનો જે વિભાગ કાશ્યપે (ભગવાન મહાવીરે) જણાવ્યો છે તે હું તમને કહીશ. તમે મને પરિપાટીપૂર્વક સાંભળો. ૧

(૧) દેહ ભૂખથી ઘેરાઈ ગયો હોય તોપણ તપસ્વી અને ધૈર્યવાન ભિક્ષુ (વનસ્પતિ આદિને) છેદે નહિ તેમ છેદાવે નહિ, રાંધે નહિ તેમ રંધાવે નહિ. ૨

કાગડાની જાંઘ જેવાં કૃશ અંગવાળા[૨] અને શિરાઓથી

---

૧. આ અધ્યયનનો અહીં સુધીનો ભાગ ગદ્યમાં છે; હવે પછીનો અનુષ્ટુપમાં છે. પ્રત્યેક પરીષહનું વર્ણન બે અનુષ્ટુપમાં કરેલું છે. દર બે શ્લોકના અનુવાદને આંતરે કૌંસમાં મૂકેલો અંક પરીષહનો અનુક્રમાંક સૂચવે છે.

૨. મૂળમાં कालीपव्वंगसंकासे શબ્દ છે. ' કાલી એટલે કાકજંઘા નામે તૃણનાં પર્વ જેવાં (કૃશ અંગવાળો) ' એવો અર્થ શાન્તિસૂરિ અને ચૂર્ણિકારે આપ્યો છે. ઉપર અનુવાદમાં આપેલો અર્થ નેમિચન્દ્રનો છે. ડૉ. યાકોબી તેને અનુસરે છે.

परीसहे १८ सक्कारपुरक्कारपरीसहे १९ पन्नापरीसहे २० अन्नाणपरीसहे २१ दंसणपरीसहे २२

परीसहाणं पविभत्ती कासवेणं पवेइया ।
तं भे उदाहरिस्सामि आणुपुव्विं सुणेह मे १

१ दिगिञ्छापरिगए देहे तवस्सी भिक्खू थामवं ।
न छिन्दे न छिन्दावए न पए न पयावए २

कालीपव्वङ्गसंकासे किसे धमणिसंतते[१] ।
मायन्ने असणपाणस्स अदीणमणसो चरे ३

---

१ संतए. शा० ।

વ્યાપ્ત (શરીરવાળા) તથા ખાનપાનની માત્રા જાણનાર ભિક્ષુએ પ્રસન્ન ચિત્તવાળા થઈને વિચરવું. ૩

(૨) પછી તૃષાથી પીડા પામતો હોય તોપણ (અનાચારની) જુગુપ્સા કરનાર અને લજ્જા વડે સંયમમાં રહેતા[૧] ભિક્ષુએ ઠંડા (સચિત્ત) પાણીનું સેવન કરવું નહિ, પણ વિકૃત (અગ્નિ આદિ વડે વિકાર પમાડીને અચિત્ત બનાવેલા) પાણીની શોધ કરવી. ૪

લોકોની આવજા વિનાના માર્ગમાં, વ્યાકુલ, અત્યંત પિપાસિત તથા જેનું મુખ સુકાઈ ગયું છે એવા તેણે દીન થયા વિના એ પરીષહની તિતિક્ષા કરવી. ૫

(૩) પરિભ્રમણ કરતા તથા વિરત એવા ભિક્ષુને કોઈ વાર (શરીરને) રુક્ષ બનાવનારી ટાઢ વાય તો પણ જિનશાસનનું સ્મરણ કરીને તેણે (સ્વાધ્યાયાદિની) વેલાનું અતિક્રમણ કરવું નહિ. ૬

'મારી પાસે ટાઢનું નિવારણ કરનાર (ઘર વગેરે) નથી તથા

---

૧. મૂળમાં लज्जसंजए પાઠ છે. શાન્તિસૂરિએ लद्धसंजमे (જેણે સંયમ પ્રાપ્ત કર્યો છે એવો) પાઠ સ્વીકાર્યો છે, પણ સાથે लज्जसंजए પાઠાન્તરનો નિર્દેશ કર્યો છે. પણ ચૂર્ણિકારે અને તેને અનુસરીને નેમિચન્દ્રે लज्ज० પાઠ જ લીધો છે, તેને અનુસરીને અહીં અનુવાદ કર્યો છે.

---

२ तओ पुट्ठो पिवासाए दोगुञ्छी लज्जसंजए ।
सीओदगं न सेविज्जा वियडस्सेसणं चरे ४
छिन्नावाएसु पन्थेसु आउरे सुपिवासिए ।
परिसुक्खमुहाऽदीणे तं तितिक्खे परीसहं ५
३ चरन्तं विरयं लूहं सीयं फुसइ एगया ।
नाइवेलं मुणी गच्छे सोच्चाणं जिनसासणं[१] ६
न मे निवारणं अत्थि छवित्ताणं न विज्जई ।
[२]अहं तु अग्गिं सेवामि इइ भिक्खू न चिन्तए ७

---

१ जिण°. शा० । २ अहे. शा० ।

ત્વચાને રક્ષણ આપનાર (વસ્ત્ર કંબલ આદિ) પણ નથી, માટે હું અગ્નિનું સેવન કરીશ'–એ પ્રમાણે ભિક્ષુએ ચિંતવવું નહિ. ૭

(૪) ઉષ્ણ વસ્તુઓના પરિતાપથી અથવા (શરીરના) દાહથી કે ગ્રીષ્મ ઋતુમાં તાપથી અત્યંત પીડા પામતા ભિક્ષુએ સાતા –સુખના વિષયમાં બળાપો કરવો નહિ. ૮

ગરમીથી તપી ગયેલા મેધાવીએ સ્નાનની પણ ઇચ્છા કરવી નહિ, ગાત્ર ઉપર પાણી સિંચવું નહિ કે પંખાથી પોતાની જાતને વાયુ ઢોળવો નહિ. ૯

(૫) ડાંસ અને મચ્છર પીડા કરે તોપણ મહામુનિએ સમભાવ રાખવો. સંગ્રામને મોખરે રહેલા હાથીની જેમ શૂર પુરુષે (મુનિએ) શત્રુને (ક્રોધને) હણવો. ૧૦

પોતાનું માંસશોણિત ખાતાં જંતુઓને (મુનિએ) ત્રાસ આપવો નહિ, વારવાં નહિ, એમના પ્રત્યે મન પણ દ્વેષિત કરવું નહિ; એમની ઉપેક્ષા કરવી,[1] પણ એમને હણવાં નહિ. ૧૧

---

૧. મૂળમાં उवेह પાઠ છે, પણ શાર્પેન્ટિયરની વાચનામાં उवेहे (સં. उपेक्षेत) છે, અને શાન્તિસૂરિ અને નેમિચન્દ્રે પણ એ જ પાઠ સ્વીકાર્યો હોઈ તે અહીં લીધો છે.

---

४ उसिणं परियावेणं परिदाहेण तज्जिए ।
घिंसु वा परियावेणं सायं नो परिदेवए ॥ ८

उन्हाभितत्ति[1] मेहावी सिणाणं नो वि पत्थए ।
गायं नो परिसिंचेज्जा न वीएज्जा य अप्पयं ॥ ९

५ पुट्ठो य दंसमसएहिं समरेव महामुणी ।
नागो संगामसीसे वा सूरो अभिहणे परं ॥ १०

न संतसे न वारेज्जा मणं पि न पओसए ।
उवेह[2] न हणे पाणे भुञ्जन्ते मंससोणियं ॥ ११

---

१ उण्हाहितत्ते. शा० । २ उवेहे. शा० ।

(૬) 'વસ્ત્રો ચારે કોરથી ફાટી ગયાં હોવાથી હું અચેલક થઈશ' અથવા '(મારાં ફાટેલાં વસ્ત્ર જોઈને કોઈ શ્રાવક નવાં વસ્ત્ર આપે તો)[1] હું સચેલક થઈશ'–એવું ચિંતન ભિક્ષુએ ન કરવું. ૧૨

'કોઈ વાર પોતે અચેલક હોય, કોઈ વાર સચેલક પણ હોય'–આ વસ્તુ ધર્મને માટે હિતકારી છે એમ જાણીને જ્ઞાનીએ ખેદ કરવો નહિ. ૧૩

(૭) એક ગામથી બીજે ગામ વિચરતા, અનગાર અને અકિંચન મુનિના ચિત્તમાં કદાચ (સંયમને વિશે) અણગમો પ્રવેશે, તો એ પરીષહ એણે સહન કરવો. ૧૪

કંટાળો દૂર કરીને (હિંસાદિથી) વિરત, આત્મરક્ષિત, ધર્મ-પરાયણ (અથવા ધર્મરૂપી ઉપવનમાં સ્થિત),[2] આરંભરહિત અને ઉપશાન્ત થઈને મુનિએ વિચરવું. ૧૫

---

૧. 'મારા ફાટેલાં વસ્ત્રો જોઇને કોઈ શ્રાવક નવાં વસ્ત્રો આપે તો' હું સચેલક થઈશ–એટલી સમજૂતી શાન્તિસૂરિ અને નેમિચન્દ્ર અહીં ઉમેરે છે.

૨. મૂળમાં धम्मारामे છે. તેના આ બન્ને વૈકલ્પિક અર્થો ચૂર્ણિકારે તેમ જ શાન્તિસૂરિ અને નેમિચન્દ્ર એ બન્ને પ્રાચીન ટીકાકારોએ આપ્યા છે.

---

६ परिजुण्णेहि वत्थेहिं होक्खामि त्ति अचेलए ।
अदुवा सचेले होक्खामि इइ भिक्खू न चिन्तए १२
एगयाऽचेलए होइ सचेले आवि एगया ।
एयं धम्महियं नच्चा नाणी नो परिदेवए १३
७ गामाणुगामं रीयन्तं अणगारं अकिंचणं ।
अरई अणुप्पवेसेज्जा तं तितिक्खे परीसहं १४
अरइं पिट्ठओ किच्चा विरए आयरक्खिए ।
धम्मारामे निरारम्भे उवसन्ते मुणी चरे १५

(૮) આ લોકમાં સ્ત્રીઓ એ મનુષ્યોની આસક્તિ છે. જેણે એમને જાણી છે, તેમનું સાધુપણું સફળ થયું છે. ૧૬

એ પ્રમાણે 'સ્ત્રીઓ કાદવ જેવી મલિન છે' એમ ગ્રહણ કરીને એમનાથી ફસાવું નહિ, પણ આત્મકલ્યાણની ગવેષણા કરતાં વિચરવું. ૧૭

(૯) ઉત્તમ[1] સાધુએ પરીષહોને પરાજિત કરીને ગામમાં કે નગરમાં અથવા નિગમ–વાણિજ્યપ્રધાન સ્થાનમાં કે રાજધાનીમાં એકાકી વિચરવું. ૧૮

અસમાન ભિક્ષુએ વિચરવું, કયાંય પરિગ્રહ કરવો નહિ; ગૃહસ્થોમાં અનાસક્ત રહીને અનિકેતન–ગૃહ વિનાના એવા એણે વિહરવું. ૧૯

---

૧. મૂળમાં लाढे શબ્દ છે. શાન્તિસૂરિ તેની સમજૂતી આપતાં લખે છે– ' लाढे ' त्ति लाढयति प्रासुकैषणीयाहारेण साधुगुणैर्वाऽऽत्मानं यापयतीति लाढः, प्रशंसाभिधायि वा देशीपदमेतत् (પત્ર ૧૦૭). અર્થાત્ એ પ્રમાણે 'નિર્દોષ આહાર વડે નિર્વાહ કરનાર સંયમી' એવો लाढ નો અર્થ હોય અથવા માત્ર પ્રશંસાવાચક એ દેશ્ય શબ્દ હોય. એ શબ્દનો ધ્વનિ એને દેશ્ય માનવા પ્રેરે એવો છે.

---

८ सङ्गो एस मणुस्साणं[1] जाओ लोगम्मि इत्थिओ ।
जस्स एया परिन्नाया सुकडं तस्स सामण्णं १६
एयमादाय मेहावी पङ्कभूयाओ[2] इत्थिओ ।
नो ताहिं विणिहन्निज्जा[3] चरेज्जऽत्तगवेसए १७
९ एग एव चरे लाढे अभिभूय परीसहे ।
गामे वा नगरे वावि निगमे वा रायहाणिए १८
असमाणो[4] चरे भिक्खू नेव कुज्जा परिग्गहं ।
असंसत्तो[5] गिहत्थेहिं अणिएओ परिव्वए १९

---

१ मणूसाणं. शा० । २ पंकभूयाउ. शा० । ३ °हमेज्जा. शा० । ४ असमाणे. शा० । ५ असंसत्ते. शा० ।

(૧૦) સ્મશાનમાં, શૂન્ય ગૃહમાં અથવા ઝાડ નીચે એણે ચેષ્ટારહિત અને એકલા બેસવું, અને બીજાને ત્રાસ આપવો નહિ. ૨૦

ત્યાં બેસીને[1] એણે ઉપસર્ગો સહન કરવા; (ઉપસર્ગો પરત્વેની) શંકાથી ભય પામી, ઊઠીને બીજે સ્થાને ન જવું. ૨૧

(૧૧) ઊંચી અથવા નીચી શય્યા[2] પ્રાપ્ત થાય તેથી તપસ્વી અને સામર્થ્યવાન ભિક્ષુએ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ; પાપદૃષ્ટિ રાખનાર ભિક્ષુ પતિત થાય છે. ૨૨

એકાન્ત,[3] સારી કે નરસી વસતિ પ્રાપ્ત થતાં 'એક રાત્રિમાં

૧. યાકોબીએ अच्छमाणस्स પાઠ સ્વીકાર્યો છે; ચૂર્ણિમાં તથા શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની ટીકાઓમાં चिट्ठमाणस्स પાઠ છે; જો કે તેથી અર્થમાં કંઈ ખાસ ફેર પડતો નથી.

૨ શય્યા=વસતિ, ઉતારો. પહેલાં સાધુઓ કોઈ ઘરમાં શય્યા પાથરવા જેટલી જગ્યા મેળવી લેતા. એ તેમનો ઉતારો. 'વસતિ' અથવા ઉપાશ્રય પછી થયા, પણ 'શય્યા' શબ્દ નવા લાક્ષણિક અર્થમાં પ્રયોજાવો ચાલુ રહ્યો.

૩. મૂળમાં पइरिक्कं ('એકાન્ત') શબ્દ છે. ટીકાકારોએ તેનો અર્થ 'સ્ત્રી આદિથી રહિત' એવો કર્યો છે

१० सुसाणे सुन्नगारे वा रुक्खमूले व एगओ ।
अकुक्कुओ निसीएज्जा न य वित्तासए परं ॥ २०
तत्थ से अच्छमाणस्स[1] उवसग्गाऽभिधारए ।
सङ्काभीओ न गच्छेज्जा उट्ठित्ता अन्नमासणं ॥ २१
११ उच्चावयाहिं सेज्जाहिं तवस्सी भिक्खु थामवं ।
नातिवेलं[2] विहन्नेज्जा[3] पावदिट्ठी विहन्नइ[4] ॥ २२
पइरिक्कं[5] वसयं लद्धुं कल्लाणं अदु[6] पावयं ।
किमेगराई करिस्सइ एवं तत्थऽहियासए ॥ २३

१ चिट्ठमाणस्स. शा० । २ नाइवेलं. शा० । ३ विहम्मेज्जा. शा० । ४ विहम्मई शा० ५ पइरिक्कुवस्सयं. शा० । ६ अदुवा. शा० ।

મને શું થઈ જવાનું છે ?' એમ વિચારીને ભિક્ષુએ ત્યાં (સુખ અથવા) દુઃખ સહન કરી લેવું. ૨૩.

(૧૨) કોઈ માણસ ભિક્ષુને કઠોર શબ્દો કહે તો ભિક્ષુએ એની સામે કોપ કરવો નહિ; (એમ કરવાથી) એ મૂર્ખોના જેવો બને છે; માટે ભિક્ષુએ કોપ ન કરવો. ૨૪

કઠોર, દારુણ અને ગ્રામકંટક[1] ભાષા સાંભળવામાં આવે તો ભિક્ષુએ મૌન ધારણ કરીને એની ઉપેક્ષા કરવી; એ વાણીને મનમાં લાવવી નહિ. ૨૫

(૧૩) કોઈ મારે તો પણ ભિક્ષુ કોપ ન કરે, કે મનથી પણ એના ઉપર દ્વેષ ન કરે. ક્ષમાને ઉત્તમ જાણીને ભિક્ષુએ ધર્મનું ચિન્તન કરવું. ૨૬

સંયમી અને ઇન્દ્રિયોનું દમન કરનાર શ્રમણને કયાંક કોઈ હણે તો 'જીવનો નાશ થતો નથી' એ પ્રમાણે એ સંયમી શ્રમણે ચિન્તન કરવું. ૨૭

---

૧. મૂળમાં गामकंटगा (સં. ग्रामकंटका) છે. ટીકાકારો ग्रामनो અર્થ 'ઇન્દ્રિયગ્રામ' કરે છે. ઇન્દ્રિયોને કંટક જેવી અકારી લાગે એવી વાણી તે गामकंटगा भासा.

---

१२ अक्कोसेज्जा परे भिक्खुं न तेसिं पडिसंजले ।
सरिसो होइ बालाणं तम्हा भिक्खू न संजले २४
सोच्चाणं फरुसा भासा दारुणा गामकण्टगा ।
तुसिणीओ उवेहेज्जा न ताओ मणसीकरे २५
१३ हओ न संजले भिक्खू मणं पि न पओसए ।
तितिक्खं परमं नच्चा भिक्खू धम्मं विचिन्तए[1] २६
समण संजयं दन्तं हणेज्जा कोइ कत्थई ।
नत्थि जीवस्स नासु त्ति एवं पेहेज्ज संजए २७

---

१ समायरे. शा० ।

(૧૪) 'અરે ! અનગાર ભિક્ષુનું જીવન ખરેખર નિત્ય દુષ્કર છે, કારણ એને સર્વ વસ્તુ યાચના કરવાથી જ મળે છે, યાચના વિના કંઈ મળતું નથી. ૨૮

ગોચરીને માટે (ગૃહસ્થને ઘેર) પ્રવેશી હાથ લાંબો કરવાનું સરળ નથી, માટે ગૃહવાસ એ જ સારો છે' એ પ્રમાણે ભિક્ષુએ ચિન્તન કરવું નહિ. ૨૯

(૧૫) બીજાઓને (ગૃહસ્થોને) ત્યાં ભોજન થઈ રહ્યા પછી જ ભિક્ષાર્થે જવું. ભિક્ષા મળે કે ન મળે, પણ ડાહ્યા ભિક્ષુએ એ વિશે અનુતાપ કરવો નહિ. ૩૦.

'આજે મને ભિક્ષા ન મળી, પરન્તુ આવતી કાલે ભિક્ષા-પ્રાપ્તિ થશે'–જે આ પ્રમાણે ચિન્તન કરે છે તેને ભિક્ષાની અપ્રાપ્તિથી ખેદ થતો નથી. ૩૧

(૧૬) વેદનાથી અસ્વસ્થ થયેલા ભિક્ષુએ ઉત્પન્ન થયેલા દુઃખને જાણીને અદીનપણે પ્રજ્ઞાને સ્થિર કરવી; અને રોગથી ઘેરાવા છતાં એ દુઃખ સહન કરવું. ૩૨

---

१४ दुक्करं खलु भो निच्चं अणगारस्स भिक्खुणो ।
सव्वं से जाइयं होइ नत्थि किंचि अजाइयं २८

गोयरग्गपविट्ठस्स पाणी नो सुप्पसारए ।
सेओ अगारवासु त्ति इइ भिक्खू न चिन्तए २९

१५ परेसु घासमेसेज्जा भोयणे परिणिट्ठिए ।
लद्धे पिण्डे अलद्धे वा नाणुतप्पेज्ज पण्डिए ३०

अज्जेवाहं न लब्भामि अवि लाभो सुए सिया ।
जो एवं पडिसंचिक्खे अलाभो तं न तज्जए ३१

१६ नच्चा उप्पइयं दुक्खं वेयणाए दुहट्टिए ।
अदीणो थावए पन्नं पुट्ठो तत्थऽहियासए ३२

ભિક્ષુએ રોગની ચિકિત્સા ઇચ્છવી નહિ, પણ આત્મશોધક બનીને સમાધિપૂર્વક રહેવું. ચિકિત્સા કરે કે કરાવે નહિ એમાં જ જ એનું શ્રામણ્ય છે. ૩૩

(૧૭) અચેલક અને રુક્ષ શરીરવાળા તપસ્વી સાધુને તૃણ ઉપર સૂવાથી ગાત્રોમાં પીડા થાય, તડકો પડવાથી અતુલ વેદના[1] થાય તોપણ, એ જાણીને, તૃણથી પીડા પામેલા ભિક્ષુઓ વસ્ત્રનું સેવન કરતા નથી. ૩૪–૩૫

(૧૮) કાદવથી, રજથી, અથવા ગ્રીષ્મ ઋતુમાં તાપથી મલિન ગાત્રવાળા થયેલા બુદ્ધિમાન ભિક્ષુએ સાતા–સુખને માટે વિલાપ ન કરવો. ૩૬

---

૧. મૂળમાં अउला (સં. अतुला) हवइ वेयणा એ પ્રમાણે પાઠ છે. પણ ચૂર્ણિકારે तिउला हवइ वेयणा એવો પાઠ સ્વીકાર્યો છે, અને तुदतीति तिउला वेदना એવી સમજૂતી આપી છે (ચૂર્ણિ, પત્ર ૭૯). અભયદેવસૂરિએ तिदुला हवइ वेयणा પાઠ લીધો છે, પરન્તુ तिउला પાઠ પણ નોંધ્યો છે. તેઓ એ વિશે લખે છે– ' तिउल ' त्ति सूत्रत्वात्तौदिका, यदा त्रीन् प्रस्तावात् मनोवाक्कायान्...दोलतीव स्वभावचलनेन त्रिदुला, पाठान्तरस्तु ' अतुला विपुला वा ' (પત્ર ૧૨૧).

तेगिच्छं[1] नाभिनन्देज्जा संचिक्खऽत्तगवेसए ।
एवं खु तस्स सामण्णं जं न कुज्जा न कारवे ३३
१७ अचेलगस्स लूहस्स संजयस्स तवस्सिणो ।
तणेसु सयमाणस्स हुज्जा गायविराहणा ३४
आयवस्स निवाएण अउला हवइ वेयणा ।
एवं नच्चा न सेवन्ति तन्तुजं तणतज्जिया ३५
१८ किलिन्नगाए मेहावी पङ्केण व रएण वा ।
घिंसु वा परितावेण[2] सायं नो परिदेवए ३६

---

१. तेइच्छं शा० । २. परियावेण. शा० ।

નિર્જરાપેક્ષી[1] ભિક્ષુએ એ સહન કરવું, અને સર્વોત્તમ આર્યધર્મ (પાલન કરતાં) શરીરનો અંત આવે ત્યાંસુધી મેલ કાયા ઉપર ધારણ કરવો. ૩૭

(૧૯) સ્વામી[2] અભિવાદન કરે, ઊઠીને સત્કાર કરે અથવા ભોજનાદિ માટે નિમંત્રણ આપે એવી ઇચ્છા જે રાખે છે તેમની સ્પૃહા મુનિએ ન રાખવી. ૩૮

અલ્પ કષાયવાળા, અલ્પ ઇચ્છાવાળા, અજ્ઞાત ગૃહસ્થોને ત્યાં ભિક્ષા માટે જનાર, અલોલુપ ભિક્ષુએ રસોમાં આસક્ત ન થવું, અને પ્રજ્ઞાવાન એવા એણે અનુતાપ ન કરવો. ૩૯

(૨૦) "ખરેખર, મેં પૂર્વે અજ્ઞાનરૂપી ફળ આપનારાં (જ્ઞાનાવરણીય) કર્મો કર્યાં, જેથી કોઈ મને કંઈક વિશે પૂછે તો એ હું જાણી શકતો નથી. પૂર્વે કરેલાં, અજ્ઞાનરૂપી ફળ આપનારાં કર્મ પછીથી ઉદય પામે છે." એ પ્રમાણે કર્મોનો વિપાક જાણીને

૧ નિર્જરા એટલે કર્મક્ષય. નિર્જરાપેક્ષી એટલે કર્મક્ષયની અપેક્ષા રાખતા.

૨ 'સ્વામી'નો અર્થ ટીકાકારો 'રાજા વગેરે સમૃદ્ધ વ્યક્તિઓ' એવો કરે છે.

वेएज्ज निज्जरापेही आरियं[1] धम्मऽणुत्तरं ।
जाव सरीरभेओ[2] त्ति जल्लं काएण धारए ३७

१९ अभिवायणमब्भुट्ठाणं सामी कुज्ज[3] निमन्तणं ।
जे ताइं पडिसेवन्ति न तेसिं पीहए मुणी ३८

अणुक्कसाई अप्पिच्छे अन्नाएसी अलोलुए ।
रसेसु नाणुगिज्झेज्जा नाणुतप्पेज्ज पन्नवं ३९

२० से नूणं मए पुव्वं कम्माऽणाणफला कडा ।
जेणाहं नाभिजाणामि पुट्ठो केणइ कण्हुई ४०

अह पच्छा उदिज्जन्ति[4] कम्माऽणाणफला कडा ।
एवमस्सासि अप्पाणं नच्चा कम्मविवागयं ४१

१ आयरियं. आ० । २ °उ. शा० । ३ कुज्जा. शा० । ४ उइज्जन्ति. शा० ।

આત્માને આશ્વાસન આપવું. ૪૦-૪૧

(૨૧) " હું મૈથુનથી નિવૃત્ત થયો તથા સંયમ પાળ્યો એ નિરર્થક છે, કારણ કે ધર્મ એ કલ્યાણકારી છે કે પાપકારી એ હું સાક્ષાત્ જાણી શકતો નથી. તપ અને ઉપધાનનો સ્વીકાર કરીને અને સાધુની પ્રતિમાઓ ગ્રહણ કરીને એ રીતે વિહરવા છતાં મારું છદ્મ-જ્ઞાનાવરણાદિ કર્મ દૂર થતું નથી. ૪૨-૪૩

(૨૨) ખરેખર પરલોક નથી અથવા તપસ્વીની ઋદ્ધિ પણ નથી. અથવા (સાધુપણું ગ્રહણ કરીને) હું ઠગાયો છું"-એ પ્રમાણે ભિક્ષુએ ચિન્તન ન કરવું. ૪૪

" જિનેશ્વરો થઈ ગયા છે, (વિદેહાદિ ક્ષેત્રોમાં) જિનેશ્વરો છે, અને ભવિષ્યમાં થશે એમ જેઓએ કહ્યું છે તે મિથ્યા છે " એ પ્રમાણે ભિક્ષુએ ન ચિંતવવું. ૪૫

આ સર્વ પરીષહો કાશ્યપે કહેલા છે, જે (જાણીને) એમાંના કોઈ વડે પીડાયા છતાં ભિક્ષુ હણાય નહિ-તપોભ્રષ્ટ થાય નહિ. ૪૬

એ પ્રમાણે હું કહું છું.

---

२१ निरट्ठगम्मि विरओ मेहुणाओ सुसंवुडो ।
जो सक्खं नाभिजाणामि धम्मं कल्लाणपावगं ४२
तवोवहाणमादाय पडिमं पडिवज्जओ ।
एवं पि विहरओ मे छउमं न निवट्टई[1] ४३
२२ नत्थि नूणं [2]परलोए इड्ढी वावि तवस्सिणो ।
अदुवा वञ्चिओ मि त्ति इइ भिक्खू न चिन्तए ४४.
अभू जिणा अत्थि जिणा अदुवावि भविस्सई ।
मुसं ते एवमाहंसु इइ भिक्खू न चिन्तए ४५
एए परीसहे[3] सव्वे कासवेण पवेइया[4] ।
जे भिक्खू न विहन्नेज्जा[5] पुट्ठो केणइ कन्हुई[6] ४६

त्ति बेमि

---

१. नियट्टई. शा० । २. परे. शा० । ३. परिसहा शा० ।
४. निवेइया. शा० । ५. विहम्मेज्जा. शा० । ६. कण्हुई. शा० ।

અધ્યયન ૩

ચતુરંગીય

['ચાર અંગો વિષે']

આ જગતમાં પ્રાણીને માટે ચાર પરમ અંગો (ધર્મનાં ચાર પ્રધાન કારણો) દુર્લભ છે—મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા, અને સંયમને વિશે વીર્ય. ૧

વિવિધ પ્રકારનાં કર્મ કરીને વિવિધ પ્રકારનાં ગોત્રો અને જાતિમાં થયેલી પ્રજા પૃથક્ રીતે જગતને ભરી રહેલ છે, અને એનાથી સંસાર થયેલો છે. ૨

કર્માનુસાર પ્રાણી કોઈ વાર દેવલોકમાં, કોઈ વાર નરકોમાં, અને કોઇ વાર આસુરી યોનિમાં જાય છે. ૩

કોઈ વાર તે ક્ષત્રિય થાય છે, ચાંડાલ અથવા બોક્કસ[1]

---

૧. ચાંડાલ અને બુક્કસ વિશે ટીકાકારો લખે છે–બ્રાહ્મણથી શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો તે નિષાદ, બ્રાહ્મણથી વૈશ્ય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો

चत्तारि परमङ्गाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥ १
समावन्ना णं[1] संसारे नाणागोत्तासु जाइसु ।
कम्मा नानाविहा कट्टु पुढो विस्संभिया पया ॥ २
एगया देवलोएसु नरएसु वि एगया ।
एगया आसुरं कायं आहाकम्मेहिं गच्छई ॥ ३
एगया खत्तिओ होइ तओ चण्डालबोक्कसो[2] ।
तओ कीडपयङ्गो य तओ कुन्थुपिवीलिया ॥ ४

---

१. ण. शा० । २. बोक्कसो. शा० । बुकसो. आ० ।

થાય છે, કીડો કે પતંગ થાય છે, અને કુંથુ કે કીડી થાય છે. ૪

કર્મરૂપી કિલ્બિષ—મલિનતાવાળાં પ્રાણીઓ યોનિચક્રમાં –સંસારચક્રમાં ફર્યા કરે છે, પરન્તુ સર્વ અર્થોની પ્રાપ્તિની બાબતમાં ક્ષત્રિયોની જેમ, સંસારને વિશે નિર્વેદ પામતાં નથી. ૫

કર્મના પ્રસંગથી મૂઢ થયેલાં, બહુ વેદના પામેલાં, દુઃખી પ્રાણીઓ અમાનુષી યોનિઓમાં પડીને પીડાય છે. ૬.

કદાચિત્ કર્મો ક્રમિક રીતે ક્ષીણ થયા પછી શુદ્ધિને પ્રાપ્ત થયેલા જીવો મનુષ્યપણાને પામે છે. ૭

મનુષ્યશરીર પ્રાપ્ત કર્યા પછી પણ ધર્મનું શ્રવણ દુર્લભ છે, કે જે સાંભળીને પ્રાણીઓ તપ, ક્ષમા અને અહિંસાનો સ્વીકાર કરે છે. ૮

તે અંબષ્ઠ, નિષાદથી અંબષ્ઠ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો તે બોક્કસ. ટીકાકારોની સમજૂતી મુજબ, ચાંડાલ એટલે 'માતંગ,' અથવા શૂદ્ર વડે બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ સંતાન ચાંડાલ. અર્થાત્ અહીં 'ક્ષત્રિય' વડે ઉત્તમ જાતિઓ, 'ચાંડાલ' વડે નીચ જાતિઓ, અને 'બોક્કસ' વડે સંકીર્ણ જાતિઓ સૂચવેલી છે (શાન્તિસૂરિની ટીકા, પત્ર ૧૮૨–૮૩; નેમિચન્દ્રની ટીકા, પત્ર ૬૭–૬૮; ચૂર્ણિ, પત્ર ૯૬–૯૭)

एवमावट्टजोणीसु पाणिणो कम्मकिव्विसा ।
न निविज्जन्ति संसारे सव्वट्ठेसु व खत्तिया ५
कम्मसङ्गेहि[1] सम्मूढा दुक्खिया बहुवेयणा ।
अमाणुसासु जोणीसु विनिहम्मन्ति[2] पाणिणो ६
कम्माणं तु पहाणाए आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता आययन्ति मणुस्सयं ७
माणुस्सं विग्गहं लद्धुं सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्चा पडिवज्जन्ति तवं खन्तिमहिंसयं ८

---

१. °हिं शा० । २. विणिह°. शा० ।

કદાચિત્ શ્રવણ પ્રાપ્ત થયા પછી પણ એમાં શ્રદ્ધા થવી એ પરમ દુર્લભ છે. ન્યાયોપપન્ન ધર્મમાર્ગનું શ્રવણ કર્યા પછી ઘણાઓ ભ્રષ્ટ થાય છે. ૯

ધર્મશ્રવણ કરીને એમાં શ્રદ્ધા ધરાવ્યા પછી પણ સંયમને વિશે વીર્ય દુર્લભ છે. ઘણાઓ ધર્મ પ્રત્યે રુચિ ધરાવતા હોવા છતાં એનો અંગીકાર કરી શકતા નથી. ૧૦

મનુષ્યત્વને પામેલો જે જીવ ધર્મ સાંભળીને એમાં શ્રદ્ધા કરે છે તે તપસ્વી બની, સામર્થ્ય પ્રાપ્ત કરી, સંયમી થઇને કર્મ-રજને ખંખેરી નાખે છે. ૧૧

ઋજુ બનેલા (જીવ)ની શુદ્ધિ થાય છે, શુદ્ધિ પામેલામાં ધર્મ રહે છે. (પછી એ જીવ) ઘી વડે સિંચાયેલા અગ્નિની જેમ શ્રેષ્ઠ નિર્વાણને પામે છે.[1] ૧૨

૧. ચૂર્ણિકાર (પત્ર ૯૯) અને શાન્તિસૂરિએ (પત્ર ૧૮૬) નોંધ્યું છે તે પ્રમાણે નાગાર્જુનીય પાઠપરંપરામાં આ આખા સૂત્રનો પાઠ નીચે મુજબ ભિન્ન છે–चतुद्धा संपदं लद्धुं इहेव ताव भायते। तेयते तेयसंपन्ने घयसित्ते व पावए ॥ (ચાર પ્રકારની સંપત્તિ પ્રાપ્ત કરીને મનુષ્ય આ જ લોકમાં ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ, તેજ વડે જાજ્વલ્યમાન થઈને શોભે છે.)

आहच्च सवणं लद्धुं सद्धा परमदुल्लहा
सोच्चा नेआउयं मग्गं बहवे परिभस्सई ९
सुइं च लद्धुं सद्धं च वीरियं पुण दुल्लहं
बहवे रोयमाणा वि नो य णं पडिवज्जई[1] १०
माणुसत्तंमि आयाओ जो धम्मं सोच्च सद्दहे
तवस्सी वीरियं लद्धुं संवुडे निद्धुणे रयं ११
सोही उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठई
निव्वाणं परमं जाइ घयसित्ति व्व पावए १२

१. °वज्जए. शा० ।

કર્મના હેતુને દૂર કર, ક્ષમાથી કીર્તિ પ્રાપ્ત કર. (એમ કરનાર મનુષ્ય) પાર્થિવ શરીરનો ત્યાગ કરીને ઊર્ધ્વ દિશામાં જાય છે. ૧૩

વિવિધ પ્રકારનાં શીલ વડે એક એકથી ચઢિયાતા (અથવા એક એકથી ઊંચે રહેલાં સ્વર્ગોમાં વસનારા) યક્ષો[૧] થાય છે. અતિશય દેદીપ્યમાન મહાશુક્લોની–ચંદ્ર–સૂર્યની જેમ દીપતા, (સ્વર્ગમાંથી) ચ્યવન થવાનું જ નથી એમ માનતા, દૈવી ભોગોમાં આસક્ત તથા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા તેઓ સેંકડો પૂર્વ[૨] સુધી કલ્પોમાં–દેવલોકોમાં ઊંચે વસે છે. ૧૪–૧૫

ત્યાં યથાસ્થાને વસીને આયુનો ક્ષય થતાં ચ્યુત થઈને એ દેવો મનુષ્યયોનિમાં આવે છે, અને ત્યાં એઓ દશ અંગવાળા (દશ પ્રકારની ઉત્તમોત્તમ સમૃદ્ધિવાળા) થઈને જન્મે છે. ૧૬

૧. 'યક્ષ' શબ્દ यज् (યજન કરવું) ધાતુ ઉપરથી છે, અને એનો મૂળ અર્થ 'દેવ' થાય છે. અહીં પ્રયોગ મૂળ અર્થમાં જ છે.

૨. ચોરાશી લાખને ચોરાશી લાખ વડે ગુણવાથી જે સંખ્યા આવે તેટલાં વર્ષ–એટલે એક પૂર્વ.

विगिञ्च कम्मुणो हेउं जसं संचिणु खन्तिए
सरीरं पाढवं हिच्चा उड्ढं पक्कमई दिसं १३
विसालिसेहिं सीलेहिं जक्खा उत्तर-उत्तरा
महासुक्का व दिप्पन्ता मन्नता अपुणच्चवं १४
अप्पिया देवकामाणं कामरूवविउव्विणो
उड्ढं कप्पेसु चिट्ठन्ति पुव्वा वाससया बहू १५
तत्थ ठिच्चा जहाठाणं जक्खा आउक्खए चुया
उविन्ति[१] माणुसं जोणिं से दसङ्गेऽभिजायए[२] १६

१. उवेन्ति. शा० । २. अभिजायइ. शा० ।

ક્ષેત્ર, ગૃહ, સુવર્ણ, પશુઓ, દાસો અને નોકરો-આ ચાર [1]કામસ્કન્ધો (વિલાસના હેતુરૂપ પુદ્ગલસમૂહો) જ્યાં હોય ત્યાં એ ઉત્પન્ન થાય છે. ૧૭

એ મિત્રવાન, બંધુમાન, ઉચ્ચ ગોત્રવાળો, કાન્તિમાન, રોગ-રહિત, મહાપ્રાજ્ઞ, વિનીત, યશસ્વી અને બલવાન થાય છે. ૧૮

આયુ પર્યંત અનુપમ માનવભોગો ભોગવીને, પૂર્વ જન્મોમાં વિશુદ્ધ સદ્ધર્મનું અનુસરણ કર્યું હોવાને કારણે શુદ્ધ બોધ પ્રાપ્ત કરીને, (ઉપર્યુક્ત) ચાર અંગોને દુર્લભ સમજી સંયમ અંગીકાર કરીને, તથા તપ વડે કર્માંશો ક્ષીણ કરીને એ શાશ્વત સિદ્ધ થાય છે. ૧૯–૨૦

એ પ્રમાણે હું કહું છું.

---

૧. 'વિલાસના હેતુરૂપ પુદ્ગલસમૂહો.' ક્ષેત્ર અને ગૃહ એટલે એક સ્કન્ધ, સુવર્ણ એ બીજો સ્કન્ધ, પશુઓ એ ત્રીજો સ્કન્ધ, દાસો અને નોકરો એ ચોથો સ્કન્ધ–એ પ્રમાણે ચાર કામસ્કન્ધો સમજવાના છે. ૧૬ મા સૂત્રમાં સૂચવેલાં દશ અંગો પૈકી એક અંગ તે આ ચાર કામ-સ્કન્ધો. બાકીનાં નવ અંગોનો નિર્દેશ ૧૮ મા સૂત્રમાં કર્યો છે.

खेत्तं वत्थुं हिरण्णं च पसवो दासपोरुसं
चत्तारि कामखन्धाणि तत्थ से उववज्जई ॥ १७

मित्तवं नायवं होइ उच्चगोए य वण्णवं
अप्पायङ्के महापन्ने अभिजाए जसो बले ॥ १८

भोच्चा माणुस्सए भोए अप्पडिरूवे अहाउयं
पुव्विं विसुद्धसद्धम्मे केवलं बोहि बुज्झिया ॥ १९

चउरङ्गं दुल्लहं मत्ता संजमं पडिवज्जिया
तवसा [1]धुतकम्मंसे सिद्धे हवइ सासए ॥ २०

त्ति बेमि

---

१. धुय°. शा० ।

અધ્યયન ૪

અસંસ્કૃત

['સંધાય નહિ એવું']

જીવિત સંધાય એવું નથી;[1] માટે પ્રમાદ કરશો નહિ. જરાગ્રસ્ત થયેલાને માટે કોઇ શરણ નથી. પ્રમાદી, હિંસક, અસંયમી જીવો કોને (શરણ) જશે, એ વિચારો. ૧

જે મનુષ્યો, કુમતિ ગ્રહણ કરીને[2] પાપકર્મો વડે ધનનું ઉપાર્જન કરે છે તેઓ (અશુભ અનુભાવોથી) પ્રવર્તિત થયેલા હોઈ એ ધનનો (અહીં જ) ત્યાગ કરી, વેરથી બંધાઈને નરકમાં જાય છે, એ જુઓ.[3] ૨

ખાતરના દ્વાર આગળ પકડાયેલો પાપકારી ચોર પોતાના

---

૧. મૂળમાં असंखयं (સં. असंस्कृत) શબ્દ છે. ટીકાકારો એનો અર્થ 'અસંસ્કરણીય'–'સંધાય નહિ એવું' કરે છે.

૨. મૂળમાં अमइं गहाय એવો પાઠ છે. ચૂર્ણિકાર (પત્ર ૧૧૦) અને અને શાંતિસૂરિએ (પત્ર ૨૦૬) अमयं गहाय એવું પાઠાન્તર પણ નોંધ્યું છે, અને ત્યાં अमय નો અર્થ अमत–'કુમત, નાસ્તિકાદિમત' એવો આપ્યો છે.

૩. યાકોબીની વાચનામાં पासपयट्टिए नरे (મોહાદિ પાશ વડે પ્રવર્તમાન થયેલા મનુષ્યો) એવો પાઠ છે. નેમિચંદ્રે એ પાઠ સ્વીકાર્યો છે પણ ચૂર્ણિકાર અને શાન્તિસૂરિએ पास पयट्टिए नरे એમ શબ્દો છૂટા પાડ્યા છે. पास નો અર્થ તેમણે 'જુઓ' (સં. पश्य) એવો કર્યો છે. એને અનુસરીને અહીં અનુવાદ કર્યો છે. યાકોબીની વાચનામાં पासपयट्टिए એ આખો શબ્દ नरे નું વિશેષણ બને છે.

असंखयं जीविय मा पमायए जरोवणीयस्य हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते कण्णु विहिंसा अजया गहिन्ति १
जे पावकम्मेहि धणं मणूसा समाययन्ती अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे वेराणुबद्धा नरयं उवेन्ति २
तेणे जहा सन्धिमुहे गहीए सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए कडाण कम्माण न मुक्ख अत्थि ३

કર્મથી જ જેમ કપાઈ જાય છે તેમ[1] આ લોકમાં અને પરલોકમાં જીવોનું સમજવું. કરેલાં કર્મોમાંથી, તે ભોગવ્યા વિના, મુક્તિ નથી. ૩

સંસારને પામેલો જીવ પારકાને અર્થે તથા સાધારણ[2] એવું જે કર્મ કરે છે તે કર્મના વિપાકકાળે (ભોગવવાના સમયે) બાંધવો બાંધવતા દર્શાવતા નથી. ૪

પ્રમાદી જીવ આ લોકમાં કે પરલોકમાં ધનથી રક્ષણ મેળવી શકતો નથી. અનંત અંધકારમાં દીવો બુઝાઈ જાય તેની જેમ એણે ન્યાયસંગત ધર્મને જોયા છતાંયે ન જોવા બરાબર છે. ૫

---

૧. આ નિર્દેશ પરત્વે ચૂર્ણિકાર (પત્ર ૧૧૦) શાન્તિસૂરિ (પત્ર ૨૦૭), અને નેમિચંદ્રે (પત્ર ૮૧) નીચેના આશયની કથા આપી છે-એક નગરમાં એક ચોર હતો. એક વાર તે કોઈના ઘરમાં કોટનાં કોસીસાંના આકારનું ખાતર પડવા લાગ્યો. તે ખોદતો હતો ત્યારે જ ઘરનો માલિક જાણી ગયો. ચોર અંદર અર્ધો પેઠો તે વખતે તેણે ચોરના પગ પકડ્યા, એટલે બહાર રહેલા બીજા ચોરે પેલા અંદરના ચોરને બહાર ખેંચી લેવા માટે તેના હાથ પકડ્યા એ પ્રમાણે બે બાજૂથી બે સમર્થ મનુષ્યો ખેંચવા લાગ્યા, તેથી પોતે જ બનાવેલાં કોસીસાં આકારના ખાતરના કાંગરા વાગતાં તેનું શરીર કપાઈ ગયું.

ખાતર અનેક પ્રકારનાં હોય છે-કલશાકૃતિ, નંદ્યાવર્ત આકૃતિ, પદ્માકૃતિ, પુરુષાકૃતિ ઇત્યાદિ-એમ આ ટીકાકારો નોંધે છે. 'મૃચ્છકટિક'માં પણ વિવિધ પ્રકારનાં ખાતરનો રસિક ઉલ્લેખ છે ! વળી જુઓ 'કુમાર' માસિકના ૩૦૦ મા અંકમાં મારો લેખ ' પ્રાચીન સાહિત્યમાં ચોરશાસ્ત્ર.'

૨. ' સાધારણ કર્મ 'નો અર્થ ટીકાકારો ' પોતાના તથા પારકાના લાભ અર્થે કરેલું સાધારણ કર્મ ' એવો કરે છે.

संसारमावन्न परस्य अट्ठा साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेयकाले न बन्धवा बन्धवयं उवेन्ति ४
वित्तेण ताणे न लभे पमत्तो[1] इमम्मि लोए अदुवा परत्था ।
दीव प्पणट्ठे व अणन्तमोहे नेयाउयं दट्ठुमदट्ठुमेव ५

---

१ पमते. शा० ।

બીજાઓ ઊંઘતા હોય ત્યારે જાગ્રત રહેનાર,[1] આશુપ્રજ્ઞ-તીવ્રબુદ્ધિ પંડિત વિશ્વાસ ન કરે-નિશ્ચિન્ત ન રહે. કાળ ઘોર છે અને શરીર નિર્બળ છે, માટે ભારુંડ પક્ષીની[2] જેમ અપ્રમત્ત-પણે વિચર. ૬

આ જગતની કોઈ પણ વસ્તુને પાશ માનીને, સાવધ થઈને પગલાં મૂકવાં. જ્યાંસુધી વિશિષ્ટ લાભ-ધર્મપ્રાપ્તિ થાય ત્યાં સુધી જીવિતને લંબાવીને, પછી (આ શરીરથી નિર્જરા થઈ શકે તેમ નથી એમ) જાણીને કર્મમલનો નાશ કરનારે (શરીરત્યાગ કરવો). ૭

કેળવેલો અને કવચધારી ઘોડો જેમ વિજય મેળવે છે તેમ સ્વચ્છંદનો નિરોધ કરવાથી જીવ મોક્ષ પામે છે. યુવાવસ્થાનાં

૧. સર૦ या निशा सर्वभूतानां तस्यां जागर्त्ति संयमी० એ ગીતાશ્લોક.

૨. ભારુંડ કે ભારંડ એ એક પ્રચંડકાય કાલ્પનિક પક્ષી છે. તેને બે ચાંચ હોય છે, પણ શરીર એક જ હોય છે. બીજા કેટલાક ઉલ્લેખો મુજબ, ભારુંડના એક શરીરમાં જીવ બે હોય છે, ચાંચ બે હોય છે અને પગ ત્રણ હોય છે. બે ચાંચ અને બે આત્માવાળા તેના શરીરને અત્યંત અપ્રમત્તપણે નિર્વાહ કરવાનો હોય છે. જરા પણ પ્રમાદ થતાં અવશ્ય મૃત્યુ થાય છે. આથી જૈન શાસ્ત્રોમાં અપ્રમાદના વિષયમાં વારંવાર ભારુંડનું ઉદાહરણ આપવામાં આવેલું છે. 'કલ્પસૂત્ર' માં ભગવાન મહાવીરને भारुंड पक्खी व अप्पमत्ते- ' ભારુંડ પક્ષીની જેમ અપ્રમત્ત ' કહ્યા છે. પ્રાચીન સાહિત્યમાં ભારુંડને લગતી કેટલીક કથાઓ પણ મળે છે. આ સંબંધમાં વિશેષ માટે જુઓ સોળમા ગુજરાતી સાહિત્ય સંમેલનમાં મારો લેખ ' ભારુંડ: લોકકલ્પનાનું એક પક્ષી. ' (મુદ્રિતઃ 'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો ' માં)

सुत्तेसु यावी पडिबुद्धजीवी न वीससे पण्डिए आसुपन्ने ।
घोरा मुहुत्ता अबलं सरीरं भारुण्डपक्खी व चरऽप्पमत्ते ६

चरे पयाइं परिसङ्कमाणो जं किञ्चि पासं इह मन्नमाणो ।
लाभन्तरे जीविय वूहइत्ता पच्छा परिन्नाय मलावधंसी ७

छन्दंनिरोहेण उवेइ मोक्खं आसे जहा सिक्खियवम्मधारी ।
पुव्वाइं वासाइं चरऽप्पमत्तो[1] तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ८

१. प्पमत्ते. शा० ।

વર્ષોમાં અપ્રમત્ત થઇને વિચર;[1] તેથી મુનિ શીઘ્ર મોક્ષ પામે છે. ૮

શાશ્વતવાદીઓની[2] ઉપમા–માન્યતા એવી છે કે "પહેલાં જે સિદ્ધ થયું નથી તે પછી સિદ્ધ થશે." પરન્તુ આયુષ્ય શિથિલ થાય અને સમય જતાં શરીર તૂટવા માંડે ત્યારે તેઓ ખેદ પામે છે. ૯

આવો વિવેક એકદમ કરી શકાતો નથી, માટે ઊઠીને, કામોનો ત્યાગ કરીને, લોકસ્વરૂપને મહર્ષિની જેમ સમતાપૂર્વક સમજીને આત્મરક્ષક બનીને અપ્રમત્તપણે વિચરવું. ૧૦

મોહના ગુણો ઉપર વારંવાર વિજય મેળવતાં વિચરતા

૧. મૂળમાં पुव्वाइं वासाइं चरऽपमत्तो એમ છે. पुव्वाइं वासाइं નો અર્થ અહીં 'પૂર્વકાળનાં યુવાસ્થાનાં વર્ષો' એવો કર્યો છે. ટીકાકારો 'પૂર્વ'નો અર્થ 'મોટી સંખ્યાવાળું કાલપ્રમાણ' (જુઓ પૃ. ૩૧, ટિપ્પણ ૨) એવો કરે છે.

૨. આત્મા મરણ પછી પણ રહે છે, અને તે કર્મોથી અલિપ્ત જ રહે છે એવો મત તે શાશ્વતવાદ. ટીકકારો આનો અર્થ જુદી રીતે ઘટાવે છે. ટીકાકારો શાશ્વતવાદીનો અર્થ 'નિરુપક્રમ આયુષ્યવાળા' એવો કરે છે. નિરુપક્રમ આયુષ્યને કારણે તેઓ પોતાની જાતને શાશ્વતની જેમ માને છે માટે શાશ્વતવાદી. એવા શાશ્વતવાદીઓ 'પહેલાં જે સિદ્ધ થયું નથી તે પછી સિદ્ધ થશે' એમ વિચારી શકે, પણ જલબુદ્બુદ સમાન આયુષ્યવાળા સામાન્ય મનુષ્યો નહિ–એમ ટીકાકારો સમજાવે છે.

स पुव्वमेवं न लभेज्ज पच्छा एसोऽवमा सासयवाइयाणं ।
विसीदई[1] सिढिले आउयंमि कालोवणीए सरीरस्स भेदे[2] ९

खिप्पं न सक्केइ विवेगमेउं तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोगं[3] समयामहेसी अप्पाणरक्खी[4] चर[5] अप्पमत्ते १०

मुहुं मुहुं मोहगुणे जयन्तं अणेगरूवा समणं चरन्तं ।
फासा फुसन्ती असमञ्जसं च न तेसि भिक्खू मणसा पउस्से ११

१. विसीयई. शा० । २. भेए. शा० । ३. लोयं. शा० । ४. आयाणुरक्खी शा० । ५. चरं. शा० ।

શ્રમણને અનેક પ્રકારના બાહ્ય સ્પર્શો—વિષયાદિ અસમંજસપણે સ્પર્શ કરે છે; પણ તેમને વિશે ભિક્ષુ પોતાનું મન દૂષિત ન થવા દે. ૧૧

મંદ મંદ બાહ્ય સ્પર્શો બહુ લોભાવનારા હોય છે, પણ તેવા પ્રકારના એ સ્પર્શોમાં મન ન કરવું. ક્રોધને દબાવવો, માનને દૂર કરવું, કપટ છોડી દેવું, અને લોભનો ત્યાગ કરવો. ૧૨

જે પરપ્રવાદીઓ[1] સંધાય નહિ એવા,[2] તુચ્છ, રાગ અને, દ્વેષથી બંધાયેલા તથા પરવશ છે તેમને અધર્મી ગણી, તેમની જુગુપ્સા કરી, દેહ પડે ત્યાંસુધી સદ્‌ગુણોની આકાંક્ષા કરવી. ૧૩

એ પ્રમાણે હું કહું છું.

---

૧. અન્ય મતના સમર્થકો—અન્યતીર્થિકો.

૨. યાકોબીની વાચનામાં जेऽसंखया ... એમ પાઠ છે. યાકોબીએ असंखयाનો 'મલિન' એવો અર્થ કર્યો છે. પણ ટીકાકારોએ जे संखया પાઠ લીધેલો છે. નેમિચંદ્રે એનો અર્થ 'તાત્ત્વિક શુદ્ધિવાળા નહિ, પણ માત્ર બાહ્ય સંસ્કારવાળા' એવો આપ્યો છે (પત્ર ૯૮). ચૂર્ણિકાર (પત્ર ૧૨૬) અને શાન્તિસૂરિ એનો બીજો એક અર્થ પણ આપે છે કે—संखया એટલે જેઓ સંસ્કૃત વચન ઉપર પ્રીતિવાળા હોઈ વીતરાગની વાણી (જે પ્રાકૃતમાં છે) ઉપર દોષારોપણ કરે છે તેઓ, અથવા જેમનાં શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં છે એવા લોકો. પણ આ અધ્યયનના પહેલા જ શ્લોકમાં असंखयનો જે અર્થ છે એ જોતાં તેમ જ અધ્યયનનું નામ પણ असंखय-'અસંસ્કૃત'–છે એ જોતાં એનાથી ભિન્ન અર્થમાં એના એ શબ્દનો પ્રયોગ અધ્યયનના છેલ્લા શ્લોકમાં હોય એમ માનવું મુશ્કેલ છે. આથી असंखयનો અર્થ અહીં 'સંધાય નહિ એવા' (જુઓ શ્લોક ૧નો અનુવાદ) કર્યો છે, જેનો લક્ષણાર્થ 'અસમાધાનકારી,' 'બીજાઓ પ્રત્યે અસહિષ્ણુ' એવો થઈ શકે.

मन्दा य फासा बहुलोहणिज्जा तहप्पगारेसु मणं न कुज्जा ।
रक्खिज्ज कोहं विणएज्ज माणं मायं न सेवेज्ज[1] पहेज्ज लोहं ॥ १२

जे ऽसंखया तुच्छा परप्पवाई ते पिज्जदोसाणुगया परज्झा ।
एते[2] अहम्मे त्ति दुगुञ्छमाणो कङ्ख गुणे जाव सरीरभेओ[3] ॥ १३

त्ति बेमि

---

१. सेवे पयहेज्ज. शा० । २. एए. शा० । ३. °भेउ. शा० ।

અધ્યયન ૫

અકામમરણીય

['ઇચ્છા વિનાના મરણને લગતું']

મહાઓઘવાળા અને દુ:ખેથી તરી શકાય એવા અર્ણવને એક પુરુષ તરી ગયા. ત્યાં મહાપ્રજ્ઞાવાળા એક પુરુષે આ પ્રશ્નનો ઉત્તર આપ્યો. ૧

આ બે મારણાન્તિક સ્થાનો કહ્યાં છે–અકામમરણ અને સકામમરણ. ૨

બાળકોનું (મૂર્ખ અથવા અજ્ઞાન જીવોનું) અકામમરણ હોય છે, અને તે અનેક વાર થાય છે; પંડિતોનું સકામમરણ હોય છે, અને તે વધુમાં વધુ એક વાર[1] થાય છે. ૩

તેમાં આ પહેલું સ્થાન મહાવીરે વર્ણવેલું છે, કે જેમાં વિષયાસકત બાલ (મૂર્ખ અથવા અજ્ઞાન) ઘણાં ક્રૂર કર્મો કરે છે. ૪

---

૧ આ કેવલીની બાબતમાં સમજવાનું છે. બીજા ચારિત્રીઓની બાબતમાં મુક્તિ પૂર્વે સાત અથવા આઠ વાર મરણ થાય છે.

अण्णवंसि महोहंसि एगे तिण्णे दुरुत्तरं ।
तत्थ एगे महापन्ने इमं पण्हमुदाहरे १

सन्तिऽमे[1] य दुवे ठाणा अक्खाया मारणन्तिया[2] ।
अकाममरणं चेव सकाममरणं तहा २

बालाणं [3]अकामं तु मरणं असइं भवे ।
पण्डियाणं सकामं तु उक्कोसेण सइं भवे ३

तत्थिऽमं[4] पढमं ठाणं महावीरेण देसियं ।
कामगिद्धे जहा बाले भिसं कूराइ[5] कुव्वई ४

---

१. सन्तिमे. शा० । २. मरणन्तिया शा० । ३. तु. शा० ।
४. तत्थिमं. शा० । ५. कूराई. शा० ।

કામભોગોમાં આસક્ત થઈને જે કોઈ ક્રૂડાં કર્મો આચરે છે તે (એમ માનતો હોય છે કે) "પરલોક મેં જોયો નથી, અને આ આનંદ તો ચક્ષુપ્રત્યક્ષ છે. ૫

આ કામભોગો હાથમાં આવેલા છે, પણ ભવિષ્યની બાબતો તો અનિશ્ચિત છે; પરલોકનું અસ્તિત્વ છે કે નહિ તે કોણ જાણે છે? ૬

હું તો લોકોની સાથે રહીશ"–એ પ્રમાણેની ધૃષ્ટતા બાલ કરે છે, અને કામભોગના અનુરાગ વડે કલેશ પામે છે. ૭

પછી તે ત્રસ અને સ્થાવર જીવો ઉપર દંડનો આરંભ કરે છે, અને કંઈ પ્રયોજનથી અથવા વિના પ્રયોજને ભૂતગ્રામ–પ્રાણિસંઘની હિંસા કરે છે. ૮

હિંસક, મૃષાવાદી, માયાવી, ચાડિયો અને શઠ એવો તે બાલજન સુરા અને માંસ ખાતો 'આ શ્રેય છે' એમ માને છે. ૯

કાયા અને વાણીથી મત્ત, તથા ધનમાં અને સ્ત્રીઓમાં

जे गिद्धे कामभोगेसु एगे कूडाय गच्छइ[1] ।
न मे दिट्ठे परे लोए चक्खूदिट्ठा इमा रई ५
हत्थागया इमे कामा कालिया जे अणागया ।
को जाणइ परे लोए अत्थि वा नत्थि वा पुणो ६
जणेण सद्धिं होक्खामि इइ बाले पगब्भई ।
कामभोगाणुराएणं केसं संपडिवज्जई ७
तओ से दण्डं समारभई[2] तसेसु थावरेसु य ।
अट्ठाए य अणट्ठाए भूयगामं विहिंसई ८
हिंसे बाले मुसावाई माइल्ले पिसुणे सढे ।
भुंजमाणे सुरं मंसं सेयमेयं ति मन्नई ९
कायसा वयसा मत्ते वित्ते गिद्धे य इत्थिसु ।
दुहओ मलं संचिणइ सिसुणागो[3] व्व मट्टियं १०

---

१. गच्छई. शा० । २. °रंभई शा० । ३. सिसुणागु. शा० ।

આસક્ત થયેલો એવો તે, અળસિયું જેમ (બે પ્રકારે) માટી એકત્ર કરે તેમ,[1] બે પ્રકારે કર્મમલનો સંચય કરે છે.[2] ૧૦

પછી રોગથી પીડાતો તે પરિતાપ પામે છે, અને પોતાનાં કર્મો વિશે વિચાર કરતો તે પરલોકથી ભય પામે છે. ૧૧

જ્યાં દુરાચારીઓ જાય છે એવાં નરકનાં સ્થાનો મેં સાંભળ્યાં છે, જ્યાં ક્રૂર કર્મ કરનારા બાલજનો ગાઢ વેદના પામે છે. ૧૨

મેં એ વિશે સાંભળ્યું છે તેમ, પોતે કરેલાં કર્મોથી ઔપપાતિક સ્થાનમાં (નરકમાં)[3] જતો તે પછીથી પરિતાપ પામે છે. ૧૩

જેમ ગાડીવાન, જાણવા છતાં, સપાટ રાજમાર્ગનો ત્યાગ

---

૧. અળસિયું માટી ખાય છે તેમ જ માટીની વિષ્ટા કરે છે. મૂળમાં सिसुणागो व्व मट्टियं પાઠ છે. ડૉ. યાકોબીએ सिसुनागનો અર્થ 'નાગનું બચ્ચું' કર્યો છે, પણ ત્યાં અર્થની સંગતિ સધાતી નથી. પણ ટીકાકારોએ शिशुनाग गण्डूपदः—अलस इत्यर्थः એવી સ્પષ્ટતા કરી છે, એટલે એ શબ્દનો 'અળસિયું' અર્થ લેવો જોઈએ

૨. બાહ્ય અને આભ્યંતર પ્રવૃત્તિથી—શરીરથી અને મનથી.

૩. દેવ અને નારક ગતિમાં જીવો ઉપપાતથી પેદા થાય છે; માટે તે ઔપપાતિક સ્થાન પણ અહીં ઔપપાતિક સ્થાન વડે માત્ર નરક સમજવાનું છે.

तओ पुट्ठो आयङ्केणं गिलाणो परितप्पई ।
पभीओ परलोगस्स कम्माणुप्पेहि अप्पणो ११

सुया मे नरए ठाणा असीलाणं च जा गई ।
बालाणं कूरकम्माणं पगाढा जत्थ वेयणा १२

तत्थोऽववाइयं ठाणं जहा मे ऽतमणुस्सुयं[1] ।
आहाकम्मेहिं[2] गच्छन्तो सो पच्छा परितप्पई १३

जहा सागडिओ जाणं समं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो अक्खे भग्गम्मि सोयई १४

---

१. मेयमणुस्सुयं. शा० । २. अहा°. शा० ।

કરીને ખરબચડા માર્ગ ઉપર જતાં ધરી ભાંગી જવાથી શોક કરે છે તેમ, ધર્મનું ઉલ્લંઘન કરીને અધર્મનો સ્વીકાર કરી મૃત્યુમુખને પ્રાપ્ત થયેલો મૂર્ખ જન, ધરી ભાંગેલા ગાડીવાનની જેમ શોક કરે છે. ૧૪-૧૫

પછી મરણ ઉપસ્થિત થતાં તે બાલ જન ભયથી ત્રાસ પામે છે અને કલિ-પાસા વડે[1] જિતાયેલા જુગારીની જેમ, અકામ મરણ મરે છે. ૧૬

આ તો બાલ જનોનું અકામ મરણ કહ્યું. હવે, પંડિતોનું સકામ મરણ મારી પાસેથી સાંભળો. ૧૭

પુણ્યશાળી, સંયમી અને જિતેન્દ્રિય પુરુષોનું પ્રસન્ન અને વિઘ્નરહિત એવું મરણ (પંડિત મરણ), જે મેં સાંભળ્યું છે તે, સર્વ ભિક્ષુઓને અથવા સર્વ ગૃહસ્થોને પ્રાપ્ત થતું નથી, કારણ કે

---

૧. મૂળમાં धुत्ते व कलिणा जीए એમ છે कलिનો અર્થ ટીકાકારો સંદર્ભ ઉપરથી दाय (જુગારનો દાવ) આપે છે પરંતુ कलिનો 'પાસો' અર્થ સંસ્કૃતમાં પ્રસિદ્ધ હોઈ તે લેવો ઉચિત છે. 'કલિ' અને 'જુગાર'નો ગાઢ સંબંધ મહાભારતના નલોપાખ્યાન ઉપરથી સ્પષ્ટ થાય છે.

एवं धम्मं विउक्कम्म[1] अहम्मं पडिवज्जिया ।
बाले मच्चुमुहं पत्ते अक्खे भग्गे व सोयई ॥ १५

तओ से मरणन्तंमि बाले सन्तसई भया ।
अकाममरणं मरई धुत्ते व कलिणा जिए ॥ १६

एयं अकाममरणं बालाणं तु पवेइयं ।
एत्तो सकाममरणं पण्डियाणं सुणेह मे ॥ १७

मरणं पि सपुण्णाणं जहा मेऽय[2] मणुस्सुयं ।
विप्पसन्नमणाघायं संजयाण वुसीमओ ॥ १८

न इमं सव्वेसु भिक्खूसु न इमं सव्वेसुऽगारिसु ।
नाणासीलायगारत्था[3] विसमसीला य भिक्खुणो ॥ १९

---

१. कम्मा. शा० । २. मेय॰. शा० । ३. अगा॰. शा० ।

ગૃહસ્થોનું શીલ વિવિધ પ્રકારનું હોય છે, અને ભિક્ષુઓ પણ વિષમ શીલવાળા હોય છે. ૧૮-૧૯

કેટલાક ભિક્ષુઓ કરતાં (કેટલાક) ગૃહસ્થો સંયમમાં અધિક હોય છે, પરન્તુ સર્વ ગૃહસ્થો કરતાં સાધુઓ સંયમમાં અધિક હોય છે. ૨૦

વલ્કલ, ચર્મ, નગ્નત્વ, જટા, સંઘાટ (બૌદ્ધ સાધુનાં વસ્ત્ર) અને મુંડન-એ બધાં પણ દુરાચારી ભિક્ષુનું રક્ષણ કરી શકતાં નથી. ૨૧

માત્ર માગી ખાનાર પણ જો દુ:શીલ હોય તો નરકથી છૂટી શકતો નથી. ભિક્ષુ હોય કે ગૃહસ્થ, પણ જો તે સદાચારી હોય તો સ્વર્ગમાં જાય છે. ૨૨

શ્રદ્ધાવાન ગૃહસ્થ સામાયિક આદિ અંગોને આચરે, અને બન્ને પખવાડિયાંમાં એક રાત્રિ પણ પૌષધ પડવા ન દે. ૨૩

આ પ્રમાણે શિક્ષાનું આચરણ કરીને ગૃહવાસમાં પણ સુવ્રત એવો તે આ ઔદારિક શરીરથી[1] મુક્ત થઈને દેવલોકમાં[2] જાય છે. ૨૪

---

૧. મૂળમાં छविपव्वाओ (સં. छविपर्व)—ચામડી અને સાંધા—છે. અર્થાત્ ઔદારિક શરીર.

૨. મૂળમાં जक्खसलोगयं (સં.यक्षसलोकतां) - યક્ષો રહેતા હોય એવા લોકમાં (દેવલોકમાં) રહેવું તે. જુઓ પૃ. ૩૧, ટિ. ૧

सन्ति एगेहिं भिक्खूहिं गारत्था संजमुत्तरा ।
गारत्थेहि य सव्वेहिं साहवो संजमुत्तरा ॥ २०
चीराजिणं नगिणिणं जडी संघाडि मुण्डिणं ।
एयाणि वि न तायन्ति दुस्सीलं परियागयं ॥ २१
पिण्डोलए[1] दुस्सीले नरगाओ न मुच्चई ।
भिक्खाए वा गिहत्थे वा सुव्वए गम्मई[2] दिवं ॥ २२
अगारि सामाइयङ्गाणि सड्ढी काएण फासए ।
पोसहं दुहओ पक्खं एगरायं न हावए ॥ २३
एवं सिक्खासमावन्ने गिहिवासे वि सुव्वए ।
मुच्चई छविपव्वाओ गच्छे जक्खसलोगयं ॥ २४

---

१. पिण्डोलए व्व. शा० । २. कम्मइ. शा० ।

હવે, જે સંવર (કર્મનિરોધ) કરનાર ભિક્ષુ હોય છે તે સર્વ દુઃખોથી મુક્ત મોક્ષગામી અથવા મહર્દ્ધિક દેવ—એ બેમાંથી એક થાય છે. ૨૫

ઉત્તમ, મોહરહિત, પ્રકાશમાન, અને દેવો વડે વ્યાપ્ત સ્થાનો—જ્યાં યશસ્વી, દીર્ઘાયુ, ઋદ્ધિમાન, સમૃદ્ધ અને ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, જાણે હમણાં જ ઉત્પન્ન થયા હોય એવી કાન્તિવાળા, તથા અનેક સૂર્યોના જેવી દીપ્તિવાળા (દેવો રહે છે એવાં) તે સ્થાનોમાં—સંયમ અને તપની આરાધના કરીને ઉપશમ વડે પરિનિર્વૃત થયેલા પુરુષો, પછી ભલે તેઓ ભિક્ષુઓ હોય કે ગૃહસ્થો, જાય છે. ૨૬—૨૭—૨૮

એ પૂજનીય, સંયમી અને જિતેન્દ્રિય પુરુષોનો (આ વૃત્તાન્ત) સાંભળીને શીલવાન અને બહુશ્રુત જનો મરણ સમીપે પણ ત્રાસ પામતા નથી. ૨૯

अह जे संवुडे भिक्खू दोण्हं अन्नयरे सिया ।
सव्वदुक्खपहीणे वा देवे वावि महिड्ढिए　　　२५

उत्तराइं विमोहाइं [1]जुइमन्ताऽणुपुव्वसो ।
समाइण्णाइं जक्खेहिं आवासाइं जसंसिणो　　　२६

दीहाउया इड्ढिमन्ता समिद्धा कामरूविणो ।
अहुणोववन्नसंकासा भुज्जो अच्चिमलिप्पभा　　　२७

ताणि ठाणाणि गच्छन्ति सिक्खित्ता संजमं तवं ।
भिक्खाए[2] वा गिहित्थे वा जे सन्तिपडिनिव्वुडा　　　२८

तेसिं सोच्चा सपुज्जाणं संजयाण वुसीमओ ।
न संतसन्ति मरणन्ते सीलवन्तो[3] बहुस्सुया　　　२९

---

१. जुई. शा० । २. भिक्खागे. शा० । ३ सीलवन्ता. शा० ।

(બન્ને પ્રકારનાં મરણની) તુલના કરી, એમાંથી જે ઉત્તમ હોય તે (પંડિત મરણ) ગ્રહણ કરી, દયાધર્મમાં કહેલ ક્ષમા વડે તે પ્રકારની ઉત્તમ આત્મસ્થિતિએ પહોંચીને મેધાવી પુરુષ પ્રશાન્ત થાય. ૩૦

ત્યારપછી (મૃત્યુને માટે) યોગ્ય સમય આવે ત્યારે શ્રદ્ધાવાન સાધક (પોતાના ગુરુની) સમીપ તે પ્રકારના રોમહર્ષનો[1] ત્યાગ કરે, અને પોતાના દેહવિલયની આકાંક્ષા કરે. ૩૧

હવે, મરણકાળ પ્રાપ્ત થતાં સમુચ્છ્રયનો[2] અંત કરતો મુનિ ત્રણમાંથી એક પ્રકારે સકામ મરણ[3] મરે છે. ૩૨

એ પ્રમાણે હું કહું છું.

---

૧. 'અહો! મારુ મરણ થશે' એ પ્રકારનો ભયજનિત રોમાંચ.

૨. ટીકાકારો અનુસાર, અંદરથી કાર્મણ શરીરનો અને બહારથી ઔદારિક શરીરનો

૩. સકામ મરણ ત્રણ પ્રકારનાં હોય છેઃ (૧) ભક્તપ્રત્યાખ્યાનઃ એમાં મરણ પર્યંત આહારનો ત્યાગ કરવાનો હોય છે. (૨) ઇંગિત મરણઃ એમાં આહારનો ત્યાગ કરવા ઉપરાંત હાલવા ચાલવાનું ક્ષેત્ર પણ મર્યાદિત કરવાનું હોય છે. (૩) પાદપોપગમનઃ એમાં આહારનો ત્યાગ કરીને વૃક્ષની શાખાની જેમ નિશ્ચેષ્ટપણે પડી રહેવાનું હોય છે.

तुलिया विसेसमादाय दयाधम्मस्स खन्तिए ।
विप्पसीएज्ज मेहावी तहाभूएण अप्पणा ३०

तओ काले अभिप्पेए सड्ढी तालिसमन्तिए ।
विणएज्ज लोमहरिसं भेयं देहस्स कंखए ३१

अह कालम्मि संपत्ते आघायाय समुस्सयं ।
सकाममरणं मरइ[1] तिण्हमन्नयरं मुणि ३२

त्ति बेमि

---

१. मरई. शा० ।

અધ્યયન ૬

ક્ષુલ્લકનિર્ગ્રન્થીય

['ક્ષુલ્લક સાધુને લગતુ']

જેટલા અજ્ઞાની પુરુષો છે તે બધા દુઃખી થાય છે; અનંત સંસારમાં તે મૂઢો અનેક પ્રકારે ક્લેશ સહન કરે છે. ૧

માટે બંધન અને જન્મના માર્ગને[1] સારી રીતે જોઈને પંડિત જને પોતાના આત્માથી સત્યની શોધ કરવી, અને પ્રાણી માત્ર સાથે મૈત્રી રાખવી. ૨

'માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની, અને ઔરસ પુત્રો એ સર્વે પોતાના કર્મ વડે પીડાતા એવા મારું રક્ષણ કરવાને સમર્થ નહિ થાય.'[2] ૩

---

૧ મૂળમાં पासजाईपहे (સં. पाशजातिपथाः) શબ્દ છે એમાંથી पास— 'બંધન'નો અર્થ સમજાવતાં ટીકાકાર નેમિચંદ્ર નીચેનો શ્લોક ટાંકે છે— भार्यया निगडं दत्त्वा न सन्तुष्टः प्रजापतिः । भूयोऽप्यपत्यदानेन ददाति गलशृंखलाम् (પત્ર ૧૧૧-૧૨) ॥

૨. 'સૂત્રકૃતાંગસૂત્ર' ૧-૯-૫માં પણ આ પદ્ય છે.

जावन्तऽविज्जापुरिसा सव्वे ते दुक्खसंभवा ।
लुप्पन्ति बहुसो मूढा संसारंमि अणन्तए ॥ १

समिक्ख पण्डिए तम्हा पासजाईपहे बहू ।
अप्पणा सच्चमेसेज्जा मेत्तिं भूएसु कप्पए ॥ २

माया पिया ण्हुसा भाया भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय[1] लुप्पन्तस्स सकम्मुणा ॥ ३

---

१. ताणाए शा० ।

સમ્યક્ દર્શનવાળા મનુષ્યે પોતાની બુદ્ધિથી આ વસ્તુ જોવી, વિષયાભિલાષ અને સ્નેહને છેદી નાખવા તથા પૂર્વપરિચયની આકાંક્ષા ન રાખવી. ૪

ગાય, ઘોડા, મણિકુંડલ તથા દાસો અને (સેવક) મનુષ્યો એ સર્વનો ત્યાગ કરીને તું કામરૂપી[1] થઇશ. ૫

[સ્થાવર અને જંગમ, ધન, ધાન્ય અને ગૃહોપકરણો એ સર્વે વસ્તુઓ કર્મો વડે પીડાતા જીવને દુઃખથી મુકાવવાને સમર્થ નથી.][2]

સર્વે ઉપર આવી પડેલી વસ્તુઓ તેમના ચિત્તમાં રહેલી છે[3]

૧. ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનાર, દેવ.

૨. 'ઉત્તરાધ્યયન' મૂલની ડૉ. યાકોબીની વાચના તથા એના તેમણે કરેલા અંગ્રેજી અનુવાદ ઉપરથી જણાય છે કે મોટા કૌંસમાં જેનો અનુવાદ મૂકેલો છે એવું આ थावरं जंगमं चेव०થી શરૂ થતું પદ્ય તેમને મળેલી કેટલીક હાથપ્રતોમાં નથી. શાર્પેન્ટિયરની વાચનામાં પણ તે નથી. પરંતુ ચૂર્ણિમાં તેમ જ શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની ટીકાઓમાં એ પદ્યનો સ્વીકાર કરેલો છે, અને અમુક વાચનાઓ કે પરંપરામાં એ ન હોવાનું સૂચન ત્યાં નથી. પ્રાચીન તાડપત્રીય હાથપ્રતોની ઠીક ઠીક મોટી સંખ્યા તપાસ્યા પછી જ આ પદ્ય ક્ષેપક છે કે કેમ એ વસ્તુનો સાધાર નિર્ણય કદાચ થઈ શકે.

૩. મૂળમાં अज्झत्थं છે, તે ઉપર ટીકાકાર નેમિચન્દ્ર આમ વિવેચન

एयमट्ठं सपेहाए पासे समियदंसणे ।
छिन्द गेद्धिं सिणेहं च न कङ्खे पुव्वसंथवं[1] ४
गवासं मणिकुण्डलं पसवो दासपोरुसं ।
सव्वमेयं चइत्ताणं कामरूवी भविस्ससि ५
[2] [थावरं जंगमं चेव धणं धन्नं उवक्खरं ।
पच्चमाणस्स कम्मेहिं नालं दुक्खाओ मोयणे]
अज्झत्थं सव्वओ सव्वं दिस्स पाणे पियायए ।
न हणे पाणिणो पाणे भयवेराओ उवरए ६

१. संथुयं. शा० । २. आ श्लोक (शा०मां) नथी.

એ જોઈને, તથા સર્વેને પોતાના પ્રાણ પ્રિય છે એ જોઈને પ્રાણીઓના પ્રાણની હિંસા ન કરવી તથા ભય અને વેરથી વિરામ પામવું. ૬

(કોઈની અનુજ્ઞા સિવાય) કંઈ પણ લેવું એ નરક છે, એમ જોઈને એક તરણું પણ લેવું નહિ. ભૂખ્યા[1] (ભિક્ષુ) એ પોતાના પાત્રમાં કોઈએ આપેલું ભોજન લેવું. ૭

અહીં કેટલાક એમ પણ માને છે કે પાપકર્મનો ત્યાગ કર્યા સિવાય માત્ર આર્ય ધર્મ જાણવાથી સર્વ દુઃખોમાંથી મુક્ત થવાય છે. ૮

બંધ અને મોક્ષને સ્વીકારતાં છતાં માત્ર વાતો કરનારા અને આચરણ નહિ કરનારા એવા તેઓ માત્ર વાણીના પરાક્રમથી પોતાના આત્માને આશ્વાસન આપે છે. ૯

કરે છે— 'अज्झत्थं' त्ति सूत्रत्वात् 'अध्यातमस्थम्' अध्यात्मं–चित्तं तस्मिंस्तिष्ठतीत्यध्यात्मस्थं, तच्चेह प्रस्तावात् सुखादि (પત્ર ૧૧૨). અર્થાત 'અધ્યાત્મ' એટલે 'ચિત્ત,' અને 'અધ્યાત્મસ્થ' એટલે એમાં રહેલાં સુખદુઃખાદિ.

૧. મૂળમાં दोगुंछी શબ્દ છે. ટીકાકારોએ એની સંસ્કૃત છાયા जुगुप्सिन् આપી છે, અને એનો અર્થ 'આહાર લીધા વિના ધર્મપાલન અશક્ય થઈ પડશે એવી 'જુગુપ્સા' (વિચાર ?) કરનાર' એવો લીધો છે दोगुंछी નો વાગ્વ્યાપારગત સંબંધ 'જુગુપ્સા' સાથે કદાચ હોય એમ માનીએ તો પણ એનો આ અર્થ શી રીતે સંભવે ? 'ઉત્તરાધ્યયન સૂત્ર'-ના બીજા 'પરીષહ' અધ્યયનના પ્રારંભિક ગદ્યભાગમાં 'દિગિન્છા' નામે પહેલો પરીષહ છે, જેનું પાઠાન્તર 'દિગિંછા' પણ છે. ત્યાં એનો અર્થ

आयाणं नरयं दिस्स नायएज्ज तणामवि।
दोगुञ्छी अप्पणो पाए दिन्नं भूञ्जेज्ज भोयणं ७
इहमेगे उ मन्नन्ति अप्पच्चक्खाय पावगं ।
आयरियं विदित्ताणं सवदुक्खाण मुच्चई ८
भणन्ता अकरेन्ता य बन्धमोक्खपइण्णिणो ।
वायाविरियमेत्तेण समासासेन्ति अप्पयं ९

વિચિત્ર પ્રકારની વાણી કંઈ રક્ષણ કરતી નથી; વિદ્યાનું માત્ર શિક્ષણ પણ કેવી રીતે રક્ષણ કરે? પોતાની જાતને પંડિત માનનારા મૂર્ખાઓ પાપકર્મોમાં ઊંડા ને ઊંડા ઊતરે છે. ૧૦

જે કોઇ જીવો શરીરમાં, શરીરના વર્ણમાં અને રૂપમાં મન, વચન અને કર્મથી એમ સર્વ પ્રકારે આસક્ત થાય છે તેઓ સર્વે દુઃખભાગી થાય છે. ૧૧

તેઓ આ અનંત સંસારરૂપી લાંબા માર્ગમાં ભમે છે; માટે સર્વ રીતે જોઈને મુનિએ અપ્રમત્તપણે વિચરવું. ૧૨

(ભવથી) બહિર્ભૂત અને સર્વથી ઊંચે રહેલા(મોક્ષ)નો સ્વીકાર કરીને (અર્થાત્ તે માટે પ્રયત્ન કરવાનો નિશ્ચય કરીને) કદી પણ (વિષયાદિની) અભિલાષા ન કરવી; માત્ર પૂર્વકર્મોનો ક્ષય કરવા માટે આ દેહને ટકાવવો. ૧૩

કર્મના હેતુને જાણીને સમયજ્ઞ એવો તે પર્યટન કરે.

ભૂખ' છે. પ્રસ્તુત ચર્ચામાંના दोगुछीમાં રહેલા 'દોગુંછા' શબ્દને 'દિગિંછા'નું જ કોઈ બોલીગત સ્વરૂપ ગણી શકાય? અથવા અહીં કદાચ સાચો પાઠ જ दिगिंछा હોય. જો એમ હોય તો એ શબ્દનો ઉપર કરેલો અનુવાદ વાજબી ઠરે. સંભવ છે કે આ શબ્દનું મૂળ કદાચ દેશ્યમાં હોય

न चित्ता तायए भासा कुओ विज्जाणुसासणं ।
विसन्ना पावकम्मेहिं बाला पण्डियमाणिणो ॥ १०

जे केइ सरीरे सत्ता वण्णे रूवे य सव्वसो ।
मणसा कायवक्केणं सव्वे ते दुक्खसंभवा ॥ ११

आवन्ना दीहमद्धाणं संसारम्मि अणन्तए ।
तम्हा सव्वदिसं पस्सं अप्पमत्तो परिव्वए ॥ १२

बहिया उड्ढमादाय नावकंखे कयाइ वि ।
पुव्वकम्मखयट्ठाए इमं देहं समुद्धरे ॥ १३

विविच्च कम्मुणो हेउं कालकंखी परिव्वए ।
मायं पिण्डस्स पाणस्स कडं लद्धूण भक्खए ॥ १४

(ગૃહસ્થે) તૈયાર કરેલ આહારપાણી પણ માપમાં ગ્રહણ કરીને ભક્ષણ કરે. ૧૪

પાત્રને ચોંટી રહેતી ચીકાશ જેટલો લેશમાત્ર સંગ્રહ પણ સંયમીએ ન કરવો. પક્ષી જેમ પાંખને સાથે લઈને ઊડે તેમ મુનિ પણ પોતાનું પાત્ર લઈને નિરપેક્ષપણે વિહરે.[1] ૧૫

એષણાસમિતિવાળો (આહાર ગ્રહણ કરવામાં ધાર્મિક મર્યાદાઓ જાળવનાર) અને લજ્જામય–સંયમી એવો તે અનિયતપણે ગામ અને નગરોમાં વિચરે. મત્તોમાં અપ્રમત્ત એવો તે આહારની ગવેષણા કરે. ૧૬

એ પ્રમાણે અનુત્તરજ્ઞાની, અનુત્તરદર્શી, અનુત્તર જ્ઞાનદર્શનધારી અર્હન્ જ્ઞાતપુત્ર ભગવાન વૈશાલિકે[2] વ્યાખ્યાન કરીને કહ્યું છે.

એ પ્રમાણે હું કહું છું.

---

૧. મૂળમાં આ પદ્યનું બીજું ચરણ पक्खी पत्तं समादाय निरवेक्खो परिव्वए । એમાં पत्त (સં. पत्र અથવા पात्र) ઉપર શ્લેષ છે, કેમકે पत्तના 'પાંખ' તેમ જ 'પાત્ર' એવા બે અર્થ થાય છે.

૨. ભગવાન મહાવીર. તેઓ વૈશાલી પાસેના કુંડગ્રામના હતા, તેથી એમને 'વૈશાલિક' (પ્રા. वेसालिअ)—વૈશાલીવાસી કહેલા છે.

सन्निहिं च न कुव्विज्जा[1] लेवमायाए संजए ।
पक्खी पत्तं समादाय निरवेक्खो परिव्वए १५
एसणासमिओ लज्जू गामे अणियओ चरे ।
अप्पमत्तो पमत्तेहिं पिण्डवायं गवेसए १६
एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे
अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए । त्ति बेमि ॥

---

१. कुव्वेज्जा. शा० ।

અધ્યયન ૭

એલક

['ઘેટો']

અતિથિને ઉદ્દેશીને (તેને ખવરાવવા માટે) કોઈ ઘેટાને ઉછેરે અને ચોખા તથા ઘાસચારો આપીને પોતાને આંગણે પાળે. ૧

પછી પુષ્ટ, સમર્થ, જાડો, મોટા પેટવાળો, સંતુષ્ટ અને વિપુલ દેહવાળો થયેલો એ ઘેટો જાણે અતિથિની પરિકાંક્ષા કરતો ન હોય (એવો દેખાય છે)! ૨

જ્યાંસુધી અતિથિ ઘેર આવે નહિ ત્યાં સુધી જ એ બિચારો જીવે છે; અતિથિ આવે એટલે તો માથું કાપી નાખીને તેનો આહાર કરવામાં આવે છે. ૩

જેવી રીતે એ ઘેટો અતિથિને માટે તૈયાર થાય છે તેવી રીતે અધર્મી બાલ જીવ નરકના આયુષ્ય માટે ઇચ્છા કરે છે. ૪

૧. મૂળ 'आएस (સં. आदेश). એનો અર્થ ટીકાકારો આમ સમજાવે છે: 'જે આવે ત્યારે પરિજનોને વિવિધ કાર્યો કરવા માટે આદેશ આપવામાં આવે તે આદેશ અર્થાત્ અતિથિ.

जहाऽएसं समुद्दिस्स कोइ पोसेज्ज एलयं ।
[१]ओदणं जवसं देज्जा पोसेज्जा वि सयङ्गणे १

तओ से पुट्ठे परिवूढे जायमेए महोदरे ।
पीणिए विउले देहे आएसं परिकङ्खए २

जाव न एइ आएसे ताव जीवइ सो दुही ।
अह पत्तंमि आएसे सीसं छेत्तूण भुज्जइ ३

जहा से खलु उरब्भे आएसाए समीहिए ।
एवं बाले अहम्मिट्ठे ईहई नरयाउयं ४

१. ओयणं शा० ।

હિંસક, જૂઠું બોલનાર, માર્ગમાં લૂંટ કરનાર, બીજાએ આપ્યા વિનાની વસ્તુ હરી લેનાર, ચોર, કપટી, 'કોની વસ્તુ હું હરી લઉં' એવો હંમેશાં વિચાર કરનાર[1], શઠ, સ્ત્રી અને વિષયોમાં આસકત, મહાઆરંભ અને મહાપરિગ્રહવાળો, સુરા અને માંસ વાપરનાર, (શરીરમાં રુધિરમાંસ વધવાને કારણે) વૃદ્ધિ પામેલા શરીરવાળો, પરને પીડા આપનાર, સારી રીતે પકાવેલું બકરાનું માંસ ખાનાર,[2] ફાંદવાળો, અને જેણે શરીરમાં લોહી જમાવ્યું છે એવો મૂર્ખ જીવ, અતિથિની રાહ જોતા (ઉપર્યુક્ત) ઘેટાની જેમ, નરકનું આયુષ્ય બાંધવા કાંક્ષા કરે છે. ૫–૭

આસન, શયન, વાહન, ધન અને વિષયો ભોગવીને, મુશ્કે–

---

૧. મૂળમાં कं नु हरे પાઠ છે; શાન્તિસૂરિની ટીકામાં कण्हुहरे પાઠ સ્વીકારેલો છે. નેમિચન્દ્રમાં कन्नुहरे છે. બન્ને ટીકાકારોએ અર્થ તો ઉપર પ્રમાણે જ કરેલો છે. ત્રણ વિભિન્ન શબ્દ મળીને આ એક શબ્દ બનેલો છે.

૨. મૂળમાં अयकक्करभोई (સં. अजकर्करभोजी) છે. શાન્તિસૂરિએ તેનો અર્થ આમ સમજાવેલો છેઃ अजः–छागस्तस्य कर्करं—यच्चनकवद् भक्ष्यमाणं कर्करायते तच्चेह प्रस्तावाद् मेदोदन्तुरमतिपक्वं वा मांसं तद्भोजी वा (પત્ર ૨૭૫).

हिंसे बाले मुसावाई अद्धाणम्मि[1] विलोवए ।
अन्नदत्तहरे तेणे माई कं नु हरे सढे ५

इत्थीविसयगिद्धे य महारम्भपरिग्गहे ।
भुञ्जमाणे सुरं मंसं परिवूढे परंदमे ६

अयकक्करभोई य तुन्दिल्ले[2] चियलोहिए[3] ।
आउयं नरए कङ्खे जहाएसं व एलए ७

आसणं सयणं जाणं वित्तं कामाणि[4] भुंजिया ।
दुस्साहडं धणं हिच्चा बहुं संचिणिया रयं ८

तओ कम्मगुरू जन्तू पच्चुप्पन्नपरायणे ।
अए[5] व्व आगयाएसे मरणन्तम्मि सोयई[6] ९

---

१. अध्द्धाणंसि. शा० । २. तुंडिल्ले. शा० । ३. सोणिए. आ० । ४ कामेय. शा० । ५. अय. शा० । ६. सोयए आ० ।

લીએ એકત્ર કરેલા ધનનો ત્યાગ કરીને તથા ઘણી કર્મરજ સંચિત કરીને કર્મોથી ભારે બનેલો જીવ, અતિથિ આવી પહોંચતાં બકરો[1] શોક કરે તેમ, મરણ સમયે શોક કરે છે. ૮–૯

પછી આયુષ્ય ક્ષીણ થતાં, વિવિધ પ્રાણીઓની હિંસા કરનારા તથા અજ્ઞાનથી અવશ થયેલા તે મૂર્ખ જીવો આસુરી દિશા–નરકગતિને પામે છે. ૧૦

જેમ કાકિણી–કોડીને[2] માટે મનુષ્ય હજાર (કાર્ષાપણ) હારી જાય છે[3] અને અપથ્ય કેરી ખાઈને રાજા જેમ રાજ્ય હારી જાય

૧. મૂળમાં अए (સં. अजः) શબ્દ છે, પણ ચાલુ સન્દર્ભને અનુસરીને એનો અહીં 'ઘેટો' અર્થ કરવો જોઈએ.

૨. ટીકાકાર નેમિચન્દ્રે 'काकिण्याः' रूपकाशीतितमभागरूपायाः (પત્ર ૧૧૮) એમ કહીને 'કાકીણી'ને રૂપિયાના એંશીમા ભાગ બરાબર ગણી છે.

૩. અહીં ટીકાકારો નીચેનું દૃષ્ટાંત ટાંકે છેઃ કોઈ ગરીબ માણસે એક હજાર કાર્ષાપણ ભેગા કર્યા હતા. તે સાર્થની સાથે પોતાને ઘેર આવતો હતો. રસ્તામાં તેણે રૂપિયો વટાવી 'કાકિણીઓ' લીધી. દરરોજ એક એક કાકિણી વાપરી તે ભોજન કરતો હતો. એક વાર ખાવા બેઠો હતો ત્યાં એક કાકિણી ભૂલી ગયો. 'હવે મારે રૂપિયો વટાવવો પડશે' એવા ડરથી પોતાના રૂપિયાની વાંસળી એક સ્થળે દાટી દઈને તે કાકિણી લેવા પાછો ગયો. પેલી કાકિણી તો કોઈ લઈ ગયું હતું અને દાટેલી વાંસળી પણ કોઈએ કાઢી લીધી.

तओ आउपरिक्खीणे चुया देहविहिंसगा ।
आसुरीयं दिसं बाला गच्छन्ति अवसा तमं ॥ १०
जहा कागिणिए हेउं सहस्सं हारई[1] नरो ।
अपच्छं अम्बगं भोच्चा राया रज्जं तु हारए ॥ ११
एवं माणुस्सगा कामा देवकामाण अन्तिए ।
सहस्सगुणिया भुज्जो आउ[2] कामा य दिव्विया ॥ १२

१. हारए. शा० । २. आउं. शा० ।

છે.[1] (તેમ મનુષ્ય માનવભવ હારી જાય છે). એ પ્રમાણે મનુષ્યસંબંધી વિષયો દેવસંબંધી વિષયોની આગળ તુચ્છ છે, દિવ્ય આયુષ્ય અને વિષયો (માનવ આયુષ્ય અને વિષયો કરતાં) અનેક સહસ્રગણાં છે. ૧૧–૧૨

પ્રજ્ઞાવાનોનું–દેવોનું આયુષ્ય ઘણાં નયુત વર્ષનું[2] હોય છે; મૂર્ખ મનુષ્યો સો વર્ષ કરતાંયે ઓછા જીવનમાં કેટલાં બધાં વર્ષ હારી જાય છે! ૧૩

જેમ ત્રણ વાણિયા મૂલ–મૂડી લઈને નીકળ્યા, તેમાંથી એક લાભ મેળવે છે, એક માત્ર મૂડી લઈને પાછો આવે છે, અને એક

---

૧. અહીં ટીકાકારો નીચેનું દૃષ્ટાન્ત ટાંકે છે: કોઈ રાજાને કેરીનું અજીર્ણ થવાથી વિષૂચિકા થઈ હતી. વૈદ્યોએ ચિકિત્સા કરીને કહ્યું કે 'હવે તમારે કેરીઓ ખાવી નહિ.' તેને કેરીઓ બહુ જ ભાવતી હતી, પણ સ્વદેશમાં તેણે બધા આંબા ઉખડાવી નાખ્યા હતા. એક વાર ઘોડા ઉપર બેસી અમાત્યની સાથે તે બહાર નીકળ્યો હતો. ઘોડો તેને દૂર દેશમાં ખેંચી ગયો. ત્યાં અમાત્યે વારવા છતાં એક વનખંડમાં આંબા નીચે રાજા બેઠો. ત્યાં કેરીઓ પડેલી હતી. રાજાએ એ લીધી, સૂંઘી અને અમાત્યે વારવા છતાં તે ખાધી, એટલે તે મરણ પામ્યો.

૨. નયુત એ એક વિશિષ્ટ કાળસંખ્યા છે તેની સમજૂતી આ પ્રમાણે છે:

૮,૪૦૦,૦૦૦ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ
૮,૪૦૦,૦૦૦ લાખ પૂર્વાંગ = ૧ પૂર્વ
૮,૪૦૦,૦૦૦ લાખ પૂર્વ = ૧ નયુતાંગ
૮,૪૦૦,૦૦૦ નયુતાંગ = ૧ નયુત

अणेगवासानउया जा सा पन्नवओ ठिइ[1] ।
जाणि जीयन्ति दुम्मेहा ऊणवाससयाउए ॥ १३

जहा य तिन्नि वाणिया मूलं घेत्तूण निग्गया ।
एगोऽत्थ लहए[2] लाभं एगो मूलेण आगओ ॥ १४

---

१. ठिई. शा० । २. लहई. शा० ।

વાણિયો મૂડી પણ હારીને આવે છે. આ વ્યાવહારિક ઉપમા છે, ધર્મની બાબતમાં પણ એમ જ જાણવું. ૧૪–૧૫

મનુષ્યત્વ એ મૂલ–મૂડી છે, અને દેવગતિ એ લાભ છે; એ મૂલનો નાશ થવાથી જીવો નારક અને તિર્યંચ તરીકે ઉત્પન્ન થાય છે ૧૬

આ પ્રમાણે બાલ જીવની (નારક અને તિર્યંચ એમ) બે પ્રકારની ગતિ થાય છે; અને ત્યાં વધ આદિ આપત્તિઓ તે ભોગવે છે. એ લાલચુ શઠ દેવત્વ અને મનુષ્યત્વ બન્ને હારી જાય છે. ૧૭

એ રીતે હારી ગયા પછી સદા તેની બે પ્રકારની દુર્ગતિ થાય છે; અને લાંબે કાળે પણ એમાંથી બહાર નીકળવાનું દુર્લભ થઈ પડે છે. ૧૮

આ પ્રમાણે થતી હારનો વિચાર કરીને તથા બાલ અને પંડિતની તુલના કરીને જેઓ મૂલ–મૂડી સાચવી રાખે છે તેઓ માનવયોનિમાં આવે છે. ૧૯

एगो मूलं पि हारित्ता आगओ तत्थ वाणिओ ।
ववहारे उवमा एसा एवं धम्मे वियाणह १५
माणुसत्तं भवे मूलं लाभो देवगई भवे ।
मूलच्छेएण जीवाणं नरगतिरिक्खत्तणं धुवं १६
दुहओ गई बालस्स आवई वहमूलिया ।
देवत्तं माणुसत्तं च जं जिए लोलयासढे १७
तओ जिए सइं[1] होई दुविहं दोग्गइं गए ।
दुल्लहा तस्स उम्मुग्गा अद्धाए सुइरादवि १८
एवं जियं सपेहाए तुलिया बालं च पण्डियं ।
मूलियं से पवेसन्ति माणुसिं जोणिमेन्ति जे १९

---

१. सई होइ. शा० ।

વિવિધ પ્રકારની શિક્ષાઓ વડે જે પુરુષો ગૃહસ્થાશ્રમમાં સદાચાર પાળે છે તેઓ માનવ યોનિમાં આવે છે;[1] પ્રાણીઓ કર્મોનાં ફલ અવશ્ય ભોગવે છે. ૨૦

જેમની પાસે વિપુલ શિક્ષા છે તે શક્તિવાન, વિશિષ્ટ અને અદીન જનો પોતાની મૂડીને ઓળંગી જઈને (મનુષ્યત્વથી યે ઊંચે જઈને) દેવત્વને પામે છે. ૨૧

આમ ભિક્ષુ અથવા ગૃહસ્થને અદીન બનેલો જાણીને મનુષ્ય આ રીતે જિતાતી પોતાની જાતને કેમ ન જાણે? (અર્થાત્ સાવધ કેમ ન થાય?) ૨૨

જેવી રીતે દર્ભની અણી ઉપર રહેલા જલબિન્દુને સમુદ્ર સાથે સરખાવીએ તેમ દૈવી ભોગો આગળ માનવભોગોનું સમજવું. ૨૩

---

૧. શાન્તિસૂરિ અને નેમિચન્દ્ર એ બન્ને ટીકાકારો અહીં નીચેનું પ્રાકૃત અવતરણ ટાંકે છે: चउहिं ठाणेहिं जीवा मणुयाउयं बंधंति, तं जहा—पगइ-भद्दयाए पगइविणीययाए साणुक्कोसयाए अमच्छरिययाए त्ति। અર્થાત્ નીચેનાં ચાર સ્થાનો વડે જીવો મનુષ્યઆયુષ્ય બાંધે છે—પ્રકૃતિભદ્રતા, પ્રકૃતિવિનીતતા, સાનુક્રોશતા—કરુણા અને અમત્સર.

वेमायाहि सिक्खाहिं जे नरा गिहिसुव्वया ।
उवेन्ति माणुसं जोणिं कम्मसच्चा हु पाणिणो ॥ २०

जेसिं तु विउला सिक्खा मूलियं ते अइच्छिया ।
सीलवन्ता सवीसेसा अदीणा जन्ति देवयं ॥ २१

एवमद्दीणवं भिक्खुं आगारिं च वियाणिया ।
कहण्णु जिच्चमेलिक्खं जिच्चमाणो न संविदे ॥ २२

जहा कुसग्गे उदगं समुद्देण समं मिणे ।
एवं माणुस्सगा कामा देवकामाण अन्तिए ॥ २३

કામભોગો જો દર્ભની અણી ઉપર રહેલા જલબિન્દુ જેવા (ચંચળ) છે તો આ ટૂંકા આયુષ્યમાં શા માટે યોગક્ષેમ–કલ્યાણના માર્ગને ન જાણવો ? ૨૪

કામોથી નિવૃત્ત નહિ થયેલો મનુષ્ય પોતાના આત્માના અર્થનો–આત્મોન્નતિનો નાશ કરે છે, કેમકે ન્યાયોપપન્ન માર્ગનું શ્રવણ કર્યા પછી પણ તે વારંવાર ભ્રષ્ટ થાય છે. ૨૫

કામોથી જે નિવૃત્ત થયેલો છે તે મનુષ્ય પોતાના આત્માના અર્થનો–આત્મોન્નતિનો નાશ કરતો નથી, અને આ અપવિત્ર દેહનો ત્યાગ કરીને તે દેવ થાય છે, એમ મેં સાંભળ્યું છે. ૨૬

એવો જીવ જ્યાં ધૃતિ, યશ, કાન્તિ, આયુષ્ય અને પુષ્કળ ઉત્તમ સુખ હોય છે એવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. ૨૭

બાલ–અજ્ઞનું બાલત્વ–અજ્ઞત્વ તો જુઓ કે અધર્મનો સ્વીકાર કરી, ધર્મનો ત્યાગ કરી અધર્મી એવો તે નરકમાં ઉત્પન્ન થાય છે. ૨૮

સત્યધર્મને અનુસરનારા ધીરનું ધીરત્વ તો જુઓ કે તે અધર્મનો ત્યાગ કરી, ધર્મિષ્ઠ થઈ દેવોમાં ઉત્પન્ન થાય છે. ૨૯

कुसग्गमेत्ता इमे कामा सन्निरुद्धम्मि आउए ।
कस्स हेउं पुराकाउं जोगक्खेमं न संविदे ॥ २४

इह कामाणियट्टस्स अत्तट्ठे अवरज्झई ।
सोच्चा नेयाउयं मग्गं जं भुज्जो परिभस्सई ॥ २५

इह कामनियट्टस्स[1] अत्तट्ठे नावरज्झई ।
पूइदेहनिरोहेणं भवे देवे त्ति मे सुयं ॥ २६

इड्ढी जुई जसो वण्णो आउं सुहमणुत्तरं ।
भुज्जो जत्थ मणुस्सेसु तत्थ से उववज्जई ॥ २७.

बालस्स पस्स बालत्तं अहम्मं पडिवज्जिया ।
चिच्चा धम्मं अहम्मिट्ठे नरए उववज्जई ॥ २८.

धीरस्स पस्स धीरत्तं सच्चधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे देवेसु उववज्जई ॥ २९.

---

१. °णियट्ट° शा० ।

પંડિત મુનિ બાલભાવ અને અબાલભાવની તુલના કરીને તથા બાલભાવનો ત્યાગ કરીને અબાલભાવને સેવે છે. ૩૦

એ પ્રમાણે હું કહું છું.

तुलियाण बालभावं अबालं चेव पण्डिए ।
चइऊण बालभावं अबालं सेवए[1] मुणि ३०
त्ति बेमि ॥

---

१. सेवई. शा० ।

અધ્યયન ૮

કાપિલીય[1]

['કપિલને લગતું']

અધ્રુવ, અશાશ્વત, અને દુઃખથી ભરેલા આ સંસારમાં એવું કયું કર્મ હશે જે કરવાથી હું દુર્ગતિ ન પામું ? ૧

---

૧. ચૂર્ણિ તેમજ ટીકાઓમાં આ અધ્યયનની પ્રસ્તાવનારૂપે નીચેની કથા આપેલી છે :

કપિલ એ કૌશાંબીના કાશ્યપ નામે બ્રાહ્મણના પુત્ર હતા. કાશ્યપ તે નગરના રાજાના સંમાનિત હતા. તેઓ કપિલને નાની ઉમરનો મૂકીને મરણ પામ્યા, એટલે તેમનું સ્થાન બીજા એક બ્રાહ્મણને આપવામાં આવ્યું. એની સમૃદ્ધિ જોઈને કપિલની માતા યશા રોવા લાગી. કપિલે પૂછ્યું, એટલે તેણે પોતાના પતિની સમૃદ્ધિની વાત કરી. એટલે પિતાની જેમ વિદ્યાસંપન્ન થવા માટે કપિલ પોતાના પિતાના મિત્ર ઇન્દ્રદત્ત નામે બ્રાહ્મણ પાસે શ્રાવસ્તીમાં ગયા. ત્યાં શાલિભદ્ર નામે ઇભ્ય (અર્થાત્

अधुवे असासयंमि संसारंमि दुक्खपउराए ।
किं नाम होज्ज तं कम्मयं जेणाहं दोग्गइं न गच्छेज्जा १

પૂર્વના સંબંધોનો ત્યાગ કરીને, કયાંય પણ સ્નેહ ન કરવો. સ્નેહ કરનારાં–સંબંધીઓ પ્રત્યે પણ સ્નેહ વિનાનો એવો ભિક્ષુ દોષ અને પ્રદોષથી મુક્ત થાય છે. ૨

અતિસમૃદ્ધ શેઠ) ને ઘેર ઇન્દ્રદત્તે એને માટે રહેવા અને જમવાની વ્યવસ્થા કરી. ત્યાં કપિલ એક દાસીના પ્રેમમાં પડ્યા.

એકવાર દાસીઓનો ઉત્સવ આવ્યો ત્યારે એ દાસી પાસે પત્રપુષ્પાદિ માટે ધન નહિ હોવાથી તે રડવા લાગી. એ નગરમાં ધન નામે એક શેઠ પ્રભાતે જે પહેલો આવીને પોતાને વધાવે તેને બે માસા સુવર્ણ આપતો હતો, એની પાસે જવાનું દાસીએ કપિલને કહ્યું. લોભ અને ઉત્સુકતાને કારણે કપિલ રાત્રે જ નીકળ્યો, એટલે તેને નગરરક્ષકોએ પકડીને રાજા પાસે રજૂ કર્યો. રાજાએ પૂછ્યું, એટલે તેણે સાચી વાત કહી. એથી પ્રસન્ન થઈને રાજાએ તેને ઇચ્છિત વસ્તુ માગવાનું કહ્યું. આથી તે ઉદ્યાનમાં જઇને કેટલું માંગવું એનો વિચાર કરવા લાગ્યો. લોભને કારણે તેને એક કોટિ માંગવાના વિચારથી પણ સંતોષ થયો નહિ. એટલામાં શુભ ધ્યાનમાં આરૂઢ થયેલો તે પૂર્વજન્મનું સ્મરણ કરીને તથા પોતાના પાપાચારથી વિરક્ત થઈને સ્વયંબુદ્ધ થયો, અને પોતાને હાથે લોચ કરી રાજા પાસે આવ્યો. રાજાએ પૂછ્યું એટલે તેમણે जहा लाहो तहा लोहो० એ પદ્ય (જુઓ સૂત્ર ૧૭) ઉચ્ચાર્યું, અને 'ધર્મલાભ' કહીને ત્યાંથી ચાલ્યા ગયા. ૭ માસ પછી તેમને કેવલ જ્ઞાન થયું.

હવે, રાજગૃહ નગરથી અઢાર યોજન દૂર આવેલી એક અટવીમાં રહેતા પાંચસો ચોરો પ્રતિબોધ પામશે એમ જ્ઞાનથી જાણીને કપિલ ત્યાં ગયા. ચોરો એમને બાંધીને પોતાના સેનાપતિ પાસે લઇ ગયા. પછી ત્યાં તેઓએ ગમત ખાતર કપિલને નૃત્ય કરવા કહ્યું કપિલ બોલ્યા: "પણ કોઈ બજાવનાર નથી." પાંચસો યે ચોર તાળી પાડવા લાગ્યા, અને કપિલે अधुवे असासयंमि० એ પદ્ય (સૂત્ર ૧) ગાયું. એ સાંભળીને કેટલાક ચોરો પ્રતિબોધ પામ્યા. એ પછી આગળનું પ્રત્યેક પદ્ય ગાતાં તેઓ ઉપર્યુક્ત अधुवे વાળું પદ્ય ધ્રુવપદ તરીકે ગાવા લાગ્યા, અને એમ કરતાં સર્વ ચોરો

विजहित्तु पुव्वसंजोगं[1] न सिणेहं कहिंचि कुव्वेज्जा ।
असिणेह सिणेहकरेहिं दोसपओसेहि मुच्चए भिक्खू ॥ २

---

१. संजोयं. शा० ।

પછી સંપૂર્ણ જ્ઞાન અને દર્શનથી યુક્ત તથા વીતમોહ એવા તે મુનિવર સર્વ જીવોના હિત અને કલ્યાણને માટે તથા તેઓની મુકિતને અર્થે[1] કહેવા લાગ્યા. ૩

તે પ્રકારની સર્વ ગ્રન્થિઓ અને કલહોને ભિક્ષુએ છોડી દેવાં. સર્વ પ્રકારના કામસમૂહોને જોવા છતાં ત્રાયી–પોતાના આત્માની રક્ષા કરતો એવો તે એમાં લેપાતો નથી. ૪

ભોગરૂપી આમિષના દોષમાં ડૂબેલો અને હિતકારી મોક્ષ-માર્ગથી જેની બુદ્ધિ વિમુખ થયેલી છે એવો મૂર્ખ, મંદ અને મૂઢ જીવ, બળખામાં માખીની જેમ, સંસારમાં બંધાય છે. ૫

આ દુરત્યય કામભોગોનો ત્યાગ અધીર પુરુષો સહેલાઈથી કરી શકતા નથી. સુવ્રત સાધુઓ એ દુસ્તર કામભોગોને, વણિકો દુસ્તર સમુદ્રને પાર જાય છે તેમ, તરી જાય છે. ૬

પ્રતિબોધ પામ્યા.

વૈરાગ્યપ્રધાન ઉપદેશ આપનાર આ કપિલને સાંખ્ય દર્શનવાળા કપિલ સાથે કંઇ સંબંધ છે કે કેમ એ તપાસવું જોઈએ. 'તેરાસિય' નામે જે નિહ્નવ (સત્યનો અપલાપ કરનાર મત)નું વર્ણન જૈન ગ્રન્થોમાં છે તે ઉપર વૈશેષિક દર્શનની સ્પષ્ટ અસર છે. જૈન સાથે સાંખ્યનો સંબંધ વિશેષ વિચારણા માગી લે છે.

૧. મૂળમાં तेसिं विमोक्खणट्ठाए (=तेषां विमोक्षणार्थम्) એ શબ્દો છે. 'તેઓની મુક્તિને અર્થે' એટલે 'પાંચસો ચોરોની મુક્તિને અર્થે' એવી સમજૂતી ટીકાકારો આપે છે.

तो नाणदंसणसमग्गो हियनिस्सेसाए[1] सव्व जीवाणं ।
तेसिं विमोक्खणट्ठाए भासई मुणिवरो विगयमोहो ३

सव्वं गन्थं कलहं च विप्पजहे तहाविहं भिक्खू ।
सव्वेसु कामजाएसु पासमाणो न लिप्पई ताई ४

भोगामिसदोसविसन्ने हियनिस्सेयसबुद्धिवोच्चत्थे ।
बाले य मन्दिए मूढे बज्झई मच्छिया व खेलम्मि ५

दुपरिच्चया इमे कामा नो सुजहा अधीरपुरिसेहिं ।
अह सन्ति सुव्वया साहू जे तरन्ति अतरं वणिया वा ६

---

१. °साय. शा० ।

'અમે શ્રમણો છીએ'[1] એમ કહેનારા કેટલાક પશુવત્ અજ્ઞાની-ઓને જીવહિંસાની (જીવહિંસાથી થતા પાપની) જાણ નથી. એ મંદ અને મૂર્ખ જનો પોતાની પાપી માન્યતાઓથી નરકમાં જાય છે. ૭

પ્રાણિવધને કદી અનુમોદન પણ ન આપવું. (એમ કરવાથી) કોઈ કાળે સર્વ દુઃખોથી મુક્ત થઇ શકાય છે. જેમણે આ સાધુધર્મ નિરૂપ્યો છે એ આર્યોએ આ પ્રમાણે કહ્યું છે. ૮

ત્રાયી–અહિંસક એવો જે પ્રાણાતિપાત–હિંસા કરતો નથી તે સમિતિવાળો[2] કહેવાય છે, અને પછી ઊંચા સ્થાનમાંથી પાણી ચાલ્યું જાય છે તેમ, એનામાંથી અશુભ કર્મ ચાલ્યું જાય છે. ૯

૧. યાકોબીની વાચનામાં समणानुएगे वदमाणा પાઠ છે, જ્યારે શાન્તિસૂરિ તેમ જ નેમિચન્દ્રની ટીકાઓમાં समणा मु एगे वयमाणा છે. બીજો પાઠ વધારે ચઢિયાતો અર્થ આપે છે એમ મને લાગે છે.

૨. સમિતિ એટલે યોગ્ય આચરણ. જૈન દર્શનમાં પાંચ સમિતિઓ કહી છે: ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપસમિતિ અને ઉચ્ચારસમિતિ. કોઇ જીવને કષ્ટ ન થાય તેમ સાવધાનપણે ચાલવું તે ઈર્યાસમિતિ; સભ્ય, હિતકારી, પરિમિત અને અસંદિગ્ધ બોલવું તે ભાષાસમિતિ; જીવનયાત્રામાં આવશ્યક હોય એવાં નિર્દોષ સાધનો સાવધાનપૂર્વક મેળવવાં તે એષણાસમિતિ; વસ્તુ માત્રને જોઈતપાસી લેવીમૂકવી તે આદાનનિક્ષેપસમિતિ; નિર્જીવ સ્થાનમાં અનુપયોગી વસ્તુઓ જોઈતપાસીને નાખવી તે ઉચ્ચારસમિતિ.

समणानुएगे[1] वदमाणा[2] पाणवहं मिया अयाणन्ता ।
मन्दा निरयं गच्छन्ति बाला पावियाहिं दिट्ठीहिं ७
न हु पाणवहं अणुजाणे मुच्चेज्ज कयाइ सव्व दुक्खाणं
एवारिएहिं अक्खायं जेहिं इमो साहुधम्मो पन्नत्तो ८
पाणे य नाइवाएज्जा से समीए त्ति वुच्चई ताई ।
तओ से पावयं कम्मं निज्जाइ उदगं व थलाउ[3] ९

१. °मु एगे. शा० । २. वयमाणा. शा० । ३. थलाओ. शा० ।

જગતમાં રહેલા ત્રસ (જંગમ) અને સ્થાવર જીવો ઉપર મન, વચન અને કાયાથી દંડ આરંભવો નહિ (અર્થાત્ તેમની હિંસા ન કરવી). ૧૦

શુદ્ધ ભિક્ષાને જાણીને ભિક્ષુ તેમાં પોતાના આત્માને સ્થાપે–તે સ્વીકારે, સંયમયાત્રાને માટે જ ભિક્ષાનો ગ્રાસ સ્વીકારે અને રસમાં આસક્ત ન થાય. ૧૧

ભિક્ષુએ નીરસ અને ઠંડો આહાર, જૂના અડદના બાકળા અથવા બુક્કસ અને પુલાક જેવાં અસાર ખાદ્યો સ્વીકારવાં તથા શરીરનિર્વાહ અર્થે મંથુ (બોરકૂટો)નું પણ સેવન કરવું. ૧૨

જેઓ લક્ષણશાસ્ત્ર (સામુદ્રિક), સ્વપ્નશાસ્ત્ર અને અંગવિદ્યાનો[1] પ્રયોગ કરે છે તેઓ સાધુ ગણાતા નથી–એવું આચાર્યોએ કહેલું છે. ૧૩

૧. શરીરનાં અંગો ફરકે તે ઉપરથી શુભાશુભ ફળ જાણી લેવાનું શાસ્ત્ર. લક્ષણ, સ્વપ્નશાસ્ત્ર અને અંગવિદ્યાનો વિગતથી ખ્યાલ આપતાં સંસ્કૃત–પ્રાકૃત અવતરણો કોઈ પ્રાચીન ગ્રંથોમાંથી નેમિચન્દ્રની ટીકામાં આપેલાં છે. સામુદ્રિક ઉપરથી મનુષ્યની પ્રકૃતિ કહેવાની તથા સ્વપ્નો અને અંગોના ફરકવા ઉપરથી ભવિષ્ય કહેવાની જે એક પરંપરા હતી તે એમાંથી જાણવા મળે છે. લક્ષણશાસ્ત્રને લગતો ભાગ અનુષ્ટુપમાં છે, જ્યારે સ્વપ્નશાસ્ત્ર અને અંગવિદ્યા વિશેનાં અવતરણો અનુક્રમે ચૌદ અને સાત પ્રાકૃત ગાથાઓમાં છે

जगनिस्सिएहि भूएहिं तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दण्डं मणसा वयसा कायसा चेव १०
सुद्धेसणाउ नच्चाण तत्थ ठवेज्ज भिक्खू अप्पाणं ।
जायाए घासमेसेज्जा रसगिद्धे न सिया भिक्खाए ११
पन्ताणि चेव सेवेज्जा सीयपिण्डं पुराणकुम्मासं ।
अदु वक्कसं पुलागं वा जवणट्ठाए निसेवए मंथुं १२
जे लक्खणं च सुमिणं[1] अङ्गविज्जं च जे पउञ्जन्ति ।
न हु ते समणा वुच्चन्ति एवं आयरिएहिं अक्खायं १३

१. सुविणं. शा० ।

આ સંસારમાં જેઓ જીવનને નિયમમાં રાખતા નથી અને કામભોગોમાં આસક્ત થઈને સમાધિયોગથી ભ્રષ્ટ થાય છે તેઓ આસુરી યોનિમાં ઉત્પન્ન થાય છે. ૧૪

ત્યાંથી પણ નીકળીને તેઓ સંસારમાં ઘણા સમય સુધી પરિભ્રમણ કરે છે. ઘણા કર્મના લેપથી લેપાયેલા તેઓને બોધિ ઘણી દુર્લભ છે. ૧૫

કોઈ આ પરિપૂર્ણ જગત એક માણસને આપી દે તોપણ એનાથી તે સંતુષ્ટ થાય નહિ. આ જીવ એટલો દુષ્પૂર છે. ૧૬

જેમ લાભ થાય છે તેમ લોભ થાય છે. લાભથી લોભ વધે છે; જેમાં બે માસા પૂરતા થઈ પડે એ કાર્ય એક કરોડથી પણ પૂરું ન થયું. ૧૭

અનેકમાં ચિત્તવાળી અને વક્ષ:સ્થળ ઉપર માંસના લોચાવાળી રાક્ષસીઓ (સ્ત્રીઓ)માં આસક્ત થવું નહિ; જેઓ પુરુષને લોભાવીને પછી તેમની સાથે જાણે તેઓ દાસ હોય તેમ ખેલે છે. ૧૮

અનગારે સ્ત્રીઓમાં લુબ્ધ થવું નહિ: સ્ત્રીથી તે દૂર જ

इहजीवियं अणियमेत्ता पब्भट्ठा समाहिजोएहिं ।
ते कामभोगरसगिद्धा उववज्जन्ति आसुरे काए १४
तत्तो वि य उव्वट्टित्ता संसारं बहुं अणुपरियडन्ति ।
बहुकम्मलेवलित्ताणं बोही होइ सुदुल्लहा तेसिं १५
कसिणं पि जो इमं लोयं पडिपुण्णं दलेज्ज इक्कस्स ।
तेणावि से न संतूसे इइ दुप्पूरए इमे आया १६
जहा लाहा[1] तहा लोहो[1] लाहा लोहो पवड्ढई ।
दोमासकयं कज्जं कोडीए वि न निट्ठियं १७
नो रक्खसीसु गिज्झेज्जा गण्डवच्छासु ऽणेगचित्तासु ।
जाओ पुरिसं पलोभित्ता खेलन्ति जहा व दासेहिं १८
नारीसु नोवगिज्झेज्जा इत्थी विप्पजहे अणगारे[2] ।
धम्मं च पेसलं नच्चा तत्थ ठविज्ज[3] भिक्खु अप्पाणं १९

---

१. लोभा लोभो. आ० । २. अणागारे. शा० । ३. ठवेज्ज. शा० ।

રહે. ધર્મને સુન્દર જાણીને ભિક્ષુએ એમાં પોતાના આત્માને સ્થિર કરવો ૧૯

એ પ્રમાણે વિશુદ્ધ પ્રજ્ઞાવાળા કપિલે આ ધર્મ કહ્યો છે. જેઓ એ ધર્મ આચરશે તેઓ તરી જશે અને તેઓએ બન્ને લોક આરાધ્યા છે એમ સમજવું. ૨૦

એ પ્રમાણે હું કહું છું.

इइ एस धम्मे अक्खाए कविलेणं च विसुद्धपन्नेणं ।
तरिहिन्ति जे उ काहिन्ति तेहिं आराहिया दुवे लोग २०

त्ति बेमि ॥

અધ્યયન ૯

નમિપ્રવ્રજ્યા[1]

['નમિ રાજાનો ગૃહત્યાગ']

દેવલોકમાંથી આવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલા (નમિરાજા) મોહનીય કર્મ શાન્ત થવાથી પૂર્વજન્મને સંભારવા લાગ્યા. ૧

---

૧. મિથિલાના રાજા નમિ (જેમને વિશેનું આ અધ્યયન છે) ઉપરાંત કલિંગનો કરકંડુ રાજા, પાંચાલનો દ્વિમુખ રાજા, અને ગાંધારનો નગ્ગઈ (નગ્ગતિ–નગ્નજિત્) રાજા–એ રાજાઓ 'પ્રત્યેકબુદ્ધ', 'સહસંબુદ્ધ' અથવા 'સ્વયંસંબુદ્ધ' કહેવાય છે. ગુરુના ઉપદેશ વિના કે તપશ્ચર્યા વિના જીવનના કોઈ તીવ્ર પ્રસંગે જેમને એકાએક જ્ઞાનપ્રાપ્તિ થાય છે તેઓ 'સ્વયંબુદ્ધ' તરીકે ઓળખાય છે.

चइऊण देवलोगाओ उववन्नो माणुसम्मि[1] लोगंमि ।
उवसन्तमोहणिज्जो सरई पोराणयं[2] जायं[3] १

---

१. °संमि. शा० । २. पोरणियं. शा० । ३. °जाइं. शा० ।

પૂર્વજન્મનું સ્મરણ કરીને તે ભગવાન નમિ રાજા ઉત્તમ ધર્મને વિશે સ્વયંસંબુદ્ધ થયા, અને પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને તેમણે અભિનિષ્ક્રમણ કર્યું-દીક્ષા લીધી. ૨

આ અધ્યયનમાં જો કે નમિ રાજાની વાત છે, તો પણ પ્રાસંગિક યોગ્યતાને કારણે ટીકાકારો અહીં ઉપર્યુક્ત ચારે રાજાઓનો વૃત્તાન્ત વિસ્તારથી આપે છે. એ વૃત્તાન્તનો સાર નીચે પ્રમાણે છે:

કરકંડુ રાજાને પોતાના પ્રિય અને બળવાન વાછડાને ઘરડો થયેલો જોઈને વસ્તુઓની પરિણામશીલતાનું જ્ઞાન થયું હતું. દ્વિમુખ રાજાને ઇન્દ્ર-મહોત્સવમાં પૂજાયેલા ઇન્દ્રધ્વજના દંડને કચરામાં રગદોળાતો જોઈને વૈભવની અનિત્યતાનું જ્ઞાન થયું હતું. નમિરાજાને દાહજ્વર થયો હતો અને બધી રાણીઓ ચંદન ઘસવા બેઠી હતી ત્યારે એ સર્વનાં કંકણનો અવાજ રાજા માટે અસહ્ય થઈ પડ્યો, એટલે રાણીઓએ હાથ ઉપર એક કંકણ રાખીને ચંદન ઘસવા માંડ્યું, એથી રાજાને શાન્તિ મળી. આમ જ્યાં અનેક છે ત્યાં ઘોંઘાટ છે, અને એક છે ત્યાં શાન્તિ છે-એ પ્રમાણે ગૂઢ ચિંતનને પરિણામે નમિ રાજાને પૂર્વજન્મનું સ્મરણ થયું અને નિઃસંગતાની શાન્તિનું જ્ઞાન થયું. પોતાના સૈન્ય સાથે નીકળેલા નગ્ગઇ રાજાએ ખીલેલા મોરવાળા એક આંબાની મંજરી મંગલચિહ્ન તરીકે તોડી. એના સૈનિકોએ પણ આ જોઈને એકએક મંજરી તોડવા માંડી અને આંબાનું ઠૂંઠું બની ગયું. આ જોઈને રાજાને રિદ્ધિની ચંચળતાનું જ્ઞાન થયું.

દીક્ષા લીધા પછી આ ચારે પ્રત્યેકબુદ્ધો ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં એક દેવકુલમાં પરસ્પરને મળ્યા હતા.

'મહાભારત'ના જનક વિદેહી અને 'ઉત્તરાધ્યયન'ના નમિના વૃત્તાન્તો તથા પાલિ 'જાતક'નું 'મહાજનક' (૫૩૯) એ ત્રણે મૂળ એક જ કથાનાં વિભિન્ન સ્વરૂપો જણાય છે.

जाइं सरित्तु भयवं सहसंबुद्धो अणुत्तरे धम्मे ।
पुत्तं ठवेत्तु रज्जे अभिणिक्खमई नमी राया ॥ २

શ્રેષ્ઠ અંતઃપુરમાં રહીને, દેવલોક સમાન ઉત્તમ ભોગો ભોગવીને–બુદ્ધ બનેલા નમિરાજા એ ભોગોનો ત્યાગ કરે છે. ૩

નગરો અને જનપદો સહિત મિથિલા નગરી, સેના, અંતઃપુર અને સર્વ પરિજનોનો ત્યાગ કરીને એ ભગવાને અભિનિષ્ક્રમણ કર્યું, અને એકાન્તમાં જઈને વાસ કર્યો. ૪

રાજર્ષિ નમિએ પ્રવ્રજ્યા લઈને અભિનિષ્ક્રમણ કર્યું ત્યારે મિથિલામાં કોલાહલ થઈ રહ્યો. ૫

ઉત્તમ પ્રવ્રજ્યાસ્થાનમાં રહેલા રાજર્ષિને બ્રાહ્મણવેશધારી ઇન્દ્રે આ વચન કહ્યું : ૬

"હે આર્ય ! આજે મિથિલા શા કારણે કોલાહલથી ભરેલી છે, અને પ્રાસાદોમાં તથા ગૃહોમાં દારુણ શબ્દો શાથી સંભળાય છે?" ૭

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું : ૮

सो[1] देवगलोसरिसे अन्तेउरवरगओ वरे भोए ।
भुञ्जित्तु नमी राया बुद्धो भोगे परिच्चयइ[2] ३
मिहिलं सपुरजणवयं बलमोरोहं च परियणं सव्वं ।
चिच्चा अभिनिक्खन्तो एगन्तमहिट्ठिओ भयवं ४
कोलाहलसंभूयं[3] आसी मिहिलाए पव्वयन्तंमि ।
तइया रायरिसिंमि नमिंमि अभिणिक्खमन्तंमि ५
अब्भुट्ठियं रायरिसिं पव्वज्जाठाणमुत्तमं ।
सक्को माहणवेसेणं[4] इमं वयणमब्बवी ६
किण्णु भो अज्ज मिहिला कोलाहलगसंकुला ।
सुव्वन्ति दारुणा सद्दा पासाएसु गिहेसु य ७
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं[5] इणमब्बवी ८

---

१. से. शा० । २. °इ. शा० । ३. °गभूयं. शा० । ४. रूवेण. शा० ।
५ देविन्दं. शा० ।

"મિથિલામાં શીતળ છાયાવાળું, મનોહર, પત્ર પુષ્પ અને ફળથી યુક્ત તથા બહુજનોને સદાકાળ બહુગુણ કરનારું ચૈત્ય-વૃક્ષ છે. ૯

"હે ભાઈ! એ મનોરમ ચૈત્યવૃક્ષ વાયુ વડે હરાઈ જતું હોવાથી દુઃખી, અશરણ અને આર્ત આ પક્ષીઓ આક્રન્દ કરી રહ્યાં છે." ૧૦

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઇન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું: ૧૧

"આ અગ્નિ અને વાયુ છે; તમારું ભવન બળી રહ્યું છે. હે ભગવન્! તમે અંતઃપુરની સામે કેમ જોતા નથી?" ૧૨

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૧૩

"જેનું કંઈ જ નથી એવા અમે સુખેથી વસીએ છીએ અને જીવીએ છીએ. મિથિલા બળતી હોવા છતાં એમાં મારું કંઈ

मिहिलाए चेइए वच्छे सीयच्छाए मणोरमे ।
पत्तपुप्फफलोवेए बहूणं बहुगुणे सया ९
वाएण हीरमाणंमि चेइयंमि मणोरमे ।
दुहिया असरणा अत्ता एए कन्दन्ति भो खगा १०
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ११
एस अग्गी य वाऊ य एयं डज्झइ मन्दिरं ।
भयवं अन्तेउरं तेणं कीस णं नावपेक्खह १२
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं[1] इणमब्बवी १३
सुहं वसामो जीवामो जेसिं मो नत्थि किंचण ।
मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण १४

---

१. देविन्दं. शा० ।

બળતું નથી.[1] ૧૪

"પુત્રકલત્રથી મુક્ત થયેલા અને નિર્વ્યાપાર ભિક્ષુને સંસારમાં કશું પ્રિય નથી કે કશું અપ્રિય નથી. ૧૫

"ગૃહત્યાગી, સર્વ બંધનોથી મુક્ત અને 'હું એકલો છું, મારું કોઈ નથી' એવી એકત્વભાવના ભાવતા ભિક્ષુને ખરેખર સર્વત્ર વિપુલ સુખ છે." ૧૬

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે રાજર્ષિ નમિને આ પ્રમાણે કહ્યું: ૧૭

"કિલ્લો, દરવાજાઓ, કોઠા, ખાઈ અને શતઘ્નીઓ (સેંકડો માણસોને મારે એવાં કિલ્લા ઉપર રાખેલાં યંત્રો) કરાવીને પછી હે ક્ષત્રિય! તું જજે." ૧૮

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૧૯

---

૧. આ પદ્ય નજીવા પાઠાન્તર સાથે 'જાતક' (૫૩૯) 'સંયુત્તનિકાય' (૧. પા. ૧૧૪) 'મહાવંસ' (૩, પા ૪૫૩) એ પાલિ ગ્રન્થોમાં તથા મહાભારત' (શાન્તિપર્વ, અધ્યાય ૨૧૯, શ્લોક ૫૦)માં મળે છે.

चत्तपुत्तकलत्तस्स निव्वावारस्स भिक्खुणो ।
पियं न विज्जई किंचि अप्पियं पि न विज्जई ॥ १५
बहुं खु मुणिणो भद्दं अणगारस्स भिक्खुणो ।
सव्वओ विप्पमुक्कस्स एगन्तमणुपस्सओ ॥ १६
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ॥ १७
पागारं कारइत्ताणं गोपुरट्टालगाणि य[1] ।
उस्सूलगसयग्घीओ तओ गच्छसि खत्तिया ॥ १८
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देविन्दं इणमब्बवी ॥ १९

---

१. च. शा० ।

"તપ અને સંવરરૂપી ભોગળવાળું, ક્ષમારૂપી સુન્દર કિલ્લાવાળું, અને ત્રણ (મન, વચન અને કાયાની) ગુપ્તિ (રૂપી કોઠા, ખાઈ અને શતઘ્નીની) વડે દુર્જય એવું શ્રદ્ધારૂપી નગર બનાવીને પરાક્રમરૂપી ધનુષ્ય અને ઈર્યા (વિવેકપૂર્વક ગમન)રૂપી પણછ કરીને, ધૃતિરૂપી મૂઠ[1] કરીને સત્ય વડે એ ધનુષ બાંધવું. તપરૂપી બાણ વડે કર્મરૂપી બખતરને ભેદીને, જેના સંગ્રામનો અંત આવ્યો છે એવો વિજયી મુનિ સંસારથી મુક્ત થાય છે." ૨૦–૨૨

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે રાજર્ષિ નમિને આ પ્રમાણે કહ્યું : ૨૩

---

૧. મૂળમાં धिइं च केयणं किच्चा એ પ્રમાણે છે. એમાંના केयण (સં. केतन) શબ્દનો અર્થ ટીકાકારો 'ધનુષ્યની મૂઠ–જ્યાં પણછ બંધાય તે' એમ સમજાવે છે. 'केतनं' शृङ्गमयधनुर्मध्ये काष्ठमयमुष्ट्यात्मकम् ।

सद्धं नगरं किच्चा तवसंवरमग्गलं ।
खन्ती[1] निउणपागारं तिगुत्तं दुप्पधंसयं ॥ २०

धणुं परक्कमं किच्चा जीवं च इरियं सया ।
धिइं च केयणं किच्चा सच्चेण पलिमन्थए ॥ २१

तवनारायजुत्तेण भित्तूणं कम्मकञ्चुयं ।
मुणी विगयसंगामो भवाओ परिमुच्चए ॥ २२

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ॥ २३

---

१. खन्ति° शा० ।

"પ્રાસાદો, વર્ધમાનગૃહો[1] અને બાલાગ્રપોતિકાઓ[2] કરાવીને પછી હે ક્ષત્રિય! તું જજે." ૨૪

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૨૫

"જે રસ્તામાં ઘર બનાવે છે તે ખરેખર સંશય કરે છે (અર્થાત્ સંકટ વધારે છે). જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જ પોતાનું નિવાસસ્થાન બનાવવું." ૨૬

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું: ૨૭

---

૧. વર્ધમાનગૃહો એટલે શિલ્પશાસ્ત્ર અનુસાર ઉત્તમ પ્રકારનાં ગૃહો. એના વર્ણન માટે જુઓ વરાહમિહિરની 'બૃહત્સંહિતા' ૫૩-૩૬.

૨. ટીકાકારોએ આ શબ્દને 'દેશીપદ' તરીકે ગણ્યો છે, અને 'વલભી' (અગાશી) એવો એનો અર્થ કર્યો છે. જો કે પં. હરગોવિન્દદાસના પ્રાકૃત કોશમાં તેનો અર્થ 'સરોવરની મધ્યમાં બાંધેલો મહેલ' એવો આપ્યો છે, પણ ત્યાં એ અર્થ માટે કોઈ આધાર ટાંક્યો નથી, પરન્તુ ચૂર્ણિમાં (પૃ. ૧૮૩) આ શબ્દના અર્થ સંબંધમાં केचिदाहुः-जो आगासतलगस्स मज्झे खुड्डलओ पासादो कज्जति એવો એક મત ટાંકવામાં આવ્યો છે, જે ટીકાકારોના અર્થને અનુમોદન આપે છે.

पासाए कारइत्ताणं वद्धमाणगिहाणि य ।
वालग्गपोईयाओ य तओ गच्छसि खत्तिया　　　　२४
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी　　　　२५
संसयं खलु सो कुणई जो मग्गे कुणई घरं ।
जत्थेव गन्तुमिच्छेज्जा तत्थ कुव्वेज्ज सासयं　　　　२६
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी　　　　२७

"ધાડપાડુ, લૂંટારા,[1] (ધનની) ગાંઠો કાપમારા,[2] અને ચોરોનું નિવારણ કરીને નગરને કુશળ બનાવ્યા પછી હે ક્ષત્રિય ! તું જજે." ૨૮

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૨૯

"ઘણી વાર મનુષ્યો મિથ્યા દંડનો પ્રયોગ કરે છે, એમાં (અપરાધ) ન કરનારાઓ બંધાય છે અને કરનારાઓ છૂટી જાય છે." ૩૦

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું: ૩૧

---

૧. મૂળમાં लोमहारे શબ્દ છે. એનો શબ્દાર્થ તો 'શરીરનો વાળ સુધ્ધાં લૂંટી લેનારા' એવો થાય. ટીકાકારો એનો અર્થ लोमहारा: प्राणहारा: એ પ્રમાણે સમજાવે છે.

૨. મૂળમાં गण्ठिभेए (સં. ग्रन्थिभेदा:) છે. 'ગ્રન્થિ'નો અર્થ 'ધન અથવા કીમતી ચીજોની ગાંઠ-પોટલી' એવો લેવાય; પાછળથી 'કોથળી'. ટીકાકાર નેમિચન્દ્ર એ શબ્દ આમ સમજાવે છે: ग्रन्थिभेदा: ये घुर्घरकद्विकर्त्तिकादिना ग्रन्थिं भिन्दन्ति।

आमोसे लोमहारे य गण्ठिभेए य तक्करे ।
नगरस्स खेमं काऊण[1] तओ गच्छसि खत्तिया ॥ २८

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ॥ २९

असइं तु मणुस्सेहिं मिच्छा दण्डो पजुज्जई ।
अकारिणोऽत्थ बज्झन्ति मुच्चई कारओ जणो ॥ ३०

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ॥ ३१

---

१. काउणं. शा० ।

"જે રાજાઓ તને નમતા ન હોય તેમને વશ કરીને પછી હે ક્ષત્રિય! તું જજે." ૩૨

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલ રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું : ૩૩

"દશ લાખ યોદ્ધાઓને દુર્જય સંગ્રામમાં કોઈ જીતે, એના કરતાં પોતાની જાતને જીતે એ ઉત્તમ જય છે. તારી જાતની સાથે જ યુદ્ધ કર; બહારના શત્રુ સાથે લડીને શું કામ છે? જાતે જ પોતાની જાત ઉપર વિજય મેળવનાર મનુષ્ય સુખ પામે છે. પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા તેમજ લોભ તથા દુર્જય એવી પોતાની જાત એ સર્વ, આત્માને જીતતાં જિતાઈ ગયું."[1] ૩૪–૩૬

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું : ૩૭

૧. પદ્ય ૩૬નો પૂર્વાર્ધ આર્યામાં અને ઉત્તરાર્ધ અનુષ્ટુપમાં છે.

जे केइ पत्थिवा तुज्झं नानमन्ति नराहिवा ।
वसे ते ठावइत्ताणं तओ गच्छसि खत्तिया ॥ ३२

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ३३

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं एस से परमो जओ ३४

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेवमप्पाणं जइत्ता सुहमेहए ३५

पञ्चिन्दियाणि कोहं माणं मायं तहेव[1] लोहं च ।
दुज्जयं चेव अप्पाणं सव्वं अप्पे जिए जियं ३६

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ३७

१. तहव. शा० ।

"મોટા યજ્ઞો કરીને, શ્રમણ–બ્રાહ્મણોને જમાડીને, દાન આપીને, ભોગ ભોગવીને તથા યજન કરીને પછી, હે ક્ષત્રિય! તું જજે." ૩૮

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૩૯

"પ્રતિમાસે કોઈ દશ લાખ ગાયોનું દાન આપે તેના કરતાં પણ કશું નહિ આપનારનો માત્ર સંયમ શ્રેયસ્કર છે." ૪૦

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિરાજાને આ પ્રમાણે કહ્યું: ૪૧

"કઠિન ગૃહસ્થાશ્રમ[1] છોડીને તું બીજા આશ્રમની ઇચ્છા કરે

---

૧. મૂળમાં घोरासम (સં. घोराश्रम) શબ્દ છે, અને ટીકાકાર નેમિચન્દ્ર એનો અર્થ घोरः अत्यन्तदुरनुचरः स चासावाश्रमश्च 'घोराश्रमः' गार्हस्थ्यम् એ પ્રમાણે કરે છે. ગૃહસ્થાશ્રમને 'ઘોર' આશ્રમ કહેવાનો શો અર્થ? ગૃહસ્થાશ્રમ પ્રત્યેનો જૈન લેખકનો અણગમો એ શબ્દમાંથી વ્યક્ત થાય છે એવો તર્ક યાકોબીએ કર્યો છે, પરંતુ આ શબ્દ ગૃહત્યાગ કરવા ઇચ્છનાર નમિરાજર્ષિના મુખમાં નહિ, પણ નમિને ગૃહવાસમાં રહેવા માટે પ્રેરનાર દેવેન્દ્રના મુખમાં મૂકેલા છે એ ભૂલવું ન જોઈએ. સંસ્કૃત गृह પ્રાકૃત घर, એનો કોઈ બોલીવિશેષમાં घोर ઉચ્ચાર થતો હોય અને તે ઉપરથી घोराश्रम ('ગૃહાશ્રમ') શબ્દ ન બને? આ પણ એક તર્ક જ છે.

जइत्ता विउले जन्ने भोइत्ता समणमाहणे ।
दत्ता भोच्चा य जिट्ठा य तओ गच्छसि खत्तिया ३८
एअमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ३९
जो सहस्सं सहस्साणं मासे मासे गवं दए ।
तस्सा वि[1] संजमो सेओ अदिन्तस्स वि किंचण ४०
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ४१
घोरासमं चइत्ताणं अन्नं पत्थेसि आसमं ।
इहेव पोसहरओ भवाहि मणुयाहिवा ४२

---

१. तस्स वि. शा० ।

છે; હે મનુજાધિપ! તું અહીં (ગૃહસ્થાશ્રમમાં) જ પૌષધરક્ત થા (અર્થાત્ ગૃહસ્થની જેમ પર્વતિથિઓએ પૌષધ કર)". ૪૨

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું: ૪૩

"કોઈ મૂર્ખ જન માસે માસે માત્ર કુશના અગ્રભાગ જેટલું ભોજન કરે, તે પણ સાચા ચરિત્રોની સોળમી કળાને પાત્ર નથી." ૪૪

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું: ૪૫

"ચાંદી, સુવર્ણ, મણિમુક્તા, કાંસાનાં વાસણો, ઉત્તમ વસ્ત્રો અને વાહન તથા કોશમાં વૃદ્ધિ કરીને પછી, હે ક્ષત્રિય! તું જજે." ૪૬

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું: ૪૭

"સોના અને રૂપાના કૈલાસ જેવડા મોટા અસંખ્ય પર્વતો

एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ४३
मासे मासे तु जो बालो कुसग्गेणं तु भुञ्जए ।
न सो सक्खायधम्मस कलं अग्घइ सोलसिं ४४
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ४५
हिरण्णं सुवण्णं मणिमुत्तं कंसं दूसं च वाहणं ।
कोसं वड्ढावइत्ताणं तओ गच्छसि खत्तिया ४६
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ४७
सुवण्णरुप्पस्स उ पव्वया भवे
सिया हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि
इच्छा उ आगाससमा अणन्तिया ४८

હોય તોપણ તે લોભી પુરુષ માટે કંઈ જ નથી. ઇચ્છા તો આકાશની જેમ અનંત છે. ૪૮

"ચોખા, યવ, સુવર્ણ અને પશુઓ સહિત પૃથ્વી એ બધું એક મનુષ્યને સંતોષવા માટે પૂરતું નથી એમ સમજીને તપશ્ચર્યા કરવી." ૪૯

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું : ૫૦

"હે રાજા! આ (વિદ્યમાન) અદ્ભુત ભોગોનો તું ત્યાગ કરે છે, અને જે નથી એવા કામોની–સુખોની ઇચ્છા કરે છે. તારા સંકલ્પથી તું છેતરાય છે." ૫૧

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે રાજર્ષિ નમિને આ પ્રમાણે કહ્યું : ૫૨

"કામભોગો શલ્ય છે, કામભોગો વિષ છે, અને કામભોગો ઝેરી નાગ જેવા છે. કામભોગોની પ્રાર્થના કરતા જીવો, તેમને પામ્યા વિના જ દુર્ગતિમાં જાય છે. ૫૩

पुढवी साली जवा चेव हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स इइ विज्जा तवं चरे ४९
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविन्दो इणमब्बवी ५०
अच्छेरयं अब्भुदए भोए चयसि पत्थिवा ।
असन्ते कामे पत्थेसि संकप्पेण विहन्नसि[1] ५१
एयमट्ठं निसामित्ता हेऊकारणचोइओ ।
तओ नमी रायरिसी देवेन्दं इणमब्बवी ५२
सल्लं कामा विसं कामा कामा आसीविसोवमा ।
कामे य[2] पत्थेमाणा अकामा जन्ति दोग्गइं ५३

---

१. विहम्मसि. शा० । २. य (नथी). शा० ।

"ક્રોધથી જીવ અધોગતિમાં જાય છે, માનથી પણ અધમ ગતિ થાય છે, માયાથી સદ્‌ગતિમાં વિઘ્ન થાય છે, અને લોભથી બન્ને રીતે (આ લોકમાં અને પરલોકમાં) ભય થાય છે." ૫૪

પછી બ્રાહ્મણનું રૂપ છોડી દઈને પોતાનું ઇન્દ્રરૂપ ધારણ કરી ઇન્દ્ર આ પ્રમાણે મધુર વચનોથી સ્તુતિ કરતો (નમિને) વન્દન કરવા લાગ્યો : ૫૫

"અહો ! તેં ક્રોધને જીત્યો છે ! અહો ! તેં માનનો પરાજય કર્યો છે ! અહો ! તેં માયાને દૂર કરી છે ! અહો ! તેં લોભને વશ કર્યો છે ! ૫૬

"અહો ! તારું સાધુ આર્જવ ! અહો ! તારું સાધુ માર્દવ[1] ! અહો ! તારી ઉત્તમ ક્ષમા ! અહો ! તારી ઉત્તમ મુક્તિ ! ૫૭

"હે ભદંત, તમે આ લોકમાં ઉત્તમ છો, અને પછી પણ

---

૧. મૂળમાં આ પંક્તિ—

अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।

એ પ્રમાણે છે. યાકોબીએ એમાંના साहु શબ્દને સંબોધન ગણીને 'હે સાધુ!' એવો અર્થ કર્યો છે. પણ ટીકાકારોએ તેનો 'સુન્દર-સારું' (शोभनं) અર્થ કર્યો છે, એ મને અહીં વધારે યોગ્ય લાગે છે.

अहे वयेइ[1] कोहेणं माणेणं अहमा गई ।
माया गईपडिग्घाओ[2] लोभाओ दुहओ भयं ५४
अवउज्झिऊण माहणरूवं विउरूविऊण[3] इन्दत्तं ।
वन्दइ अभित्थुणन्तो इमाहि महुराहि[4] वग्गूहिं ५५
अहो ते निज्जिओ कोहो अहो माणो पराजिओ ।
अहो ते निरक्किया माया अहो लोभो वसीकओ ५६
अहो ते अज्जवं साहु अहो ते साहु मद्दवं ।
अहो ते उत्तमा खन्ती अहो ते मुत्ति उत्तमा ५७
इहं सि उत्तमो भन्ते पच्छा होहिसि उत्तमो ।
लोगुत्तमुत्तमं ठाणं सिद्धिं गच्छसि नीरओ ५८

---

१. वयन्ति. शा० । २. गई प°. शा० । ३. विउव्विऊण. शा० । ४. °हिं. शा० ।

ઉત્તમ થશો. (કર્મ) રજ વિનાના બનીને લોકમાં ઉત્તમ એવા ઉત્તમ સ્થાનરૂપ સિદ્ધિને તમે અવશ્ય પામશો." ૫૮

એ પ્રમાણે ઉત્તમ શ્રદ્ધાથી રાજર્ષિની સ્તુતિ કરતો તથા તેમની પ્રદક્ષિણા કરતો ઇન્દ્ર તેમને ફરી ફરી વન્દન કરવા લાગ્યો. ૫૯

પછી ચક્ર અને અંકુશથી અંકિત થયેલાં મુનીશ્વરનાં ચરણોમાં વંદન કરીને દોલાયમાન લલિત કુંડલ તથા મુકુટને ધારણ કરનાર ઇન્દ્ર આકાશમાં ઊડયો. ૬૦

સાક્ષાત્ શક્ર વડે પ્રેરાયેલો નમિ પોતાની જાતને નમાવે છે. વિદેહીએ (વિદેહના રાજાએ) ઘરનો ત્યાગ કરીને શ્રમણપણું સ્વીકાર્યું. ૬૧

જ્ઞાની, પંડિત અને વિચક્ષણ પુરુષો આ પ્રમાણે કરે છે. એ નમિ રાજર્ષિની જેમ તેઓ કામભોગોથી નિવૃત્ત થાય છે. ૬૨

એ પ્રમાણે હું કહું છું.

एवं अभित्थुणन्तो रायरिसिं उत्तमाए सद्धाए ।
पायाहिणं करेन्तो पुणो पुणो वन्दई सक्को ५९

तो वन्दिऊण पाए चक्कङ्कुसलक्खणे मुणिवरस्स ।
आगासेणुऽप्पइओ ललियचलेकुण्डलतिरीडी ६०

नमी नमेइ अप्पाणं सक्खं सक्केण चोइओ ।
चइऊण गेहं च वेदेही सामण्णे पज्जुवट्ठिओ ६१

एवं करेन्ति संबुद्धा पण्डिया पवियक्खणा ।
विणियट्टन्ति भोगेसु जहा से नमी रायरिसि ६२
त्ति बेमि

---

१. पया° शा० । २. चवल. आ० । ३. रायरिसी. शा० ।

અધ્યયન ૧૦

દ્રુમપત્રક [1]

['વૃક્ષનું પત્ર']

જેમ પીળું પાંદડું રાત્રિઓના સમૂહો પસાર થતાં (સમય વીતતાં) પડી જાય છે તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું. માટે હે ગૌતમ! એક સમયનો[2] પણ પ્રમાદ ન કર. ૧

દર્ભના અગ્રભાગ ઉપર પડેલું ઝાકળનું બિન્દુ જેમ થોડી જ વાર રહી શકે છે તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨

માટે નશ્વર અને ઘણાં વિઘ્નોથી ભરેલા જીવનમાં પૂર્વકૃત (કર્મ) રજને ખંખેરી નાખ. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩

---

૧. ભગવાન મહાવીરે પોતાના પટ્ટશિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમને આપેલો ઉપદેશ આ અધ્યયનમાં છે. આ અધ્યયનના પ્રત્યેક પદ્યના અંતિમ ચરણમાં समयं गोयम मा पमायए એ પ્રમાણે ગૌતમસ્વામીને ઉદ્દેશીને થયેલા સંબોધનનું ધ્રુવપદ છે. આ ઉપદેશ ગૌતમસ્વામીને ક્યારે અને કેમ આપવામાં આવ્યો એની વિસ્તૃત કથા ટીકાઓમાં આ અધ્યયનના પ્રારંભમાં આપેલી છે. ગૌતમસ્વામીને ભગવાન મહાવીર ઉપર ઘણો મોહ હતો, અને તે કારણથી તેમના પછી દીક્ષિત થયેલા કેટલાક મુનિઓને કેવલજ્ઞાન થયું, પણ ગૌતમને થયું નહોતું. 'તું વિષાદ કરીશ નહિ; તારો રાગ ક્ષીણ થતાં થોડા સમયમાં જ તને કેવલજ્ઞાન થશે' એ પ્રમાણે ગૌતમને આશ્વાસન આપીને મહાવીરે તેમને આ અધ્યયનનો ઉપદેશ કર્યો હતો

૨. કાળનો સૂક્ષ્મતમ વિભાગ તે સમય.

दुमपत्तए पण्डुयए जहा निवडइ राइगणाण अच्चए।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥ १

कुसग्गे जह ओसबिन्दुए थोवं चिट्ठइ लम्बमाणए।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥ २

इइ इत्तरियम्मि आउए जीवियए बहुपच्चवायए।
विहुणाहि रयं पुरे कडं समयं गोयम मा पमायए ॥ ३

આ મનુષ્યભવ સર્વ પ્રાણીઓને માટે ચિર કાળે પણ દુર્લભ હોય છે, કેમકે કર્મનો વિપાક ગાઢ હોય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૪

પૃથ્વીકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે (પૃથ્વીકાયમાં વધુમાં વધુ ભવ કરે તો) અસંખ્યાત કાળ[1] સુધી ત્યાં રહે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૫

જળકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૬

અગ્નિકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૭

---

૧. સંખ્યાતીત અથવા અસંખ્યાત કાળની સમજૂતી જૈન માન્યતા અનુસાર નીચે પ્રમાણે છે—

એક યોજન ઊંડો, એક યોજન પહોળો ગોળ ખાડો એકથી સાત દિવસની વયનાં બાળકોના વાળથી ભરવામાં આવે અને પછી દર સો વર્ષે એક એક વાળ કાઢવામાં આવે એ રીતે ખાડો ખાલી થતાં જે સમય લાગે તે વ્યવહારપલ્ય. એવા અસંખ્ય વ્યવહારપલ્ય=૧ ઉદ્ધારપલ્ય. અસંખ્ય ઉદ્ધારપલ્ય=૧ અદ્ધાપલ્ય. ૧૦ × (૧ કરોડ × ૧ કરોડ) અદ્ધાપલ્ય=૧ સાગરોપમ. ૧૦ × (૧ કરોડ × ૧ કરોડ) સાગરોપમની એક ઉત્સર્પિણી અને તેટલાં જ વર્ષની એક અવસર્પિણી. એવી અસંખ્ય ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ વીતી જાય ત્યારે સંખ્યાતીત અથવા અસંખ્ય કાળ થયો કહેવાય.

दुलहे खलु माणुसे भवे चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो समयं गोयम मा पमायए ४

पुढविक्कायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं समयं गोयम मा पमायए ५

आउक्कायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं समयं गोयम मा पमायए ६

तेउक्कायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं समयं गोयम मा पमायए ७

વાયુકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે અસંખ્યાત કાળ સુધી ત્યાં રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૮.

વનસ્પતિકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે અનંત કાળ[1] સુધી ત્યાં રહે છે અને ત્યારપછી પણ તેના દુઃખનો અંત આવતો નથી. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૯

દ્વીન્દ્રિય (ત્વચા અને જીભ એ બે ઇન્દ્રિયયુક્ત) કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે ત્યાં સંખ્યેય કાળ[2] સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર.

ત્રીન્દ્રિય (ત્વચા, જીભ અને નાસિકાયુક્ત) કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે ત્યાં સંખ્યેય કાળ સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૧

ચતુરિન્દ્રિય (ત્વચા, જીભ, નાસિકા, અને ચક્ષુયુક્ત) કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે ત્યાં સંખ્યેય કાળ સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૨

---

૧. અનંતકાળ એટલે અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ વ્યતીત થાય એટલો કાળ.

૨. સંખ્યેય કાળ એટલે વધુમાં વધુ એક કરોડ પૂર્વ. 'પૂર્વ'ની સમજૂતી માટે જુઓ પૃ. ૫૩, ટિ. ૨.

वाउकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं समयं गोयम मा पमायए ८
वणस्सइकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालमणन्तदुरन्तयं समयं गोयम मा पमायए ९
बेंन्दियकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं समयं गोयम मा पमायए १०
तेन्दिकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं समयं गोयम मा पमायए ११
चउरिन्दियकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं समयं गोयम मा पमायए १२

પંચેન્દ્રિય (ત્વચા, જીભ, નાસિકા, ચક્ષુ અને કાનયુક્ત) કાયામાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે ત્યાં સાત કે આઠ ભવ સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૩

દેવ અને નારકના ભવમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ પદે ત્યાં એકએક ભવ સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૪

શુભાશુભ કર્મોને કારણે, પ્રમાદબહુલ જીવ આ પ્રમાણે આ ભવરૂપી સંસારચક્રમાં ભમે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૫

મનુષ્યત્વ પ્રાપ્ત કર્યા પછી પણ આર્યત્વ[1] દુર્લભ છે. દસ્યુઓ

---

૧. આર્યત્વ એટલે આર્ય દેશમાં જન્મ 'બૃહત્કલ્પસૂત્ર' (ઉદ્દે. ૧, સૂત્ર ૫૦)માં જૈન માન્યતા અનુસાર આર્યક્ષેત્રની સીમા નીચે પ્રમાણે આપી છે-પૂર્વમાં અંગ-મગધા, દક્ષિણમાં કૌશાંબી, પશ્ચિમમાં સ્થૂણા વિષય, અને ઉત્તરમાં કુણાલા. અન્યત્ર સાડી પચીસ આર્ય દેશોની પણ એક સૂચિ મળે છે, જેમાં ઉપર જણાવેલ આર્યક્ષેત્ર બહારના પણ દેશો છે. ટીકાકારોએ જો કે અહીં 'આર્ય'નો દેશવાચક અર્થ ઘટાવ્યો છે, પણ 'આર્ય'નો 'ઉમદા' એવો જે અર્થ બ્રાહ્મણ, જૈન તેમજ બૌદ્ધ પરંપરામાં એકસરખો વ્યાપક હતો, તેનું સૂચન અહીં મૂળ લેખકને ઉદ્દિષ્ટ જણાય છે.

पञ्चिन्दियकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
सत्तट्ठभवगहणे समयं गोयम मा पमायए ॥ १३
देवे नेरइए यमइगओ उक्कोसं जीवो उ संवसे ।
इक्केक्कभवगहणे समयं गोयम मा पमायए ॥ १४
एवं भवसंसारे संसरइ सुहासुहेहिं कम्मेहिं ।
जीवो पमायबहुलो समयं गोयम मा पमायए ॥ १५
लद्धूण वि माणुसत्तणं आयरिअत्तं[1] पुणरावि दुल्लहं ।
बहवे दसुया मिलक्खुया समयं गोयम मा पमायए ॥ १६

---

१. आरिअत्तं. शा० ।

અને મ્લેચ્છો[1] ઘણા છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૬.

આર્યત્વ પ્રાપ્ત કર્યા પછી પણ અખંડ પંચેન્દ્રિયત્વ દુર્લભ છે. (ઘણી વાર) વિકલેન્દ્રિયતા દેખાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૭

પાંચે ઇન્દ્રિયો અખંડ પ્રાપ્ત થાય છતાં ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ છે, કેમકે લોકસમૂહ કુતીર્થીઓનું–પાખંડી ધર્મોપદેશકોનું સેવન કરે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૮

ઉત્તમ ધર્મશ્રવણ પ્રાપ્ત થયા પછી પણ એમાં શ્રદ્ધા થવી દુર્લભ છે, કેમકે લોકસમૂહ મિથ્યાત્વનું સેવન કરે છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૧૯

ધર્મમાં શ્રદ્ધા કરવા છતાં તેને કાયાથી સ્પર્શ કરવો–અર્થાત્ ધર્માચરણ કરવું દુર્લભ છે, કેમકે આ જગતના જીવો કામભોગોથી

---

૧. ટીકાઓમાં 'દસ્યુ'નો અર્થ 'દેશની સરહદે રહેનાર ચોરો,' અને 'મ્લેચ્છ'નો અર્થ 'અવ્યક્ત વાણીવાળા પરદેશીઓ–શકો, યવનો વગેરે–જેમનું બોલવું આર્યો સમજી શકતા નથી' એવો આપ્યો છે અને અનાર્ય જાતિઓનાં નામ ગણાવતી કેટલીક ગાથાઓ ઉતારી છે.

लद्धूण वि आयरियत्तणं[1] अहीणपञ्चेन्दियया हु दुल्लहा।
विगलिन्दियया हु दीसई समयं गोयम मा पमायए १७
अहीणपञ्चेन्दियत्तं पि से लहे उत्तमधम्मसुई हु दुल्लहा।
कुतित्थिनिसेवए जणे समयं गोयम मा पमायए १८
लद्धूण वि उत्तमं सुइं सद्दहणा पुणरावि दुल्लहा।
मिच्छत्तनिसेवए जणे समयं गोयम मा पमायए १९
धम्मं पि हु सद्दहन्तया दुल्लहया काएण फासया।
इह कामगुणेहि मुच्छिया समयं गोयम मा पमायए २०

---

१. आरियत्तणं. शा०।

મોહિત થયેલા છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૦

તારું શરીર જીર્ણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને કાનનું એ બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૧

તારું શરીર જીર્ણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને ચક્ષુનું એ બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૨

તારું શરીર જીર્ણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને નાસિકાનું એ બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૩

તારું શરીર જીર્ણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને જિહ્વાનું એ બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૪

તારું શરીર જીર્ણ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને સ્પર્શેન્દ્રિયનું એ બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૨૫

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से सोयबले य हायई समयं गोयम मा पमायए २१

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से चक्खुबले य हायई समयं गोयम मा पमायए २२

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से घाणबले य हायई समयं गोयम मा पमायए २३

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से जिब्भबले य हायई समयं गोयम मा पमायए २४

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से फासबले य हायई समयं गोयम मा पमायए ५२

તારું શરીર ક્ષીણુ થાય છે, તારા કેશ સફેદ થાય છે, અને સર્વ ઇન્દ્રિયોનું એ બળ ક્ષીણુ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણુ પ્રમાદ ન કર. ૨૬

અરતિ–બેચેની, ગૂમડાં, વિસૂચિકા આદિ વિવિધ રોગો તારા ઉપર આક્રમણુ કરે છે. તારું શરીર એથી ઘસાય છે અને ક્ષીણુ થાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણુ પ્રમાદ ન કર. ૨૭

શરદ ઋતુનું કુમુદ જેમ પાણીને દૂર કરે છે તેમ, તું તારી આસક્તિને દૂર કર. એમ સર્વ પ્રકારની આસક્તિથી અલગ થઈને, હે ગૌતમ! એક સમયનો પણુ પ્રમાદ ન કર. ૨૮

ધન અને ભાર્યાનો ત્યાગ કરીને તેં અનગાર તરીકે દીક્ષા લીધી છે. એ વમેલાનું ફરી પાન કરીશ નહિ. હે ગૌતમ! એક સમયનો પણુ પ્રમાદ ન કર. ૨૯

મિત્રો, સંબંધીઓ અને વિપુલ ધનનો ત્યાગ કર્યા પછી હવે બીજી વાર એ વસ્તુઓની શોધ કરીશ નહિ. હે ગૌતમ! એક સમયનો પણુ પ્રમાદ ન કર. ૩૦

અત્યારે જિન દેખાતા નથી, પણુ તેમનો બહુમાન પામેલો

परिजूरइ ते सरीरयं केसा पण्डुरया हवन्ति ते ।
से सव्वबले य हायई समयं गोयम मा पमायए ॥ २६

अरई गण्डं विसूइया आयङ्का विविहा फुसन्ति ते ।
विहडइ विद्धंसइ ते सरीरयं समयं गोयम मा पमायए ॥ २७

वोच्छिन्द सिणेहमप्पणो कुमुयं सारइयं व पाणियं ।
से सव्वसिणेहवज्जिए समयं गोयम मा पमायए ॥ २८

चिच्चाण धणं च भारियं पव्वइओ हि सि अणगारियं ।
मा वन्तं पुणो वि आइए समयं गोयम मा पमायए ॥ २९

अवउज्झिय मित्तबन्धवं विउलं चेव धणोहसंचयं ।
मा तं बिइयं गवेसए समयं गोयम मा पमायए ॥ ३०

न हु जिणे अज्ज दिस्सई बहुमए दिस्सइ मग्गदेसिए ।
संपइ नेयाउए पहे समयं गोयम मा पमायए ॥ ३१

માર્ગોપદેશ તો દેખાય છે. અત્યારે તું એ ન્યાયોચિત માર્ગ ઉપર છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૧

કાંટાળા માર્ગનો ત્યાગ કરીને તું ધોરી માર્ગ ઉપર આવ્યો છે. સાચો માર્ગ કયો છે એનો નિશ્ચય કરીને તું જાય છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૨

નિર્બળ ભારવાહક વિષમ માર્ગ ઉપર ચઢી જઈને પછી પશ્ચાત્તાપ કરે છે, એવું તારે વિષે ન થાય. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર ૩૩

મહાસાગરને તરી ગયા પછી હવે કાંઠા આગળ આવીને કેમ ઊભો રહ્યો છે? આ પાર આવી જવા માટે ત્વરા કર. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૪.

અજન્મા સિદ્ધ પુરુષોની શ્રેણિને અનુસરી (અથવા ક્ષપક શ્રેણિ–કર્મોના નાશની પરિપાટી ઉપર આરૂઢ થઈને) હે ગૌતમ! તું ક્ષેમ, શિવ અને અનુત્તર એવા સિદ્ધિલોકમાં–મુક્તિમાં જઈશ. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૫

બુદ્ધ અને પરિનિર્વૃત સંયમી મુનિએ ગામ અને નગરમાં

अवसोहिय कण्टगापहं ओइण्णो सि पहं महालयं ।
गच्छसि मग्गं विसोहिया समयं गोयम मा पमायए ३२
अबले जह भारवाहए मा मग्गे विसमे वगाहिया ।
पच्छा पच्छाणुतावए समयं गोयम मा पमायए ३३
तिण्णो हु सि अण्णवं महं किं पुण चिट्ठसि तीरमागओ ।
अभितुर पारं गमित्तए समयं गोयम मा पमायए ३४
अकलेवरसेणिमूसिया सिद्धिं गोयम लोयं गच्छसि ।
खेमं च सिवं अणुत्तरं समयं गोयम मा पमायए ३५
बुद्धे परिनिव्वुडे चरे गामगए नगरे व संजए ।
सन्तीमग्गं च बूहए समयं गोयम मा पमायए ३६

---

१. बृहप. ३।१० ।

વિચરવું, અને શાન્તિમાર્ગની વૃદ્ધિ કરવી. હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. ૩૬

સુકથિત અર્થપદો વડે શોભાયમાન, બુદ્ધનું[1] કથન સાંભળીને, રાગ અને દ્વેષને છેદીને ગૌતમ સિદ્ધિગતિમાં ગયા. ૩૭

એ પ્રમાણે કહું છું.

---

૧. અહીં 'બુદ્ધ' શબ્દ તીર્થંકરના અર્થમાં વપરાયો છે એ નોંધપાત્ર છે. આ અર્થમાં જૈન સાહિત્યમાં અન્યત્ર પણ તે મળે છે. 'બુદ્ધ' અર્થાત્ 'જ્ઞાની'ના અર્થમાં પણ તે વપરાયો છે (જુઓ કડી ૩૬). બૌદ્ધ ધર્મમાં 'બુદ્ધ' શબ્દ વિશેષનામ તરીકે—ધર્મના સંસ્થાપક શાક્યમુનિના અર્થમાં છે, જ્યારે અહીં તે સામાન્ય નામ તરીકે છે. વળી જુઓ પૃ ૪, ટિપ્પણ ૬.

बुद्धस्स निसम्म भासियं सुकहियमट्ठपओवसोहियं ।
रागं दोसं च छिन्दिया सिद्धिगइं गए गोयमे ३७

त्ति बेमि ॥

અધ્યયન ૧૧

બહુશ્રુત[1]

['જ્ઞાની']

સંયોગ–આસક્તિથી વિશેષપણે મુક્ત થયેલા, ગૃહત્યાગી ભિક્ષુનો આચાર હું પરિપાટીપૂર્વક પ્રકટ કરું છું. મને સાંભળો. ૧

જે નિર્વિદ્ય, અહંકારી, લોભી, અસંયમી તથા વારંવાર અસંબદ્ધ ભાષણ કરનાર હોય છે તે અવિનીત અને અબહુશ્રુત અજ્ઞાની કહેવાય છે. ૨

જે પાંચ સ્થાન–કારણોથી શિક્ષા (ઉપદેશ) મળી શકતી નથી તે આ પ્રમાણે છે–માન, મોહ,[2] પ્રમાદ, રોગ અને આલસ્ય. ૩

આઠ સ્થાન–કારણોથી મનુષ્ય શિક્ષાશીલ કહેવાય છે–હાસ્ય નહિ કરનાર, સદા ઇન્દ્રિયોનું દમન કરનાર, (બીજાંનાં) છિદ્રો ખુલ્લાં નહિ કરનાર, અશીલ નહિ એવો તથા વિષમશીલ નહિ

---

૧. શાર્પેન્ટિયરની વાચના પ્રમાણે તેમજ શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની ટીકાઓ પ્રમાણે આ અધ્યયનનું નામ 'બહુશ્રુતપૂજા' છે.

૨. શાર્પેન્ટિયરની વાચનામાં તેમજ શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની ટીકાઓમાં આ સ્થળે 'ક્રોધ' (कोहा) પાઠ છે.

संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।
आयारं पाउकरिस्सामि आणुपुव्विं सुणेह मे १
जे यावि होइ निव्विज्जे थद्धे लुद्धे अणिग्गहे ।
अभिक्खणं उल्लवई अविणीए अबहुस्सुए २
अह पञ्चहिं ठाणेहिं जेहिं सिक्खा न लब्भई ।
थम्भा मोहा[1] पमाएणं रोगेणालस्सएण य ३
अह अट्ठहिं ठाणेहिं सिक्खासीले[2] त्ति वुच्चई ।
अहस्सिरे सया दन्ते न य मम्ममुदाहरे ४

---

१. कोहा. शा० । २. °सीलि. शा० ।

એવો, અતિલોલુપ નહિ એવો, અક્રોધી અને સત્યમાં અનુરક્ત હોય તે શિક્ષાશીલ કહેવાય છે. ૪–૫

નીચેનાં ચૌદ સ્થાનોમાં રહેલો તપસ્વી અવિનીત કહેવાય છે, અને તે નિર્વાણ પામી શકતો નથી. ૬

જે વારંવાર ક્રોધ કરે છે, એ ક્રોધનો પ્રબન્ધ કરે છે–ટકાવી રાખે છે, કોઈ મિત્રભાવ વ્યક્ત કરે તેનો તિરસ્કાર કરે છે, શાસ્ત્રજ્ઞાન મેળવીને અભિમાની બને છે, કોઈની સ્ખલના જોઈને તેનો તિરસ્કાર કરે છે, વળી મિત્રો ઉપર પણ કોપાયમાન થાય છે, સુપ્રિય મિત્રનું પણ એકાન્તમાં ભૂંડું બોલે છે, (અમુક વસ્તુ આમ જ છે એમ) પ્રતિજ્ઞાપૂર્વક બોલે છે, જે દ્રોહી, માની, લોભી, અસંયમી, અસંવિભાગી (બીજાને આપ્યા વિના ભોગવનાર) અને અપ્રીતિકારી હોય છે તે અવિનીત કહેવાય છે. ૭–૯

નીચેનાં પંદર સ્થાનોથી સુવિનીત કહેવાય છે–જે નમ્ર, અચપલ,

नासीले न विसीले न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए सिक्खासीले त्ति वुच्चई ५
अह चउद्दसहिं ठाणेहिं वट्टमाणे उ संजए ।
अविणीए वुच्चई सो उ निव्वाणं च न गच्छइ ६
अभिक्खणं कोही भवई पबन्धं च पकुव्वइ ।
मेत्तिज्जमाणो वमइ सुयं लद्धूण मज्जई ७
अवि पावपरिक्खेवी अवि मित्तेसु कुप्पई ।
सुप्पियस्सावि मित्तस्स रहे भासइ पावयं ८
पइन्नवाई दुहिले थद्धे लुद्धे अनिग्गहे ।
असंविभागी अवियत्ते अविणीए त्ति वुच्चई ९
अह पन्नरसहिं ठाणेहिं सुविणीए त्ति वुच्चई ।
नीयावत्ती अचवले अमाई अकुऊहले १०

---

१. चौद्दसहिं शा० । २. हवइ. शा० । ३ पक्कुव्वई. शा० । ४. पावगं. आ० । ५ °ण°. शा० । ६. °णि°. शा० । ७. पन्नरसएहिं. आ० । ८. °वि°. आ० । ९. °तुह°. आ० ।

અમાયી–સરલ, અને અકુતૂહલી હોય છે, જે કોઈ નો તિરસ્કાર કરતો નથી,[1] જે ક્રોધને ટકાવી રાખતો નથી, કોઈ મિત્રભાવ વ્યક્ત કરે તો સામો ઉપકાર કરે છે, શાસ્ત્રજ્ઞાન મેળવીને જે મદ કરતો નથી, કોઈની સ્ખલના જોઈ ને જે તિરસ્કાર કરતો નથી, જે મિત્રો ઉપર કોપ કરતો નથી, અપ્રિય મિત્ર માટે પણ જે એકાન્તમાં સારું બોલે છે, જે કલહ અને ઘોંઘાટનું વર્જન કરે છે, જે બુદ્ધ–જ્ઞાની, અભિજાત, લજ્જાશીલ અને શાન્ત છે તે સુવિનીત કહેવાય છે. ૧૦–૧૩

જે નિત્ય ગુરુકુલમાં[2] વસે છે, યોગ અને ઉપધાન–તપશ્ચર્યા-યુક્ત છે તથા પ્રિયંકર અને પ્રિયવાદી છે તે શિક્ષા પ્રાપ્ત કરવાને યોગ્ય છે. ૧૪

---

૧. મૂળમાં આ સ્થળે अप्पं च अहिक्खिवइ (સં. अल्पमेवाधिक्षिपति) એમ પાઠ છે. ' અલ્પ ' શબ્દ અભાવવાચક પણ છે એમ જણાવીને ટીકાકારો એનો ઉપર મુજબનો અર્થ કરે છે.

૨. 'ગુરુકુલ'નો અર્થ ટીકાકારો 'આચાર્યાદિનું કુળ—ગચ્છ' એમ સમજાવે છે. 'ગુરુકુલમાં વસવું' એટલે આચાર્યાદિની આજ્ઞા ગ્રહણ કરવી તે. પ્રાચીન ભારતીય શિક્ષણપ્રણાલીમાં સામાન્યપણે વ્યાપક એવો શબ્દ અહીં સહેજ અર્થપરિવર્તન સાથે પ્રયોજાયો છે એમ ગણવું જોઈએ.

अप्पं च अहिक्खिवइ पबन्धं च न कुव्वई ।
मेत्तिज्जमाणो भयई सुयं लद्धुं न मज्जई ११

न य पावपरिक्खेवी न य मित्तेसु कुप्पई ।
अप्पियस्सावि मित्तस्स रहे कल्लाण भासई १२

कलहडमरवज्जिए बुद्धे अभिजाइगे ।
हिरिमं पडिसंलीणे सुविणीए त्ति वुच्चई १३

वसे गुरुकुले निच्चं जोगवं उवहाणवं ।
पियंकरे पियंवाई से सिक्खं लद्धुमरिहई १४

---

१. अहप्पं. आ० । २. ०इप. शा० ।

જેવી રીતે શંખમાં મૂકેલું દૂધ બે પ્રકારે શોભે છે (દેખાવમાં સારું લાગે છે અને બગડતું પણ નથી) તેમ બહુશ્રુત ભિક્ષુનાં તપ, કીર્તિ અને જ્ઞાન શોભે છે. ૧૫.

જેમ કંબોજ[1] દેશનો જાતવાન[2] અને કંથક[3] અશ્વ વેગમાં પ્રવર હોય છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૧૬.

જેમ જાતવાન ઘોડા ઉપર આરૂઢ થયેલો દૃઢ પરાક્રમવાળો શૂરવીર બન્ને બાજૂ વાગતાં બાર પ્રકારનાં વાદ્યોથી[4] શોભે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૧૭.

---

૧. કંબોજ એટલે પ્રાચીન અફઘાનિસ્તાન. કંબોજ, ઈરાન, અરબસ્તાન, તોખારિસ્તાન વગેરે દેશોમાંથી પ્રાચીન કાળમાં હિન્દમાં જાતવાન ઘોડાઓની આયાત થતી.

૨. મૂળમાં आइण्ण (સં. आकीर्ण) શબ્દ છે. 'આકીર્ણ' એટલે વ્યાપ્ત. ટીકાકારો એનો અર્થ 'ગુણોથી વ્યાપ્ત' એવો કરે છે.

૩. મૂળમાં कन्थए (સં. कंथकः) શબ્દ છે. બુદ્ધના ઘોડાનું નામ 'કંથક' હતું. ટીકાકારો એનો અર્થ 'કોઇ પ્રકારના અવાજથી નહિ ભડકનાર ઉત્તમ ઘોડો' એવો કરે છે. સન્દર્ભ પણ સૂચવે છે કે અહીં 'કંથક' શબ્દ વિશેષનામ તરીકે નહિ, પણ સામાન્યનામ તરીકે વપરાયેલ છે. ઉત્તમ અશ્વ માટે 'કંથક' શબ્દ વપરાતો હશે.

૪. મૂળમાં नन्दिसेघोणं શબ્દ છે. નંદિઘોષ એટલે ટીકાકારોના મત મુજબ, બાર પ્રકારનાં વાદિત્રોનો ઘોષ.

जहा सङ्खम्मि पयं निहियं दुहओ वि विरायइ।
एवं बहुस्सुए भिक्खू धम्मो कित्ती तहा सुयं १५

जहा से कम्बोयाणं आइण्णे कन्थए सिया।
आसे जवेण पवरे एवं हवइ बहुस्सुए १६

जहाइण्णसमारूढे सूरे दढपरक्कमे।
उभओ नन्दिघोसेणं एवं हवइ बहुस्सुए १७

---

१. जहा से. शा०।

જેમ હાથણીઓથી વીંટળાયેલો સાઠ વર્ષનો[1] હાથી બળવાન અને દુર્ધર્ષ હોય છે એવા બહુશ્રુત મુનિ હોય છે, ૧૮.

જેમ તીક્ષ્ણ શિંગડાં અને મજબૂત ખૂંધવાળો યૂથનો અધિપતિ વૃષભ વિરાજે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૧૯.

તીક્ષ્ણ દાઢવાળો, ઉગ્ર અને દુર્ધર્ષ સિંહ તમામ વનપશુઓમાં મુખ્ય હોય છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૦

શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનાર વાસુદેવ જેમ અપ્રતિહત સામર્થ્યવાળા સુભટ છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૧

(હાથી, ઘોડા, રથ અને પદાતિની) ચાર સેનાઓવાળો, મહાન ઋદ્ધિવાળો અને ચૌદ રત્નોનો[2] અધિપતિ ચક્રવર્તી શોભે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૨

---

૧. મૂળમાં सट्ठिहायणे (સં. षष्टिहायनः) શબ્દ છે. મહાભારતમાં તથા કેટલાક બૌદ્ધ ગ્રંથમાં સાઠ વર્ષના હાથી માટે આ શબ્દ વાપરેલો છે. જો કે કૌટિલ્યના અર્થશાસ્ત્ર(૧૩૬–૧૫)માં ચોવીસ વર્ષના હાથીને ઉત્તમ કહેલો છે.

૨. જૈન પરંપરા અનુસાર, ચક્રવર્તી પાસે સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત, હસ્તી, અશ્વ, સુથાર (વર્ધકી), સ્ત્રી, ચક્ર, છત્ર, ચામર, મણિ, કાકિણી, ખડ્ગ અને દંડ એ ચૌદ રત્નો હોય છે બૌદ્ધ પરંપરા અનુસાર સામાન્ય રીતે, ચક્ર, હસ્તી, અશ્વ, મણિ, સ્ત્રી, ગૃહપતિ અને સેનાપતિ એ સાત હોય છે.

जहा करेणुपरिकिण्णे कुञ्जरे सट्ठिहायणे ।
बलवन्ते अप्पडिहए एवं हवइ बहुस्सुए १८

जहा से तिक्खसिङ्गे जायखन्धे विरायई ।
वसहे जूहाहिवई एवं हवइ बहुस्सुए १९

जहा से तिक्खदाढे उदग्गे दुप्पहंसए ।
सीहे मियाण पवरे एवं हवइ बहुस्सुए २०

जहा से वासुदेवे सङ्खचक्कगदाधरे ।
अप्पडिहयबले जोहे एवं हवइ बहुस्सुए २१

जहा से चाउरन्ते चक्कवट्टी महड्ढिए ।
चोद्दसरयणाहिवई एवं हवइ बहुस्सुए २२

---

१. °गया° शा० । २. °हि शा० ।

સહસ્ર આંખવાળો, વજ્રપાણિ, પુરંદર, દેવાધિપતિ ઇન્દ્ર જેમ શોભે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૩

અંધકારનો નાશ કરનાર, ઊગતો સૂર્ય જાણે તેજથી જાજ્જવલ્યમાન હોય એમ પ્રકાશે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૪

નક્ષત્રોથી વીંટાયેલો ઉડુપતિ ચંદ્ર પૂર્ણિમાએ જેમ પૂર્ણ થઇને પ્રકાશે છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૫

સહિયારી મિલકત રાખનાર સામાજિકોના[1] સુરક્ષિત કોઠારો જેમ વિવિધ ધાન્યથી પરિપૂર્ણ હોય છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૬

(જંબુદ્વીપના અધિપતિ) આણાઢિય[2] દેવનું સુદર્શન નામે જંબુવૃક્ષ[3] વૃક્ષોમાં શ્રેષ્ઠ છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૭.

૧. મૂળમાં सामाइयाणं શબ્દ છે. ટીકાકારો એનો અર્થ આમ સમજાવે છે.–समाजः समूहस्तं समवयन्ति सामाजिकाः–समूहवृत्तयो लोकास्तेषाम्।

૨. આ નામનું 'અનાદત' એવું સંસ્કૃત રૂપ આપવામાં આવે છે, પણ ડૉ. યાકોબી તેને શંકાસ્થિત ગણે છે. મૂળ પ્રાકૃત નામના 'આણાઢિય' 'અણાઢિય' એ બે પાઠોમાંથી તેઓ 'આણાઢિય'નો સ્વીકાર કરે છે, અને તેની સંસ્કૃત છાયા आज्ञास्थित સૂચવે છે.

૩. આ જંબુવૃક્ષ ઉપરથી જંબુદ્વીપ નામ પડેલું છે.

जहा से सहस्सक्खे वज्जपाणी पुरन्दरे ।
सक्के देवाहिवई एवं हवइ बहुस्सुए ॥ २३

जहा से तिमिरविद्धंसे उत्तिट्ठन्ते दिवायरे ।
जलन्ते इव तेएण एवं हवइ बहुस्सुए ॥ २४

जहा से उडुवई चन्दे नक्खत्तपरिवारिए ।
पडिपुण्णे पुण्णमासीए एवं हवइ बहुस्सुए ॥ २५

जहा से सामाइयाणं कोट्ठागारे सुरक्खिए ।
नाणाधन्नपडिपुण्णे एवं हवइ बहुस्सुए ॥ २६

जहा सा दुमाण पवरा जम्बू नाम सुदंसणा ।
आणाढियस्स देवस्स एवं हवइ बहुस्सुए ॥ २७

१. °च्चि° शा० । २. अणा°. शा० ।

નીલવંત પર્વતમાંથી નીકળીને સાગર તરફ જનારી સીતા નદી જેમ નદીઓમાં શ્રેષ્ઠ છે એવા બહુશ્રુત મુનિ હોય છે. ૨૮

વિવિધ પ્રકારની ઓષધિઓથી પ્રકાશમાન મંદરગિરિ પર્વતોમાં શ્રેષ્ઠ છે એવા જ્ઞાનરૂપી ઓષધિથી પ્રકાશમાન બહુશ્રુત મુનિ હોય છે. ૨૯

અક્ષય જળવાળો સ્વયંભૂરમણ સમુદ્ર જેમ વિવિધ પ્રકારનાં રત્નોથી પરિપૂર્ણ છે એવા જ્ઞાનરત્નથી પરિપૂર્ણ બહુશ્રુત મુનિ હોય છે. ૩૦

સમુદ્ર જેવા ગંભીર, જેનો પરાજય ન થઈ શકે એવી બુદ્ધિવાળા, કોઈથી પણ ચકિત નહિ થનારા, દુર્ધર્ષ, વિપુલ શાસ્ત્રજ્ઞાનથી પૂર્ણ તથા દુર્ગતિમાંથી તારનારા એ બહુશ્રુત મુનિઓ કર્મનો ક્ષય કરીને ઉત્તમ ગતિમાં ગયા છે. ૩૧

માટે ઉત્તમ અર્થની ગવેષણા કરનારે શ્રુતનો આશ્રય લેવો, જેથી પોતાને તેમજ અન્યને સિદ્ધિ પ્રાપ્ત થાય. ૩૨

એ પ્રમાણે હું કહું છું.

जहा सा नईण पवरा सलिला सागरंगमा ।
सीया नीलवन्तपवहा एवं हवइ बहुस्सुए ॥ २८

जहा से नगाण पवरे सुमहं मन्दरे गिरी ।
नाणोसहिपज्जलिए एवं हवइ बहुस्सुए ॥ २९

जहा से सयंभूरमणे उदही अक्खओदए ।
नाणारयणपडिपुण्णे एवं हवइ बहुस्सुए ॥ ३०

समुद्दगम्भीरसमा दुरासया
अचक्किया केणइ दुप्पहंसया ।
सुयस्स पुण्णा विउलस्स ताइणो
खवित्तु कम्मं गइमुत्तमं गया ॥ ३१

तम्हा सुयमहिट्ठिज्जा उत्तमट्ठगवेसए ।
जेणप्पाणं परं चेव सिद्धिं संपाउणेज्जासि ॥ ३२

त्ति बेमि ॥

અધ્યયન ૧૨

હરિકેશીય[1]

['ચાંડાલ જાતિના મુનિને લગતું']

ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયેલા, ઉત્તમ ગુણોને ધારણ કરનાર મુનિ હરિકેશ બલ નામે જિતેન્દ્રિય ભિક્ષુ હતા. ૧.

૧. આ અધ્યયનના મુખ્ય પાત્ર હરિકેશીય બલ વિશેની એક વિસ્તૃત આખ્યાયિકા ટીકાઓમાં આપેલી છે, જેનો સાર આ પ્રમાણે છે : ગંગાના કિનારે હરિકેશ (ચાંડાલ લોકો)નો અધિપતિ બલકોટ્ટ રહેતો હતો. ગૌરી નામે પત્નીથી તેને બલ નામે પુત્ર થયો હતો. એક પ્રસંગે પૂર્વસંસ્કારો જાગ્રત થતાં બલે મુનિ પાસે દીક્ષા લીધી અને તપશ્ચર્યા કરી તે મોટો ઋષિ થયો. એક વાર વિહાર કરતાં બલ ઋષિ વારાણસીમાં તિંદુકવનમાં આવી પહોંચ્યા અને ત્યાં યક્ષ વડે અધિષ્ઠિત તિંદુકવૃક્ષની નીચે ઊતર્યા. એમના માહાત્મ્યથી યક્ષ પણ એમની સેવાસ્તુતિ કરવા લાગ્યો. એક વાર રાજકન્યા ભદ્રા પોતાની સખીઓ સાથે યક્ષની પૂજા કરવા આવી. ગંદા જેવા દેખાતા મુનિ પ્રત્યેની પોતાની સૂગ વ્યક્ત કર્યા સિવાય તે રહી શકી નહિ. આથી ક્રોધ કરીને યક્ષે રાજકન્યાના શરીરમાં આવેશ કર્યો, અને તે ગાંડા જેવી થઈ ગઈ. એને સાજી કરવા માટેનો રાજાનો કોઈ પણ ઉપાય કારગત ન નીવડ્યો ત્યારે કન્યાના શરીરમાં આવિષ્ટ થયેલો યક્ષ બોલ્યો કે 'આ કન્યા મુનિને આપવામાં આવે તો જ હું તેને મુક્ત કરું.' કન્યાને જિવાડવાની ઇચ્છાથી રાજાએ આ શરત સ્વીકારી, એટલે કન્યા સાજી થઇ ગઇ. રાજાએ તેને મુનિ પાસે મોકલી, પરન્તુ મુનિએ તેનો સ્વીકાર ન કર્યો. છેવટે પુરોહિત રુદ્રદેવે રાજાને કહ્યું કે "દેવ! આ ઋષિપત્ની છે. ઋષિએ એનો ત્યાગ કર્યો છે, માટે હવે એ બ્રાહ્મણની થાય." પછી રાજાએ એ કન્યાને પુરોહિત સાથે પરણાવી. પછી એક વાર પુરોહિતે યજ્ઞ કર્યો અને ભદ્રાને યજ્ઞપત્ની બનાવી. એ સમયે માસોપવાસને અંતે પારણા માટે ભિક્ષાર્થે ફરતાં બલ મુનિ પુરોહિતના યજ્ઞવાડામાં પ્રવેશ્યા. એ પછીનો વૃત્તાન્ત આ અધ્યયનમાં આવે છે.

सोवागकुलसंभूओ गुणुत्तरधरो मुणी ।
हरिएसबलो नाम आसि भिक्खू जिइन्दिओ ॥ १ ॥

ઈર્યા, એષણા, ભાષા, ઉચ્ચાર તથા આદાન-નિક્ષેપ એ સમિતિઓમાં સંયમી અને ઉત્તમ સમાધિવાળા, તથા વચન અને કાયાની ગુપ્તિવાળા તથા જિતેન્દ્રિય એવા તે ભિક્ષા માટે બ્રહ્મયજ્ઞમાં યજ્ઞવાડે આવી ઊભા રહ્યા. ૨-૩

તપથી સોસાયેલા તથા જીર્ણ ઉપધિ અને ઉપકરણવાળા તેઓને જોઈને અનાર્યો હસવા લાગ્યા. ૪

જાતિમદથી ગર્વિષ્ઠ થયેલા, હિંસક, અજિતેન્દ્રિય અને અબ્રહ્મચારી મૂર્ખો આ પ્રમાણે વચન બોલ્યા: ૫

"બીભત્સ રૂપવાળો, કાળો, વિકરાળ, કદરૂપા નાકવાળો, ચીંથરિયાં વસ્ત્રવાળો, રજોટીને કારણે પિશાચ જેવો દેખાતો, ગળા ઉપર ગંદું વસ્ત્ર વીંટાળીને આ કોણ આવે છે? ૬

આવો અદર્શનીય તું કોણ છે? કઈ આશાથી અહીં આવ્યો છે? ચીંથરિયાં વસ્ત્રવાળા અને રજોટીથી પિશાચરૂપ થયેલા! તું જા, નીકળ! કેમ અહીં ઊભો છે?" ૭

इरिएसणभासाए उच्चारसमितीसु[1] य ।
जओ आयाणनिक्खेवे संजओ सुसमाहिओ २
मणगुत्तो वयगुत्तो कायगुत्तो जिइन्दिओ ।
भिक्खट्ठा बम्भइज्जम्मि जन्नवाडमुवट्ठिओ[2] ३
तं पासिऊणं एज्जन्तं तवेण परिसोसियं ।
पन्तोवहिउवगरणं उवसन्ति अणारिया ४
जाईमयपडिथद्धा हिंसगा अजिइन्दिया ।
अबम्भचारिणो बाला इमं वयणमब्बवी ५
कयरे आगच्छइ दित्तरूवे काले विगराले फोक्कनासे ।
ओमचेलए पंसुपिसायभूए संकरदूसं परिहरिय[3] कण्ठे ६
कयरे[4] तुमं इय अदंसणिज्जे काए व आसा इहमागओ सि ।
ओमचेलगा[5] पंसुपिसायभूया, गच्छ क्खलाहि किमिहं ठिओ सि ७

---

१. °मिई° शा० । २. °वाडे उव° शा० । ३. °वरिय. शा० । ४. को रे तुवं शा० । ५. °चेलया. शा० ।

એ પ્રસંગે એ મહામુનિ પ્રત્યે અનુકંપા ધરાવનાર તિન્દુક-વૃક્ષવાસી યક્ષ પોતાનું શરીર ગુપ્ત રાખીને આ વચન બોલ્યો :[1] ૮

"હું શ્રમણ છું, સંયમી છું, બ્રહ્મચારી છું; ધન, રસોઈની ક્રિયા અને પરિગ્રહથી વિરક્ત થયેલો છું. બીજાં માટે રંધાયેલા આ અન્નને અર્થે ભિક્ષા સમયે હું આવ્યો છું. ૯

તમારું આ અન્ન ઘણું અપાય છે, ખવાય છે અને ભોગવાય છે. મને તમે ભિક્ષાજીવી જાણો. માટે વધ્યુંઘટ્યું હોય તે આ તપસ્વીને ભલે મળે." ૧૦

(બ્રાહ્મણો બોલ્યા :) "બ્રાહ્મણો માટે ભોજન તૈયાર કરવામાં આવેલું છે. માત્ર અમારા પોતા માટે જ તે રાંધેલું હોઈ અમારે એકલાએ જ તે વાપરવાનું છે. આવું અન્નપાણી અમે તને આપવાના નથી. શા માટે અહીં ઊભો છે?" ૧૧

---

૧. ટીકાકારો અહીં ઉમેરે છે કે મુનિના શરીરમાં પ્રવેશીને યક્ષ આ વચન બોલ્યો, પણ ઔચિત્યની દૃષ્ટિએ એ વસ્તુ સંગત થતી નથી. પદ્ય ૩૨ ઉપરથી સ્પષ્ટ છે કે યક્ષ અથવા યક્ષો મુનિથી અલગ રહીને જ બોલતા હતા

जक्खो[1] तहिं तिन्दुगरुक्खवासी, अणुकम्पओ तस्स महामुणिस्स ।
पच्छायइत्ता नियगं सरीरं इमाइं वयणाइमुदाहरित्था ८

समणो अहं संजओ बम्भयारी विरओ धणपयणपरिग्गहाओ ।
परप्पवित्तस्स उ भिक्खकाले अन्नस्स अट्ठा इहमागओमि ९

वियरिज्जइ खज्जई भुज्जई य[3] अन्नं पभूयं भवयाणमेयं ।
जाणाहि[4] मे जयणजीविणो[5] त्ति सेसावसेसं लभऊ तवस्सी १०

उवक्खडं भोयण माहणाणं अत्तट्ठियं सिद्धमिहेगपक्खं ।
न ऊ वयं एरिसमन्नपाणं दाहामु तुज्झं किमिहं ठिओसि ११

---

१. जक्खे शा० । २. °यरु° शा० । ३. य (नथी) शा० । ४. जाणेह. शा० । ५. °जीविणु. शा० ।

(યક્ષ :) "સ્થલો તેમજ નિમ્ન સ્થાનોમાં કૃષિકારો આશાથી બીજ વાવે છે. એ શ્રદ્ધાથી મને આપો. આ (મુનિ) પુણ્યક્ષેત્ર છે; એની આરાધના કરો." ૧૨

(બ્રાહ્મણો :) "જ્યાં (દાનરૂપી બીજ) વેરવાથી પુણ્યરૂપે ઊગી નીકળે છે એવાં ક્ષેત્રો આ લોકમાં અમે જાણીએ છીએ. જાતિ અને વિદ્યાથી યુક્ત બ્રાહ્મણો જ એવાં સુન્દર ક્ષેત્રો છે." ૧૩

(યક્ષ :) "ક્રોધ, માન, હિંસા, અસત્ય, અદત્ત અને પરિગ્રહ જેમનામાં છે એવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યાથી રહિત હોઈ પાપને વધારનારાં ક્ષેત્રો છે. ૧૪

"અરે! તમે વાણીનો ભાર ધારણ કરનારા છો, કેમકે વેદ ભણ્યા છતાં તેના અર્થને તમે જાણતા નથી. મુનિઓ ઊંચાં તેમ જ નીચાં ઘરોમાં ભિક્ષાર્થે જાય છે. તેઓ જ સુન્દર ક્ષેત્રો છે." ૧૫

(બ્રાહ્મણો :) "(અમારા) અધ્યાપકોની વિરુદ્ધ બોલનાર ! તું અમારી સમક્ષ આ શું બોલે છે? હે નિર્ગ્રન્થ ! આ અન્નપાણી ભલે નાશ પામી જાય, પણ અમે તે તને તો નહિ જ આપીએ." ૧૬

थलेसु बीयाइ ववन्ति कासगा तहेव निन्नेसु य आससाए ।
एयाए सद्धाए दलाहि मज्झं आराहए पुण्णमिणं खु खित्तं ॥ १२
खेत्ताणि अम्हं विदियाणि लोए जहिं पकिण्णा विरुहन्ति पुण्णा ।
जे माहणा जाइविज्जोववेया ताइं तु खेत्ताइ सुपेसलाइं ॥ १३
कोहो य माणो य वहो य जेसिं मोसं अदत्तं च परिग्गहं च ।
ते माहणा जाइविज्जाविहूणा ताइं तु खेत्ताइ सुपावयाइं ॥ १४
तुब्भे त्थ भो भारधरा गिराणं अट्ठं न जाणाह अहिज्ज वेए ।
उच्चावयाइं मुणिणो चरन्ति ताइं तु खेत्ताइ सुपेसलाइं ॥ १५
अज्झावयाणं पडिकूलभासी पभाससे किं तु सगासि अम्हं ।
अवि एयं विणस्सउ अन्नपाणं न य णं दाहामु तुमं नियण्ठा ॥ १६

---

१. दलाह. शा० । २. विइयाणि. शा० । ३. जाणेह. शा० । ४. पयं. शा० ।

(યક્ષ :) "સમિતિઓથી સમાધિસ્થ, ગુપ્તિઓથી ગુપ્ત અને જિતેન્દ્રિય એવા મને આવું એષણીય-શુદ્ધ (અન્નાદિ) નહિ આપો તો આ યજ્ઞોથી તમે શો લાભ મેળવશો ?" ૧૭

(બ્રાહ્મણો:) "અહીં કોઈ ક્ષત્રિયો, અગ્નિહોત્રીઓ અથવા શિષ્યો સહિત અધ્યાપકો છે કે નહિ, જેઓ દંડ અથવા (બિલ્વાદિ) ફળ વડે આને મારીને, ગળું પકડીને બહાર કાઢી મૂકે ?" ૧૮

અધ્યાપકોનું વચન સાંભળીને ઘણા કુમારો ત્યાં દોડી આવ્યા તથા દંડથી, નેતરથી અને ચાબૂકોથી તે ઋષિને મારવા લાગ્યા. ૧૯

ત્યાં કૌશલિક રાજાની અનિન્દિત અંગોવાળી ભદ્રા નામે પુત્રી એ સાધુને પ્રહાર પામતા જોઈને, ક્રોધાયમાન થયેલા કુમારોને શાન્ત પાડવા લાગી : ૨૦

"દેવના અભિયોગથી પ્રેરાયેલા પિતાએ જેને મારું દાન કર્યું હતું, પણ જેણે મનથી પણ મારું ચિન્તન કર્યું નહોતું અને મારો ત્યાગ કરી દીધો હતો તે જ, નરેન્દ્રો અને દેવેન્દ્રોથી વંદાયેલા આ ઋષિ છે. ૨૧

समितीहि[1] मज्झं सुसमाहियस्स गुत्तीहि गुत्तस्स जिर्तिन्दियस्स[2] ।
जइ मे न दाहित्थ अहेसणिज्जं किमि[3]त्थ जन्नाण लहित्थ लाहं १७
के एत्थ खत्ता उवजोइया वा अज्झावया वा सह खण्डिएहिं ।
एयं तुं[4] दण्डेण फलेण[5] हन्ता कण्ठम्मि घेत्तूण खलेज्ज जो णं १८
अज्झावयाणं वयणं सुणेत्ता उद्धाइया तत्थ बहू कुमारा ।
दण्डेहि वित्तेहि कसेहि चेव समागया तं इसि तालयन्ति १९
रन्नो तहिं कोसलियस्स धूया भद्द त्ति नामेण अणिन्दियङ्गी ।
तं पासिया संजय हम्ममाणं कुद्धे कुमारे परिनिव्ववेइ २०
देवाभिओगेण निओइएणं दिन्ना मु रन्ना मणसा न झाया ।
नरिन्ददेविन्दभिवन्दिएणं जेणाँमि वन्ता इसिणा स एसो २१

---

१. °ईहि. शा० । २. °जिइ°. शा० । ३. किमज्ज. शा० । ४. तु (नथी) शा० । ५. फलपण. शा० । ६. °णं. शा० । ७. जेणम्हि. शा० ।

"આ તે જ ઉગ્ર તપશ્ચર્યાવાળા, જિતેન્દ્રિય, સંયત, બ્રહ્મચારી મહાત્મા છે, જે મારા પિતા સ્વયં કૌશલિક રાજા મારું દાન કરતા હતા તોપણ મને ઇચ્છતા નહોતા. ૨૨

"આ મહાનુભાવ મહાયશસ્વી, ઉગ્રવ્રતવાળા અને ઉગ્ર પરાક્રમી છે. અતિરસ્કરણીય એવા તેમનો તમે તિરસ્કાર ન કરશો. રખે પોતાના તેજથી તેઓ તમને સર્વને બાળી નાખે!" ૨૩

આ પ્રમાણે (રુદ્રદેવ પુરોહિતની) પત્ની ભદ્રાનાં આ સુન્દર વચનો સાંભળીને ઋષિની સેવાર્થે રહેલા યક્ષોએ[1] કુમારોને અટકાવ્યા. ૨૪

ઘોર રૂપવાળા તે અસુરો આકાશમાં રહીને ત્યાંથી એ લોકોને મારવા લાગ્યા. જેમના દેહ ભાંગી ગયા છે એવા તથા રુધિર ઓકતા તેમને જોઈને ભદ્રા ફરી વાર આ પ્રમાણે બોલી: ૨૫

"તમે આ ભિક્ષુની અવજ્ઞા કરે છો તે નખથી પર્વત ખોદવા જેવું, દાંતથી લોઢું ચાવવા જેવું અને પગથી અગ્નિને મારવા જેવું છે. ૨૬

---

૧. ભદ્રાના શબ્દો સાંભળીને તેનો પતિ રુદ્રદેવ પુરોહિત કુમારોનું વારણ કરે એવી અપેક્ષા અહીં રહે છે. પણ મૂળમાં અહીં जक्खा પાઠ હોવાથી આ જ અર્થ કરવો પડશે.

एसो हु सो उग्गतवो महप्पा जितिन्दिओ संजओ बम्भयारी ।
जो मे तया नेच्छइ दिज्जमाणिं पिउणा सयं कोसलिएण रन्ना २२
महाजसो एसो महाभावो घोरव्वओ घोरपरक्कमो य ।
मा एयं हीलेह अहीलणिज्जं मा सव्वे तेएण भे निद्दहेज्जा २३
एयाइं तीसे वयणाइ सोच्चा पत्तीइ भद्दाइ सुहासियाइं ।
इसिस्स वेयावडियट्ठयाए जक्खा कुमारे विणिवारयन्ति २४
ते घोररूवा ठिय अन्तलिक्खे असुरा तहिं तं जण तालयन्ति ।
ते भिन्नदेहे रुहिरं वमन्ते पासित्तु भद्दा इणमाहु भुज्जो २५
गिरिं नहेहिं खणह अयं दन्तेहि खायह ।
जायतेय पाएहि हणह जे भिक्खुं अवमन्नह २६

---

१. भागो. शा० । २. पयाइं. शा० ।

"ઉગ્ર તપશ્ચર્યાવાળા તથા ઉગ્ર વ્રત અને ઉગ્ર પરાક્રમવાળા આ મહર્ષિનો ક્રોધ સર્પ જેવો ભયંકર છે. ભિક્ષુને ભિક્ષાકાળે તમે મારો છો, તેથી અગ્નિ ઉપર કૂદી પડતા પતંગિયાંના ટોળાની જેમ તમે નાશ પામશો. ૨૭

"જો ધન અને જીવિત ઇચ્છતા હો તો સર્વ જનો સહિત મસ્તક નમાવીને તેમને શરણે જાઓ. કુપિત થયેલા તેઓ આખા લોકને પણ બાળી નાખશે." ૨૮

પછી વાંકાં વળી ગયેલાં પીઠ અને મસ્તકવાળા, પહોળા થઈ ગયેલા બાહુવાળા, કર્મ અને ચેષ્ટા વિનાના, જેમની આંખોમાંથી પાણી ઝરતું હતું એવા, રુધિર ઓકતા, ઊંચાં થઈ ગયેલાં મુખવાળા, જેમનાં જીભ અને નેત્ર બહાર નીકળી ગયાં હતાં એવા તથા કાષ્ઠ જેવા થઈ ગયેલા એ શિષ્યોને જોઈને તે બ્રાહ્મણ ખિન્ન અને ઉદાસ થઈ ગયો, અને પોતાની પત્ની સાથે ઋષિને પ્રસન્ન કરવા લાગ્યો કે "હે ભદન્ત! તિરસ્કાર અને નિન્દા માટે ક્ષમા કરો. હે ભદન્ત! મૂઢ અને અજ્ઞાની બાળકોએ આપનો જે તિરસ્કાર કર્યો તેની ક્ષમા કરો. ઋષિઓ મહાકૃપાળુ હોય છે. ખરેખર, મુનિઓ ક્રોધશીલ હોતા નથી". ૨૯–૩૧

आसीविसो उग्गतवो महेसी घोरव्वओ घोरपरक्कमो य ।
अगणिं व पक्खन्द पयङ्गसेणा जे भिक्खुयं भत्तकाले वहेह ॥ २७
सीसेण एयं सरणं उवेह समागया सव्वजणेण तुब्भे ।
जइ इच्छह जीवियं वा धणं वा लोगं पि एसो कुविओ डहेज्जा ॥ २८
अवहेडिय पिट्ठिसउत्तमङ्गे पसारिया बाहु अकम्मचेट्ठे ।
निज्झेरियच्छे रुहिरं वमन्ते उड्ढंमुहे निग्गयजीहनेत्ते ॥ २९
ते पासिया खण्डिय कट्ठभूए विमणो विसण्णो अह माहणो सो ।
इसिं पसाएइ सभारियाओ हीलं च निन्दं च खमाह भन्ते ॥ ३०
बालेहि मूढेहि अयाणएहिं जं हीलिया तस्स खमाह भन्ते ।
महप्पसाया इसिणो हवन्ति न हु मुणी कोवपरा हवन्ति ॥ ३१

(મુનિ :) " પૂર્વકાળે, હમણાં કે ભવિષ્યમાં મારા મનમાં કોઈ પ્રકારનો દ્વેષ નથી. યક્ષો મારી સેવા કરે છે અને તેઓએ જ આ કુમારોને માર્યા છે." ૩૨

(પુરોહિત:) "અર્થ અને ધર્મને જાણનારા તથા દયામય બુદ્ધિવાળા તમે કદી કોપાયમાન થતા નથી. સર્વજનોની સાથે અમે તમારા ચરણના શરણમાં આવીએ છીએ. ૩૩

"હે મહાભાગ! અમે તમારી પૂજા કરીએ છીએ. તમારું એવું કંઈ પણ નથી, જેની પૂજા અમે ન કરીએ. વિવિધ વ્યંજન મસાલાથી યુક્ત આ ઉત્તમ ભાત આપ જમો. ૩૪

"આ મારું પુષ્કળ ભોજન છે. મારા ઉપર અનુગ્રહ કરવા માટે તે જમો". તે મહાત્માએ 'ભલે' એમ કહીને માસખમણના પારણામાં એ ભોજન સ્વીકાર્યું. ૩૫

એ સમયે ગંધોદક અને પુષ્પની વર્ષા થઈ તથા દિવ્ય વસુધારા દ્રવ્યની વૃષ્ટિ થઈ. દેવોએ દુંદુભિઓ વગાડી અને આકાશમાં 'અહો! દાન!' એવી ઘોષણા કરી. ૩૬

पुव्विं च इण्हिं च अणागयं च मणप्पदोसो न मे अत्थि कोइ ।
जक्खा हु वेयावडियं करेन्ति तम्हा हु एए निहया कुमारा ३२
अत्थं च धम्मं च वियाणमाणा तुब्भे न वि कुप्पह भूइपन्ना ।
तुब्भं[1] तु पाए सरणं उवेमो समागया सव्वजणेण अम्हे ३३
अच्चेमु ते महाभाग न ते किंचि न अच्चिमो ।
भुञ्जाहि सालिमं कूरं नाणावञ्जणसंजुयं ३४
इमं च मे अत्थि पभूयमन्नं तं भुञ्जसू अम्ह अणुग्गहट्ठा ।
बाढं ति पडिच्छइ भत्तपाणं मासस्स ऊ पारणए महप्पा ३५
तहियं गन्धोदयपुप्फवासं दिव्वा तहिं वसुहारा य वुट्ठा ।
पहयाओ दुन्दुहीओ सुरेहिं आगासे अहो दाणं च घुट्ठं ३६

---

१. तुब्भं शा० ।

(બ્રાહ્મણો :) "આ તપની વિશેષતા સાક્ષાત્ દેખાય છે; જાતિની વિશેષતા કોઈ દેખાતી નથી. ચાંડાલના પુત્ર હરિકેશ સાધુને જુઓ કે જેમની આવી માહાત્મ્યયુક્ત ઋદ્ધિ છે". ૩૭

(મુનિ:) "હે બ્રાહ્મણો! અગ્નિનો આરંભ કરીને પછી જળ વડે બાહ્ય શુદ્ધિ શા માટે શોધી રહ્યા છો? આ જે તમે બાહ્ય શુદ્ધિ શોધી રહ્યા છો તેને કુશલ પુરુષો ડહાપણ ગણતા નથી. ૩૮

"હે મંદ જનો! દર્ભ, યૂપ–યજ્ઞસ્તંભ, તૃણ, કાષ્ઠ અને અગ્નિનો ઉપયોગ કરીને તથા સવારે અને સાંજે પાણીનો સ્પર્શ કરીને પ્રાણો અને ભૂતોને[1] દુઃખ આપતા તમે વારંવાર પાપ કરી રહ્યા છો". ૩૯

(બ્રાહ્મણો :) "હે ભિક્ષુ! અમે કેવી રીતે યજ્ઞ કરીએ? પાપ-કર્મોને કેવી રીતે દૂર કરીએ? હે યક્ષપૂજિત સંયમી! કુશલ પુરુષો કેવા યજ્ઞને સારો યજ્ઞ કહે છે તે અમને કહો." ૪૦

(મુનિ :) "છ જીવકાયની[2] હિંસા નહિ કરનારા, અસત્ય અને

૧. 'પ્રાણો' એટલે દ્વીન્દ્રિયાદિ પ્રાણીઓ–પોરા વગેરે અને 'ભૂતો' એટલે વૃક્ષો, એવો અર્થ ટીકાકાર નેમિચન્દ્ર સમજાવે છે.

૨. પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય એ પાંચ પ્રકારના સ્થાવર જીવો અને ત્રસ એટલે જંગમજીવો–એ પ્રમાણે છ જીવકાય.

सक्खं खु दीसइ तवोविसेसो न दीसई जाइविसेस कोई ।
सोवागपुत्तं हरिएससाहुं जस्सेरिसा इड्ढि महाणुभावा ३७
किं माहणा जोइसमारभन्ता उदएण सोहिं बहिया विमग्गह ।
जं मग्गहा बाहिरियं विसोहिं न तं सुदिट्ठं कुसला वयन्ति ३८
कुसं च जूवं तणकट्ठमग्गिं सायं च पायं उदगं फुसन्ता ।
पाणाइ भूयाइ विहेडयन्ता भुज्जो वि मन्दा पगरेह पावं ३९
कहं च रे भिक्खु वयं जयामो पावाइ कम्माइ पुणोल्लयामो ।
अक्खाहि नो संजय जक्खपूइया कहं सुजट्ठं कुसला वयन्ति ४०
छज्जीवकाए असमारभन्ता मोसं अदत्तं च असेवमाणा ।
परिग्गहं इत्थिओ माण मायं एवं परिन्नाय चरन्ति दन्ता ४१

१. बा° शा० । २. सुइट्ठं शा० । ३. णे शा० ।

અદત્તનું સેવન નહિ કરનારા દાન્ત પુરુષો પરિગ્રહ, સ્ત્રીઓ, માન અને માયાને એ પ્રમાણે જાણીને (તેમનો ત્યાગ કરીને) વિહરે છે. ૪૧

"પાંચ સંવર-મહાવ્રતો વડે સંવૃત-સુરક્ષિત, આ જીવનની પણ આકાંક્ષા નહિ રાખનાર, કાયોત્સર્ગ કરનાર, શુચિ તથા કાયાની આસક્તિથી રહિત પુરુષ મહાવિજયી શ્રેષ્ઠ યજ્ઞ આદરે છે."૪૨.

(બ્રાહ્મણો :) "તમારો અગ્નિ કયો છે? અગ્નિસ્થાન કયું છે? (અગ્નિમાં ઘી નાખવા માટેની) ચાઓ—કડછીઓ કઈ છે? છાણાં ક્યાં છે? ઈંધણાં કયાં છે?[1] એ અગ્નિમાં તમે કયો હોમ કરો છો?"૪૩

(મુનિ :) "તપ એ અગ્નિ છે, જીવાત્મા અગ્નિસ્થાન છે,

૧. મૂળમાં एहा य ते कयरा संति પાઠ છે; એની સંસ્કૃત છાયા एधाः च ते कतराः सन्ति એવી થઇ શકે, જેનો અનુવાદ ઉપર આપ્યો છે. યાકોબીએ પણ એ રીતે અનુવાદ કર્યો છે એમ જણાય છે. પણ અભયદેવસૂરિ, નેમિચન્દ્ર વગેરે ટીકાકારોએ 'તમારાં ઈંધણાં કયાં છે?' એવો અર્થ કર્યા પછી संतिનો અર્થ પ્રક્રમથી 'તમારો શાન્તિપાઠ કયો છે?' એવો બેસાડયો છે, જે દૂરાકૃષ્ટ લાગે છે. ઉપર આપ્યો છે એ અર્થ વધારે સ્વાભાવિક લાગે છે. ચૂર્ણિકારને પણ એ જ અર્થ ઉદ્દિષ્ટ હોવો જોઈએ. જો કે ૪૩મા પદ્યના આ વાકય-ખંડનું વિવેચન ચૂર્ણિમાં નથી, પણ એના ઉત્તરરૂપે આવતા ૪૪મા પદ્યના ભાગનો ચૂર્ણિકારે જે અર્થ કર્યો છે, તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે— कर्म्मेधाः कर्म्म द्रष्टव्यं संयमयोगाश्च, शान्तिः सर्वजीवानां आत्मनश्च, एतद् होमं जुहोम्यहं (પત્ર ૨૧૨). અહીં 'શાન્તિ'નો 'શાન્તિપાઠ' અર્થ નથી.

सुसंवुडो पञ्चहि संवरेहिं इह जीवियं अणवकङ्खमाणो[2] ।
वोसट्ठकाओ[3] सुइचत्तदेहो महाजयं जयंति जन्नसिट्ठं ४२
के ते जोई के य ते जोइठाणे का ते सुया कं[4] च[5] ते कारिसङ्गं ।
एहा य ते कयरा सन्ति भिक्खू कयरेण होमेण हुणासि जोइं ४३
तवो जोई जीवो जोइठाणं जोगा सुया सरीरं कारिसङ्गं ।
कम्मेहा संजम जोगसन्ती होम हुणामि इसिणं पसत्थं ४४

१. °हा. शा० । २ °णा. शा० । ३. °काइ. शा० । ४. °हा. शा० । ५. °इ शा० । ६. "य" ने बदले "व" शा० । ७. किव. शा० । किच. आ० ।

(મન, વચન અને કાયાનો) યોગ એ કડછીઓ છે, શરીર એ (તપરૂપી) અગ્નિ સળગાવવા માટેનું સાધન છે, કર્મરૂપી ઇંધણાં છે. એ પ્રમાણે ઋષિઓએ વખાણેલો સંયમ, યોગ અને શાન્તિરૂપી હોમ હું કરું છું." ૪૪.

(બ્રાહ્મણો :) "તમારો (સ્નાન કરવા માટેનો) હ્રદ–ધરો કયો છે? તમારું શાન્તિતીર્થ–પુણ્યક્ષેત્ર કયું છે? કયાં સ્નાન કરીને તમે કર્મરજનો ત્યાગ કરો છો? હે યક્ષપૂજિત સંયમી! આ વસ્તુઓ અમને કહો. તમારી પાસેથી અમે તે જાણવા ઇચ્છીએ છીએ." ૪૫

(મુનિ :) "ધર્મ એ મારો હ્રદ છે, મલરહિત તથા જે વડે આત્માની લેશ્યા[1] શુદ્ધ થાય છે એવું મારું શાન્તિતીર્થ એ બ્રહ્મચર્ય છે, જેમાં સ્નાન કરીને વિમલ, વિશુદ્ધ અને શીતલ થયેલો હું દોષનો ત્યાગ કરું છું. ૪૬

આ સ્નાન કુશળ પુરુષોએ કહેલું છે. આ મહાસ્નાનને ઋષિઓએ પ્રશસ્ત ગણેલું છે, જેમાં સ્નાન કરીને વિમલ અને વિશુદ્ધ થયેલા મહર્ષિઓ ઉત્તમ સ્થાને પહોંચ્યા છે." ૪૭

એ પ્રમાણે હું કહું છું.

---

૧. લેશ્યા એ જૈન પારિભાષિક શબ્દ છે. એનો સામાન્ય અર્થ 'આત્માનો શુભ–અશુભ પરિણામવિશેષ' એવો છે. ઊતરતી–ચડતી કોટિ પ્રમાણે લેશ્યાઓના ૭ વિભાગ પાડવામાં આવે છે : કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુક્લ. આત્મિક વૃત્તિઓની દૃષ્ટિએ કૃષ્ણ લેશ્યાવાળો નિકૃષ્ટ કોટિમાં છે જ્યારે શુક્લ લેશ્યાવાળો ઉત્તમ કોટિમાં છે. લેશ્યા વિશે વિગતથી વિવરણ આ ગ્રન્થના ૩૪ મા અધ્યયનમાં છે.

के ते हरए के य ते सन्तितित्थे कहिं सिणाओ व रयं जहासि ।
आइक्ख नो[1] संजय जक्खपूइया इच्छामो नाउं भवओ सगासे ४५
जहिं सिणाओ विमलो विसुद्धो सुसीइभूओ पजहामि दोसं ४६
एयं सिणाणं कुसलेहि दिट्ठं महासिणाणं इसिणं पसत्थं ।
जहिं[2] सिणाया विमला विसुद्धा महारिसी उत्तमं ठाणं पत्ते[3] ४७
त्ति बेमि ॥

---

१. णे. शा० । २. जहि. शा० । ३. पत्ते. आ० ।

અધ્યયન ૧૩

ચિત્રસંભૂતીય[1]

['ચિત્ર અને સંભૂતને લગતુ']

પોતાની જાતિને કારણે અપમાન પામેલા સંભૂતે હસ્તિનાપુરમાં

---

૧. ચિત્ર અને સંભૂતનાં જન્મજન્માન્તરોની એક લાંબી આખ્યાયિકા આ અધ્યયનના પ્રારંભમાં ટીકાકારોએ આપી છે. આ અધ્યયનનું વસ્તુ સમજવા માટે આવશ્યક એવો એનો સારભાગ નીચે પ્રમાણે છે :

કાશીનગરમાં ચિત્ર અને સંભૂત નામે બે અંત્યજ ભાઈઓ રહેતા હતા. તેઓ સંગીતકળામાં પ્રવીણ હતા, અને લોકો એમનું સંગીત સાંભળવા માટે તેમની આસપાસ એકત્ર થતા હતા, પણ તેઓ અંત્યજ છે એમ જાણ્યા પછી એમનો તિરસ્કાર કરતા હતા. એથી ત્રાસીને તેઓ આત્મઘાત કરવા તૈયાર થયા, પણ એમાંથી એક સાધુએ તેમને બચાવ્યા અને દીક્ષા આપી. એક વાર તેઓ હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે ત્યાંના રાજા સનત્કુમાર ચક્રવર્તી પોતાની રાણી સુનંદા સાથે તેમને વંદન કરવા આવ્યા. ચક્રવર્તીના સ્ત્રીરત્નને જોઈને મોહિત થયેલા સંભૂતે નિયાણું (પોતાની તપશ્ચર્યાનું અમુક ફળ મળે એવો સંકલ્પ) કર્યું કે 'આવતા જન્મમાં આવું સ્ત્રીરત્ન મને પ્રાપ્ત થાય.' એ પછી બન્ને ભાઈ ઓ મરણ પામીને દેવયોનિમાં ગયા. ત્યાંથી ચ્યવીને સંભૂત કાંપિલ્ય નગરમાં ચુલની માતાને પેટે બ્રહ્મદત્ત ચક્રવર્તી તરીકે જન્મ્યો તથા એવા સુન્દર સ્ત્રીરત્નનો પતિ થયો. ચિત્ર પુરિમતાલ નગરમાં એક ધનિક શ્રેષ્ઠીને ઘેર જન્મ્યો. જાતિસ્મરણ થતાં ચિત્ર એક મુનિ પાસે દીક્ષા લઈને સાધુ થયો.

બ્રહ્મદત્ત ચક્રવર્તીને એક પ્રસંગે પુષ્પનો દડો જોઇને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું, અને તેણે आसि दासा मिगा हंसा चंडाला अमरा जहा (આપણે પૂર્વજન્મમાં દાસ, મૃગ, હંસ, ચાંડાલ અને દેવ હતા) એ શ્લોકાર્ધ બનાવીને દેશાન્તરમાં મોકલ્યો, અને જાહેર કર્યું કે જે આ શ્લોક પૂર્ણ કરશે તેને અર્ધું રાજ્ય મળશે. થોડા સમય પછી કાંપિલ્યના ઉદ્યાનમાં આવેલા ચિત્ર મુનિએ એ શ્લોકાર્ધ પૂરો કર્યો–इमा णो छट्ठिया जाई अन्नमन्नेण जा विणा

जाईपराइओ खलु कासि नियाणं तु हत्थिणपुरम्मि ।
चुलणीए बम्भदत्तो उववन्नो पउमगुम्माओ १

---

१. °राजइओ. शा० ।

નિયાણું[1] કર્યું; અને તેથી પદ્મગુલ્મ વિમાનમાંથી ચ્યવીને તે કાંપિલ્યપુરમાં ચુલની રાણીની કૂખે બ્રહ્મદત્ત રૂપે અવતર્યો. ચિત્ર પણ પુરિમતાલપુરમાં મોટા શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થયો, અને ધર્મ સાંભળીને તેણે દીક્ષા લીધી. ૧-૨

ચિત્ર અને સંભૂત બન્ને કાંપિલ્ય નગરમાં મળ્યા, અને તેઓ સારાં અને નરસાં કર્મોનો ફળવિપાક પરસ્પરને કહેવા લાગ્યા. ૩

મહર્દ્ધિક અને મહાયશ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પોતાના ભાઈને બહુ માનપૂર્વક આ વચન કહ્યું : ૪

"આપણે બન્ને પરસ્પરને વશ વર્તનારા, પરસ્પરમાં અનુરક્ત અને પરસ્પરના હિતૈષી ભાઈઓ હતા. ૫

(જેમાં આપણે પરસ્પરથી છૂટા પડ્યા એવો આ છઠ્ઠો જન્મ છે.)

આ રીતે પૂર્વજન્મના બે ભાઈઓનો પરસ્પરને પરિચય થયો. એમની વચ્ચેનો સંવાદ આ અધ્યયનની ત્રીજી ગાથાથી શરૂ થાય છે.

આ અધ્યયનમાં છે એને મળતું કથાનક જાતક-૪૯૮ (ચિત્તસંભૂતક જાતક)માં છે. બીજી અનેક કથાઓ વિશે બન્યું છે તેમ, આમાં પણ કોઈ પ્રાચીન લોકકથાનું જૈનો તેમ બૌદ્ધોએ પોતાના સંપ્રદાયને અનુસરતું વિભિન્ન રૂપાન્તર કર્યું હોય એમ જણાય છે.

૧. 'નિયાણા' વિશે જુઓ પૃ. ૧૦૬, ટિ. ૧

कम्पिल्ले सम्भूओ चित्तो पुण जाओ पुरिमतालम्मि।
सेट्ठिकुलम्मि विसाले धम्मं सोऊण पव्वइओ ॥२

कम्पिल्लम्मि य नयरे समागया दो वि चित्तसम्भूया।
सुहदुक्खफलविवागं कहेन्ति[1] ते इक्कमिक्कस्स ॥३

चक्कवट्टी महिड्ढीओ बम्भदत्तो महायसो।
भायरं बहुमाणेणं इमं वयणमब्बवी ॥४

आसि मो[2] भायरा दो वि[3] अन्नमन्नवसाणुगा।
अन्नमन्नमणूरत्ता अन्नमन्नहितेसिणो[4] ॥५

दासा दसण्णे आसी[5] मिया कालिञ्जरे नगे।

---

१. कहेम्ति. शा०। २. प°. मे°. शा०। ३. आसि मु. शा०। ४ °हिप.° शा०। ५. आसी मु. शा०।

"આપણે દશાર્ણ દેશમાં દાસ હતા. કાલિંજર પર્વતમાં મૃગ હતા, મૃતગંગાના કિનારે હંસ હતા, કાશીભૂમિમાં ચાંડાલ હતા, અને દેવલોકમાં મહર્દ્ધિક દેવો હતા. જેમાં આપણે પરસ્પરથી છૂટા પડ્યા એવો આ છઠ્ઠો જન્મ છે." ૬–૭

(ચિત્ર :) "કર્મો નિયાણું કરવાથી બંધાય છે, અને હે રાજન્! તમે તેનું ચિન્તન કર્યું હતું (નિયાણું કર્યું હતું.), તેના ફળવિપાકથી આપણે વિયોગ પામ્યા હતા." ૮

(બ્રહ્મદત્ત :) "સત્ય અને શૌચથી પ્રકટ થતાં કર્મો મેં પૂર્વે કર્યાં હતાં તે હું અત્યારે ભોગવું છું. ચિત્રની બાબતમાં પણ શું એમ જ છે? ૯

"મનુષ્યોનું સર્વ શુભ કર્મ સફળ થાય છે; કરેલાં કર્મોમાંથી (ભોગવ્યા વિના) મુક્તિ થતી નથી. આ અર્થ અને કામદ્વારા મારા આત્માને પુણ્યનું ફળ પ્રાપ્ત થયું છે." ૧૦

(ચિત્ર :) "હે સંભૂત! તારી જાતને જેમ તું મહાભાગ્યવાન, મહર્દ્ધિક અને પુણ્યફલથી યુક્ત માને છે તે જ પ્રમાણે, હે રાજન્!

हंसा मयङ्गतीरे सोवागा कासिभूमिए ६
देवा य देवलोगम्मि आसि अम्हे महिड्ढिया ।
इमा नो छट्ठिया जाई अन्नमन्नेण जा विणा ७
कम्मा नियाणपयडा तुमे राय विचिन्तिया ।
तेसिं फलविवागेण विप्पओगमुवागया ८
सच्चसोयप्पगडा कम्मा मए पुरा कडा ।
ते अज्ज परिभुञ्जामो किं तु चित्ते वि से तहा ९
सव्वं सुचिण्णं सफलं नराणं कडाण कम्माण न मोक्खो अत्थि ।
अत्थेहि कामेहि य उत्तमेहिं आया ममं पुण्णफलोववेए १०
जाणाहि संभूय महाणुभागं महिड्ढियं पुण्णफलोववेयं ।
चित्तं पि जाणाहि तहेव रायं इड्ढी जुई तस्स वि य प्पभूया ११

---

१. पगडा. आ० । २. मोक्ख. आ० ।

ચિત્રને પણ જાણ. તેની પાસે પણ પુષ્કળ ઋદ્ધિ દ્યુતિ હતી. ૧૧

"મહાન અર્થવાળી અને અલ્પ શબ્દોવાળી એક ગાથા જનસમૂહોમાં ગવાય છે, તે (સાંભળીને) શીલ અને ગુણયુક્ત ભિક્ષુઓ આમાં (ધર્મમાં) પ્રયત્નશીલ બને છે. (એ ગાથા સાંભળીને) હું શ્રમણ થયો" ૧૨

(બ્રહ્મદત્ત:) "ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ એ મારા પાંચ રમ્ય મહેલો સુપ્રસિદ્ધ છે. હે ચિત્ર! પાંચાલ દેશની ઉત્તમ વસ્તુઓથી યુક્ત અને ધનથી ભરેલું આ ઘર તું ભોગવ. ૧૩

"હે ભિક્ષુ! નૃત્ય કરતી, ગીત ગાતી અને વાજિંત્રો વગાડતી સ્ત્રીઓથી વીંટાઇને આ ભોગો ભોગવ. એ જ મને ગમે છે. દીક્ષા તો દુ:ખરૂપ જ છે." ૧૪

પૂર્વસ્નેહથી જેના પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો હતો એવા તથા કામના ગુણમાં લુબ્ધ થયેલા તે રાજાને તેના હિતચિંતક તથા ધર્માશ્રિત એવા ચિત્ર મુનિએ નીચે પ્રમાણે વચન કહ્યું: ૧૫

"સર્વ ગીત એ વિલપિત છે, સર્વ નૃત્ય એ વિડંબના છે. સર્વ આભરણો એ ભાર છે, અને સર્વ ઇચ્છાઓ દુ:ખ-

---

महत्थरूवा वयणप्पभूया गाहाणुगीया नरसङ्घमज्झे ।
जं भिक्खुणो सीलगुणोववेया इहं जयन्ते समणो मि जाओ १२
उच्चोयए महु कक्के य बम्भे पवेइया आवसहा य रम्मा ।
इमं गिहं चित्त धणप्पभूयं पसाहि पञ्चालगुणोववेयं १३
नट्टेहि गीएहि य वाइएहिं नारीजणाइं परिवारयन्तो ।
भुञ्जाहि भोगाइ इमाइ भिक्खू मम रोयई पव्वज्जा हु दुक्खं १४
तं पुव्वनेहेण कयाणुरागं नराहिवं कामगुणेसु गिद्धं ।
धम्मस्सिओ तस्स हियाणुपेही चित्तो इमं वयणमुदाहरित्था १५
सव्वं विलवियं गीयं सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा १६

---

१. सु॰. शा॰ । २. ॰णाहिं. शा॰ । ३. ॰यार॰ शा॰ ।

દાયક છે.[1] ૧૬

"હે રાજન્! કામભોગોથી વિરક્ત થયેલા, તપોધન અને શીલગુણોમાં રત એવા ભિક્ષુઓને જે સુખ છે તે સુખ અજ્ઞાનીઓને જ મનોહર લાગે એવા દુઃખદાયક કામભોગોમાં નથી. ૧૭

"હે નરેન્દ્ર! મનુષ્યોમાં ચાંડાલ જાતિ અધમ છે, તેમાં આપણે બન્ને જન્મ્યા હતા. બધા જેમનો દ્વેષ કરતા હતા એવા આપણે એ જાતિમાં ચાંડાલોના નિવાસોમાં રહેતા હતા. ૧૮

"એ પાપજાતિમાં આપણે ચાંડાલોના નિવાસોમાં રહેતા હતા અને સર્વ લોકો આપણી જુગુપ્સા કરતા હતા. આ લોકમાં પૂર્વકૃત કર્મો (કારણભૂત) છે. ૧૯

"હે રાજન્! અત્યારે તું મહાભાગ્યવાન અને મહર્દ્ધિક છે તે પુણ્યનું ફળ છે. માટે આ અશાશ્વત ભોગોનો ત્યાગ કરીને (ચારિત્ર્ય)પ્રાપ્તિને[2] અર્થે અભિનિષ્ક્રમણ કર. ૨૦

---

૧. ગુણાઢ્યની લુપ્ત 'બૃહત્કથા'ના જૈન રૂપાન્તરરૂપે પાંચમા સૈકા આસપાસ રચાયેલા પ્રાકૃત ગદ્યકથાગ્રન્થ 'વસુદેવ-હિંડી' (પ્રથમખંડ)ના 'મુખ' વિભાગમાં આ પદ્ય નજીવા પાઠાન્તર સાથે જોવામાં આવે છે. ત્યાં શ્રીકૃષ્ણના પુત્ર સાંબે પાળેલી મેનાના મુખમાં તે મુકાયેલું છે એ ઉપરથી તે લોકપ્રચલિત સુભાષિત તરીકે પ્રસિદ્ધ હોવાના કથનને અનુમોદન મળે છે.

૨. મૂળમાં आयाणहेउं (સં. आदानहेतोः) શબ્દ છે. आदानનો અર્થ ટીકાકારોએ 'ચારિત્રધર્મ' કર્યો છે.

बालाभिरामेसु दुहावहेसु न तं सुहं कामगुणेसु रायं ।
विरत्तकामाण तवोहणाणं जं भिक्खुणं सीलगुणे रयाणं ॥ १७
नरिंद जाई अहमा नराणं सोवागजाई दुहओ गयाणं ।
जहिं वयं सव्वजणस्स वेस्सा वसी य सोवागनिवेसणेसु ॥ १८
तीसे य जाईइ उ पावियाए वुच्छामु सोवागनिवेसणेसु ।
सव्वस्स लोगस्स दुगंछणिज्जा इहं तु कम्माइ पुरे कडाइं ॥ १९
सो दाणि सिं राय महाणुभागो महिड्ढिओ पुण्णफलोववेओ ।
चइत्तु भोगाइ असासयाइं आदाणहेउं अभिणिक्खमाहि ॥ २०

"હે રાજન્ ! આ અશાશ્વત જીવનમાં જેણે પુષ્કળ પુણ્યકર્મો અને ધર્માચરણ કર્યાં નથી તે મનુષ્ય મૃત્યુના મુખમાં ગયા પછી પરલોકમાં શોક કરે છે. ૨૧

"જેમ સિંહ મૃગને લઈ જાય તેમ મૃત્યુ મનુષ્યને અંતકાળે લઈ જાય છે. માતા અથવા પિતા અથવા ભાઈ તેના એક અંશનું પણ રક્ષણ કરી શકતાં નથી. ૨૨

"સગાંસંબંધી, મિત્રવર્ગ, પુત્રો અને બાંધવો એના દુ:ખમાં ભાગ પડાવતાં નથી; તે પોતે એકલો જ દુ:ખનો અનુભવ કરે છે. કર્તાની પાછળ જ કર્મ જાય છે. ૨૩

"દ્વિપદ અને ચતુષ્પદ, ક્ષેત્ર અને ગૃહ તથા સર્વ ધનધાન્યનો ત્યાગ કરીને માત્ર પોતાના કર્મ સહિત તે સુન્દર અથવા અસુન્દર પરભવમાં જાય છે. ૨૪

"(મૃત્યુ થયા બાદ) એ તુચ્છ શરીરને ચિતામાં અગ્નિથી બાળીને ભાર્યા, પુત્રો અને સંબંધીઓ બીજા પાલકની પાસે જાય છે. ૨૫

इह जीविए राय असासयम्मि धणियं तु पुण्णाइ अकुव्वमाणो ।
से सोयई मच्चुमुहोवणीए धम्मं अकाऊण परंम्मि लोए ॥ २१
जहेह सीहो व मियं गहाय मच्चू नरं नेइ हु अन्तकाले ।
न तस्स माया व पिया व भाया कालम्मि तम्मंसहरा भवंति २२
न तस्स दुक्खं विभयन्ति नाइओ न मित्तवग्गा न सुया न बंधवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं कत्तारमेव अणुजाइ कम्मं २३
चेच्चा दुपयं च चउप्पयं च खेत्तं गिहं धणधन्नं च सव्वं ।
सकम्मबीओ अवसो पयाइ परं भवं सुंदरं पावगं वा २४
तं एक्कं तुच्छसरीरगं से चिईगयं दहिय उ पावगेणं ।
भज्जा य पुत्ता वि य नायओ य दायारमन्नं अणुसंकमन्ति २५

---

१. परंसि. शा० ।

"જીવિત અવિરામપણે ક્ષય પામતું જાય છે. હે રાજન્! જરા મનુષ્યની કાન્તિને હરી લે છે. હે પાંચાલરાજ! મારું વચન સાંભળ; મહારંભવાળાં કાર્યો તું કરીશ નહિ". ૨૬

(બ્રહ્મદત્ત:) "હે સાધુ! આ જે વાક્ય બોલો છો તે હું પણ જાણું છું. આ ભોગો આસક્તિ કરાવનાર હોય છે, હે જે આર્ય! અમારા જેવા મનુષ્યો માટે દુર્જય છે. ૨૭

"હે ચિત્ર! હસ્તિનાપુરમાં મહર્દ્ધિક રાજાને જોઈને કામભોગમાં આસકત એવા અમે અશુભ નિયાણું કર્યું હતું. ૨૮

"એ નિયાણાનો મેં ત્યાગ કર્યો નહિ તેનું આ ફળ છે કે ધર્મને જાણવા છતાં હું કામભોગોમાં આસક્ત થયેલો છું. ૨૯

"કળણમાં ખૂંચી ગયેલો હાથી કિનારો જોવા છતાં ત્યાં પહોંચતો નથી તેમ કામભોગમાં આસકત થયેલા અમે ભિક્ષુના માર્ગને અનુસરતા નથી." ૩૦

(ચિત્ર:) "કાળ વીતે છે અને રાત્રિઓ ત્વરાપૂર્વક ચાલી

उवणिज्जई जीवियमप्पमायं वण्णं जरा हरइ नरस्स रायं।
पञ्चालराया वयणं सुणाहि मा कासि कम्माइ महालयाइं ॥ २६
अहं पि जाणामि जहेह साहू जं मे तुमं साहसि वक्कमेयं।
भोगा इमे सङ्गकरा हवन्ति जे दुज्जया अज्जो अम्हारिसेहिं ॥ २७
हत्थिणपुरम्मि चित्ता दट्ठूणं नरवइं महिड्ढियं[2]।
कामभोगेसु गिद्धेणं नियाणमसुहं कडं ॥ २८
तस्स मे अपडिकन्तस्स इमं एयारिसं फलं।
जाणमाणो वि जं धम्मं कामभोगेसु मुच्छिओ ॥ २९
नागो जहा पङ्कजलावसन्नो दट्ठुं थलं नाभिसमेइ तीरं।
एवं वयं कामगुणेसु गिद्धा न भिक्खुणो मग्गमणुव्वयामो ॥ ३०
अच्चेइ कालो तूरंन्ति[3] राइओ न यावि भोगा पुरिसाण निच्चा।
उविच्च भोगा पुरिसं चयन्ति दुमं जहा खीणफलं व पक्खी ॥ ३१

---

१. राय. शा० । २. °ड्ढीयं. शा० । ३. तरन्ति. शा० ।

જાય છે. મનુષ્યોના કામભોગો પણ નિત્ય નથી. ક્ષીણ થયેલા ફળવાળા વૃક્ષને પક્ષીઓ ત્યજીને જાય તેમ ભોગો પણ આવીને પછી પુરુષનો ત્યાગ કરે છે. ૩૧

"હે રાજન્! જો તું ભોગોનો ત્યાગ કરવા અશકત હોય તો આર્યકર્મો કર. ધર્મમાં રહીને સર્વ પ્રાણીઓ પ્રત્યે અનુકંપાવાળો થઈશ, તો અહીંથી (ચ્યવીને) વૈક્રિય શરીરવાળો દેવ થઈશ. ૩૨

"ભોગોનો ત્યાગ કરવાની તારી ઇચ્છા નથી. આરંભ અને પરિગ્રહોમાં તું આસકત થયેલો છે. આટલો પ્રલાપ મેં વૃથા કર્યો. હે રાજન્! તારી વિદાય લઈને હું જાઉં છું." ૩૩

પાંચાલરાજ બ્રહ્મદત્તે પણ તે સાધુનું વચન કર્યું નહિ, અને અનુત્તર[1] કામભોગો ભોગવીને તે અનુત્તર નરકમાં ગયો. ૩૪

અને કામભોગોથી વિરકત થયેલા, ઉગ્ર તપ અને ચારિત્ર્યવાળા મહર્ષિ ચિત્ર પણ અનુત્તર સંયમ પાળીને સિદ્ધિગતિમાં ગયા. ૩૫

એ પ્રમાણે હું કહું છું.

૧. જેનાથી બીજું કંઈ ઊંચું નથી એવા, સર્વોત્તમ.

जइ तं सि भोगे चइउं असत्तो अज्जाइ कम्माइ करेहि रायं ।
धम्मे ठिओ सव्वपयाणुकम्पी तो होहिसि देवो इओ विउव्वी ३२
न तुज्झ भोगे चइऊण बुद्धी गिद्धो सि आरम्भपरिग्गहेसु ।
मोहं कओ एत्तिउ विप्पलावो गच्छामि रायं आमन्तिओ सि ३३
पञ्चालराया वि य बम्भदत्तो साहुस्स तस्स वयणं अकाउं ।
अणुत्तरे भुञ्जिय कामभोगे अणुत्तरे सो नरए पविट्ठो ३४
चित्तो वि कामेहि विरत्तकामो उदग्गचारित्ततवो महेसी ।
अणुत्तरं संजमं पालइत्ता अणुत्तरं सिद्धिगइं गओ ३५
त्ति बेमि ॥

१. °लापु. शा० ।

અધ્યયન ૧૪

ઇષુકારીય

['ઇષુકાર(વાસીઓ)ને લગતું']

પૂર્વભવમાં એક વિમાન(દેવભવન)વાસી દેવ થઈને પછી ચ્યવેલા કેટલાક (છ) જીવો પુરાણા, પ્રખ્યાત, સમૃદ્ધ અને સુરલોક જેવા રમ્ય ઇષુકાર નામે નગરમાં,[1] શેષ રહેલાં પૂર્વકૃત કર્મોને કારણે, ઉચ્ચ કુળમાં જન્મ્યા. નિર્વેદ પામીને તથા સંસારના ભયને કારણે (ભોગાદિનો) ત્યાગ કરીને તેમણે જિનેન્દ્રમાર્ગનું શરણ સ્વીકાર્યું. ૧-૨

(આ છ જીવ નીચે પ્રમાણે :) બે કુંવારા પુરુષો,[2] પુરોહિત (ભૃગુ) અને તેની પત્ની યશા, વિશાલકીર્તિ રાજા ઇષુકાર અને તેની રાણી કમલાવતી. ૩

જન્મ, જરા અને મૃત્યુથી ત્રાસેલા, એની બહાર (મોક્ષમાં) જવાની ચિત્તવૃત્તિવાળા તેઓ કામભોગોના ગુણ જોયા પછી સંસારચક્રમાંથી મુક્ત થવા માટે એથી વિરક્ત થયા. ૪

---

૧. ચૂર્ણિ અને ટીકાઓ પ્રમાણે, ઇષુકાર નગર કુરુ જનપદમાં આવેલું હતું.
૨. આ બે કુંવારા પુરુષો તે પુરોહિત ભૃગુના બે કુમારો.

देवा भवित्ताण पुरे भवम्मी केई चुया एगविमाणवासी ।
पुरे पुराणे उसुयारनामे खाए समिद्धे सुरलोगरम्मे ॥ १
सकम्मसेसेण पुराकएणं कुलेसुदग्गेसु य ते पसूया ।
निव्विण संसारभया जहाय जिणिंदमग्गं सरणं पवन्ना ॥ २
पुमत्तमागम्म कुमार दो वी पुरोहिओ तस्स जसा य पत्ती ।
विसालकित्ती य तहोसुयारो रायत्थ देवी कमलावई य ॥ ३
जाईजरामच्चुभयाभिभूया बहिं विहाराभिनिविट्ठचित्ता ।
संसारचक्कस्स विमोक्खणट्ठा दट्ठूण ते कामगुणे विरत्ता ॥ ४

પોતાના કર્મમાં પરાયણ બ્રાહ્મણ પુરોહિતના બન્ને પુત્રોને પોતાના પૂર્વજન્મનું તથા પૂર્વજન્મમાં આચરેલાં તપ અને સંયમનું સ્મરણ થયું. ૫

માનવ તેમજ દિવ્ય કામભોગોમાં આસક્તિ વિનાના, મોક્ષાભિલાષી તથા જેમને શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે એવા તે બે જણાએ પિતા પાસે જઈને આ પ્રમાણે કહ્યું: ૬

"અનેક વિઘ્નોવાળો (મનુષ્ય જીવનરૂપી) આ વિહાર–પ્રવાસ તથા અદીર્ઘ આયુષ્ય જોઈને અમે ગૃહજીવનમાં આનંદ પામતા નથી. માટે અમે રજા માગીએ છીએ. અમે મુનિવ્રત ધારણ કરીશું." ૭

પછી પિતાએ તે (ભાવી) મુનિઓને તેમના તપમાં વિઘ્ન કરનારી નીચેની વાત કહી: "વેદવિદ્ પુરુષો આ વચન કહે છે કે–અપુત્ર મનુષ્યને (ઉત્તમ) લોકની પ્રાપ્તિ થતી નથી. ૮

"હે પુત્રો! વેદોનું અધ્યયન કરીને, બ્રાહ્મણોને ભોજન આપીને, પુત્રોને ઘરની વ્યવસ્થા સોંપીને તથા સ્ત્રીઓ સાથે ભોગ ભોગવીને પછી તમે અરણ્યવાસી પ્રશસ્ત મુનિઓ થજો." ૯

पियपुत्तगा दोन्नि वि माहणस्स सकम्मसीलस्स पुरोहियस्स ।
सरित्तु पोराणिय तत्थ जाइं तहा सुचिण्णं तव संजमं च ५
ते कामभोगेसु असज्जमाणा माणुस्सएसुं जे यावि दिव्वा ।
मोक्खाभिकंखी अभिजायसड्ढा तायं उवागम्म इमं उदाहु ६
असासयं दट्ठु इमं विहारं बहुअन्तरायं न य दीहमाउं ।
तम्हा गिहंसि न रइं लभामो आमन्तयामो चरिस्सामु मोणं ७
अह तायगो तत्थ मुणीण तेसिं तवस्स वाघायकरं वयासी ।
इमं वयं वेयविओ वयन्ति जहा न होई असुयाण लोगो ८
अहिज्ज वेए परिविस्स विप्पे पुत्ते परिट्ठप्प गिहंसि जाया ।
भोच्चाण भोए सह इत्थियाहिं आरण्णगा होह मुणी पसत्था ९

---

१. °हा°. शा० । २. वेदविदो आ० ।

પોતાના રાગાદિ ગુણરૂપી ઈંધણાંથી સળગતા અને મોહરૂપી પવનથી અધિક પ્રજળતા શોકાગ્નિ વડે દાઝતા અને સંતાપ અનુભવતા, અનેક પ્રકારે દીન વાણી બોલતા, યુક્તિથી સમજાવતા, તથા પુત્રોને ધનથી અને ભોગજન્ય સુખોથી લલચાવતા પુરોહિતને જોઈને કુમારોએ નીચે પ્રમાણે કહ્યું : ૧૦–૧૧

" વેદોનું (માત્ર) અધ્યયન કંઈ રક્ષણરૂપ થતું નથી, જેમને જમાડવામાં આવે છે તે બ્રાહ્મણો અંધકારથી વધુ અંધકારમાં લઈ જાય છે,[૧] જન્મેલા પુત્રો પણ રક્ષણરૂપ થતા નથી. (તમારી) આ વાત કોણ સ્વીકારશે ? ૧૨

" કામભોગો તો ક્ષણવાર સુખ અને બહુ કાળ દુ:ખ આપનારા, દુ:ખપ્રપૂર્ણ અને અલ્પ સુખદાયી, સંસારમાંથી મુક્ત થવામાં વિઘ્નરૂપ અને અનર્થોની ખાણ છે. ૧૩

૧. ડૉ. યાકોબીની વાચનામાં मुत्ता दिया निन्ति तमं गमेण એ પ્રમાણે પાઠ આ શ્લોકના બીજા ચરણનો છે, એમાં तमं गमेणનો અર્થ અસ્પષ્ટ રહે છે. ચૂર્ણિમાં તથા શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની ટીકાઓમાં આ સ્થળે तमं तमेण પાઠ છે તે મેં અહીં સ્વીકારીને અનુવાદ કર્યો છે. 'ઉત્તરાધ્યયન'ના ડૉ. યાકોબીના અંગ્રેજી ભાષાન્તરમાં આ સ્થળે तमं तमेण પાઠ સ્વીકારાયો હોય એમ લાગે છે, એ જોતાં એમની પ્રાકૃત વાચનામાંનો तमं गमेण મુદ્રણદોષ હશે.

सोयग्गिणा आयगुणिन्धणेणं मोहाणिला पज्जलणाहिएणं ।
संतत्तभावं परितप्पमाणं लालप्पमाणं बहुहा बहुं च १०
पुरोहियं तं कमसो ऽणुणेन्तं निमंतयन्तं च सुए धणेणं ।
जहक्कमं कामगुणेहि चेव कुमारगा ते पसमिक्ख वक्कं ११
वेया अहीया न भवन्ति ताणं भुत्ता दिया निन्ति तमं तमेणं ।
जाया य पुत्ता न हवन्ति ताणं को णाम ते अणुमन्नेज्ज एयं १२
खणमेत्तसोक्खा बहुकालदुक्खा पगामदुक्खा अणिगामसोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया खाणी अणत्थाण उ कामभोगा १३

१. °गुणि°. शा० । १. पकाम. आ० ।

"કામભોગોથી નિવૃત્ત નહિ થયેલો પુરુષ દિવસ અને રાત રઝળતો, પરિતાપ પામતો, બીજાઓને માટે પ્રમત્ત થતો અને ધનની ઇચ્છા કરતો જરા અને મૃત્યુને પામે છે. ૧૪

"'આ મારું છે અને આ મારું નથી; આ મારે કરવાનું છે અને આ નથી કરવાનું'–એ પ્રમાણે પ્રલાપ કરતા તેને ચોરો[1] હરી જાય છે. પછી પ્રમાદ શી રીતે થઈ શકે?" ૧૫

(પિતાએ કહ્યું:) "જેને માટે લોકો તપશ્ચર્યા કરે છે તે વસ્તુઓ સહિત પુષ્કળ ધન, સ્વજનો અને ઉત્તમ ભોગવિલાસો અહીં જ તમારે સ્વાધીન છે." ૧૬

(પુત્રો બોલ્યા:) "ધર્માચરણના વિષયમાં ધન શા કામનું? સ્વજનો અને કામભોગો શા કામના? અમે ગુણસમૂહના ધારક, અપ્રતિબદ્ધવિહારી અને ભિક્ષાચરણ કરનાર શ્રમણો થઈશું." ૧૭

(પિતાએ કહ્યું:) "હે પુત્રો! જેમ અરણિમાં અગ્નિ, દૂધમાં ઘી

---

૧. 'ચોરો'નો અર્થ ટીકાકારો 'દિવસ અને રાત્રિરૂપી ચોરો' અર્થાત્ કાળ–એ પ્રમાણે સમજાવે છે.

परिव्वयन्ते अनियत्तकामे अहो य राओ परितप्पमाणे ।
अन्नप्पमत्ते धणमेसमाणे पप्पोत्ति[2] मच्चुं पुरिसे जरं च ॥ १४

इमं च मे अत्थि इमं च नत्थि इमं च मे किच्च इमं अकिच्चं ।
तं एवमेवं लालप्पमाणं हरा हरंति त्ति कहं पमाए ॥ १५

धणं पभूयं सह इत्थियाहिं सयणा तहा कामगुणा पगामा ।
तवं कए तप्पइ जस्स लोगो तं सव्वसाहीणमिहेव तुब्भं ॥ १६

धणेण किं धम्मधुराहिगारे सयणेण वा कामगुणेहि चेव ।
समणा भविस्सामु गुणोहधारी बहिंविहारा अभिगम्म भिक्खं ॥ १७

जहा य अग्गी अरणी असन्तो खीरे घयं तेल्लमहा तिलेसु ।
एमेव ताया सरीरंसि सत्ता संमुच्छई नासइ नावचिट्ठे ॥ १८

---

१. °णि°. शा० । २. °ति. शा० ।

અને તલમાં તેલ નહિ હોવા છતાં થાય છે, તેમ સત્ત્વો[1] શરીરમાં પેદા થાય છે, નાશ પામે છે અને સ્થિર રહેતાં નથી." ૧૮

(પુત્રો બોલ્યા:) "(આત્મા) અમૂર્ત હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી, અમૂર્ત હોવાને કારણે તે નિત્ય છે. પોતાના બંધનનો હેતુ આત્મામાં રહેલો છે, અને એ બંધનને સંસારનો હેતુ કહેવામાં આવે છે. ૧૯

"ધર્મને નહિ જાણનારા અમે પૂર્વકાળમાં મોહથી પાપકર્મ કર્યું, અમે અવરોધ પામ્યા અને અટકી ગયા. પણ હવે ફરી એવું આચરણ નહિ કરીએ. ૨૦

"ચારે કોરથી ઘેરાયેલા આ લોક ઉપર અમોઘ (શસ્ત્રના) પ્રહાર પડતા હોય એવી સ્થિતિમાં અમે ગૃહવાસમાં આનંદ પામતા નથી." ૨૧

(પિતાએ કહ્યું:) "લોક ઉપર કોણ પ્રહાર કરે છે અને તે કોનાથી ઘેરાયેલો છે? અમોઘ (શસ્ત્રો) કોને કહે છે? હે પુત્રો! આ જાણવાને હું આતુર છું." ૨૨

---

૧. મૂળમાં सत्ता શબ્દ છે. ટીકાકારો એનું सत्त्वाः એવું સંસ્કૃત રૂપ સ્વીકારે છે. આ શ્લોકમાં ચાર્વાકને અભિપ્રેત મતનો નિર્દેશ છે, એટલે એના અનુવાદમાં 'આત્મા' શબ્દનો પ્રયોગ જાણી જોઇને કર્યો નથી.

नो इन्दियग्गेज्झ अमुत्तभावा अमुत्तभावा वि य होइ निच्चो ।
अज्झत्थहेउं नियमस्स बन्धो संसारहेउं च वयन्ति बन्धं १९

जहा वयं धम्ममजाणमाणा पावं पुरा कम्ममकासि मोहा ।
ओरुब्भमाणा परिरक्खियन्ता तं नेव भुज्जो वि समायरामो २०

अब्भाहयंमि लोगंमि सव्वओ परिवारिए ।
अमोहाहिं पडन्तीहिं गिहंसि न रइं लभे २१

केण अब्भाहओ लोगो केण वा परिवारिओ ।
का वा अमोहा वुत्ता जाया चिंतावरो हुमे २२

(પુત્રો બોલ્યા :) "લોક ઉપર મૃત્યુ પ્રહાર કરે છે, અને તે જરાથી ઘેરાયેલો છે. અમોઘ (શસ્ત્ર) રાત્રિને કહી છે. હે પિતા ! આ પ્રમાણે તમે જાણો. ૨૩

"જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ અફળ જાય છે. ૨૪

"જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. ધર્મ કરનારી રાત્રિઓ સફળ જાય છે." ૨૫

(પિતાએ કહ્યું :) "હે પુત્રો ! થોડોક સમય એક સાથે રહીને પછી આપણે બેઉ (માતાપિતા અને પુત્રો) સમ્યક્ત્વયુક્ત થઈને ઘેર ઘેર ભિક્ષાટન કરીશું." ૨૬

(પુત્રો બોલ્યા :) "જેને મૃત્યુ સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી છૂટી શકતો હોય અથવા જે જાણતો હોય કે પોતે મરવાનો નથી તે જ એમ કહે કે–આ આવતી કાલે થશે. ૨૭

"અમે આજે જ ધર્મમાર્ગને અંગીકાર કરીશું, જ્યાં પહોંચ્યા પછી પુનર્જન્મ રહેતો નથી. અમારે માટે કશું અનાગત નથી

मच्चुणाऽब्भाहओ लोगो जराए परिवारिओ ।
अमोहा रयणी वुत्ता एवं ताय विजाणह ॥२३॥

जा जा वच्चइ रयणी न सा पडिनियत्तई ।
अहम्मं कुणमाणस्स सफला जन्ति राइओ ॥२४॥

जा जा वच्चइ रयणी न सा पडिनियत्तई ।
धम्मं च कुणमाणस्स सफला जन्ति राइओ ॥२५॥

एगओ संवसित्ताणं दुहओ सम्मत्तसंजुया ।
पच्छा जाया गमिस्सामो भिक्खमाण कुले कुले ॥२६॥

जस्सत्थि मच्चुणा सक्खं जस्स वत्थि[1] पलायणं ।
जो जाणई न मरिस्सामि सो हु कंखे सुए सिया ॥२७॥

अज्जेव धम्मं पडिवज्जयामो जहिं पवन्ना न पुणब्भवामो ।
अणागयं नेव य अत्थि किंची सद्धा खमं णे विणइत्तु रागं ॥२८॥

---

१. चत्थि शा० । अत्थि. आ० । २. नाणे. शा० ।

(અર્થાત્ અમે ભૂતકાળમાં બધું જ ભોગવ્યું છે) શ્રદ્ધા વડે અમે આસક્તિને દૂર કરી શકીશું." ૨૮.

(આ સાંભળીને પુરોહિતે પોતાની પત્નીને કહ્યું :) "પુત્રહીન ગૃહવાસ નકામો છે. માટે હે વાશિષ્ઠિ ! હવે મારે માટે આ ભિક્ષાચર્યાનો કાળ છે. વૃક્ષ શાખાઓથી સમાધિ પામે છે;[1] શાખાઓ કપાઈ જતાં એ જ વૃક્ષ ઠૂંઠું બની જાય છે. ૨૯.

"પાંખો વિનાનો જેવો પક્ષી, રણમાં સેવકો વિનાનો જેવો રાજા, દ્રવ્ય વિનાનો જેવો વહાણ ઉપર વાણિયો, તેવો પુત્રો વિનાનો હું પણ છું." ૩૦.

(વાશિષ્ઠીએ કહ્યું :) "આ તમારા સુસંભૃત, એકત્રિત, અતિ મધુર, પુષ્કળ કામભોગો છે, તે હમણાં ખૂબ ભોગવી લઈએ; એ પછી પ્રધાન માર્ગ (મુક્તિમાર્ગરૂપ પ્રવ્રજ્યા)નો સ્વીકાર કરીશું." ૩૧.

(પુરોહિતે કહ્યું :) "હે ભવતિ ! રસો ભોગવી લીધા છે. આપણું વય ચાલ્યું જાય છે. જીવિત[2] માટે હું કંઈ આ ભોગોનો

---

૧. અર્થાત્ સ્થિર રહે છે, વૃક્ષ તરીકે ઓળખાય છે-એવો અર્થ ટીકાકારો સમજાવે છે.

૨. અહીં 'જીવિત'નો અર્થ 'ટીકાકારો બીજા ભવનું ભોગભરપૂર જીવન'-એવો સમજાવે છે.

पहीणपुत्तस्स हु नत्थि वासो वासिट्ठि भिक्खायरियाइ कालो ।
साहाहि रुक्खो लहई समाहिं छिन्नाहि साहाहि तमेव खाणुं २९
पंखाविहूणो व्व जहेव पक्खी भिच्चविहीणो व्व रणे नरिन्दो ।
विवन्नसारो वणिओ व्व पोए पहीणपुत्तो मि तहा अहं पि ३०
सुसंभिया कामगुणा इमे ते संपिण्डिया अग्गरसप्पभूया ।
भुञ्जामु ता कामगुणे पगामं पच्छा गमिस्सामु पहाणमग्गं ३१
भुत्ता रसा भोइ जहाइ णे वओ न जीवियट्ठा पजहामि भोए ।
लाभं अलाभं च सुहं च दुक्खं संचिक्खमाणो चरिस्सामि मोणं ३२

---

१. हू॰ शा॰ ।

ત્યાગ કરતો નથી. લાભ અને અલાભ, સુખ અને દુઃખને સમત્વ-થી જોતો હું મુનિવ્રત આચરીશ." ૩૨

(વાશિષ્ઠીએ કહ્યું:) "સામા પૂરમાં તરતા ઘરડા હંસની જેમ રખે તમે (પાછળથી) બંધુઓને સંભારો! મારી સાથે ભોગ ભોગવો. ભિક્ષાચર્યાની વાટ ખરેખર દુઃખદ છે." ૩૩

(પુરોહિતે કહ્યું:) "હે ભવતિ! સર્પ જેમ પોતાના શરીરની કાંચળી ત્યાગીને મુક્તપણે ચાલ્યો જાય છે તેમ આ પુત્રો ભોગનો ત્યાગ કરે છે. (પાછળ રહેતો) હું એકલો તેમને કેમ ન અનુસરું?" ૩૪

"રોહિત મત્સ્યો નબળી જાળ તોડી નાખીને બહાર નીકળે છે તેમ પ્રબળ શીલવાળા તથા તપશ્ચર્યાથી મહાન એવા ધીર પુરુષો ભિક્ષાચર્યા આચરે છે."૩૫

(આ સાંભળી પુરોહિત-પત્નીએ વિચાર કર્યો:) "ક્રૌંચ પક્ષીઓ અને હંસો (પારધીઓએ) પાથરેલી જાળ તોડી નાખીને જેમ આકાશમાં ઊડી જાય તેમ મારા પુત્રો અને પતિ જાય છે, તો (પાછળ રહેતી) હું એકલી તેમને કેમ ન અનુસરું?" ૩૬

પુત્રો અને પત્ની સહિત પુરોહિતે ભોગવિલાસો, તથા વિપુલ અને ઉત્તમ કુટુંબસમૃદ્ધિ ત્યાગીને અભિનિષ્ક્રમણ કરેલું સાંભળીને

मा हू तुमं सोयरियाण सम्भरे जुण्णो व हंसो पडिसोत्तगामी ।
भुञ्जाहि भोगाइ मए समाणं दुक्खं खु भिक्खायरियाविहारो ३३
जहा य भोई तणुयं भुयंगो निम्मोयणिं हिच्च पलेइ मुत्तो ।
एमेव जाया पयहन्ति भोए ते हं कहं नाणुगमिस्समेको ३४
छिन्दित्तु जालं अबलं व रोहिया मच्छा जहा कामगुणे पहाय ।
धोरेयसीला तवसा उदारा धीरा हु भिक्खायरियं चरन्ति ३५
नहेव कुञ्चा समइक्कमन्ता तयाणि जालाणि दलित्तु हंसा ।
पलेन्ति पुत्ता य पई य मज्झं ते हं कहं नाणुगमिस्समेका ३६
पुरोहियं तं ससुयं सदारं सोच्चाऽभिनिक्खम्म पहाय भोए ।
कुडुम्बसारं विउलुत्तमं च रायं अभिक्खं समुवाय देवी ३७

---

१. पमू. प प. शा० । इ मे त्ते. आ० ।

(કમલાવતી) રાણી (ઇષુકાર) રાજાને વારંવાર આ પ્રમાણે કહેવા લાગી : ૩૭

"હે રાજન્! વમન કરેલું ખાનાર પુરુષ પ્રશંસાપાત્ર ગણાતો નથી. પણ તમે તો બ્રાહ્મણે ત્યજી દીધેલું ધન લેવા ઇચ્છો છો.[1] ૩૮

"તમને આખું જગત અથવા બધું જ ધન મળે તોપણ એ સર્વથી તમને સંતોષ થશે નહિ તેમ જ એ તમારું રક્ષણ પણ કરી શકશે નહિ. ૩૯

"હે રાજન્! જ્યારે આ મનોરમ કામભોગો છોડીને તમે મરણ પામશો ત્યારે, હે નરદેવ! એક માત્ર ધર્મ જ તમારું રક્ષણ કરશે; એ સિવાય બીજી કોઈ વસ્તુ રક્ષણ કરી શકશે નહિ. ૪૦

"જેમ પંખિણી પાંજરામાં આનંદ પામતી નથી તેમ હું (આ સંસારમાં આનંદ પામતી નથી). સંતતિ વિનાની,[2] અકિંચન, ઋજુ આચરણવાળી, વિષયરહિત તથા પરિગ્રહ અને આરંભના દોષોથી નિવૃત્ત થઈને હું મુનિવ્રત આચરીશ. ૪૧

૧. નાવારસ મનુષ્યનું ધન રાજા લઈ લે એવો રિવાજ પ્રાચીન કાળમાં હતો. એ પ્રમાણે પુરોહિતનું ધન લેવા ઇચ્છતા ઇષુકાર રાજાને રાણી ઠપકો આપતી જણાય છે.

૨. મૂળમાં संताणछिन्ना શબ્દ છે. ટીકાકારોએ એનો અર્થ 'જેની સ્નેહરૂપી સંતતિનો નાશ થયો છે' એવો આપ્યો છે.

वन्तासी पुरिसो रायं न सो होइ पसंसिओ ।
माहणेण परिच्चत्तं धणं आदाउमिच्छसि ३८

सव्वं जगं जइ तुहं सव्वं वावि धणं भवे ।
सव्वं पि ते अपज्जत्तं नेव ताणाय तं तव ३९

मरिहिसि रायं जया तया वा मणोरमे पहाय[2] ।
एक्को हु धम्मो नरदेव ताणं न विज्जई अन्नमिहेह किंचि ४०

नाहं रमे पक्खिणि पञ्जरे वा संताणछिन्ना चरिस्सामि मोणं ।
अकिंचणा उज्जुकडा निरामिसा परिग्गहारम्भनियत्तदोसा ४१

१. आयाउं. आ० । २. विहाय. शा० ।

"અરણ્યમાં જ્યારે દાવાનળથી પ્રાણીઓ બળે છે ત્યારે બીજાં પ્રાણીઓ રાગદ્વેષને વશ થઈ આનંદ પામે છે, તેમ કામભોગમાં લુબ્ધ થયેલાં આપણે મૂઢ જનો રાગદ્વેષના અગ્નિથી જગત બળી રહ્યું છે એ જાણતાં નથી. ૪૨-૪૩

"ભોગો ભોગવીને પછી જેઓએ તેમનો ત્યાગ કરી દીધેલો છે તેઓ હળવા બની[1] વિહાર કરતા, યથેચ્છ સંચાર કરતાં પક્ષીઓની જેમ, આનંદથી વિચરે છે. ૪૪

"આ (પક્ષીઓ)[2] જ્યારે બંધાય છે અને મારા હાથમાં આવે છે ત્યારે તેઓ તરફડે છે. આપણે પણ જો કામભોગમાં આસકત થઈશું તો તેમના જેવા બની જઈશું. ૪૫

"જેની પાસે આમિષ–માંસ હોય તે ગીધને બીજાં ગીધથી

૧. મૂળમાં लहुभूय છે. એમાંના लहु (સં. लघु)નો અર્થ ટીકાકારો 'વાયુ' એવો સમજાવે છે. જો કે लघुનો વાચ્યાર્થ 'હળવો' છે, એટલે 'વાયુ' અર્થ લક્ષણાથી જ આવી શકે. જો કે મૂળ કર્તાને 'હળવો' અર્થ જ ઉદ્દિષ્ટ જણાય છે.

૨. આ પહેલાનું એક પદ્ય તથા આ પછીનાં બે પદ્ય સૂચવે છે કે અહીં 'આ' વડે 'પક્ષીઓ' ઉદ્દિષ્ટ છે.

दवग्गिणा जहा रण्णे डज्झमाणेसु जन्तुसु ।
अन्ने सत्ता पमोयन्ति रागद्दोसवसं गया ॥ ४२

एवमेव वयं मूढा कामभोगेसु मुच्छिया ।
डज्झमाणं न बुज्झामो रागद्दोसग्गिणा जगं ॥ ४३

भोगे भोच्चा वमित्ता य लहुभूय विहारिणो ।
आमोयमाणा गच्छन्ति दिया कामकमा इव ॥ ४४

इमे य बद्धा फन्दन्ति मम हत्थज्जमागया ।
वयं च सत्ता कामेसु भविस्सामो जहा इमे ॥ ४५

सामिसं कुललं दिस्स बज्झमाणं निरामिसं ।
आमिसं सव्वमुज्झित्ता विहरिस्सामो[1] निरामिसा ॥ ४६

१. °मि शा० ।

પીડાતું અને માંસ વિનાનાને (નહિ પીડાતું) જોઇને સર્વ આમિષ –વિષયોનો ત્યાગ કરી નિરામિષ થઇને વિહરીશું. ૪૬

"આ ગીધના ઉદાહરણ ઉપરથી કામભોગોને સંસાર વધારનારા સમજીને, સાપ ગારુડીથી ડરીને ચાલે તેમ, તેમનાથી સંકોચાઇને ચાલવું. ૪૭

"બંધન તોડીને હાથી જેમ પોતાના નિવાસસ્થાનમાં[1] જાય તેમ પછી (તમે પણ તમારા સાચા નિવાસસ્થાનમાં[2] જાઓ) હે મહારાજ ઇષુકારી ! આ હિતકારી વાત મેં સાંભળેલી છે." ૪૮

વિપુલ રાજ્ય અને દુસ્ત્યજ કામભોગોનો ત્યાગ કરીને, નિર્વિષય નિરામિષ નિઃસ્નેહ અને નિષ્પરિગ્રહ થઈને, ધર્મને સારી રીતે જાણીને, આકર્ષક ભોગવિલાસો છોડી દઈને તથા કહ્યા પ્રમાણેની કઠિન તપશ્ચર્યા સ્વીકારીને, અસામાન્ય પરાક્રમવાળા, જન્મ અને મૃત્યુના ભયથી ઉદ્વિગ્ન થયેલા તથા દુઃખના અંતની શોધ કરનારા તે સર્વે ધર્મપરાયણ આત્માઓ ક્રમપૂર્વક બુદ્ધ થયા. ૪૯–૫૧

---

૧. અર્થાત્ 'વિન્ધ્યાટવી'માં–ટીકાકારો.
૨. અર્થાત્ 'મુક્તિમાં'–ટીકાકારો.

गिद्धोवमे[1] उ नच्चाणं कामे संसारवड्ढणे ।
उरगो सुवण्णपासे व्व सङ्कमाणो तणुं चरे ४७
नागो व्व बन्धणं छित्ता अप्पणो वसहिं वए ।
एयं पच्छं महारायं उसुयारि[2] त्ति मे सुयं ४८
चइत्ता विउलं रज्जं कामभोगे य दुच्चए ।
निव्विसया निरामिसा निन्नेहा निप्परिग्गहा ४९
सम्मं धम्मं वियाणित्ता चेच्चा[3] कामगुणे वरे ।
तवं पगिज्झहक्खायं घोरं घोरपरक्कमा ५०
एवं ते कमसो बुद्धा सव्वे धम्मपरायणा ।
जम्ममच्चुभउव्विग्गा दुक्खस्सन्तगवेसिणो ५१

---

१. °वमा. शा० । २. °स्सु. शा० । °सुयारे. शा० । ३. °चेच्चा. शा० । चि°. आ० ।

પૂર્વે ભાવેલી ભાવનાઓને કારણે વિગતમોહ (તીર્થંકરો)ના શાસનમાં તેઓ થોડા સમયમાં જ દુઃખના અંતને પામ્યા. ૫૨.

દેવી સહિત રાજા, બ્રાહ્મણ પુરોહિત, બ્રાહ્મણી તથા તેના પુત્રો એ સર્વે પરિનિર્વાણ પામ્યા. ૫૩.

એ પ્રમાણે હું કહું છું.

सासणे विगयमोहाणं पुव्विं भावणभाविया ।
अचिरेणेव कालेण दुक्खस्सन्तमुवागया ५२
राया सह देवीए माहणो य पुरोहिओ ।
माहणी दारगा चेव सव्वे ते परिनिव्वुडा ५३

त्ति बेमि ॥

અધ્યયન ૧૫

તે ભિક્ષુ

'ધર્મ સ્વીકારીને મૌન આચરીશ' (એવો જે સંકલ્પ કરે), જે (બીજા ભિક્ષુઓની) સાથે રહે, જે ઋજુ હોઈ વાસનાને છેદે, કામભોગોને નહિ ઇચ્છતો જે સંબંધો ત્યજી દે અને અજ્ઞાત રહી ભિક્ષાચર્યા કરતો પરિવ્રજન કરે તે ભિક્ષુ છે. ૧

મુખ્ય એવો જે રાગરહિત થઈને વિચરે, જે વિરાગી, શાસ્ત્રવિદ્, આત્મરક્ષિત, પ્રાજ્ઞ, (પરીષહોને) પરાજિત કરનાર—સહિષ્ણુ અને સર્વદર્શી હોય તથા જે કશામાં આસક્તિ પામે નહિ તે ભિક્ષુ છે. ૨

કોઈ કઠોર વચન બોલે કે મારે તેને વેદે, જે પ્રશસ્ત અને ધીર મુનિ નિત્ય પોતાના આત્માનું રક્ષણ કરતો વિચરે, અવ્યગ્ર મનવાળો તથા હર્ષરહિત રહે અને બધું સહન કરે તે ભિક્ષુ છે. ૩

હલકા પ્રકારનાં શયન-આસનનું સેવન કરીને, ટાઢ અને તાપ તથા વિવિધ ડાંસ અને મચ્છરનો ત્રાસ ભોગવીને પણ જે અવ્યગ્ર મનવાળો તથા હર્ષરહિત રહે, અને બધું સહન કરે તે ભિક્ષુ છે. ૪

मोणं चरिस्सामि समिच्च धम्मं सहिए उज्जुकडे[1] नियाणछिन्ने ।
संथवं जहिज्ज अकामकामे अन्नायएसी परिव्वए स भिक्खू ॥ १
राओवरयं चरेज्ज लाढे विरए वेयवियायरक्खिए ।
पन्ने अभिभूय सव्वदंसी जे कम्हि वि[2] न मुच्छिए स भिक्खू ॥ २
अक्कोसवहं विइत्तु धीरे मुणी चरे लाढे निच्चमायगुत्ते ।
अव्वग्गमणे असंपहिट्ठे जे कसिणं अहियासए स भिक्खू ॥ ३
पन्तं सयणासणं भइत्ता सीउण्हं विविहं च दंसमसगं ।
अव्वग्गमणे असंपहिट्ठे जे कसिणं अहियासए स भिक्खू ॥ ४

---

१. इं°. शा० । २. चि. शा० ।

જે સત્કાર, પૂજા કે વન્દન ઇચ્છતો નથી તો પ્રશંસા તો શેનો ઇચ્છે? આવો સંયત, સુવ્રત, તપસ્વી, (બીજા ભિક્ષુઓની) સાથે રહેતો, અને આત્મગવેષક હોય તે ભિક્ષુ છે. ૫

પોતાના જીવનનો પણ ત્યાગ કરે છે, સમસ્ત મોહથી (દૂર) જાય છે, સ્ત્રીપુરુષોનો ત્યાગ કરે છે, સદા તપસ્વી હોય છે અને કુતૂહલ પામતો નથી તે ભિક્ષુ છે. ૬

છિન્ન,[1] સ્વર,[2] ભૌમ,[3] અંતરીક્ષ,[4] સ્વપ્ન,[5] લક્ષણ,[6]

---

૧. છિન્નવિદ્યા–વસ્ત્ર ફાટી જાય, કપાય કે બગડે તે ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા.

૨. સ્વરવિદ્યા–જુદાંજુદાં પશુપક્ષીઓના અવાજ ઉપરથી શુભાશુભ ફળ કહેવાની વિદ્યા. આ જ પદ્યમાં 'સ્વર' પુનરાવૃત્ત થાય છે. (પૃ. ૧૨૮, ટિ. ૪) એ જોતાં અહીં એનો અર્થ 'સ્વરોદય'–શ્વાસોચ્છ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા પણ સંભવે.

૩. ભૌમવિદ્યા–ભૂકંપ થાય કે પૃથ્વીના પેટાળમાં અવાજ થાય તે ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

૪. અંતરીક્ષવિદ્યા–આકાશમાં દેખાતા વિવિધ રંગો તથા ગન્ધર્વનગરીઓ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા.

૫. સ્વપ્નવિદ્યા–સ્વપ્નો ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

૬. લક્ષણવિદ્યા–સામુદ્રિકશાસ્ત્ર, શરીરનાં લક્ષણો ઉપરથી ફળ કહેવાની વિદ્યા.

नो सक्कइमिच्छई न पूयं नो य वन्दणगं कुओ पसंसं ।
से संजए सुव्वए तवस्सी सहिए आयगवेसए स भिक्खू   ५
जेण पुण जहाइ जीवियं मोहं वा कसिणं नियच्छई ।
नरनारिं पजहे सया तवस्सी न य कोऊहलं उवेइ स भिक्खू   ६
छिन्नं सरं भोममन्तलिक्खं सुमिणं लक्खणदण्डवत्थुविज्जं ।
अङ्गवियारं सरस्स विजयं जे विज्जाहिं न जीवति स भिक्खू   ७

---

१ नो विय. शा० । २. सुविण. आ० । ३. विकारं आ० ।

દંડ,[1] વાસ્તુ,[2] અંગવિકાર[3] અને સ્વરનો[4] અભ્યાસ[5] –એટલી વિદ્યાઓથી જે આજીવિકા મેળવતો નથી તે ભિક્ષુ છે. ૭

મંત્ર, મૂળિયાં, વિવિધ પ્રકારનું વૈદ્યક વિશેનું ચિન્તન, વમન, વિરેચન, નાસ, નેત્રાંજન, સ્નાન, અને રોગીઓના શરણરૂપ ચિકિત્સા[6] –એટલાંને જાણીને જે પરિવ્રજન[7] કરે તે ભિક્ષુ છે. ૮

ક્ષત્રિયગણો, ઉગ્રો,[8] રાજપુત્રો, બ્રાહ્મણો, ભોગિકો,[9] તથા

૧ દંડવિદ્યા–લાકડીના સ્વરૂપ ઉપરથી શુભાશુભ કહેવાની વિદ્યા; જેમકે एगवन्वं पसंसंति- એક ગાંઠવાળી લાકડીની પ્રશંસા કરે છે, ઇત્યાદિ.

૨. વાસ્તુવિદ્યા–મકાનોનાં શુભાશુભ લક્ષણો વર્ણવતી વિદ્યા.

૩. અંગવિકારવિદ્યા–શરીરનાં અંગો ફરકે તેનાં શુભાશુભ ફળ વર્ણવતી વિદ્યા.

૪. સ્વરવિદ્યા–પશુપક્ષીઓના સ્વર ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા (જુઓ પૃ. ૧૨૭, ટિ. ૨).

૫. મૂળમાં सरस्स विजयं (સં. स्वरस्य विजय) પાઠ છે. ચૂર્ણિકાર અને ટીકાકારોએ વિજયનો અર્થ ‘ શુભાશુભ નિરૂપણનો અભ્યાસ ’ અર્થાત્ એ વિષયનું પ્રભુત્વ એવો સમજાવ્યો છે.

[ઉપરની સૂચિમાં ફળજ્યોતિષનો ઉલ્લેખ નથી, તે ઉપરથી ડૉ. યાકોબી અનુમાન કરે છે કે આ પાઠ ગ્રીક અસર પહેલાંનો છે. જુઓ ‘ઉત્તરાધ્યયન સૂત્ર’નો તેમનો અંગ્રેજી અનુવાદ પૃ. ૭૧, ટિપ્પણ]

૬. મૂળમાં आउरे सरणं तिगिच्छियं એમ છે. એનો અર્થ ટીકાકારો આમ કરે છે : ‘ રોગ આવે ત્યારે (પરિતાપપૂર્વક માતાપિતા વગેરેનું) સ્મરણ અને રોગની ચિકિત્સા.’ પણ માતાપિતાનું આવું સ્મરણ તો રોગી કરે, જ્યારે અહીં તો ભિક્ષુ જાણી જોઈને કયા પ્રકારનાં આચરણનો ત્યાગ કરે એની વાત છે. એટલે એ સન્દર્ભ ધ્યાનમાં રાખી અનુવાદ કર્યો છે.

૭. ‘પરિવ્રજન’માં ત્યાગનો ભાવ આવી જાય છે એમ ગણવું જોઈએ.

૮. એક ક્ષત્રિય જાતિ. જૈન માન્યતા અનુસાર, પ્રથમ તીર્થંકર ઋષભદેવે એ જાતિની આરક્ષકપદે નિમણૂક કરી હતી.

૯. ભોગસમૃદ્ધ વ્યક્તિઓ. ‘ભોગિક’નો અર્થ ‘ગામધણી’ પણ થાય છે.

मन्तं मूलं विविहं वेज्जचिन्तं वमणविरेयणधूमणेत्तसिणाणं ।
आउरे सरणं तिगिच्छियं च तं परिन्नाय परिव्वए स भिक्खू ८
खत्तियगण उग्गरायपुत्ता माहण भोइय विविहा य सिप्पिणो ।
नो तेसिं वयइ सिलोगपूयं तं परिन्नाय परिव्वए स भिक्खू ९

વિવિધ પ્રકારના કારીગરોની જે શ્લોકપૂજા અર્થાત્ પ્રશંસા ન કરે, પણ જાણીને એનો ત્યાગ કરે તે ભિક્ષુ છે. ૯

દીક્ષા લીધા પછી જે ગૃહસ્થો સાથે પરિચય થયો હોય તથા દીક્ષા પૂર્વે જેઓ પરિચિત થયા હોય તેમની સાથે, આ લોકનાં ફળને માટે જે અતિપરિચય ન કરે તે ભિક્ષુ છે. ૧૦

શયન, આસન, પાન અને ભોજન તથા વિવિધ ખાદિમ[1] અને સ્વાદિમ (સ્વાદિષ્ટ વસ્તુઓ) બીજા પાસે માગવામાં આવે અને તે ન મળે તો એ નહિ આપનારાઓ ઉપર જે દ્વેષ ન કરે તે ભિક્ષુ છે ૧૧

બીજાઓ પાસેથી કંઈ આહારપાણી અને વિવિધ ખાદિમ અને સ્વાદિમ મેળવીને જે (મન, વચન અને કાયાથી) ત્રણ પ્રકારે અનુકંપા–અનુમોદન[2] કરે નહિ, તથા જેનાં મન, વચન અને કાયા સુસંવૃત–પાપ સામે સુરક્ષિત–હોય તે ભિક્ષુ છે. ૧૨

૧. 'અન્નવર્જિત ખાદ્ય'–ટીકાકારો.

૨. નવમાં जो तं तिविहेण नाणुकंपे પાઠ છે. ટીકાકારોએ એનો અર્થ આમ કર્યો છે: 'જે (મન, વચન અને કાયાથી) ત્રણ પ્રકારે (માંદા અથવા બાળક) સાધુની અનુકંપા કરે નહિ (તે ભિક્ષુ નથી).' યાકોબી ટીકાકારોનો અર્થ સ્વીકારે છે. પણ ૧૩મા પદ્યમાં નીરસ ભિક્ષાની નિન્દા નહિ કરવાની વાત છે, તો અહીં સ્વાદિષ્ટ ભિક્ષાનું અનુમોદન નહિ કરવાની વાત હોય, એ બંધ બેસે છે. વળી એમ લેવાથી, ટીકાકારો કરે છે તેમ, ઘણું બધું અધ્યાહૃત લેવું પડતું નથી.

गिहिणो जे पव्वइएण दिट्ठा अप्पव्वइएण व संथुया हविज्जा ।
तेसिं इहलोइयफलट्ठा जो संथवं न करेइ स भिक्खू ॥ १० ॥
सयणासणपाणभोयणं विविहं खाइमसाइमं परेसिं ।
अदए पडिसेहिए नियण्ठे जे तत्थ न पउस्सई स भिक्खू ॥ ११ ॥
जं किंचि आहारपाणजायं विविहं खाइमसाइमं परेसिं[2] ।
जो तं तिविहेण नाणुकम्पे मणवयकायसुसंवुडे स भिक्खू ॥ १२ ॥

१. °व. शा० । २. (वधारे) लद्ध. शा० ।

ઓસામણ, જવનું ભોજન, ઠંડી કાંજી, જવનું પાણી[1] - એવી નીરસ ભિક્ષાની જે નિન્દા કરે નહિ અને હલકાં ઘરોમાં પણ (ભિક્ષા માટે) જાય તે ભિક્ષુ છે ૧૩

આ લોકમાં દેવ, મનુષ્ય કે તિર્યંચના રૌદ્ર, અતિભયંકર અને મોટા શબ્દો થાય છે. એ શબ્દો સાંભળીને જે ડરે નહિ તે ભિક્ષુ છે. ૧૪

જે આ લોકમાં પ્રવર્તતા વિવિધ વાદો જાણે, જે (બીજા ભિક્ષુઓની) સાથે રહે, જે સંયમશીલ[2] અને સમજુ હોય, વળી જે પ્રાજ્ઞ, સહિષ્ણુ, સર્વદર્શી, ઉપશાન્ત અને કોઈને પણ વિઘ્ન નહિ કરનારો હોય તે સાચો ભિક્ષુ છે. ૧૫

---

૧. આ પદ્યનો પૂર્વાર્ધ ડૉ. યાકોબીની વાચનામાં નીચે પ્રમાણે છે— आयामगं चेव जवोदगं च सीयं सोवीरं च जवोदगं च। આમાં जवोदग શબ્દ નિષ્કારણ બે વાર આવે છે. બીજી બાજૂ શાન્તિસૂરિ અને નેમિચન્દ્રે સ્વીકારેલો પાઠ -आयामगं चेव जवोदणं...जवोदगं च એ પ્રમાણે છે; એમાં ઉપર કહી તેવી પુનરુક્તિ થતી નથી, આથી તે પાઠ પ્રમાણે અહીં અનુવાદ કર્યો છે.

૨. મૂળમાં खेयाणुगए (સં. खेदानुगतः) છે. खेदનો અર્થ ટીકાકારોએ 'સંયમ' કર્યો છે.

आयामगं चेव जवोदगं च सीयं सोवीरं[1] च जवोदगं च।
न हीलए पिण्डं नीरसं तु पन्तकुलाइं परिव्वए स भिक्खू ॥ १३
सद्दा विविहा भवन्ति लोए दिव्वा माणुस्सगा[2] तिरिच्छा।
भीमा भयभेरवा उदारा[3] सोच्चा न विहिज्जई स भिक्खू ॥ १४
वादं[4] विविहं समिच्च लोए सहिए खेयाणुगए य कोवियप्पा।
पन्ने अभिभूय सव्वदंसी उवसन्ते अविहेडए[5] स भिक्खू ॥ १५

---

१. °र. शा०। २. माणुसाय तह. आ०। ३. उराला. शा०। ४. वायं आ०। ५. °वि°. शा०।

જે કોઈ કલા ઉપર આજીવિકા ન ચલાવે, જે ઘર વિનાનો, મિત્ર વિનાનો, જિતેન્દ્રિય, સર્વ પ્રકારનાં બંધનમાંથી છૂટેલો, અલ્પ કષાયવાળો, હલકું અને પરિચિત ભોજન કરનારો હોય તથા ઘરનો ત્યાગ કરીને એકલો વિચરે તે ભિક્ષુ છે. ૧૬

એ પ્રમાણે હું કહું છું.

असिप्पजीवी अगिहे अमित्ते जिइन्दिए सव्वओ विप्पमुक्को[1] ।
अणुक्कसाई लहुअप्पभक्खी चिच्चा[2] गिहं एगचरे स भिक्खू ॥ १६
त्ति बेमि ॥

---

१. क्क शा० । २. चेच्चा शा० ।

અધ્યયન ૧૬

બ્રહ્મચર્ય-સમાધિનાં સ્થાનો

(સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે-) હે આયુષ્મન્! તે ભગવાને (મહાવીરસ્વામીએ) આ પ્રમાણે કહેલું તે મેં સાંભળ્યું હતું :

આમાં સ્થવિર ભગવાનોએ બ્રહ્મચર્યની સમાધિનાં દશ સ્થાનો કહ્યાં છે, જે સાંભળીને અને સમજીને ભિક્ષુ ઉત્તમ સંયમવાળો, ઉત્તમ સંવરવાળો,[1] ઉત્તમ ચિત્તશાન્તિવાળો, (મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ વડે) ગુપ્ત-રક્ષાયેલો, જિતેન્દ્રિય, અને સુરક્ષિત બ્રહ્મચર્યવાળો બનીને સદા અપ્રમત્તપણે વિચરે.

સ્થવિર ભગવાનોએ બ્રહ્મચર્યની સમાધિનાં કયાં દશ સ્થાનો કહ્યાં છે, જે સાંભળીને અને સમજીને ભિક્ષુ ઉત્તમ સંયમવાળો, ઉત્તમ સંવરવાળો, ઉત્તમ ચિત્તશાન્તિવાળો, (મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ વડે) ગુપ્ત-રક્ષાયેલો, જિતેન્દ્રિય અને સુરક્ષિત બ્રહ્મચર્યવાળો બનીને સદા અપ્રમત્તપણે વિચરે ?

સ્થવિર ભગવાનોએ બ્રહ્મચર્યની સમાધિનાં આ દશ સ્થાનો કહ્યાં છે, જે સાંભળીને અને સમજીને ભિક્ષુ ઉત્તમ સંયમવાળો,

---

૧. આસ્રવ એટલે નવાં કર્મોનો ઉપચય આસ્રવનો નિરોધ તે સંવર.

सुयं मे, आउसं, तेणं भगवया एवमक्खायं। इह खलु थेरेहिं भगवन्तेहिं दस बम्भचेरसमाहिठाणा पन्नत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले समाहिबहुले गुत्ते गुत्तिन्दिए गुत्तबम्भयारी सया अप्पमत्ते विहरेज्जा। कयरे खलु ते थेरेहिं भगवन्तेहिं दस बम्भचेरसमाहिठाणा पन्नत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिन्दिए गुत्तबम्भयारी सदा अप्पमत्ते विहरेज्जा ? इमे खलु ते थेरेहिं भगवन्तेहिं दस बम्भचेरठाणा पन्नत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संव-

---

१ सया. शा० ।

ઉત્તમ સંવરવાળો, ઉત્તમ ચિત્તશાન્તિવાળો, (મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયાગુપ્તિ વડે) ગુપ્ત–રક્ષાયેલો, જિતેન્દ્રિય અને સુરક્ષિત બ્રહ્મચર્યવાળો બનીને સદા અપ્રમત્તપણે વિચરે.

તે (દશ સ્થાનો) આ પ્રમાણે :

૧. એકાન્ત સ્થાનમાં શયન અને આસનનું સેવન કરે તે નિર્ગ્રંથ છે. સ્ત્રી, પશુ અને નપુંસક જ્યાં આવતાં હોય એવાં શયન અને આસનનું સેવન કરે તે નિર્ગ્રંથ નથી. 'એનું શું કારણ?' એ વિશે આચાર્યે કહ્યું છે : સ્ત્રી, પશુ અને નપુંસક જ્યાં આવતાં હોય એવાં શયન અને આસનનું સેવન કરતા નિર્ગ્રંથ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય, અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી સ્ત્રી, પશુ અને નપુંસક જ્યાં આવતાં હોય એવાં શયન અને આસનનું નિર્ગ્રંથ સેવન ન કરે.

૨. સ્ત્રીઓની વાતો કરે તે નિર્ગ્રંથ નથી. 'એનું શું કારણ?'

रबहुले समाहिबहुले गुत्तेन्दिए गुत्तबम्भयारी सया अप्पमत्ते विहरेज्जा । तं जहा । विवित्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गन्थे । नो इत्थीपसुपण्डगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गन्थे । तं कहमिति चे, आयरियाह । निग्गन्थस्स खलु इत्थिपसुपण्डगसंसत्ताइं सयणासणाइं सेवमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा । तम्हा नो इत्थिपसुपण्डगसंसत्ताइं सयणासणाइं सेवित्ता हवइ से निग्गन्थे ॥१॥

नो इत्थीणं कहं कहित्ता हवइ से निग्गन्थे । तं कहमिति

એ વિશે આચાર્યે કહ્યું છે : સ્ત્રીઓની વાતો કરતા નિર્ગ્રંથ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–સંશય પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી સ્ત્રીઓની વાતો નિર્ગ્રંથ ન કરે.

૩. સ્ત્રીઓની સાથે એક બેઠક ઉપર બેસે તે નિર્ગ્રંથ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે : સ્ત્રીઓની સાથે એક બેઠક ઉપર બેસતા નિર્ગ્રંથ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ

चे, आयरियाह। निग्गन्थस्स खलु इत्थीणं कहं कहेमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो इत्थीणं कहं कहेज्जा ॥२॥

नो इत्थीणं सद्धिं सन्निसेज्जागए विहरित्ता हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु इत्थीहिं सद्धिं सन्निसेज्जागयस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो इत्थीहिं सद्धिं सन्निसेज्जागए विहरेज्जा ॥३॥

---

१. तम्हा खलु नो निग्गंथे ई°. शा०।

ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી સ્ત્રીઓની સાથે એક બેઠક ઉપર નિર્ગ્રંથ ન બેસે.

૪. સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોનું અવલોકન અને ધ્યાન કરે તે નિર્ગ્રંથ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે : સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોનું અવલોકન અને ચિન્તન કરતા નિર્ગ્રંથ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને પોતાને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોનાં અવલોકન અને ધ્યાન નિર્ગ્રન્થ ન કરે.

૫. માટીની ભીંતને આંતરે, પડદાને આંતરે અથવા પાકી ઈંટોની ભીંતને આંતરે સ્ત્રીઓનાં કૂજન, રુદન, ગીત, હાસ્ય,

नो इत्थीणं इन्दियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता निज्झाइत्ता हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु इत्थीणं इन्दियाइं मणोहराइं मणोरमाइं आलोएमाणस्स निज्झायमाणस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो[1] इत्थीणं इन्दियाइं मणोहराइं मणारमाइं आलोएज्जा निज्झाएज्जा ॥४॥

नो निग्गन्थे इत्थीणं कुड्डन्तरंसि वा दूसन्तरंसि वा भित्तन्तरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा कन्दियसद्दं वा विलवियसद्दं वा सुणेत्ता हवइ से

१. तम्हा खलु नो निग्गन्थे इ°. शा०। निग्गन्थे (नथी) शा०।

સ્તનિત (રતિપ્રસંગના ધ્વનિ), આક્રન્દ અથવા વિલાપના શબ્દો સાંભળે તે નિર્ગ્રન્થ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે: માટીની ભીંતને આંતરે, પડદાને આંતરે અથવા પાકી ઈંટોની ભીંતને આંતરે સ્ત્રીઓના કૂજન, રુદન, ગીત, હાસ્ય, સ્તનિત, આક્રન્દ અને વિલાપના શબ્દો સાંભળતા નિર્ગ્રન્થ બ્રહ્મ-ચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડ-વાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી માટીની ભીંતને આંતરે, પડદાને આંતરે અથવા પાકી ઈંટોની ભીંતને આંતરે સ્ત્રીઓનાં કૂજન, રુદન, ગીત, હાસ્ય, સ્તનિત, આક્રન્દ અને વિલાપના શબ્દો નિર્ગ્રન્થ ન સાંભળે.

૬. પૂર્વેની સ્ત્રીઓ સાથેની રતિ અને ક્રીડાનું સ્મરણ કરે

निग्गन्थे । तं कहमिति चे, आयरियाह । निग्गन्थस्स खलु इत्थीणं कुड्डुन्तरंसि वा दूसन्तरंसि वा भित्तन्तरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा कन्दियसद्दं वा विलवियसद्दं वा सुणेमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुप्पज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा केव-लिपन्नत्ताओ धम्माओ भंसेज्जा । तम्हा [1]नो इत्थीणं कुड्डुन्तरंसि वा दूसन्तरंसि वा भित्तन्तरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा कन्दियसद्दं वा विल-वियसद्दं वा सुणेमाणे विहरेज्जा ॥५॥

नो निग्गन्थे इ[2]त्थीणं पुव्वरयं पुव्वकीलियं अणुसरित्ता

---

१. तम्हा खलु नो निग्गन्थे इ°. शा० । २. इत्थीणं (नथी). शा० ।

તે નિર્ગ્રન્થ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે : સ્ત્રીઓ સાથેની પૂર્વેની રતિ અને ક્રીડાનું સ્મરણ કરતા નિર્ગ્રન્થ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી સ્ત્રીઓ સાથેની પૂર્વેની રતિ અને ક્રીડાનું સ્મરણ નિર્ગ્રન્થ ન કરે.

૭. ખૂબ સંસ્કારેલો આહાર કરે તે નિર્ગ્રન્થ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે : ખૂબ સંસ્કારેલો આહાર કરતા નિર્ગ્રન્થ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક

हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु इत्थीणं पुव्वरयं पुव्वकीलियं अणुसरेमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो इत्थीणं पुव्वरयं पुव्वकीलियं अणुसरेज्जा ॥६॥

नो निग्गन्थे पणीयं आहारं आहरित्ता हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु पणीयं आहारं आहारेमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं

---

१. °णुसर° शा०। २. तम्हा खलु नो निग्गन्थे पु°. शा०। ३. नि°. (नथी). शा०।

રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી રસવાળો આહાર નિર્ગ્રન્થ ન કરે.

૮. વધારે પડતાં આહારપાણી લે તે નિર્ગ્રંથ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે: વધારે પડતાં આહારપાણી લેતા નિર્ગ્રન્થ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી વધારે પડતાં આહારપાણી નિર્ગ્રન્થ ન લે.

૯. આભૂષણો ધારણ કરે તે નિર્ગ્રન્થ નથી. 'એનું શું કારણ ?' એ વિશે આચાર્યે કહ્યું છે: આભૂષણો ધારણ કરવાથી અને શરીર શોભાવવાથી સ્ત્રીજનો એની અભિલાષા કરે છે. પછી

वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो पणीयं आहारं आहारेज्जा ॥७॥

नो अइमायाए पाणभोयणं आहारेत्ता हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु अइमायाए पाणभोयणं आहारेमाणस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा; तम्हा नो[2] अइमायाए पाणभोयणं आहारेज्जा ॥ ८ ॥

नो विभूसाणुवादी हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। विभूसावत्तिए भूसियसरीरे[3] इत्थिजणस्स अभिलसणिज्जे हवइ। तओ णं इत्थिजणेणं अभिलसिज्जमाणस्स बम्भ-

---

१. तम्हा खलु नो निग्गन्थे प°. शा०। २. तम्हा खलु नो निग्गन्थे अइ°. शा०। ३. विभूसियस°. शा०।

સ્ત્રીજનો જેની અભિલાષા કરે એવા બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. આથી નિર્ગ્રન્થ આભૂષણો ધારણ ન કરે.

૧૦. શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શમાં આસક્ત થાય તે નિર્ગ્રન્થ નથી. ‘એનું શું કારણ ?’ એ વિશે આચાર્યે કહ્યું છે : શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શમાં આસક્ત થતા નિર્ગ્રન્થ બ્રહ્મચારીના બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા તેને પોતાને (બ્રહ્મચર્ય તોડવાની) આકાંક્ષા થાય અથવા (આટલી કષ્ટમય તપશ્ચર્યાનું ફળ શું ? એવી) વિચિકિત્સા–તર્કવિતર્ક પેદા થાય અથવા સંયમનો ભંગ થાય અથવા ઉન્માદ પેદા થાય અથવા દીર્ઘકાલિક રોગ ઉત્પન્ન થાય અથવા કેવલીએ ઉપદેશેલા ધર્મથી તે ભ્રષ્ટ થાય. બ્રહ્મચર્ય–સમાધિનું આ દશમું સ્થાન થયું.

चेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा नो[1] विभूसाणुवादी हविज्जा ॥ ९ ॥

नो सद्दरूवरसगन्धफासाणुवादी हवइ से निग्गन्थे। तं कहमिति चे, आयरियाह। निग्गन्थस्स खलु सद्दरूवगन्धफासाणुवादिस्स बम्भयारिस्स बम्भचेरे सङ्का वा कङ्खा वा विइगिच्छा वा समुपज्जिज्जा भेदं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायङ्कं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ भंसेज्जा। तम्हा[2] नो सद्दरूवरसगन्धफासाणुवादी भवेज्जा से निग्गन्थे। दसमे बम्भचेरसमाहिठाणे भवति[3] ॥ १० ॥

---

१. तम्हा खलु नो निग्गन्थे वि॰. शा०। २. तम्हा खलु नो स॰. शा०। ३. हवइ. शा०।

અહીં (નીચે પ્રમાણે) શ્લોકો છે :[1]

બ્રહ્મચર્યની રક્ષા માટે એકાન્ત, સંકડાશ વિનાના અને સ્ત્રીજનોથી રહિત નિવાસસ્થાનનું સેવન કરવું. ૧.

બ્રહ્મચર્યરત ભિક્ષુએ મનને આહ્‌લાદ પમાડનારી અને કામ તથા રાગની વૃદ્ધિ કરનારી સ્ત્રીકથાનો ત્યાગ કરવો. ૨.

બ્રહ્મચર્યરત ભિક્ષુએ સ્ત્રીઓ સાથેના પરિચયનો તથા તેમની સાથે વારંવારના વાર્તાલાપનો સદા ત્યાગ કરવો. ૩.

બ્રહ્મચર્યરત ભિક્ષુએ સ્ત્રીઓનાં અંગપ્રત્યંગના ચક્ષુગ્રાહ્ય આકાર તથા એમનાં મધુર વચન અને કટાક્ષનો (એ ધ્યાનથી જોવા સાંભળવાનો) ત્યાગ કરવો. ૪.

બ્રહ્મચર્યરત ભિક્ષુએ સ્ત્રીઓનાં શ્રોત્રગ્રાહ્ય કૂજન, રુદન, ગીત, હાસ્ય, સ્તનિત અને આક્રન્દનો (એ ધ્યાનથી સાંભળવાનો) ત્યાગ કરવો. ૫

બ્રહ્મચર્યરત ભિક્ષુએ (પૂર્વના) સ્ત્રીઓ સાથેના હાસ્ય, ક્રીડા,

---

૧. આ અધ્યયનનો આ પૂર્વનો ભાગ ગદ્યમાં છે એટલે આ કથન સપ્રયોજન છે.

जं विवित्तमणाइण्णं रहियं इत्थिजणेण य ।
बम्भचेरस्स रक्खट्ठा आलयं तु निसेवए १

मणपल्हायजणणी कामरागविवड्ढणी ।
बम्भचेररओ भिक्खू थीकहं तु विवज्जए २

समं च संथवं थीहिं संकहं च अभिक्खणं ।
बम्भचेररओ भिक्खू निच्चसो परिवज्जए ३

अङ्गपच्चङ्गसंठाणं चारुल्लवियपेहियं ।
बम्भचेररओ थीणं चक्खुगिज्झं विवज्जए ४

कूइयं रुइयं गीयं हसियं थणियकन्दियं ।
बम्भचेररओ थीणं सोयगेज्झं विवज्जए ५

हासं किड्डं रइं दप्पं सहसावित्तासणाणि य ।
बम्भचेररओ थीणं णो णुचिन्ते[1] कयाइ वि ६

---

१. नाणुचिं. शा० ।

રતિ, દર્પનું તથા અચાનક સ્ત્રીઓને ડરાવી હોય તેનું કદી પણ અનુચિન્તન-સ્મરણ ન કરવું. ૬

બ્રહ્મચર્યરત ભિક્ષુએ એકદમ મદવૃદ્ધિ કરનાર, ખૂબ સંસ્કારેલાં આહારપાણીનો સદા ત્યાગ કરવો. ૭

બ્રહ્મચર્યરત અને પ્રણિધાનયુક્ત ભિક્ષુ યોગ્ય કાળે ધર્મપૂર્વક મેળવેલી, પરિમિત, તથા વિહિત પ્રમાણથી અધિક નહિ એટલી ભિક્ષા સંયમનિર્વાહ અર્થે લે. ૮

બ્રહ્મચર્યરત ભિક્ષુ શરીરને શોભાવનારાં આભૂષણોનો ત્યાગ કરે. શૃંગારને માટે તે કશું ધારણ ન કરે. ૯

શબ્દ, રૂપ, ગંધ, રસ તેમજ સ્પર્શ એ પાંચ પ્રકારના કામભોગોનો તે નિત્ય ત્યાગ કરે. ૧૦

સ્ત્રીજનોથી ભરેલું નિવાસસ્થાન, સ્ત્રીઓ વિશેની મનોરમ વાતો, સ્ત્રીઓનો પરિચય, તેમની ઇન્દ્રિયોનું દર્શન, તેમનાં કૂજન રુદન ગીત અને હાસ્ય, તેમની સાથે ભોગવિલાસ અને બેસવું

पणीयं भत्तपाणं तु खिप्पं मयविवड्ढणं ।
बम्भचेररओ भिक्खू निच्चसो परिवज्जए　　७
धम्मलद्धं मियं काले जत्तत्थं पणिहाणवं ।
नाइमत्तं तु भुञ्जिज्जा[1] बम्भचेररओ सया　　८
विभूसं परिवज्जेज्जा सरीरपरिमण्डणं ।
बम्भचेररओ भिक्खू सिङ्गारत्थं न धारए　　९
सद्दे रूवे य गन्धे य रसे फासे तहेव य ।
पञ्चविहे कामगुणे निच्चसो परिवज्जए　　१०
आलओ थीजणाइण्णो थीकहा य मणोरमा ।
संथवो चेव नारीणं तासिं इन्दियदरिसणं　　११
कूइयं रुइयं गीयं हासभुत्तासियाणि य ।
पणीयं भत्तपाणं च अइमायं पाणभोयणं　　१२

---

१. भुंजेज्जा. शा० ।

(એનું સ્મરણ), ખૂબ સંસ્કારેલાં આહારપાણી અને પ્રમાણ કરતાં અધિક આહારપાણી, ગાત્રોનું ઇષ્ટ આભૂષણ, અને દુર્જય કામભોગો–એ બધું આત્મશોધક પુરુષને માટે તાલપુટ વિષ[1] સમાન છે. ૧૧–૧૩

પ્રણિધાનયુક્ત ભિક્ષુએ દુર્જય કામભોગોનો તથા બ્રહ્મચર્ય માટે શંકા ઉત્પન કરે એવાં સર્વ સ્થાનોનો સદા ત્યાગ કરવો. ૧૪

ધૃતિમાન, ધર્મસારથિ ભિક્ષુએ ધર્મપ્રિય સાધુઓમાં[2] રત થઈને ઇન્દ્રિયદમન કરતાં બ્રહ્મચર્યની સમાધિપૂર્વક ધર્મરૂપી આરામ-બગીચામાં[3] વિચરવું. ૧૫

દેવો, દાનવો અને ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો

---

૧. ટીકાકાર શાન્તિસૂરિ 'તાલપુટ'નો અર્થ એવો સમજાવે છે કે–હોઠ ઉપર મૂકયા પછી તાળી પાડીએ એટલા સમયમાં પ્રાણ લઈ લે તે 'તાલપુટ વિષ.' 'તાળવાનો સ્પર્શ થતાં વેંત પ્રાણ હરી લે તે તાલપુટ' એવો અર્થ પણ બીજા એક ટીકાકાર–'દીપિકા'કાર લક્ષ્મીવલ્લભે સમજાવ્યો છે. પણ ડૉ. યાકોબી આવા અર્થોને ખોટી વ્યુત્પત્તિનાં ઉદાહરણો ગણે છે, અને 'તાલકૂટ'ને સંસ્કૃત 'કાલકૂટ'નું જ એક રૂપાન્તર ગણે છે. સંસ્કૃત 'કિરીટ'નું પ્રાકૃતમાં 'તિરીડ' જેવું રૂપ મળે છે એ જોતાં આ તર્ક ગ્રાહ્ય લાગે છે. મૂળ પ્રાકૃતમાં तालउड છે.

૨–૩. મૂળના धम्मारामे (સં. धर्मारामे) શબ્દ ઉપર અહીં શ્લેષ છે.

गत्तभूसणमिट्ठं च कामभोगा य दुज्जया ।
नरस्सत्तगवेसिस्स विसं तालउडं जहा ॥ १३

दुज्जए कामभोगे य निच्चसो परिवज्जए ।
सङ्काथाणाणि सव्वाणि वज्जेज्जा पणिहाणवं ॥ १४

धम्मारामे चरे भिक्खू धिइमं धम्मसारही ।
धम्मारामे[1] रते दन्ते बम्भचेरसमाहिए ॥ १५

देवदाणवगन्धव्वा जक्खरक्खसकिन्नरा ।
बम्भयारिं नमंसन्ति दुक्करं जे करन्ति तं ॥ १६

---

१. °राम° शा० ।

(બ્રહ્મચર્ય પાળવા રૂપી) દુષ્કર કાર્ય કરનારા બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. ૧૬

આ ધ્રુવ, નિત્ય અને શાશ્વત જિનદેશિત ધર્મ છે. એ દ્વારા (અનેકો) સિદ્ધિમાં ગયા છે, જાય છે તેમજ બીજાઓ જશે. ૧૭

એ પ્રમાણે હું કહું છું.

एस धम्मे धुवे निच्चे सासए जिणदेसिए।
सिद्धा सिज्झन्ति चाणेण सिज्झिस्सन्ति तहावरे १७

त्ति बेमि ॥

અધ્યયન ૧૭

પાપશ્રમણીય

('પાપી શ્રમણને લગતું')

ધર્મ સાંભળીને, વિનયયુક્ત થઈને, અતિદુર્લભ બોધિલાભ મેળવીને જે નિર્ગ્રન્થ તરીકેની દીક્ષા લે તેવો કોઈ પછીથી યથાસુખ વિચરવા લાગે. ૧*

(તે એમ કહે કે–) 'મારી પાસે ઉત્તમ શય્યા અને વસ્ત્રો છે, એ જ પ્રમાણે મને ખાનપાન મળ્યે જાય છે. હે આયુષ્મન્! જે કંઇ છે એ બધું હું જાણું છું. હે ભદન્ત! પછી શાસ્ત્રાધ્યયનનું મારે શું કામ છે?' ૨*

દીક્ષા લીધા પછી જે કોઈ ખૂબ નિદ્રાશીલ રહે છે, અને ખાઈપીને સુખપૂર્વક સુએ છે તે પાપશ્રમણ કહેવાય છે. ૩

શ્રુત અને વિનય શીખવનાર આચાર્યો અને ઉપાધ્યાયોની જે મૂર્ખ નિન્દા કરે છે તે પાપશ્રમણ કહેવાય છે. ૪

---

* પહેલાં બે પદ્યોમાં જો કે સ્પષ્ટ કહ્યું નથી તોપણ પાપી શ્રમણનાં લક્ષણ આપ્યાં છે એમ જ ગણવું જોઈએ. ટીકાકારોનો પણ એ જ મત છે.

जे केइ उ पव्वइए नियण्ठे धम्मं सुणित्ता विणओववन्ने ।
सुदुल्लहं लहिउं बोहिलाभं विहरेज्ज पच्छा य जहासुहं तु १
सेज्जा दढा पाउरणं मि अत्थि उप्पज्जई भोत्तु तहेव पाउं ।
जाणामि जं वट्टइ आउसो त्ति किं नाम काहामि सुएण भन्ते २
जे केई पव्वइए निद्दासीले पगामसो ।
भोच्चा पेच्चा सुहं सुवइ पावसमणे त्ति वुच्चई ३
आयरियउवज्झाएहिं सुयं विणयं च गाहिए ।
ते चेव खिसइ बाले पावसमणे त्ति वुच्चई ४

---

१. ॰णि. शा॰ ।

આચાર્યો અને ઉપાધ્યાયોની જે સારી રીતે સેવા કરતો નથી તથા અભિમાનથી તેમનું સન્માન કરતો નથી તે પાપશ્રમણ કહેવાય છે. ૫

પ્રાણીઓનો, બીજ અને હરિયાળીનો જે નાશ કરે છે અને અસંયમી હોવા છતાં પોતાને સંયમી માને છે તે પાપશ્રમણ કહેવાય છે. ૬

સંથારો, પાટ, બાજઠ, બેઠક કે પાદકંબલને જે સાફ કર્યા વિના વાપરે તે પાપશ્રમણ કહેવાય છે ૭

જે પ્રમત્ત થઈને વારંવાર ઉતાવળો ઉતાવળો ચાલે તથા ક્રોધ કરીને કોઈનું અપમાન કરે તે પાપશ્રમણ કહેવાય છે. ૮

જે કાળજી વિના પડિલેહણા[1] કરે છે અને પડિલેહણા માટે દરકાર નહિ કરતો જે પોતાનું પાદકંબલ ગમે ત્યાં ફેંકી દે છે તે પાપ-શ્રમણ કહેવાય છે. ૯

---

૧. પડિલેહણા (સં. प्रतिलेखना) જૈન પારિભાષિક શબ્દ છે. ઉપકરણો, શય્યા આદિનું નિરીક્ષણ–સાફસૂફી એવો તેનો અર્થ થાય છે.

आयरियउवज्झायाणं सम्मं न पडितप्पइ ।
अप्पडिपूयए थद्धे पावसमणे त्ति वुच्चई ५
सम्मद्दमाणो पाणाणि बीयाणि हरियाणि य ।
असंजते संजयमन्नमाणो पावसमणे त्ति वुच्चई ६
संथारं फलगं पीढं निसेज्जं पायकम्बलं ।
अप्पमज्जियमारुहइ पावसमणे त्ति वुच्चई ७
दवदवस्स चरई पमत्ते य अभिक्खणं ।
उल्लङ्घणं य चण्डे य पावसमणे त्ति वुच्चई ८
पडिलेहेइ पमत्ते अवउज्झइ पायकम्बलं ।
पडिलेहाअणाउत्ते पावसमणे त्ति वुच्चई ९

---

१. पउज्झइ शा० ।

ગમે તે સાંભળતાં સાંભળતાં જે કાળજી વિના પડિલેહણા કરે છે અને ગુરુનું નિત્ય અપમાન કરે છે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૦

જે કપટી, બોલકણો, અહંકારી, લોભી, અસંયમી, અસંવિભાગી (બીજાઓ સાથે વહેંચીને નહિ ખાનાર), તથા પ્રીતિ વિનાનો[1] હોય છે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૧

અધર્મી, આપ્ત પ્રજ્ઞાનો ઘાત કરનાર[2] જે વિવાદ વધારે છે તથા વિરોધ અને કલહમાં રક્ત રહે છે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૨

અસ્થિર અને કચકચ અવાજ કરતાં આસન ઉપર ગમે તેમ

---

૧. ડૉ. યાકોબીની વાચનામાં અહીં अवियत्ते છે, જ્યારે શાન્તિસૂરિ અને નેમિચન્દ્રમાં अचियत्ते છે. પં. હરગોવિન્દદાસના પ્રાકૃત કોશમાં अवियत्तेનો સંબંધ સંસ્કૃત अप्रीतिक સાથે જોડવામાં આવ્યો છે, જ્યારે अचियत्तेને દેશ્ય શબ્દ કહ્યો છે; જો કે પ્રાચીન લિપિમાં व ને બદલે च વંચાવાથી अवियत्तेનું अचियत्ते થયું હોય એવો પૂરો સંભવ છે.

૨. ડૉ. યાકોબીની વાચનામાં અને નેમિચન્દ્રમાં अत्तपन्नहा (સં. आप्तप्रज्ञाहा) પાઠ છે. નેમિચન્દ્રે એનો અર્થ આમ કર્યો છે: 'પોતાની અથવા અન્યની આપ્ત અર્થાત્ હિતકારી બુદ્ધિનો કુતર્કદ્વારા ઘાત કરનાર.' શાન્તિસૂરિએ अत्तपण्हहा (સં. आत्मप्रश्नहा) પાઠ લીધો છે, અને 'આત્મ-વિષયક પ્રશ્નોનો અવળા પ્રતિપ્રશ્નો પૂછીને ઘાત કરનાર' એવો તેનો અર્થ આપ્યો છે. જો કે શાન્તિસૂરિએ પણ अत्तपन्नहा એ પાઠાન્તર તથા એનો ઉપર્યુક્ત અર્થ નોંધ્યાં છે.

पडिलेहेइ पमत्ते से किंचि हु निसमिचा ।
गुरुपारिभावए निच्चं पावसमणे त्ति वुच्चई ॥ १०
बहुमाई पमुहरी[1] थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अवियत्ते पावसमणे त्ति वुच्चई ॥ ११
विवादं च उदीरेइ अहम्मे अत्तपन्नहा ।
वुग्गहे कलहे रत्ते पावसमणे त्ति वुच्चई ॥ १२
अथिरासणे कुकुइए जत्थ तत्थ निसीयई ।
आसणम्मि अणाउत्ते पावसमणे त्ति वुच्चई ॥ १३

---

१. पमुहरे. शा० ।

બેસે અને બેસવામાં ધ્યાન ન રાખે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૩

રજોટીવાળા પગે જે સૂઈ જાય, શય્યાની પડિલેહણા ન કરે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૪

દૂધ, દહીં આદિ વિકૃતિઓ–વિકારજનક પદાર્થોનો જે વારંવાર આહાર કરે અને તપશ્ચર્યામાં પ્રીતિ ન રાખે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૫

સૂર્યાસ્ત થયા પછી જે વારંવાર આહાર કરે, અને ઠપકો મળતાં સામો જવાબ વાળે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૬

આચાર્યનો ત્યાગ કરીને પરપાખંડનું સેવન કરનાર અને એક ગણુ (સાધુસમુદાય)માંથી બીજા ગણુમાં જનાર દુરાચારી પાપશ્રમણ કહેવાય છે. ૧૭

પોતાના ઘરનો ત્યાગ કર્યા પછી જે બીજાનાં ગૃહકાર્યોમાં રોકાયેલો રહે અને ભવિષ્ય કહીને જીવન ચલાવે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૮

ससरक्खपाए सुवइ सेज्जं न पडिलेहइ ।
संथारए अणाउत्ते पावसमणे त्ति वुच्चई ॥ १४

दुद्धदहीविगईओ आहारेइ अभिक्खणं ।
अरए य तवोकम्मे पावसमणे त्ति वुच्चई ॥ १५

अत्थन्तम्मि य सूरम्मि आहारेइ अभिक्खणं ।
चोइओ पडिचोएइ पावसमणे त्ति वुच्चई ॥ १६

आयरियपरिच्चाई परपासण्डसेवए ।
गाणंगणिए दुब्भूए पावसमणे त्ति वुच्चई ॥ १७

सयं गेहं परिच्चज्ज परगेहंसि वावरे ।
निमित्तेण य ववरहइ पावसमणे त्ति वुच्चई ॥ १८

---

१ °ई. शा० ।

પોતાનાં સગાંઓનો આહાર જે જમે છે અને ભિક્ષાન્ન[1] લેવા ઇચ્છતો નથી તથા ગૃહસ્થના આસન ઉપર નિરાંતે બેસે છે તે પાપશ્રમણ કહેવાય છે. ૧૯

પાંચ પ્રકારનાં કુશીલનાં લક્ષણોવાળો[2] અને (મુનિનો) વેશ ધારણ કરતો હોવા છતાં મુનિઓમાં અધમ એવો તે આ લોકમાં વિષની જેમ નિન્દ્ય બને છે. તે આ લોક કે પરલોકમાં સુખી થતો નથી. ૨૦

જે આ દોષોનો સદા ત્યાગ કરે છે તે મુનિઓમાં સુવ્રત ગણાય છે. આ લોકમાં અમૃતની જેમ પૂજાતો તે આ લોક તેમજ પરલોક મેળવે છે. ૨૧

એ પ્રમાણે હું કહું છું.

---

૧. મૂળમાં सामुदाणिय શબ્દ છે; ટીકાકારો એની સંસ્કૃત છાયા सामुदानिक આપે છે અને એનો અર્થ 'ભૈક્ષ' એવો સમજાવે છે. મોનિયર વિલિયમ્સના સંસ્કૃત-અંગ્રેજી કોશમાં જૈન આગમગ્રન્થોના પ્રસિદ્ધ જૈન ટીકાકાર શીલાંકદેવને આધારે આ શબ્દ નોંધાયો છે; જો કે પ્રાકૃતમાં એનો પ્રયોગ વ્યાપક છે. અર્થાત્ આને જૈન પરિભાષાનો જ એક શબ્દ ગણવો જોઈએ.

૨. મૂળમાં पंचकुसीलसंवुडे છે. જૈનોનાં પંચ મહાવ્રતોથી ઊલટા પ્રકારના આચરણનો ભાવ 'પંચકુશીલ'માં હોય એ સંભવે છે. બૌદ્ધમાં 'પંચશીલ' છે, તેને જૈનો 'પંચકુશીલ' કહેતા હોય એવું પણ બને—એ પ્રકારનો તર્ક ડૉ. યાકોબીએ કર્યો છે.

सन्नाइपिण्डं जेमेइ नेच्छई सामुदाणियं ।
गिहिनिसेज्जं च वाहेइ पावसमणे त्ति वुच्चई ॥ १९
एयारिसे पञ्चकुसीलसंवुडे रूवन्धरे मुणिपवराण हेट्ठिमे ।
अयंसि लोए विसमेव गरहिए न से इहं नेव परत्थलोए ॥ २०
जे वज्जए एते[1] सदा[2] उ दोसे से सुव्वए होइ मुणीण मज्झे ।
अयंसि लोए अमयं व पूइए आराहए लोगमिणं तहा परं[3] ॥ २१
त्ति बेमि ॥

---

१. एए शा० । २. सया. शा० । ३. परं. शा० ।

અધ્યયન ૧૮

સંજયીય[1]

['સંજયને લગતું']

કાંપિલ્યનગરમાં મોટા સૈન્ય અને વાહનવાળો સંજય નામે રાજા હતો. તે એક વાર મૃગયા માટે નીકળ્યો. ૧

મોટા હયસૈન્ય, ગજસૈન્ય, રથસૈન્ય તેમજ પાયદળ વડે ચારે બાજૂ વીંટળાયેલા તેણે ઘોડા ઉપર બેસીને કાંપિલ્યના કેસર ઉદ્યાનમાં મૃગોને ક્ષુભિત કર્યા; અને પછી ત્યાં બીનેલા, અને થાકેલા મૃગોનો (મૃગયાના) રસમાં મૂર્ચ્છિત એવા તેણે વધ કર્યો. ૨-૩

હવે, તે કેસર ઉદ્યાનમાં સ્વાધ્યાયધ્યાનમાં જોડાયેલા એક તપસ્વી અણગાર ધર્મધ્યાનમાં લીન થયેલા હતા. ૪

---

૧. પ્રા. संजइज्ज. ટીકાકારો અને ચૂર્ણિકાર આ અધ્યયનનું નામ 'સંયતીય' આપે છે, પણ તેઓ જ અધ્યયન-અંતર્ગત પદ્યોમાંના પ્રાકૃત વિશેષનામ संजअનું સંસ્કૃત રૂપ संजय આપે છે. વળી રાજાનું નામ 'સંયત' નહિ, પણ 'સંજય' હોય એ વધારે યોગ્ય છે, કેમકે પ્રાચીન ભારતના ક્ષત્રિયોમાં 'સંજય' નામ સુપ્રચલિત હતું પણ 'સંયત' અર્થાત્ સંયમી યતિ એ જૈન પરંપરાનો વિશિષ્ટ શબ્દ છે; અને અહીં સંજય રાજા પણ 'સંયત' બને છે, એટલે આ અધ્યયનને કદાચ 'સંયતીય' કહ્યું હશે.

कम्पिल्ले नगरे राया उदिण्णबलवाहणे ।
नामेणं सञ्जए नामं मिगव्वं उवणिग्गए ॥ १

हयाणीए गयाणीए रहाणीए तहेव य ।
पायत्ताणीए महता[1] सव्वतो[2] परिवारिए ॥ २

मिए च्छुभित्ता[3] हयगओ कम्पिल्लुज्जाण केसरे ।
भीए सन्ते मिए तत्थ वहेइ रसमुच्छिए ॥ ३

अह केसरम्मि उज्जाणे अणगारे तवोधणे ।
सज्झायज्झाणसंजुत्ते धम्मज्झाणं झियायइ ॥ ४

---

१. महया शा० । २. सव्वओ. शा० । ३. छुहित्ता. शा० ।

જેમણે આસ્રવનો ક્ષય કર્યો છે એવા તે આસ્ફોટલતાના મંડપમાં ધ્યાન ધરે છે. તેમની પાસે આવી પહોંચેલા એક મૃગનો પણ રાજા વધ કરે છે. ૫

હવે, ઘોડા ઉપર બેઠેલો રાજા શીઘ્રતાથી ત્યાં આવીને મરેલા મૃગને જોતાં ત્યાં અણગારને જુએ છે. ૬

પછી રાજા ત્યાં ગભરાય છે કે–'મન્દપુણ્ય, રસલોલુપ અને ઘાતુક એવા મેં જાણે કે અણગારને જ હણ્યા.' ૭

ઘોડા ઉપરથી ઊતરીને તે રાજાએ વિનયપૂર્વક અણગારના ચરણમાં વન્દન કર્યું કે 'ભગવન્! મારા આ અપરાધની ક્ષમા કરો.' ૮

હવે તે અણગાર ભગવાન મૌનપૂર્વક ધ્યાનમાં રહેલા હોવાથી તેમણે રાજાને પ્રત્યુત્તર આપ્યો નહિ, ત્યારે રાજા ભયભીત થયો. ૯

"હે ભગવન્! હું સંજય છું. મને પ્રત્યુત્તર આપો. ક્રોધાયમાન થયેલા અણગાર પોતાના તેજથી કરોડો મનુષ્યોને પણ બાળી નાખે" ૧૦

अप्फोवमण्डवम्मि झायति[1] क्खवियासवे ।
तस्सागए मिगे पासं वहेई से नराहिवे ५
अह आसगओ राया खिप्पमागम्म[2] सो तहिं ।
हए मिए उ पासित्ता अणगारं तत्थ पासई ६
अह राया तत्थ संभन्तो अणगारो मणा हओ ।
मए उ मन्दपुण्णेणं रसगिद्धेण धण्णुणा[3] ७
आसं विसज्जइत्ताणं अणगारस्स सो निवो ।
विणएण वन्दए पाए भगवं एत्थ मे खमे ८
अह मोणेण सो भगवं अणगारे झाणमस्सिए ।
रायाणं न पडिमन्तेइ तओ राया भयद्दुओ ९
सञ्जओ अहमम्मीति भगवं वाहराहि मे ।
कुद्धे तेएण अणगारे डहेज्ज नरकोडिओ १०

---

१. झायइ. शा० । २. खिप्पमा०. शा० । ३. धन्नुणा. शा० ।

(અણગાર બોલ્યા :) "હે રાજા! તને અભય છે. તું પણ અભયદાતા થા. આ અનિત્ય જીવલોકમાં શા સારુ હિંસામાં આસક્ત થાય છે? ૧૧

"અનિત્ય જીવલોકમાંની બધી વસ્તુઓનો ત્યાગ કરીને જો તારે અવશપણે જવાનું છે તો પછી રાજ્યમાં શા સારુ આસક્ત થાય છે? ૧૨

"જેમાં તું મોહ પામે છે એ જીવન અને રૂપ તો વીજળીના ચમકારા જેવાં ચંચળ છે; તો પરલોકનું હિત કેમ સમજતો નથી? ૧૩

"સ્ત્રીઓ અને પુત્રો તેમજ મિત્રો અને બાન્ધવો જીવતાને આધારે જીવે છે, પણ તેઓ મરેલાની પાછળ જતાં નથી. ૧૪

"પરમ દુઃખ પામેલા પુત્રો મરણ પામેલા પિતાને (સ્મશાનમાં) લઈ જાય છે. એ જ પ્રમાણે માબાપ પણ પુત્રોને અને બંધુઓ (બંધુઓને) લઈ જાય છે. માટે હે રાજન્! તપનું આચરણ કર. ૧૫

"હે રાજન્! પછી તેણે જ ઉપાર્જિત કરેલ દ્રવ્ય અને રક્ષેલી સ્ત્રીઓને હૃષ્ટ, તુષ્ટ અને અલંકૃત થયેલા બીજાઓ ભોગવે છે. ૧૬

अभओ पत्थिवा तुब्भं अभयदाया भवाहि य ।
अणिच्चे जीवलोगम्मि किं हिंसाए पसज्जसी ११

जया सव्वं परिच्चज्ज गन्तव्वमवसस्स ते ।
अणिच्चे जीवलोगम्मि किं रज्जम्मि पसज्जसी १२

जीवियं चेव रूवं च विज्जुसंपायचञ्चलं ।
जत्थ तं मुज्झसी रायं पेच्चत्थं नावबुज्झसे १३

दाराणि य सुया चेव मित्ता य तह बन्धवा ।
जीवन्तमणुजीवन्ति मयं नाणुव्वयन्ति य १४

नीहरन्ति मयं पुत्ता पितरं परमदुक्खिया ।
पितरो वि तहा पुत्ते बन्धू रायं तवं चरे १५

तओ तेणज्जिए दव्वे दारे य परिरक्खिए ।
कीलन्तिन्ने नरारायं हट्ठतुट्ठमलङ्किया १६

"તેણે જે કંઈ શુભ અથવા અશુભ કર્મ કર્યું હોય એ કર્મની સાથે જ તે બીજા ભવમાં જાય છે." ૧૭

તે અણગારની પાસે ધર્મ સાંભળીને એ રાજા ખૂબ સંવેગ અને નિર્વેદ પામ્યો. ૧૮

સંજયે રાજ્યનો ત્યાગ કરીને ભગવાન અણગાર ગર્દભાલિની પાસે જિનશાસનની દીક્ષા લીધી. ૧૯

રાષ્ટ્ર—રાજ્યનો ત્યાગ કરીને જેણે દીક્ષા લીધી હતી એવા એક ક્ષત્રિય (સંજય મુનિને) કહે છે: "તમારું રૂપ જેવું પ્રસન્ન દેખાય છે એવું જ તમારું મન પણ પ્રસન્ન છે. ૨૦

"તમારું નામ શું? તમારું ગોત્ર કયું છે? તમે શા માટે બ્રાહ્મણ[1]

૧. મૂળમાં माहण શબ્દ છે, જે સંસ્કૃત ब्राह्मणમાંથી વ્યુત્પન્ન થયેલો છે; જો કે જૈન આગમગ્રંથો ઉપરની સંખ્યાબંધ ટીકાઓમાં (જુઓ 'અભિધાનરાજેન્દ્ર' ગ્રન્થ ૬માં माहण શબ્દ) તથા 'વસુદેવ-હિંડી' (ભાષાન્તર, પૃ ૨૩૯) જેવા કથાનુયોગના પ્રાચીન પ્રાકૃત ગ્રન્થમાં, 'જે પ્રાણીઓને હણે નહિ તે 'મા-હણ' એવો माहणનો અર્થ સમજાવેલો છે. ઘણું કરીને આ જ કારણે माहण શબ્દ મહાવ્રતો પાળનાર સાધુ કે અણ-

तेणावि जं कयं कम्मं सुहं वा जइ वा दुहं ।
कम्मुणा तेण संजुत्तो गच्छेती[1] उ परं भवं १७

सोऊण तस्स सो धम्मं अणगारस्स अन्तिए ।
महयासंवेगनिव्वेदं समावन्नो नराहिवो १८

सञ्जओ चइउं रज्जं निक्खन्तो जिणसासणे ।
गद्दभालिस्स भगवओ अणगारस्स अन्तिए १९

चिच्चा रट्ठं पव्वइए खत्तिए परिभासइ ।
जहा ते दीसई रूवं पसन्नं ते तहा मणो २०

किंनामे किंगोते कस्सट्ठाए व माहणे ।
कहं पडियरसी बुद्धे कहं विणीए त्ति वुच्चसी २१

१. गच्छई. शा० ।

થયા છો? તમે બુદ્ધોની કેવી રીતે સેવા કરો છો? તમે વિનીત શી રીતે કહેવાઓ છો?" ૨૧

"મારું નામ સંજય છે, તથા ગોત્ર ગૌતમ છે. વિદ્યા અને આચારના પારગામી ગર્દભાલિ મારા આચાર્ય છે. ૨૨

"ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ[2] એ

વ્રતો પાળનાર શ્રાવકના અર્થમાં પણ પ્રયોજાયો છે. અથવા બીજી રીતે એમ કહી શકાય કે माहण શબ્દ બ્રાહ્મણત્વનો જૈન આદર્શ રજૂ કરે છે. આ દૃષ્ટિએ, 'ઉત્તરાધ્યયન સૂત્ર'નું 'યજ્ઞીય' નામે ૨૫ મું અધ્યયન જોવા જેવું છે. એમાં જયઘોષ નામે મુનિ વિજયઘોષ નામે વેદવિદ બ્રાહ્મણને સાચા બ્રાહ્મણ (माहण) નાં લક્ષણ સમજાવે છે. એ અધ્યયનમાંના तं वयं बूम माहणं ('એને અમે બ્રાહ્મણ કહીએ છીએ') એ ટેકવાળાં પ્રાકૃત પદ્યોને મળતા સંસ્કૃત શ્લોકો 'મહાભારત,' વનપર્વ, અધ્યાય ૨૦૬માં છે. પાલિ સાહિત્યમાં પણ એને મળતાં પદ્યો છે એ અહીં નોંધવું જોઈએ

૧. મૂળમાં बुद्ध શબ્દ છે, જેનો અર્થ ટીકાકારો 'આચાર્યાદિ' કરે છે. 'બુદ્ધ' માટે જુઓ અધ્યયન પૃ. ૪, ટિ. ૪.

૨. જૈન ગ્રન્થોમાં ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ એ શીર્ષક નીચે તત્કાલપ્રચલિત બધા વાદોનું વર્ગીકરણ કરેલું છે. જેઓ આત્માનું અસ્તિત્વ તેમજ કર્મનું ફળ માને તેઓ ક્રિયાવાદી કહેવાય છે. જૈનો ક્રિયાવાદી છે. જેઓ આત્માના અસ્તિત્વમાં કે કર્મફળમાં અને પુનર્જન્મ કે પરલોકમાં માને નહિ તેઓ અક્રિયાવાદી છે. ચાર્વાક આદિ મતો અક્રિયાવાદી છે. જ્ઞાન વિનાની માત્ર આચારશુદ્ધિમાં જ માનનારા વિનયવાદી છે. આત્મા, પરલોક, પુનર્જન્મ આદિ વિશે કશું જ જાણી શકાય એમ નથી એવું માનનારાઓ અજ્ઞાનવાદી છે.

सञ्जओ नाम नामेणं तहा गोत्तेण गोतमो ।
गद्दभाली ममायरिया विज्जाचरणपारगा ॥ २२

किरियं अकिरियं विणयं अन्नाणं च महामुणी ।
एएहिं चउहिं ठाणेहिं मेयन्ने किं पभासई ॥ २३

ચાર સ્થાનો વિશે પરિમિત જ્ઞાનવાળો[1] માણસ શું કહી શકે ? ૨૩

"તત્ત્વવેત્તા, જ્ઞાતવંશીય, મોક્ષને પામેલા, વિદ્યા અને આચારથી સંપન્ન, સત્ય તથા સત્યપરાક્રમવાળા (ભગવાન મહાવીરે) આ પ્રમાણે કહ્યું છે. ૨૪

"જે પુરુષો પાપ કરે છે તે ઘોર નરકમાં પડે છે અને આર્યધર્મ આચરીને દિવ્ય ગતિમાં જાય છે. ૨૫

"એ (અનેક પ્રકારના વાદો) માયાવચન છે, જૂઠ છે, નિરર્થક છે. હું સંયમ પાળતો રહું છું અને ચાલું છું ૨૬

"એ બધી અનાર્ય મિથ્યા દૃષ્ટિઓ છે એ હું જાણું છું. પરલોક છે અને હું મારા આત્માને બરાબર જાણું છું. ૨૭

"મહાપ્રાણ દેવવિમાનમાં હું સો વર્ષના (અર્થાત્ પૂર્ણ) આયુષ્ય-

---

૧. શાન્તિસૂરિ અને નેમિચન્દ્રે મૂળના મેअन्ने પાઠનો 'મેય–એટલે જ્ઞેયને જાણનાર' એવો અર્થ આપ્યો છે, પણ તે અહીં બરાબર બેસતો નથી. ચૂર્ણિકારે 'મેય–એટલે પરિમિત જ્ઞાનવાળો' અર્થ કર્યો છે અને તે યોગ્ય છે. ડૉ. યાકોબીએ ચૂર્ણિનો અર્થ સ્વીકાર્યો જણાય છે; જો કે એ પ્રકારની નોંધ તેમણે કરી નથી.

इइ पाउकरे बुद्धे नायए परिणिव्वुए ।
विज्जाचरणसंपन्ने सच्चे सच्चपरक्कमे ॥ २४

पडन्ति नरए घोरे जे नरा पावकारिणो ।
दिव्वं च गइं गच्छन्ति चरित्ता धम्ममारियं ॥ २५

मायावुइयमेयं तु मुसाभासा निरत्थिया ।
संजयमाणो वि अहं वसामि इरियामि य ॥ २६

सव्वेते विइया मज्झं मिच्छादिट्ठि अणारिया ।
विज्जमाणे परे लोए सम्मं जाणामि अप्पगं ॥ २७

अहमासि महापाणे जुइमं वरिससओवमे ।
जा सा पालीमहापाली दिव्वा वरिससओवमा ॥ २८

---

१. सव्वेए. शा० ।

વાળો[1] કાન્તિમાન દેવ હતો. જેમ અહીં સો વર્ષનું પૂર્ણ આયુષ્ય છે તેમ ત્યાં દિવ્ય પાલી અને મહાપાલી[2] આયુષ્ય હોય છે. ૨૮

"એ બ્રહ્મલોકમાંથી ચ્યવીને હું માનવ ભવમાં આવ્યો છું. હું મારું તેમજ બીજાનું આયુષ્ય બરાબર જાણું છું. ૨૯.

"અનેક પ્રકારની રુચિનો તેમજ તરંગનો તથા અનર્થકારી વ્યાપારોનો સંયમીએ સર્વત્ર ત્યાગ કરવો. એ પ્રમાણે વિદ્યાના માર્ગમાં સંચરવું ૩૦

"(શુભાશુભસૂચક) પ્રશ્નો અથવા ગૃહસ્થોનાં કાર્યની મંત્રણાથી હું દૂર રહું અને (ધર્મ કાર્યમાં) અહોનિશ ઉદ્યત રહું' –એમ સમજીને તપશ્ચર્યા કરવી. ૩૧

"સાચા અને શુદ્ધ અંતઃકરણથી જે તમે હમણાં પૂછ્યું તે બુદ્ધ–જ્ઞાનીએ પ્રકટ કર્યું છે. જિનશાસનમાં તે જ જ્ઞાન છે. ૩૨

૧. મૂળમાં वरिससओवमे પાઠ છે. મૃત્યુલોકમાં જેમ સો વર્ષનો માણસ પૂર્ણ આયુષ્યવાળો ગણાય તેમ અહીં પણ સમજવાનું છે.

૨. ટીકાકારોએ 'પાલી' એટલે 'પલ્યોપમ' અને 'મહાપાલી' એટલે 'સાગરોપમ' એવી સમજૂતી આપી છે; જો કે આ જ ગ્રન્થમાં અધ્યયન ૩૬, પદ્ય ૨૨૫માં બ્રહ્મલોકમાં દશ સાગરોપમનું આયુષ્ય હોવાનું કહ્યું છે (જુઓ ટિ. ૩).

૩. ૨૮ મા પદ્યમાં જેનો નિર્દેશ છે તે મહાપ્રાણ દેવવિમાન બ્રહ્મલોકમાં આવેલું છે.

से चुए बम्भलोगाओ माणुसं भवमागए ।
अप्पणो य परेसिं च आउं जाणे जहा तहा   २९

नाणारुइं च छन्दं च परिवज्जेज्ज संजए ।
अणट्ठा जे य सव्वत्था इइ[1] विज्जामणुसंचरे   ३०

पडिक्कमामि पसिणाणं परमन्तेहिं[2] वा पुणो ।
अहो उट्ठिए अहोरायं इइ विज्जा तवं चरे   ३१

जं च मे पुच्छसी काले सम्मं सुद्धेण चेयसा ।
ताइं पाउकरे बुद्धे तं नाणं जिणसासणे   ३२

१ इय. शा० । २. °हिं. शा० ।

"ધીર પુરુષે ક્રિયાવાદ ઉપર રુચિ કરવી અને અક્રિયાવાદનો ત્યાગ કરવો. દૃષ્ટિ વડે દૃષ્ટિસંપન્ન થઈને દુશ્ચર ધર્મનું આચરણ કરવું. ૩૩

"અર્થ અને ધર્મ વડે યુક્ત આ પવિત્ર ઉપદેશ સાંભળીને ભરતે[1] પણ ભારતવર્ષનો અને કામભોગોનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. ૩૪.

"સગર[2] રાજા પણ સાગર પર્યંત ભારતવર્ષનો અને પરિપૂર્ણ ઐશ્વર્યનો ત્યાગ કરીને કરુણાથી નિર્વાણ પામ્યો હતો. ૩૫

"મઘવન્[3] નામે મહર્દ્ધિક અને મહાયશસ્વી ચક્રવર્તીએ ભારતવર્ષનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા સ્વીકારી હતી. ૩૬

"મહર્દ્ધિક, ચક્રવર્તી મનુષ્યેન્દ્ર રાજા સનત્કુમારે પણ પુત્રને

---

૧. જૈન પુરાણકથા અનુસાર ભરત એ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના પુત્ર. અયોધ્યાના રાજા અને પ્રથમ ચક્રવર્તી હતા.

૨. અયોધ્યાના રાજા તથા બીજા તીર્થંકર શ્રી અજિતનાથના નાના ભાઈ સાગર એ બીજા ચક્રવર્તી હતા.

૩. શ્રાવસ્તીના રાજા સમુદ્રવિજય અને ભદ્રાગણીનો પુત્ર તથા ત્રીજો ચક્રવર્તી.

किरियं च रोयई धीरे अकिरियं परिवज्जए ।
दिट्ठीए दिट्ठीसपन्ने धम्मं चरसु दुच्चरं ३३
एयं पुण्णपयं सोच्चा अत्थधम्मोवसोहियं ।
भरहो वि भारहं वासं चेच्चा कामाइ पव्वए ३४
सगरो वि सागरन्तं भरहवासं नराहिवो ।
इस्सरियं केवलं हिच्चा दयाइ परिनिव्वुडे ३५
चइत्ता भारहं वासं चक्कवट्टी महड्ढिओ ।
पव्वज्जमब्भुवगतो मघवं नाम महाजसो ३६
सणङ्कुमारो मणुस्सिन्दो चक्कवट्टी महड्ढिओ ।
पुत्तं रज्जे ठवेऊणं सो वि राया तवं चरे ३७

---

१. °गओ. शा० ।

રાજ્ય ઉપર સ્થાપીને પછી તપશ્ચર્યા કરી.[1] ૩૭

"મહર્દ્ધિક, ચક્રવર્તી તથા લોકને શાંતિ આપનાર શાન્તિનાથ[2] ભારતવર્ષનો ત્યાગ કરીને અનુત્તર ગતિ[3] પામ્યા. ૩૮

"ઇક્ષ્વાકુકુળના રાજાઓમાં વૃષભ સમાન ઉત્તમ, ભગવાન કુન્થુ[4] નામે વિખ્યાતકીર્તિ નરેશ્વર અનુત્તર ગતિ પામ્યા. ૩૯

"સાગરપર્યંત ભારતનો ત્યાગ કરીને અર[5] નરેશ્વર કર્મરજથી મુક્ત થઈને અનુત્તર ગતિ પામ્યા. ૪૦

"વિપુલ રાજ્ય, સૈન્ય-વાહન અને ઉત્તમ ભોગોનો ત્યાગ

---

૧. હસ્તિનાપુરના અશ્વસેન રાજા અને સહદેવી રાણીનો પુત્ર તથા ચોથો ચક્રવર્તી. સનત્કુમારની રાણી સુનંદાની વાળની લટનો સ્પર્શ થવાથી સંભૂતે નિયાણું બાંધ્યું હતું. એ કથા ૧૩મા અધ્યયનમાં છે.

૨. સોળમા તીર્થંકર. તેઓ હસ્તિનાપુરના વિશ્વસેન રાજા અને અચિરા રાણીના પુત્ર હતા. તેઓ પાંચમા ચક્રવર્તી પણ હતા.

૩. જેનાથી વધારે ઊંચી કોઈ ગતિ નથી એવી ગતિ અર્થાત્ મુક્તિ. જુઓ પૃ. ૧૧૩, ટિપ્પણ.

૪. છઠ્ઠા ચક્રવર્તી અને સત્તરમા તીર્થંકર. હસ્તિનાપુરના સુર રાજા અને શ્રીદેવી રાણીના પુત્ર.

૫ સાતમા ચક્રવર્તી અને અરાઢમા તીર્થંકર. હસ્તિનાપુરના સુદર્શન રાજા અને દેવી રાણીના પુત્ર.

चइत्ता भारहं वासं चक्कवट्टी महड्ढिओ ।
सन्ती सन्तिकरे लोए पत्तो गइमणुत्तरं ३८

इक्खागरायवसभो कुन्थू नाम नरीसरो ।
विक्खायकित्ती भगवं पत्तो गइमणुत्तरं ३९

सागरन्तं चइत्ताणं भरहं नरवरीसरो ।
अरो य अरयं पत्तो पत्तो गइमणुत्तरं ४०

चइत्ता विउलं रज्जं चइत्ता बलवाहणं ।
चइत्ता उत्तमे भोए महापउमे तवं तरे ४१

---

१. विउलं रज्जं (ने बदले) भारहं वासं शा० । २. चक्कवट्टी महिड्ढिओ. आ० ।

કરીને મહાપદ્મે તપશ્ચર્યા કરી. ૪૧

"પૃથ્વી ઉપર એકછત્રે રાજ્ય કરીને (શત્રુ રાજાઓનાં) માન મર્દન કરનાર માનવેન્દ્ર હરિષેણ[૨] અનુત્તર ગતિ પામ્યો. ૪૨

"સુપરિત્યાગી જય[૩] નામે (રાજાએ) બીજા હજાર રાજાઓની સાથે જિનભાષિત તપશ્ચર્યા કરી અને તે અનુત્તર ગતિ પામ્યો. ૪૩

"સાક્ષાત્ ઇન્દ્ર વડે પ્રેરાયેલા દશાર્ણભદ્રે[૪] દશાર્ણ દેશનું પ્રમુદિત રાજ્ય છોડી દઇને દીક્ષા લીધી અને મુનિવ્રત ધારણ કર્યું. ૪૪

"સાક્ષાત્ શક્ર વડે પ્રેરાયેલો નમિ[૫] પોતાની જાતને નમાવે છે.

---

૧. તેઓ હસ્તિનાપુરના રાજા પદ્મોત્તર અને જ્વાલા રાણીના પુત્ર હતા અને ઋષભદેવના વંશમાં થયા હતા. તેઓ નવમા ચક્રવર્તી હતા.

૨. કાંપિલ્યના રાજા મહાહરિ અને મેરા રાણીના. પુત્ર તેઓ દશમા ચક્રવર્તી હતા.

૩. રાજગૃહના રાજા સમુદ્રવિજય અને વપ્પગા રાણીના પુત્ર. તેઓ અગિયારમા ચક્રવર્તી હતા.

૪. પોતાના નગરના ઉદ્યાનમાં મહાવીર આવ્યા ત્યારે દશાર્ણભદ્ર રાજાએ મહાવીરનો અદ્ભુત સત્કાર કરવાનો વિચાર કર્યો, પણ ઇન્દ્રે તેને પોતાનો વૈભવ બતાવ્યો. આથી દશાર્ણભદ્રનું અભિમાન દૂર થઇ ગયું અને એણે દીક્ષા લીધી.

૫. જુઓ અધ્યયન ૯. આ પદ્ય ત્યાં ૬૧મા પદ્ય તરીકે છે.

एगच्छत्तं पसाहित्ता महिं माणनिसूरणो।
हरिसेणो मणुस्सिन्दो पत्तो गइमणुत्तरं ४२
अन्निओ रायसहस्सेहिं सुपरिच्चाई दमं चरे।
जयनामो जिणक्खायं पत्तो गइमणुत्तरं ४३
दसण्णरज्जं मुदियं चइत्ताणं मुणी चरे।
दसण्णभद्दो निक्खन्तो सक्खं सक्केण चोइओ ४४
नमी नमेइ अप्पाणं सक्खं सक्केण चोइओ।
चइऊण गेहं वइदेही सामण्णे पज्जुवट्ठिओ ४५

વૈદેહીએ (વિદેહના રાજાએ) ઘરનો ત્યાગ કરીને શ્રમણપણું સ્વીકાર્યું. ૪૫

"કલિંગમાં કરકંડૂ, પાંચાલમાં દુર્મુખ, વિદેહમાં નમિ રાજા અને ગાંધારમાં નગ્ગઈ–રાજાઓમાં વૃષભ જેવા (ઉત્તમ) એમણે[1] જિનશાસનમાં નિષ્ક્રમણ કર્યું. પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને તેમણે શ્રામણ્ય સ્વીકાર્યું. ૪૬–૪૭

"સૌવીર રાજાઓમાં વૃષભ સમાન ઉદાયને[2] (રાજ્યનો) કરીને, પ્રવ્રજ્યા લઈને, મુનિવ્રત ધારણ કર્યું અને તે અનુત્તર ગતિ પામ્યો. ૪૮

"એ જ પ્રમાણે શ્રેયસ્ અને સત્યને વિશે પુરુષાર્થ કરનાર કાશીરાજે[3] કામભોગોનો ત્યાગ કરીને કર્મરૂપી મહાવનને કાપી નાખ્યું. ૪૯.

---

૧. આ ચાર રાજાઓ માટે જુઓ અધ્યયન ૯માં ટિપ્પણ ૧લું.

૨. સિન્ધુસૌવીર દેશના વીતિભયપત્તનનો રાજા. વૈશાલીના ચેટક રાજાની પુત્રી પ્રભાવતી સાથે એ પરણ્યો હતો. ઉદાયને મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી હતી અને પોતાના પુત્ર અભીચિને પણ સંસારથી બચાવવા માટે પુત્રને બદલે પોતાના ભાણેજ કેશીને રાજ્ય આપ્યું હતું. રખેને ઉદાયન પાછળથી પોતાનો વિચાર બદલીને રાજ્ય પાછું લઈ લે એ ડરથી ભાણેજે તેને ઝેર આપીને મારી નાખ્યો હતો.

૩. કાશીના રાજા અગ્નિશિખ અને રાણી જયંતીનો પુત્ર એનું ખરું નામ નંદન હતું અને તે સાતમો બલદેવ હતો. એનો ઓરમાન નાનો ભાઈ, શેષવતી રાણીનો પુત્ર દત્ત નામે વાસુદેવ હતો.

करकण्डू कलिङ्गेसु पञ्चालेसु य दुम्मुहो ।
नमी राया विदेहेसु गन्धारेसु य नग्गई ४६
एए नरिन्दवसभा निक्खन्ता जिणसासणे ।
पुत्ते रज्जे ठवेऊणं सामण्णे पज्जुवट्ठिया ४७
सोवीररायवसभो चइत्ताण मुणी चरे ।
उद्दायणो पव्वइओ पत्तो गइमणुत्तरं ४८
तहेव कासीराया सेओसच्चपरक्कमे ।
कामभोगे परिच्चज्ज पहणे कम्ममहावणं ४९

"એ જ પ્રમાણે જેની અકીર્તિ નાશ[1] પામી ગયેલી છે એવા મહાયશસ્વી વિજય[2] રાજાએ ગુણસમૃદ્ધ રાજ્યનો ત્યાગ કરીને દીક્ષા લીધી. ૫૦

"એ જ પ્રમાણે અવ્યાક્ષિપ્ત ચિત્તથી ઉગ્ર તપ કરીને રાજર્ષિ મહાબલે[3] મસ્તક ઉપર (સંયમની) શ્રી ધારણ કરી હતી. ૫૧

"આ શૂર અને દઢ પરાક્રમી પુરુષો આ રીતે વિશેષતા પ્રાપ્ત કરીને (નિર્વાણ પામ્યા) તો પછી ધીર પુરુષ શા માટે ઉન્મત્તની જેમ નિષ્પ્રયોજન પૃથ્વી ઉપર રઝળે? ૫૨

---

૧. મૂળમાં अणट्ठाकित्ति છે. નેમિચન્દ્રે એનો અર્થ 'જેની અકીર્તિ આનષ્ટ-નાશ પામેલી છે' એવો અર્થ કર્યો છે, જે ઉપર સ્વીકાર્યો છે. શાન્તિસૂરિએ अणट्टा कीत्ति પાઠ લીધો છે; તથા अणट्टा (સં. अनार्त्त)નો 'આર્ત્ત ધ્યાન વિનાનો' અને कीत्तिનો 'કીર્તિવાન' અર્થ કર્યો છે. એ જ પાઠનો 'અનાર્ત-અબાધિત કીર્તિવાળો' એવો વૈકલ્પિક અર્થ પણ શાન્તિસૂરિએ કર્યો છે.

૨. દ્વારવતીના રાજા બ્રહ્મરાજ અને સુભદ્રા રાણીનો પુત્ર. એ બીજો બલદેવ હતો. એનો નાનો ભાઈ દ્વિપૃષ્ઠ બીજો વાસુદેવ હતો.

૩. હસ્તિનાપુરના બલ રાજા અને પ્રભાવતી રાણીના પુત્ર. તેમણે ધર્મઘોષ નામે આચાર્ય પાસે દીક્ષા લીધી હતી.

तहेव विजओ राया अणट्ठाकित्ति पव्वए ।
रज्जं तु गुणसमिद्धं पयहित्तु महायसो ५०

तहेवुग्गं तवं किच्चा अव्वक्खित्तेण चेयसा ।
महब्बलो रायरिसी आदाय सिरसा सिरिं ५१

कहं धीरो अहेऊहिं उम्मत्तो व महिं चरे ।
एते[1] विसेसमादाय सूरा दढपरक्कमा ५२

---

१. पए. शा० ।

"(કર્મમલના) શોધનમાં અત્યંત સમર્થ[1] એવી સત્ય વાણી મેં કહી છે. એ વડે કેટલાક તરી ગયા છે, તરે છે, અને ભવિષ્યમાં તરશે. ૫૩

"ધીર પુરુષ શા માટે નિષ્પ્રયોજન પોતાના આત્માને પરિતાપ આપે ?[2] સર્વ સંગથી વિનિર્મુક્ત અને કર્મરજથી મુક્ત થઈને તે સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે." ૫૪

એ પ્રમાણે હું કહું છું.

---

૧. મૂળમાં अच्चंतनियाणखमा (સં. अत्यन्तनिदानक्षमा) છે. ટીકાકારોએ 'નિદાન'નો અર્થ 'શોધન' કર્યો છે.

૨. મૂળ પદ્યનું પહેલું ચરણ कहिं धीरे अहेऊहिं अत्ताणं परियावसे એ પ્રમાણે છે. ટીકાકારોએ એનો અર્થ આ પ્રમાણે સમજાવ્યો : 'ધીર પુરુષ શા માટે પોતાના આત્મામાં કુહેતુઓને આવાસ આપે ?'

अच्चन्तनियाणखमा सच्चा मे भासिया वई ।
अतरिंसु तरन्तेगे तरिस्सन्ति अणागया ५३
कहिं धीरे अहेऊहिं अत्ताणं परियावसे ।
सव्वसङ्गविनिम्मुक्के सिद्धे भवइ नीरए ५४
त्ति बेमि ॥

સૂચિ

[અનુવાદ તથા અનુવાદનાં ટિપ્પણોની]

અકામમરણ ૩૮, ૪૧.
અક્રિયાવાદ ૧૫૩, ૧૫૬.
અગ્નિકાય ૮૦, ૧૦૩.
અગ્નિશિખ ૧૫૯.
અગ્નિસ્થાન ૧૦૪.
અચિત્ત ૧૮.
અચિરા રાણી ૧૫૭.
અચેલક ૨૦, ૨૫.
અચેલ પરીષહ ૧૬.
અજિતનાથ ૧૫૬.
અજ્ઞાન પરીષહ ૧૭.
અજ્ઞાનવાદ ૧૫૩.
અણગાર ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨.
અણાઢિય ૯૩.
અણુવ્રતો ૧૫૨, ૧૫૩.
અદત્ત ૯૮, ૧૦૪.
અદ્ધાપલ્ય ૮૦.
અધ્યાત્મ ૪૭.
અધ્યાત્મસ્થ ૪૭.
અધ્યાપકો ૯૮, ૯૯.
અનગાર ૩, ૨૦, ૨૪, ૮૫.
અનાદત ૯૩.
અનાર્ય જાતિઓ ૮૩.
અનાર્યો ૯૬.
અનુત્તર ગતિ ૧૫૭, ૧૫૮, ૧૫૯.
અનુષ્ટુપ ૧૭, ૬૨, ૭૩.
અનંત કાળ ૮૧.
અન્યતીર્થિક ૩૭.
અફઘાનિસ્તાન ૯૧.
'અભિધાનરાજેન્દ્ર' ૧૫૨.
અભિનિષ્ક્રમણ ૬૬, ૬૭, ૧૧૦, ૧૨૧.
અભીચિ ૧૫૯.
અયોધ્યા ૧૫૬.
અરતિ પરીષહ ૧૬.
અર નરેશ્વર ૧૫૭.
અરબસ્તાન ૯૧.
અર્થ ૮.
અર્થશાસ્ત્ર ૯૨.
અર્હન્ ૪૯.
અલાભ પરીષહ ૧૬.
અવસર્પિણી ૮૦, ૮૧.
અવિનીત ૩
અશ્વસેન ૧૫૭.
અસુરો ૧૦૦.
અસંખ્યાત કાળ ૮૦.
અસંવિભાગી ૮૯, ૧૪૬.
અંગ-મગધા ૮૨.
અંગવિકારવિદ્યા ૧૨૮.
અંગવિદ્યા ૬૨.
અંતરીક્ષવિદ્યા ૧૨૭.
અંબષ્ઠ ૨૯.
આકાર ૩.
આક્રોશ પરીષહ ૧૬.
આણાઢિય દેવ ૯૩.
આદાન-નિક્ષેપ સમિતિ ૬૧, ૯૬.
આપ્ત પ્રજ્ઞા ૧૪૬.
આરંભ ૨૦, ૩૯, ૫૧, ૧૦૩, ૧૧૩, ૧૨૨.

આર્ત ધ્યાન ૧૬૦.
આર્યકર્મો ૧૧૩.
આર્યક્ષેત્ર ૮૨.
આર્યત્વ ૮૨, ૮૩.
આર્યદેશ ૮૨.
આર્યધર્મ ૨૬, ૪૭, ૧૫૪.
આર્યા ૭૩.
આસ્ફોટલતા ૧૫૦.
આસ્રવ ૧૪, ૧૩૨, ૧૫૦.
ઇક્ષ્વાકુકુળ ૧૫૭.
ઇન્દ્ર ૬૭, ૬૮, ૭૭, ૭૮, ૯૩, ૧૫૮.
ઇન્દ્રદત્ત ૫૮, ૫૯.
ઇન્દ્રધ્વજ ૬૬.
ઇન્દ્રભૂતિ ગૌતમ ૭૯.
ઇન્દ્રમહોત્સવ ૬૬.
ઇભ્ય ૫૮.
ઇર્યાસમિતિ ૬૧, ૯૬.
ઇષુકાર નગર ૧૧૪
ઇષુકાર રાજા ૧૧૪, ૧૨૨
ઇષુકારી ૧૨૪.
ઇંગિત ૩
ઇંગિત મરણ: ૪૪.
ઇરાન ૯૧.
ઇર્યા ૭૦.
ઉગ્રા ૧૨૮.
ઉચ્ચ મહેલ ૧૦૯
ઉચ્ચારસમિતિ ૬૧, ૯૬.
ઉત્કૃષ્ટ પદ ૮૦, ૮૧, ૮૨,
'ઉત્તરાધ્યયન સૂત્ર' ૪૭.
ઉત્સર્પિણી ૮૦, ૮૧.
ઉદય મહેલ ૧૦૯.
ઉદાયન ૧૫૯.
ઉદ્ધારપલ્ય ૮૦.
ઉપધાન ૨૭, ૯૦.
ઉપધિ ૯૬.
ઉપપાત ૪૦.
ઉપસર્ગો ૨૨.
ઉપાશ્રય ૨૨.
ઉષ્ણ પરીષહ ૧૬.
ઋષભદેવ ૧૨૮, ૧૫૬, ૧૫૮.
એષણાસમિતિ ૪૯, ૬૧, ૯૬.
એષણીય ૯૯.
ઔદારિક શરીર ૪૨, ૪૪.
ઔપપાતિક સ્થાન ૪૦.
કથાનુયોગ ૧૫૨.
કપિલ ૫૮, ૫૯, ૬૦, ૬૪.
કમલાવતી રાણી ૧૧૪, ૧૨૨.
કરકંડુ ૬૫, ૬૬, ૧૫૯.
કર્ક ૧૦૯.
કર્મક્ષય ૨૬.
કર્મરજ ૧૦૫ ૧૫૭, ૧૬૧.
કલશાકૃતિ ૩૪.
કલિ ૪૧.
કલિંગ ૬૫, ૧૫૯.
'કલ્પસૂત્ર' ૩૫.
કલ્પો ૩૧.
કષાય ૧૩૧.
કંથક અશ્વ ૯૧.
કંબોજ ૯૧.
કાકિણી ૫૨, ૯૨.
કાપોતલેશ્યા ૧૦૫.
કામસ્કન્ધો ૩૨.
કાયગુપ્ત ૧૩૨, ૧૩૩.

કાયોત્સર્ગ ૧૦૪.
કાર્મણ શરીર ૪૪.
કાર્ષાપણ ૫૨.
કાલકૂટ ૧૪૨.
કાલિંજર પર્વત ૧૦૮.
કાશી ૧૫૯.
કાશીનગર ૧૦૬.
કાશીભૂમિ ૧૦૮.
કાશીરાજ ૧૫૯.
કાશ્યપ ૧૫, ૧૭, ૨૭, ૫૮.
કાંપિલ્ય ૧૫૮.
કાંપિલ્ય નગર ૧૦૬, ૧૪૯.
કાંપિલ્યપુર ૧૦૭.
ક્રિયાવાદ ૧૫૩, ૧૫૬.
કુણાલા ૮૨.
કુતીર્થીઓ ૮૩.
કુન્થુ ૨૮, ૧૫૭.
'કુમાર' માસિક ૩૪.
કુરુ જનપદ ૧૧૪.
કુશીલ ૧૪૮.
કુહેતુઓ ૧૬૧.
કુંડગ્રામ ૪૯.
કૃષ્ણલેશ્યા ૧૦૫.
કેવલજ્ઞાન ૫૯, ૭૯.
કેવલી ૩૮, ૧૩૩ થી ૧૩૯.
કેશી ૧૫૯
કેસરઉદ્યાન ૧૪૯.
કૌટિલ્ય ૯૨.
કૌશલિક રાજા ૯૯, ૧૦૦.
કૌશાંબી ૫૮, ૮૨.
ક્ષપકશ્રેણિ ૮૬.
ક્ષિતિપ્રતિષ્ઠિત નગર ૬૬.
ક્ષેત્રો ૯૮.
ખાતર ૩૪.
ખાદિમ ૧૨૯.
ગચ્છ ૯૦.
ગણ ૧૪૭.
ગર્દભાલિ ૧૫૨, ૧૫૩.
ગાથા ૧૦૯.
ગાંધાર ૬૫, ૧૫૯.
ગુણાઢ્ય ૧૧૦.
ગુપ્ત ૯૯, ૧૩૨ ૧૩૩.
ગુપ્તિ ૭૦, ૯૬, ૯૯.
ગુરુકુલ ૯૦.
ગોચરી ૨૪.
ગૌતમ ૭૯ થી ૮૭, ૧૫૩.
ગૌતમસ્વામી ૭૯.
ગૌરી ૯૫.
ગ્રીક અસર ૧૨૮.
ચક્રવર્તી ૯૨, ૧૫૬ થી ૧૫૮.
ચતુરિન્દ્રિય ૮૧.
ચર્યા પરીષહ ૧૬.
ચારિત્ર ધર્મ ૧૧૦.
ચારિત્રી ૩૮.
ચાર્વાક ૧૧૮, ૧૫૩.
ચાંડાલ ૨૮.
'ચિત્તસંભૂતક જાતક' ૧૦૭.
ચિત્ર ૧૦૬ થી ૧૦૯, ૧૧૨, ૧૧૩.
ચુલની માતા ૧૦૬.
ચુલની રાણી ૧૦૭.
ચૂર્ણિ ૪, ૨૨, ૨૫, ૨૯, ૪૬, ૫૮, ૭૧, ૧૦૪, ૧૧૪, ૧૧૬.
ચૂર્ણિકાર ૪, ૫, ૧૦, ૧૧, ૧૭, ૧૮, ૨૦, ૨૫, ૩૦, ૩૪, ૩૭,

૧૦૪, ૧૨૮, ૧૪૯, ૧૫૪.
ચેટક ૧૫૯.
ચૈત્યવૃક્ષ ૬૮.
ચૌદ રત્નો ૯૨.
ચ્યવન ૩૧.
છ જીવકાય ૧૦૩.
છદ્મ ૨૭.
છિન્ન વિદ્યા ૧૨૭.
જનક વિદેહી ૬૬.
જય ૧૫૮.
જયઘોષ ૧૫૩.
જયંતી ૧૫૯.
જલ્લ પરીષહ ૧૭.
જળકાય ૮૦, ૧૦૩.
જંબુદ્રીપ ૯૩.
જંબુવૃક્ષ ૯૩.
જંબુસ્વામી ૧૩૨
'જાતક' ૬૯
જાતિસ્મરણ ૧૦૬.
જિન ૮૫.
જિનકલ્પિક ૧૬.
જિનેશ્વરો ૨૭.
જૈન પરિભાષા ૪.
જૈન પરંપરા ૯૨.
જ્વાલા રાણી ૧૫૮.
જ્ઞાતપુત્ર ૪૯.
જ્ઞાતવંશીય ૧૫૪.
જ્ઞાનાવરણાદિ કર્મ ૨૭.
જ્ઞાનાવરણીય ૨૬.
ટીકાકારો ૩, ૪, ૮, ૯, ૨૦, ૨૨, ૨૩, ૨૬, ૨૮, ૨૯, ૩૩, ૩૪, ૩૬, ૪૦, ૪૧, ૪૪, ૪૭, ૬૦, ૬૬, ૭૦, ૭૧, ૭૨, ૭૭, ૮૨, ૯૨, ૯૩, ૯૭ ૧૦૪, ૧૧૭, ૧૧૮, ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૪૪, ૧૪૮, ૧૪૯, ૧૫૫, ૧૬૧.
તાલકૂટ ૧૪૨.
તાલપુટ વિષ ૧૪૨.
તિર્યંચ ૫૪.
તિંદુકવન ૯૫.
તિંદુકવૃક્ષ ૯૫.
તીર્થંકર ૮૭, ૧૨૫, ૧૨૮, ૧૫૬, ૧૫૭.
તૃણસ્પર્શ ૧૬.
તેજલેશ્યા ૧૦૫.
'તેરાસિય' ૬૦.
તોખારિસ્તાન ૯૧.
ત્રસ ૩૯, ૬૨, ૧૦૩.
ત્રાયી ૬૦.
ત્રિપિટકો ૩.
ત્રીન્દ્રિય ૮૧.
દત્ત ૧૫૯.
દર્શન પરીષહ ૧૭.
દશાર્ણ દેશ ૧૦૮, ૧૫૮.
દશાર્ણભદ્ર ૧૫૮.
દસ્યુ ૮૨, ૮૩,
દંશમશક પરીષહ ૧૬.
દંડવિદ્યા ૧૨૮.
દાસ ૩૨, ૧૦૮.
દાસીઓનો ઉત્સવ ૫૯.
'દીપિકા'કાર ૧૪૨.
દુર્મુખ ૧૫૯.

દેવગતિ ૫૪.
દેવયોનિ ૧૦૬.
દેવી રાણી ૧૫૭
દેવેન્દ્ર ૬૭, ૬૯ થી ૭૬.
દેશી પદ ૭૧.
દેશ્ય ૪૮.
દેશ્ય શબ્દ ૨૧, ૧૪૬.
દ્વારવતી ૧૬૦.
દ્વિપૃષ્ઠ ૧૬૦.
દ્વિમુખ ૬૬.
દ્વીન્દ્રિય ૮૧, ૧૦૩.
ધન ૫૯.
ધર્મઘોષ ૧૬૦.
ધર્મધ્યાન ૧૪૯.
ધ્યાન ૫૯.
ધ્રુવપદ ૫૯.
નગ્ગઈ ૬૬, ૧૫૯.
નગ્ગતિ ૬૫.
નગ્નજિત્ ૬૫.
નગ્નત્વ ૪૨
નમિ ૭૮, ૧૫૮.
નમિ રાજા ૬૬, ૬૭, ૧૫૯.
નમિ રાજર્ષિ ૬૮ થી ૭૭.
નયુત ૫૩.
નયુતાંગ ૫૩.
'નલોપાખ્યાન' ૪૧.
નંદન ૧૫૯.
નંદિઘોષ ૯૧.
નંદ્યાવર્ત આકૃતિ ૩૪.
નાગાર્જુનીય પાઠપરંપરા ૩૦.
નારક ૫૪, ૮૨.
નાસ ૧૨૮.
નાસ્તિકાદિ મત ૩૩.
નિગમ ૨૧.
નિદાન ૧૬૧.
નિયાણું ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૨, ૧૫૭.
નિરુપક્રમ આયુષ્ય ૩૬.
નિર્ગ્રન્થ ૯૮, ૧૩૩ થી ૧૩૯.
નિર્જરા ૨૬, ૩૫.
નિર્વાણ ૩૦.
નિષાદ ૨૮, ૨૯.
નિષ્ક્રમણ ૧૫૯.
નિહ્નવ ૬૦.
નીલલેશ્યા ૧૦૫.
નીલવંત પર્વત ૯૪.
નેત્રાંજન ૧૨૮.
નેમિચન્દ્ર ૪, ૫, ૯ થી ૧૧, ૧૬ થી ૨૦, ૨૨, ૨૯, ૩૩, ૩૪, ૩૭, ૪૫, ૪૬, ૫૧, ૫૨, ૫૫, ૬૨, ૭૨, ૭૪, ૮૮, ૧૦૩, ૧૦૪, ૧૧૬, ૧૩૦, ૧૪૬, ૧૫૪, ૧૬૦.
નૈષેધિકી પરીષહ ૧૬.
પક્ષપિંડ ૭.
પડિલેહણા ૧૪૫ થી ૧૪૭.
પદ્મગુલ્મ વિમાન ૧૦૭.
પદ્મલેશ્યા ૧૦૫.
પદ્માકૃતિ ૩૪.
પદ્મોત્તર ૧૫૮.
પરપાખંડ ૧૪૭.
પરપ્રવાદી ૩૭.
પરિગ્રહ ૯૭, ૯૮.
પરિનિર્વાણ ૧૨૫.

પરીષહ ૧૫ થી ૧૮, ૨૦, ૨૧, ૨૭, ૪૭, ૧૨૬.
પર્યસ્તિકા ૭.
પલ્યોપમ ૧૫૫.
પંચકુશીલ ૧૪૮.
પંચશીલ ૧૪૮.
પંચ મહાવ્રતો ૧૪૮.
પંચેન્દ્રિય ૮૨.
પંડિતમરણ ૪૧, ૪૪.
પં. હરગોવિન્દદાસ ૭૧, ૧૪૬.
પાદકંબલ ૧૪૫.
પાદપોપગમન ૪૪.
પાલિ ૧૫૫.
પાલિ ગ્રન્થો ૬૯.
પાલિ 'જાતક' ૬૬.
પાલિ સાહિત્ય ૧૫૩.
પાંચ વ્રતો ૧૪.
પાંચાલ દેશ ૬૫, ૧૦૯, ૧૫૯.
પાંચાલરાજ ૧૧૨, ૧૧૩.
પિપાસા પરીષહ ૧૬.
પુણ્યક્ષેત્ર ૯૮.
પુદ્દગલસમૂહો ૩૨.
પુરિમતાલ નગર ૧૦૬.
પુરિમતાલ પુર ૧૦૭
પુરુષાકૃતિ ૩૪.
પુરંદર ૯૩.
પુલાક ૬૨.
પૂર્વ ૩૧, ૩૬, ૫૩, ૮૧.
પૂર્વાંગ ૫૩.
પૃથ્વીકાય ૧૦૩.
પૌષધ ૪૨, ૭૫.
પ્રજ્ઞા પરીષહ ૧૭.
પ્રતિમાઓ ૨૭.
પ્રતિલેખના ૧૪૫.
પ્રત્યેકબુદ્ધ ૬૫, ૬૬.
પ્રદોષ ૫૯.
પ્રભાવતી ૧૫૯, ૧૬૦.
પ્રાકૃત ૩૭.
પ્રાકૃત કોશ ૭૧, ૧૪૬.
'પ્રાચીન સાહિત્યમાં ચોરશાસ્ત્ર' ૩૪.
પ્રાણાતિપાત ૬૧.
ફળજ્યોતિષ ૧૨૮.
બક ૯૫.
બલકોટ્ટ ૯૫.
બલદેવ ૧૫૯, ૧૬૦.
બલરાજા ૧૬૦.
બંધ ૪૭.
બાર પ્રકારનાં વાદ્યો ૯૧.
બાલભાવ ૫૭.
બાલાગ્રપોતિકાઓ ૭૧.
બાવીસ પરીષહો ૧૫.
બુક્કસ ૨૮, ૬૨.
બુદ્ધ ૪, ૬૭, ૮૬, ૯૦, ૯૧, ૧૨૪, ૧૫૩, ૧૫૫.
બુદ્ધપુત્ર ૪.
બુભુક્ષા ૧૬.
'બૃહત્કથા' ૧૧૦.
'બૃહત્કલ્પસૂત્ર' ૮૨.
'બૃહત્સંહિતા' ૭૧.
બોક્કસ ૨૮, ૨૯.
બોધિ ૬૩, ૧૪૪.
બૌદ્ધ ગ્રન્થ ૯૨.
બૌદ્ધ ધર્મ ૮૭, ૧૪૮
બૌદ્ધ પરિભાષા ૪.

બૌદ્ધ પરંપરા ૯૨.
બૌદ્ધો ૧૦૭.
બ્રહ્મ ૧૦૯.
બ્રહ્મચર્ય સમાધિ ૧૩૯.
બ્રહ્મદત્ત ૧૦૮, ૧૦૯, ૧૧૨, ૧૧૩.
બ્રહ્મદત્ત ચક્રવર્તી ૧૦૬, ૧૦૭.
બ્રહ્મયજ્ઞ ૯૬.
બ્રહ્મરાજ ૧૬૦.
બ્રહ્મલોક ૧૫૫.
બ્રાહ્મણ ૧૫૨, ૧૫૩.
બ્રાહ્મણત્વનો જૈન આદર્શ ૧૫૩.
ભક્તપ્રત્યાખ્યાન ૪૪.
ભદન્ત ૧૦૧.
ભદ્રા ૯૫, ૯૯, ૧૦૦.
ભદ્રા રાણી ૧૫૬.
ભરત ૧૫૬.
ભારત ૧૫૭.
ભારતવર્ષ ૧૫૬, ૧૫૭.
ભારંડ ૩૫.
ભારુંડ પક્ષી ૩૫.
'ભારુંડ, લોકકલ્પનાનું એક પક્ષી' ૩૫.
ભાષાદોષ ૮.
ભાષાસમિતિ ૬૧, ૯૬.
ભૂતગ્રામ ૩૯.
ભૃગુ ૧૧૪.
ભોગિકો ૧૨૮.
ભૌમવિદ્યા ૧૨૭.
મઘવન્ ૧૫૬.
મધુ મહેલ ૧૦૯.
મનોગુપ્તિ ૧૩૨, ૧૩૩.
'મહાજનક' જાતક ૬૬.
મહાપદ્મ ૧૫૮.
મહાપાલિ ૧૫૫.
મહાપ્રાણ દેવવિમાન ૧૫૪, ૧૫૫.
'મહાભારત' ૪૧. ૬૬, ૬૯, ૯૨, ૧૫૩.
મહર્દ્ધિક દેવ ૧૪.
મહાવીર ૪, ૧૭, ૩૫, ૩૮, ૪૯, ૭૯, ૧૫૪, ૧૫૯.
મહાવીરસ્વામી ૧૫, ૧૩૨, ૧૫૯.
મહાવ્રતો ૧૦૪, ૧૫૨.
'મહાવંસ' ૬૯.
મહાશુક્લો ૩૧.
મહાહરિ ૧૫૮.
મંથુ ૬૨.
મંદરગિરિ ૯૪.
માતંગ ૨૯.
માસખમણ ૧૦૨.
માસોપવાસ ૯૫.
મિથિલા ૬૫, ૬૭, ૬૮.
મિથ્યાદૃષ્ટિઓ ૧૫૪.
'મૃચ્છકટિક' ૩૪.
મૃતગંગા ૧૦૮.
મેરા રાણી ૧૫૮.
મોક્ષ ૪૭, ૪૮.
મોનિયર વિલિયમ્સ ૧૪૮.
મોહનીય કર્મ ૬૫.
મ્લેચ્છો ૮૩.
યક્ષ ૩૦, ૯૫, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૨.
યક્ષપૂજિત ૧૦૩.
યજ્ઞપત્ની ૯૫.
યજ્ઞવાડો ૯૫, ૯૬.
યજ્ઞીય ૧૫૩.

યતના ૧૧.
યવનો ૮૩.
યશા ૫૮, ૧૧૪.
યાકોબી ૧૦, ૧૭, ૨૨, ૩૩, ૩૭, ૪૦, ૪૬, ૭૪, ૭૭, ૯૩, ૧૦૪, ૧૧૬, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૪૨, ૧૪૬, ૧૪૮, ૧૫૪.
યાચના પરીષહ ૧૬.
યૂપ ૧૦૩.
રાજગૃહ ૫૯, ૧૫૮.
રાજર્ષિ ૭૮
રાજર્ષિ મહાબલ ૧૬૦.
રાષ્ટ્ર ૧૫૨.
રુદ્રદેવ ૯૫.
રુદ્રદેવ પુરોહિત ૧૦૦
રુપિયો ૫૨.
રોગ પરીષહ ૧૬.
રોહિત મત્સ્યો ૧૨૧.
લક્ષણવિદ્યા ૧૨૭.
લક્ષણશાસ્ત્ર ૬૨.
લક્ષ્મીવલ્લભ ૧૪૨.
લેશ્યા ૧૦૫.
લોચ ૫૯.
વચનગુપ્તિ ૧૩૨, ૧૩૩.
વંજ્જપાણિ ૯૩
વધ પરીષહ ૧૬.
વનસ્પતિકાય ૮૧, ૧૦૩.
વપ્પગા રાણી ૧૫૮.
વમન ૧૨૮.
વરાહમિહિર ૭૧
વસતિ ૨૨.
'વસુદેવ-હિંડી' ૧૧૦ ૧૫૨.
વસુધારા ૧૦૨.
'વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો' ૩૫
વાયુકાય ૮૧, ૧૦૩.
વારાણસી ૯૫
વાશિષ્ઠી ૧૨૦, ૧૨૧.
વાસુદેવ ૯૨, ૧૫૯, ૧૬૦.
વાસ્તુવિદ્યા ૧૨૮.
વિકૃત ૧૮.
વિકૃતિઓ ૧૪૭.
વિચિકિત્સા ૧૩૩ થી ૧૩૯.
વિજયઘોષ ૧૫૩.
વિજય રાજા ૧૬૦.
વિદેહ ૭૮, ૧૫૯.
વિદેહાદિ ક્ષેત્રો ૨૭.
વિદેહી ૭૮.
વિનય ૩.
'વિનયપિટક' ૩.
વિનયવાદ ૧૫૩.
વિનીત ૩.
'વિન્ધ્યાટવી' ૧૨૪.
વિમાન ૧૧૪.
વિરેચન ૧૨૮.
વિશ્વસેન રાજા ૧૫૭
વીતભયપત્તન ૧૫૯.
વેદો ૧૧૫, ૧૧૬.
વૈક્રિય શરીર ૧૧૩.
વૈદેહી ૧૫૯.
વૈશાલિક ૪૯.
વૈશાલી ૪૯, ૧૫૯.
વૈશાલીવાસી ૪૯.
વૈશેષિક દર્શન ૬૦.

વ્યવહાર પલ્ય ૮૦.
શકો ૮૩.
શક ૧૫૮.
શતઘ્ની ૬૯.
શય્યા ૨૨.
શય્યા પરીષહ ૧૬.
શાક્યમુનિ ૮૭.
શાન્તિતીર્થ ૧૦૫.
શાન્તિનાથ ૧૫૭
'શાન્તિપર્વ' ૬૯.
શાન્તિપાઠ ૧૦૪.
શાન્તિસૂરિ ૪, ૫, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૭, ૪૬, ૫૧, ૫૫, ૮૮, ૧૦૪, ૧૧૬, ૧૩૦, ૧૪૨, ૧૫૪, ૧૬૦
શાર્પેન્ટિયર ૧૯, ૪૬, ૮૮.
શાલિભદ્ર ૫૮.
શાશ્વતવાદીઓ ૩૬.
શિક્ષા ૮૮.
શિક્ષાશીલ ૮૮, ૮૯.
શિલ્પશાસ્ત્ર ૭૧.
શીત પરીષહ ૧૬.
શીલગુણો ૧૧૦.
શીલાંકદેવ ૧૪૮.
શુક્લ લેશ્યા ૧૦૫.
શેષવતી રાણી ૧૫૯.
શ્રમણુપરંપરા ૪.
શ્રમણુ–બ્રાહ્મણો ૭૪.
શ્રાવસ્તી ૫૮, ૧૫૬.
શ્રીકૃષ્ણ ૧૧૦.
શ્રીદેવી ૧૫૭.
સકામ મરણ ૩૮, ૪૧, ૪૪.
સગર રાજા ૧૫૬.
સચિત્ત ૧૮.
સચેલક ૨૦.
સત્કારપુરસ્કાર પરીષહ ૧૭.
સનત્કુમાર ૧૫૬, ૧૫૭.
સનત્કુમાર ચક્રવર્તી ૧૦૬.
સમય ૭૯ થી ૮૭.
સમાધિ ૧૪, ૨૫, ૯૬, ૧૨૦, ૧૩૨, ૧૪૨.
સમિતિ ૯૬, ૬૧, ૯૯.
સમુચ્ચય ૪૪.
સમુદ્રવિજય ૧૫૬, ૧૫૮.
સહદેવી રાણી ૧૫૭.
સહસબુદ્ધ ૬૫.
સંકીર્ણ જાતિઓ ૨૯.
સંખ્યાતીત ૮૦.
સંગીતકળા ૧૦૬
સંઘાટ ૪૨.
સંજય ૧૪૯, ૧૫૨, ૧૫૩.
સંથારો ૧૪૫
સંભૂત ૧૦૬, ૧૦૮, ૧૫૭.
'સંયતીય' ૧૪૯.
'સંયુત્તનિકાય' ૬૯.
સંયોગ ૩.
સંવર ૪૩, ૭૦, ૧૦૪, ૧૩૨, ૧૩૩.
સંવરાયેલ ૧૪.
સંવૃત ૧૦૪.
સંવેગ ૧૫૨.
સંસ્કૃત–અંગ્રેજી કોશ ૧૪૮.
સાગરોપમ ૮૦, ૧૫૫.

સાડીપચીસ આર્ય દેશો ૮૨.
સાતા ૧૯, ૨૫.
સામાજિકો ૯૩.
સામાચારી ૧૪.
સામાયિક ૪૨.
સામુદ્રિક વિદ્યા ૧૨૭.
સાંખ્ય દર્શન ૬૦.
સાંબ ૧૧૦.
સિદ્ધ ૩૨, ૭૮.
સિદ્ધગતિ ૧૬૧.
સિદ્ધ પુરુષો ૮૬.
સિદ્ધલોક ૮૬.
સિદ્ધિ ૯૪.
સિદ્ધિગતિ ૮૭, ૧૧૩.
સિન્ધુ-સૌવીર ૧૫૯.
સીતા નદી ૯૪.
સુદર્શન ૯૩.
સુદર્શન રાજા ૧૫૭.
સુધર્માસ્વામી ૧૫, ૧૩૨.
સુનંદા ૧૦૬, ૧૫૭.
સુભદ્રા રાણી ૧૬૦.
સુર રાજા ૧૫૭.
સુસંવૃત ૧૨૯.
સૂત્ર ૮.
'સૂત્રકૃતાંગ સૂત્ર' ૪૫.
સૂચાઓ ૧૦૪.
સોળમું ગુજરાતી સાહિત્ય સંમેલન ૨૫.
સૌવીર રાજા ૧૫૯.
સ્ત્રીકથા ૧૪૦.
સ્ત્રી પરીષહ ૧૬
સ્ત્રીરત્ન ૧૦૬.
સ્થાનો ૧૫૪.
સ્થાવર જીવો ૩૯ ૬૨, ૧૦૩.
સ્થૂણા વિષય ૮૨.
સ્વપ્નવિદ્યા ૧૨૭.
સ્વપ્નશાસ્ત્ર ૬૨.
સ્વયંબુદ્ધિ ૫૯, ૬૫.
સ્વયંભૂરમણ સમુદ્ર ૯૪.
સ્વયંસંબુદ્ધ ૬૫, ૬૬.
સ્વર ૧૨૭.
સ્વરવિદ્યા ૧૨૭, ૧૨૮.
સ્વરોદય ૧૨૭.
સ્વાદિમ ૧૨૯.
સ્વાધ્યાયધ્યાન ૧૪૯
હરિકેશ ૯૫, ૧૦૩.
હરિકેશ બલ ૯૫.
હરિકેશીય બલ ૯૫.
હરિષેણ ૧૫૮.
હસ્તિનાપુર ૧૦૬, ૧૧૨, ૧૫૭, ૧૫૮, ૧૬૦.
હોમ ૧૦૫.

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૧૯	परिगिज्झ	परिगिज्झ
૨૫	૧૩	અભયદેવસૂરિએ	શાન્તિસૂરિએ
૪૪	૮	સુનિ	મુનિ
૫૨	૧૨	‘કાકીણી’ને	‘કાકિણી’ને
૮૭	૧૦	ટિપ્પણ ૬	ટિપ્પણ ૪
૧૦૨	૨	દ્વેષે	દ્વેષ
૧૦૪	૭	ચાઓ	સૂચાઓ
,,	૧૨	અભયદેવસૂરિ	શાન્તિસૂરિ
..	૧૯	संयमयागाश्च	संयमयोगाश्च
૧૦૫	૧૯	આત્માનો	‘આત્માનો
૧૦૯	૧	દ્યતિ	દ્યુતિ
૧૧૧	૨	ધમાચરણ	ધર્માચરણ
૧૧૨	૫	હે જે	જે હે
૧૧૯	૬	કરનારી	કરનારની
૧૨૦	૧૮	‘ટીકાકારો બીજા	ટીકાકારો ‘બીજા
૧૨૧	૧૨	પારધીઓએ	પારધિઓએ
૧૨૨	૬	જએ	જ એ
૧૩૩	૨	કાયાગુપ્તિ	કાયગુપ્તિ
૧૪૮	૧૩-૧૪	જૈન ટીકાકાર	ટીકાકાર
૧૫૩	૧	બુદ્ધોની	બુદ્ધોની[૧]
,,	૧૫	અધ્યયન પૃ. ૪	પૃ. ૪
૧૫૬	૧૫	સાગર	સગર
૧૫૮	૨	મહાપદ્મે	મહાપદ્મે[૧]